ॐ

શ્રી રાજ-સોભાગ સ્મારક ગ્રંથમાળા
પુષ્પ ૪થું

# વીર-રાજપથદર્શિની-૧

## પદો અને પત્રો

સંયોજક
મુમુક્ષુ ભાઈ-બહેનો

શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળ
સોભાગપરા, સાયલા-૩૬૩ ૪૩૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી રાજ-સોભાગ સ્મારક ગ્રંથમાળા

પુષ્પ ૪થું

# વીર-રાજપથદર્શિની - ૧

## પદો અને પત્રો

સંયોજક : મુમુક્ષુ ભાઈ-બહેનો

**શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળ**

**સોભાગ પરા, સાયલા-૩૬૩૪૩૦**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**પ્રકાશક**

પ્રકાશન સમિતિ, શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળ
**શ્રીમદ્ રાજ-સોભાગ આશ્રમ**
હાઇ-વે ઉપર, સરકારી રેસ્ટ હાઉસ પાછળ,
સાયલા-૩૬૩૪૩૦, જિલ્લો સુરેન્દ્રનગર

**પ્રથમ આવૃત્તિ વિક્રમ સંવત ૨૦૪૨**
**પ્રત ૧૦૦૦ ઈ. સ. ૧૯૮૬**

**બીજી આવૃત્તિ વિક્રમ સંવત ૨૦૫૪**
**પ્રત ૧૦૦૦ ઈ. સ. ૧૯૯૮**

**પ્રાપ્તિ સ્થાન**

**શ્રીમદ્ રાજ-સોભાગ આશ્રમ**
હાઇ-વે ઉપર સરકારી રેસ્ટ હાઉસની પાછળ,
સાયલા-૩૬૩૪૩૦, જિલ્લો સુરેન્દ્રનગર

**મુદ્રક**

**દુંદુભિ પ્રિન્ટર્સ**
અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન: ૬૫૮ ૪૧ ૮૬

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# શ્રીમદ્ રાજચંદ્ર
# અને
# શ્રી સોભાગભાઈ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# પૂ. શ્રી કાળીદાસભાઈ માવજીભાઈ

જન્મ : અનુમાન સંવત ૧૯૫૩

દેહવિલય : સાયલા
સંવત ૨૦૦૮ મહાવદ ૪ શુક્રવાર
સાંજે ૫ વાગે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# સમર્પણ

**પ. પૂ. શ્રી કાલીદાસભાઈના**
**ચરણકમળમાં**

વરસી તુજ પર ગુરુકૃપા,
બીજજ્ઞાન તણી અનુપા,
ચેતવી ચેતના અરૂપા.

તું સરલ તરલ,
તારો પુરુષાર્થ વિરલ,
દોડયો, ઊડયો, તું સિદ્ધમહલ.

ઓ ! સમર્થ જ્યોતિર્ધર,
અમારી બાંહ્ય પણ ધર,
ઓ કલ્યાણકર ! પૂજીએ તને પ્રહર પ્રહર.

બન્યો તું ધન્ય,
અમે તારા વારસ અનન્ય,
સમર્પીએ તને આ પુષ્પ સુરમ્ય, ધન્ય ! ધન્ય !!



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# વિષય-સૂચિ

## વીર રાજપથદર્શિની-૧

૧. પરમ કૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર દેવ રચિત પદો ......... ૧

૨. ચૂંટેલાં અન્ય પદો ........................................ ૫૨

૩. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત
આઠ દૃષ્ટિની સજ્ઝાય ભાવાર્થ સહિત ............... ૭૫

૪. આધ્યાત્મિક પત્રવ્યવહાર : ............................. ૧૦૨
પ.પૂ.શ્રી સદ્ગુરુદેવ (બાપુજી)
અને બ્રહ્મનિષ્ઠ શ્રી સદ્ગુણાબેન



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# પ.પૂ. શ્રી લાડકચંદ માણેકચંદ વોરા

## (પૂ. બાપુજી)

**જન્મ :** સંવત ૧૯૬૧ ના ફાગણ સુદ ૨, તા. ૮-૩-૧૯૦૫
ચોરવીરા ગામે (થાન પાસે)
તા. સાયલા, જી. સુરેન્દ્રનગર

**દેહવિલય :** સં ૨૦૫૪ માગસર સુદ ૧૦,
તા. ૯-૧૨-૯૭, મંગળવાર, સાયલા ગામે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## પ્રસ્તાવના

**"સદ્‌ગુરુના ઉપદેશ વણ સમજાય ન જિન રૂપ,**
**સમજ્યા વણ ઉપકાર શો ? સમજ્યે જિનસ્વરૂપ"**

અમારા મુમુક્ષુ મંડળના ઘણા ઘણા પુણ્યયોગે અમને ઉપરોક્ત પંક્તિઓમાંના શબ્દેશબ્દને ચરિતાર્થ કરતો જોગ પ્રાપ્ત થયો છે. એ જોગનું શું મૂલ્ય છે એ તો અધિકારી આત્મા જ સમજી શકે. એવા અધિકારી આત્માઓને આત્મકલ્યાણમાં ઉપકાર અર્થે અમે ઇ.સ. ૧૯૮૨માં ગ્રંથમાળા તૈયાર કરવાનો મંગલ પ્રારંભ કરેલ છે. તેમાં ત્રણ પુષ્પોનું પ્રગટીકરણ થઈ ચૂક્યું છે. જેમાંનું પ્રથમ પુષ્પ-શ્રીમદ્ રાજચંદ્ર પ્રણિત મોક્ષમાર્ગ પ્રકાશ તથા શ્રીમદ્ રાજચંદ્રના પરમ સખા શ્રી સૌભાગ્યભાઈ અને સાયલા-એ અમારી સંસ્થાનું મૌલિક પ્રકાશન ગણાય. બીજાં બે પુનર્મુદ્રણ છે. પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ સાહેબ વિરચિત જ્ઞાનસાર અને અધ્યાત્મસાર જેવા શ્રેષ્ઠ ગણાતા તેમના જે બે ગ્રંથો અપ્રાપ્ય હતા અને અમને સ્વાધ્યાય માટે તેનો નિત્ય ઉપયોગ હતો તે બંને ગ્રંથો અમે પુનર્મુદ્રિત કર્યા. તેઓનો અદ્વિતીય મનાતો અધ્યાત્મ ઉપનિષદ્ ગ્રંથ ભાવાર્થ સાથે પ્રસિદ્ધ કરવાની અમારી ઉમેદ હતી પરંતુ હજુ સુધી એ ભાવાર્થ કરવાનું કામ હાથ ધરી શકાયું નથી. આ પુસ્તકનું જે વસ્તુ અમારા પ. પૂ. ગુરુદેવ-શ્રી લાડકચંદભાઈ માણેકચંદભાઈ વોરાએ પરમ સત્સંગનો પરમ લાભ આપી સ્વાધ્યાય દ્વારા અને અમારા મંડળના મહાન પુણ્યાત્મા બેન શ્રી સદ્‌ગુણાબેનને સાધનામાં સહાયક બની પત્રવ્યવહાર દ્વારા આપી તે વસ્તુને કલમબદ્ધ કરાવી તૈયાર કરાવી આપ્યું છે તે આ પુસ્તક સાધકોના હસ્તકમળમાં મૂકતા અમો અતિ આનંદ અનુભવીએ છીએ.

દેશ પરદેશમાં સાધના કરી રહેલ ચાતકની જેમ આ પુસ્તકની ઇંતેજારી કરી રહેલ અમારા મંડળના ચાર સો જેટલા સભ્યોના હાથમાં આ અદ્વિતીય પુસ્તક આવશે ત્યારે તેમનાં હૈયાં કેવાં ઊછળશે એ કલ્પના વાણી દ્વારા વ્યક્ત કરવી મુશ્કેલ છે. માત્ર અમારા મંડળના જ નહીં પરંતુ રાજમાર્ગના સૌ પથિકો માટે આ ભોમિયો ભગવાન સ્વરૂપ બની રહેશે એમાં શંકા નથી.

આ પુસ્તકમાં બિરાજેલ મહાત્મા મંડળ અને તેમની કૃતિઓ અણમોલ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે. સર્વ પ્રથમ છે અમારા પરમ પિતા શ્રીમદ્ રાજચંદ્રજી કે જેમના અમે આધ્યાત્મિક વંશજ છીએ, તેઓશ્રીની પદ રચનાઓનું સંકલન કરેલ છે. પછીથી પૂ. શ્રી ચિદાનંદજી મહારાજનાં, પૂ. શ્રી આનંદઘનજી મહારાજનાં, પૂ. શ્રી યશોવિજયજી મહારાજનાં અને છોટમનાં થોડાં પદો પસંદ કરી મૂકેલ છે. તદુપરાંત અમારા વંશવેલાના જ્યોતિર્ધર પૂ. શ્રી કાળીદાસભાઈનાં આ માર્ગનાં સીમાચિહ્ન જેવાં બે પદો છે અને અન્ય સંતો પણ પોતાની કૃતિઓ રૂપે બિરાજમાન છે.

પૂ. યોગીરાજ શ્રી આનંદઘનજી મહારાજ સાહેબ કે જેઓ જનકલ્યાણનું કાર્ય છોડીને સ્વાત્મહિતાર્થે વનમાં ચાલ્યા ગયેલા. પરંતુ એ મહાત્માનું કૃપાઝરણ તો વસ્તી-લોકસમુદાય પ્રત્યે વહેતું જ રહ્યું જે તૃષાતુર સાધકોને પદો અને સ્તવનો રૂપે આજે પણ અમીપાન કરાવે છે. તે ચોવીસી-સ્તવનો અને ભાવાર્થ ત્રીજા વિભાગમાં મૂકેલ છે.

પૂ. યશોવિજયજી મહારાજ સાહેબ કે જેમને સરસ્વતી સાધ્ય હતી, જેમનું વચન અર્વાચીન જૈન ચતુર્વિધ સંઘ પણ પ્રમાણ ગણે છે, તેઓશ્રીનાં રચેલાં ચોવીસ તીર્થંકરદેવનાં સ્તવનો અને તેનો ભાવાર્થ ચોથા વિભાગમાં મૂકેલ છે. તેઓશ્રીની બીજી રચના-આઠ દૃષ્ટિની સજ્ઝાય કે જેને પરમ કૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીએ આત્મદશામાપક થર્મોમિટર કહેલ છે. તે મૂળ કૃતિ ભાવાર્થ સાથે પાંચમા વિભાગમાં મૂકેલ છે.

અમારા આશ્રમના શ્રેષ્ઠ સાધકો-બ્રહ્મનિષ્ઠ શ્રી નલીનભાઈ (નિરંજનભાઈ) અને બ્રહ્મનિષ્ઠ શ્રી સદ્ગુણાબેન-માંના બેન શ્રી સદ્ગુણાબેનને સાયલા અવારનવાર આવી પરમ સત્સંગનો લાભ લેવાની અનુકૂળતા ન હોઈ પોતાને આધ્યાત્મિક સહાય અર્થે પત્રવ્યવહાર કરવા વિનંતિ કરી. અમારા પ. પૂ. ગુરુદેવે તેમની અનેકવિધ યોગ્યતાને કારણે તેમની વિનંતિ સ્વીકારી. તેના ફળસ્વરૂપે તૈયાર થયેલ સાધક સહચર રાજમાર્ગના સાધકોને માટે સાતમા વિભાગમાં મૂકેલ છે.

આવું ઉત્તમ પ્રકારનું ભોજન પીરસનાર અને પોતાની આગવી બોધશૈલીથી અમીપાન કરાવનાર અમારા પ. પૂ. સદ્ગુરુદેવશ્રીએ સૌ સાધકજનો પર જે મહાન ઉપકારથી આ ચોથા પુષ્પ થકી પુષ્પવૃષ્ટિ કરી છે તે માટે તેઓશ્રીનો ઉપકાર માનવા વાણી વામણી છે. એમના સાચા અનુયાયી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બની, તેમના બોધને જીવનમાં ચરિતાર્થ કરી અમારું આત્મકલ્યાણ સાધી લઇએ, એ જ એમનો ઉપકાર માનવાનો ઉચિત પ્રયાસ છે, એમ અમે માનીએ છીએ.

અમારા પ. પૂ. ગુરુદેવના સૂચન અને આજ્ઞા અનુસાર આ પુસ્તકને તૈયાર કરી આપનાર આત્માર્થી બેનશ્રી વસંતબેનનો ઉપકાર માનીએ તે તેમને નહીં ગમે. કેમ કે તેઓ માને છે કે હું તો માત્ર સાધન છું. કોઈ દિવ્ય શક્તિ જ આવાં પુણ્યકાર્યો આ સાધન દ્વારા કરી રહી છે. આમ છતાં એમના આ કાર્યને બીરદાવતાં અમારા પ. પૂ. ગુરુદેવ-પ. પૂ. બાપુજીએ ઉચ્ચારેલ શબ્દો અત્રે મૂકવાનું અમને મન થાય છે -

"તમે તો અમારું ઝાંખરા જેવું હતું તેને સુંદર બાગ જેવું બનાવી દીધું !" -

નાણાં વિના ટાણાં નીકળતાં નથી. એમ આ ટાણું - પુસ્તક પ્રકાશનનું- પાર ઉતારવામાં નાણાંકીય સહાય કરનાર આત્માર્થી ભાઈ શ્રી નગીનભાઈ, આત્માર્થી ભાઈ શ્રી વજુભાઈ તથા આત્માર્થી ભાઈ શ્રી વિનુભાઈનો ઉપકાર માનવો અમને જરૂરી છે. પરંતુ એ વાત તેઓ સ્વીકારે તેમ નથી. તેઓ હંમેશાં કહે છે કે, આપણે તો તન, મન, ધન બધું પ. પૂ. બાપુજીને અર્પણ કરી દીધું છે. એટલે આ બધું આપણા ગુરુદેવનું જ છે. ઉપકાર બધો એમનો જ છે.

આ પુસ્તકના મુદ્રણકાર્યમાં આત્માર્થી ભાઈ શ્રી કરશનભાઈએ જે સમય અને શક્તિનો ભોગ આપી સહકાર આપેલ છે તે માટે તેમનો ઉપકાર માનવો જોઇએ. પરંતુ તેઓ તો સામેથી ઉપકાર માને છે કે, મારા ધન્ય ભાગ્ય કે મને સમય અને શક્તિનો સદુપયોગ કરવાની આવી અમૂલ્ય તક આપી.

માત્ર એટલી અપેક્ષા કે આ પુસ્તકના નિદિધ્યાસનથી અધિકારી તૃષાવંતની તરસ છીપાય, અતૃષાતુર આ પુસ્તકના વાચન મનનથી તૃષાતુર બને.

અમારી અનેકવિધ ઓછપને લીધે આ શ્રી સદ્‌ગુરુપ્રસાદમાં જે કાંઈ ક્ષતિ રહી ગઈ હોય તેને માટે વાચક વર્ગને ક્ષમાપ્રાર્થના.

**પ્રકાશન સમિતિ**

**શ્રી રાજ સોભાગ સત્સંગ મંડળ**

**સાયલા**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# અનુક્રમણિકા

## -: વિભાગ ૧ :-

## શ્રીમદ્ રાજચંદ્ર રચિત પદો


| ક્રમાંક | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | મુનિને પ્રણામ | ૧ |
| ૨. | દોહરા | ૨ |
| ૩. | કાળ કોઇને નહિ મૂકે | ૨ |
| ૪. | ધર્મ વિષે | ૩ |
| ૫. | પ્રભુ પ્રાર્થના | ૫ |
| ૬. | છપ્પય | ૬ |
| ૭. | અનિત્ય ભાવના | ૭ |
| ૮. | અશરણ ભાવના | ૭ |
| ૯. | એકત્વ ભાવના | ૭ |
| ૧૦. | અન્યત્વ ભાવના | ૮ |
| ૧૧. | અશુચિ ભાવના | ૮ |
| ૧૨. | અંતર્દર્શન-નિવૃત્તિ બોધ | ૮ |
| ૧૩. | દોહરો-જ્ઞાન ધ્યાન | ૯ |
| ૧૪. | ભક્તિનો ઉપદેશ | ૯ |
| ૧૫. | તૃષ્ણાની વિચિત્રતા | ૧૦ |
| ૧૬. | દોહરો મંત્ર-તંત્ર | ૧૧ |
| ૧૭. | દોહરો - વચનામૃત વીતરાગનાં | ૧૨ |
| ૧૮. | જિનેશ્વરની વાણી | ૧૨ |
| ૧૯. | અમૂલ્ય તત્ત્વ વિચાર | ૧૨ |
| ૨૦. | સર્વમાન્ય ધર્મ | ૧૩ |
| ૨૧. | બ્રહ્મચર્ય વિષે સુભાષિત | ૧૪ |




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨૨. પૂર્ણમાલિકા મંગલ ૧૫
૨૩. સામાન્ય મનોરથ ૧૫
૨૪. દૃષ્ટિભેદ ૧૬
૨૫. સુખકી સહેલી ઉદાસીનતા ૧૭
૨૬. મારગ સાચા મિલ ગયા ૧૭
૨૭. આજ મને ઉછરંગ ૧૮
૨૮. હોત આસવા પરિસવા ૧૮
૨૯. લોક અલોક રહસ્ય પ્રકાશ ૧૯
૩૦. શ્રી સદ્‌ગુરુ ભક્તિ રહસ્ય ૨૧
૩૧. કૈવલ્ય બીજ શું ? ૨૩
૩૨. શ્રી સદ્‌ગુરુ કૃપા માહાત્મ્ય ૨૪
૩૩. જડ ભાવે જડ પરિણમે ૨૪
૩૪. જિનવર કહે છે જ્ઞાન તેને ૨૬
૩૫. પરમપદ પ્રાપ્તિની ભાવના ૨૭
૩૬. મૂળ માર્ગ રહસ્ય ૩૧
૩૭. આત્મસિદ્ધિ શાસ્ત્ર ૩૨
૩૮. સ્વાત્મ વૃત્તાંત ૪૬
૩૯. પરમપદ પંથ ૪૭
૪૦. જડ ને ચૈતન્ય ૪૮
૪૧. શ્રી જિન પરમાત્માને નમઃ ૪૯
૪૨. અરિહંત આનંદકારી ૫૦
૪૩. શ્રી શાંતિનાથ ભગવાનની સ્તુતિ ૫૧


**-: વિભાગ ૨ :-**

## શ્રી ચિદાનંદજી મહારાજનાં પદો


૧. પિયા ! પર ઘર મત જાઓ રે ૫૨




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨. સુઅપ્પા આપ વિચારો રે ૫૨
૩. બંધ નિજ આપ ઉદીરત રે ૫૩
૪. મતિ મત હમ વિચારો રે ૫૩
૫. અકલ કલા જગજીવન તેરી ૫૪
૬. જો લૌં તત્ત્વ ન સૂઝ પડે રે ૫૪
૭. આતમ પરમાતમ પદ પાવે ૫૫
૮. જૂઠી જગ માયા ૫૫
૯. વિરથા જનમ ગમાયો ૫૬
૧૦. માન કહા અબ મેરા ૫૬
૧૧. સંતો અચરિજ રૂપ તમાસા ૫૭
૧૨. કર લે ગુરુગમ જ્ઞાન વિચારા ૫૭
૧૩. અવધુ નિરપક્ષ વિરલા કોઈ ૫૮
૧૪. જ્ઞાન કલા ઘટ ભાસી ૫૮
૧૫. અવધુ પિયો અનુભવ રસ પ્યાલા ૫૯
૧૬. મારગ સાચા કોઉ ન બતાવે ૫૯
૧૭. વસ્તુગતેં વસ્તુકો લક્ષણ ૬૦
૧૮. જૌં લૌં અનુભવ જ્ઞાન ઘટમેં ૬૧
૧૯. અલખ લખ્યા કિમ જાવે હો ૬૧
૨૦. પૂરવ પુણ્ય ઉદય કરી ચેતન ! ૬૨


## આનંદઘનજીનાં પદો


૧. ક્યા સોવે ઉઠ જાગ બાઉ રે ૬૩
૨. જીય જાને મેરી સફલ ઘરી રી ૬૩
૩. સુહાગણ ! જાગી અનુભવ પ્રીત ૬૩
૪. અવધૂ નટ નાગરકી બાજી ૬૪
૫. અવધૂ ક્યા સોવે તન મઠમેં ૬૪




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૬. અબ હમ અમર ભયે ૬૫
૭. અવધૂ રામ રામ જગ ગાવે ૬૫
૮. આશા ઔરનકી ક્યા કીજે ૬૬

## છોટમનાં પદો

૧. જ્ઞાન ન ઊપજે ગુરુ વિના ૬૬
૨. રોમે રોમે ચઢે રામ રસ ૬૭
૩. જેને ઊગ્યો છે અનુભવ અર્ક ૬૭

## જશવિજયજીનાં પદો

૧. પરમ ગુરુ જૈન કહો ક્યું હોવે ૬૮
૨. ચેતન જો તું જ્ઞાન અભ્યાસી ૬૯
૩. હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં ૭૦

## કાલીદાસભાઈનાં પદો

૧. જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેયનું ભલું નહિ જ્યાં ભાન ૭૦
૨. મોહની નિંદમાં સૂઈ મત રહો ૭૨
૧. વિસર ન જાજો મેરે મિત-પ્રેમસખી ૭૨
૨. સદ્‌ગુરુના તે શબ્દ વિચારતા-પ્રીતમ ૭૩
૩. સમજ વિનાનું રે સુખ નહીં જીવને-અખા ૭૩
૪. મલ્લિ જિન સ્તવન-શ્રીમદ્‌ યશોવિજયજી ૭૪
વિભાગ ત્રીજો-આઠ દૃષ્ટિની સજ્ઝાય ભાવાર્થ સાથે
પા. નં. ૭૫ થી પા. નં. ૧૦૧ સુધી
વિભાગ ચોથો-આધ્યાત્મિક પત્રવ્યવહાર
પા. નં. ૧૦૨ થી પા. નં. ૩૩૦ સુધી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

“સર્વ ભાવથી ઔદાસીન્યવૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમહેતુ હોય જો;
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં,
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?”

- આંક ૭૩૮, ગાથા ૨

“શ્રી ગુરુદેવે કહ્યો છે એવા નિર્ગ્રંથમાર્ગનો સદાય આશ્રય રહો.

હું દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ, સ્ત્રી, પુત્રાદિ કોઈ પણ મારાં નથી, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું, એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય.” - આંક ૬૯૨

“સર્વ પ્રકારે જ્ઞાનીના શરણમાં બુદ્ધિ રાખી નિર્ભયપણાને, નિઃખેદપણાને ભજવાની શિક્ષા શ્રી તીર્થંકર જેવાએ કહી છે, અને અમે પણ એ જ કહીએ છીએ. કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી. અવિચાર અને અજ્ઞાન એ સર્વ ક્લેશનું, મોહનું અને માઠી ગતિનું કારણ છે. સદ્‌વિચાર અને આત્મજ્ઞાન તે આત્મગતિનું કારણ છે.” - આંક ૪૬૦



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ૐ

## વિભાગ-૧

# પરમ કૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર દેવ રચિત પદો

### ૧. મુનિને પ્રણામ

*(મનહર)*

શાંતિકે સાગર અરૂ, નીતિકે નાગર નેક;
દયાકે આગર જ્ઞાન, ધ્યાનકે નિધાન હો.

શુદ્ધ બુદ્ધ બ્રહ્મચારી, મુખબાની પૂર્ણ પ્યારી;
સબનકે હિતકારી, ધર્મકે ઉદ્યાન હો.

રાગદ્વેષસેં રહિત, પરમ પુનિત નિત્ય;
ગુનસે ખચિત ચિત્ત, સજ્જન સમાન હો.

રાયચંદ્ર ધૈર્ય પાલ, ધર્મઢાલ ક્રોધ કાલ,
મુનિ તુમ આગે મેરે, પ્રનામ અમાન હો.

*(શાર્દૂલ વિક્રીડીત)*

માયા, માન મનોજ, મોહ, મમતા, મિથ્યાત મોડી મુનિ;
ધોરી ધર્મ ધરેલ ધ્યાન ધરથી, ધારેલ ધૈર્ય ધુની,

છે સંતોષ સુશીલ સૌમ્ય સમતા, ને શીયળે ચંડના,
નીતિ, રાય, દયા, ક્ષમાધર મુનિ, કોટી કરું વંદના.

૧૫મા વર્ષે : મોરબી



Jain Education International    For Personal & Private Use Only    www.jainelibrary.org

## ૨. દોહરા

જ્ઞાની કે અજ્ઞાની જન, સુખ દુઃખ રહિત ન કોય,
જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોય.

જન્મ જરા ને મૃત્યુ, મુખ્ય દુઃખના હેતુ,
કારણ તેનાં બે કહ્યાં, રાગદ્વેષ અણહેતુ.

૧૫મા વર્ષે : મોરબી

## ૩. કાળ કોઈને નહિ મૂકે

*(હરિગીત)*

મોતીતણી માળા ગળામાં, મૂલ્યવંતી મલકતી,
હીરાતણા શુભ હારથી, બહુ કંઠકાંતિ ઝળકતી;
આભૂષણોથી ઓપતા, ભાગ્યા મરણને જોઇને,
જન જાણીએ મન માનીએ, નવ કાળ મૂકે કોઇને. ૧

મણિમય મુગટ માથે ધરીને, કર્ણ કુંડળ નાખતા,
કાંચન કડાં કરમાં ધરી, કશીએ કચાશ ન રાખતા;
પળમાં પડ્યા પૃથ્વીપતિ એ, ભાન ભૂતળ ખોઇને,
જન જાણીએ મન માનીએ, નવ કાળ મૂકે કોઇને. ૨

દશ આંગળીમાં માંગલિક, મુદ્રા જડિત માણિક્યથી,
જે પરમ પ્રેમે પે'રતા, પોંચી કળા બારીકથી;
એ વેઢ વીંટી સર્વ છોડી, ચાલિયા મુખ ધોઈને,
જન જાણીએ મન માનીએ, નવ કાળ મૂકે કોઇને. ૩

મૂછ વાંકડી કરી ફાંકડા થઇ, લીંબુ ધરતા તે પરે,
કાપેલ રાખી કાતરા, હરકોઇનાં હૈયાં હરે;
એ સાંકડીમાં આવિયા, છટક્યા તજી સહુ સોઇને,
જન જાણીએ મન માનીએ, નવ કાળ મૂકે કોઇને. ૪



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છો ખંડના અધિરાજ જે, ચંડે કરીને નીપજ્યા,
બ્રહ્માંડમાં બળવાન થઇને, ભૂપ ભારે ઊપજ્યા;
એ ચતુર ચક્રી ચાલિયા, હોતા નહોતા હોઇને,
જન જાણીએ મન માનીએ, નવ કાળ મૂકે કોઇને. ૫

જે રાજનીતિ નિપુણતામાં, ન્યાયવંતા નીવડ્યા,
અવળા કર્યે જેના બધા, સવળા સદા પાસા પડ્યા;
એ ભાગ્યશાળી ભાગિયા તે, ખટપટો સૌ ખોઇને,
જન જાણીએ મન માનીએ, નવ કાળ મૂકે કોઇને. ૬

તરવાર બહાદુર ટેકધારી, પૂર્ણતામાં પેખીયા,
હાથી હણે હાથે કરી એ, કેશરી સમ દેખિયા·
એવા ભલા ભડવીર તે, અંતે રહેલા રોઈને,
જન જાણીએ મન માનીએ, નવ કાળ મૂકે કોઈને. ૭

૧૫મા વર્ષે : વવાણીયા

## ૪. ધર્મ વિષે (કવિત)

સાહ્યબી સુખદ હોય, માનતણો મદ હોય,
ખમા ખમા ખુદ હોય, તે તે કશા કામનું ?
જુવાનીનું જોર હોય, એશનો અંકોર હોય,
દોલતનો દોર હોય, એ તે સુખ નામનું;
વનિતા વિલાસ હોય, પ્રૌઢતા પ્રકાશ હોય,
દક્ષ જેવા દાસ હોય, હોય સુખ ધામનું;
વદે રાયચંદ એમ, સદ્ધર્મને ધાર્યા વિના,
જાણી લેજે સુખ એ તો, બેએ જ બદામનું ! ૧

મોહ, માન મોડવાને, ફેલપણું ફોડવાને,
જાળફંદ તોડવાને, હેતે નિજ હાથથી;


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કુમતિને કાપવાને, સુમતિને સ્થાપવાને,
મમત્વને માપવાને, સકલ સિદ્ધાંતથી,
મહા મોક્ષ માણવાને, જગદીશ જાણવાને,
અજન્મતા આણવાને, વળી ભલી ભાતથી;
અલૌકિક અનુપમ, સુખ અનુભવવાને,
ધર્મ ધારણાને ધારો, ખરેખરી ખાંતથી. ૨

દિનકર વિના જેવો, દિનનો દેખાવ દીસે,
શશી વિના જેવી રીતે, શર્વરી સુહાય છે;
પ્રજાપતિ વિના જેવી, પ્રજા પુરતણી પેખો,
સુરસ વિનાની જેવી, કવિતા કહાય છે;
સલિલ વિહીન જેવી, સરિતાની શોભા અને,
ભર્તાર વિહીન જેવી, ભામિની ભળાય છે;
વદે રાયચંદ વીર, સદ્ધર્મને ધાર્યા વિના,
માનવી મહાન તેમ, કુકર્મી કળાય છે. ૩

ચતુરો ચોંપેથી ચાહી, ચિંતામણી ચિત્ત ગણે,
પંડિતો પ્રમાણે છે, પારસમણિ પ્રેમથી;
કવિઓ કલ્યાણકારી, કલ્પતરૂ કથે જેને,
સુધાનો સાગર કથે, સાધુ શુભ ક્ષેમથી;
આત્મના ઉદ્ધારને, ઉમંગથી અનુસરો જો,
નિર્મળ થવાને કાજે, નમો નીતિ નેમથી;
વદે રાયચંદ વીર, એવું ધર્મરૂપ જાણી,
"ધર્મવૃત્તિ ધ્યાન ધરો, વિલખો ન વે'મથી." ૪

૧૫મા વર્ષે : વવાણીયા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૫. પ્રભુ પ્રાર્થના

*(દોહરા)*

જળહળ જ્યોતિ સ્વરૂપ તું, કેવળ કૃપાનિધાન;
પ્રેમ પુનિત તુજ પ્રેરજે, ભયભંજન ભગવાન. ૧

નિત્ય નિરંજન નિત્ય છો, ગંજન ગંજ ગુમાન;
અભિવંદન અભિવંદના, ભયભંજન ભગવાન. ૨

ધર્મધરણ તારણતરણ, શરણ ચરણ સન્માન;
વિઘ્નહરણ પાવનકરણ, ભયભંજન ભગવાન. ૩

ભદ્રભરણ ભીતિહરણ, સુધાઝરણ શુભવાન;
ક્લેશહરણ ચિંતાચૂરણ, ભયભંજન ભગવાન. ૪

અવિનાશી અરિહંત તું, એક અખંડ અમાન;
અજર અમર અણજન્મ તું, ભયભંજન ભગવાન. ૫

આનંદી અપવર્ગી તું, અકળ ગતિ અનુમાન;
આશિષ અનુકૂળ આપજે, ભયભંજન ભગવાન. ૬

નિરાકાર નિર્લેપ છો, નિર્મળ નીતિનિધાન;
નિર્મોહક નારાયણા, ભયભંજન ભગવાન. ૭

સચરાચર સ્વયંભૂ પ્રભુ, સુખદ સોંપજે સાન;
સૃષ્ટિનાથ સર્વેશ્વરા, ભયભંજન ભગવાન. ૮

સંકટ શોક સકળ હરણ, નૌતમ જ્ઞાન નિદાન;
ઇચ્છા વિકળ અચળ કરો, ભયભંજન ભગવાન. ૯

આધિ, વ્યાધિ, ઉપાધિ ને, હરો તંત તોફાન;
કરૂણાળુ કરૂણા કરો, ભયભંજન ભગવાન. ૧૦



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કિંકરની કંકર મતિ, ભૂલ ભયંકર ભાન;
શંકર તે સ્નેહે હરો, ભયભંજન ભગવાન. ૧૧

શક્તિ શિશુને આપશો, ભક્તિ મુક્તિનું દાન;
તુજ જુક્તિ જાહેર છે, ભયભંજન ભગવાન. ૧૨

નીતિ, પ્રીતિ, નમ્રતા, ભલી ભક્તિનું ભાન;
આર્ય પ્રજાને આપશો, ભયભંજન ભગવાન. ૧૩

દયા, શાંતિ, ઔદાર્યતા, ધર્મ મર્મ મનધ્યાન;
સંપ જંપ વણ કંપ દે, ભયભંજન ભગવાન. ૧૪

હર આળસ એદીપણું, હર અઘ ને અજ્ઞાન;
હર ભ્રમણા ભારતતણી, ભયભંજન ભગવાન. ૧૫

તન, મન, ધન ને અન્નનું, દે સુખ સુધા સમાન;
આ અવનીનું કર ભલું, ભયભંજન ભગવાન. ૧૬

વિનય વિનંતિ રાયની, ધરો કૃપાથી ધ્યાન;
માન્ય કરો મહારાજ તે, ભયભંજન ભગવાન. ૧૭

૧૬મા વર્ષે : મોરબી

## ૬. (છપ્પય)

નાભિનંદન નાથ, વિશ્વવંદન વિજ્ઞાની;
ભવબંધનના ફંદ, કરણ ખંડન સુખદાની.
ગ્રંથ પંથ આદ્યંત, ખંત પ્રેરક ભગવંતા;
અખંડિત અરિહંત, તંતહારક જયવંતા.
શ્રીમરણ-હરણ તારણ તરણ, વિશ્વોદ્ધારણ અઘ હરે,
તે ઋષભદેવ પરમેશપદ, રાયચંદ વંદન કરે.

૧૬મા વર્ષે : વવાણીયા


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૭. અનિત્ય ભાવના

*(ઉપજાતિ)*

વિદ્યુત લક્ષ્મી, પ્રભુતા પતંગ, આયુષ્ય તે તો જળના તરંગ,
પુરંદરી ચાપ અનંગ રંગ, શું રાચીએ ત્યાં ક્ષણનો પ્રસંગ !

૧૭મા વર્ષે : વવાણીયા

---

## ૮. અશરણ ભાવના

*(ઉપજાતિ)*

સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;
અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે.

૧૭મા વર્ષે : વવાણીયા

## એકત્વ ભાવના

*(ઉપજાતિ)*

શરીરમાં વ્યાધિ પ્ર ચક્ષ થાય, તે કોઈ અન્ય લઈ ના શકાય,
એ ભોગવે એક સ્વ આ મ પોતે, એકત્વ એથી નય સુજ્ઞ ગોતે.

*(શાર્દૂલ વિક્રીડિત)*

રાણી સર્વ મળી સુચંદન ઘસી, ને ચર્ચવામાં હતી,
બૂઝયો ત્યાં કકળાટ કંકણતણો, શ્રોતી નમિ ભૂપતિ;
સંવાદે પણ ઇંદ્રથી દૃઢ રહ્યો, એકત્વ સાચું કર્યું,
એવા એ મિથિલેશનું ચરિત આ, સંપૂર્ણ અત્રે થયું.

૧૭મા વર્ષે : વવાણીયા

---



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૦. અન્યત્વ ભાવના

*(શાર્દૂલ વિક્રીડિત)*

ના મારા તન રૂપ કાંતિ યુવતી, ના પુત્ર કે ભ્રાત ના,
ના મારાં ભૃત સ્નેહીઓ સ્વજન કે, ના ગોત્રકે જ્ઞાત ના;
ના મારાં ધન ધામ યૌવન ધરા, એ મોહ અજ્ઞાત્વના,
રે ! રે ! જીવ વિચાર એમ જ સદા, અન્યત્વદા ભાવના.

*(શાર્દૂલ વિક્રીડિત)*

દેખી આંગળી આપ એક અડવી, વૈરાગ્ય વેગે ગયા,
છાંડી રાજસમાજને ભરતજી, કેવલ્યજ્ઞાની થયા;
ચોથું ચિત્ર પવિત્ર એ જ ચરિતે પામ્યું અહીં પૂર્ણતા,
જ્ઞાનીનાં મન તેહ રંજન કરો વૈરાગ્ય ભાવે યથા.

૧૭મા વર્ષે : વવાણીયા

## ૧૧. અશુચિ ભાવના

*(ગીતિવૃત્ત)*

ખાણ મૂત્ર ને મળની, રોગ જરાનું નિવાસનું ધામ;
કાયા એવી ગણીને, માન ત્યજીને કર સાર્થક આમ.

૧૭મા વર્ષે : વવાણીયા

## ૧૨. અંતર્દર્શન-નિવૃત્તિ બોધ

*(નારાચ છંદ)*

અનંત સૌખ્ય નામ દુઃખ, ત્યાં રહી ન મિત્રતા !
અનંત દુઃખ નામ સૌખ્ય, પ્રેમ ત્યાં વિચિત્રતા !!



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉઘાડ ન્યાય નેત્ર ને, નિહાળ રે ! નિહાળ તું;
નિવૃત્તિ શિઘ્રમેવ ધારી તે પ્રવૃત્તિ બાળ તું.

૧૭મા વર્ષે : વવાણીયા

## ૧૩. દોહરો

જ્ઞાન, ધ્યાન, વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર,
એ ભાવે શુભ ભાવના, તે ઊતરે ભવ પાર.

૧૭મા વર્ષે : વવાણીયા

## ૧૪. ભક્તિનો ઉપદેશ

*(તોટક છંદ)*

શુભ શીતળતામય છાંય રહી, મનવાંછિત જ્યાં ફળપંક્તિ કહી;
જિન ભક્તિ ગ્રહો, તરૂકલ્પ અહો, ભજીને ભગવંત ભવંત લહો.

નિજ આત્મસ્વરૂપ મુદા પ્રગટે, મનતાપ ઉતાપ તમામ મટે;
અતિ નિર્જરતા વણદામ ગ્રહો, ભજીને ભગવંત ભવંત લહો.

સમભાવી સદા પરિણામ થશે, જડમંદ અધોગતિ જન્મ જશે;
શુભ મંગળ આ પરિપૂર્ણ ચહો, ભજીને ભગવંત ભવંત લહો.

શુભ ભાવ વડે મન શુદ્ધ કરો, નવકાર મહાપદને સમરો;
નહિ એહ સમાન સુમંત્ર કહો, ભજીને ભગવંત ભવંત લહો.

કરશો ક્ષય કેવળ રાગ કથા, ધરશો શુભ તત્ત્વ સ્વરૂપ યથા;
નૃપચંદ્ર પ્રપંચ અનંત દહો, ભજીને ભગવંત ભવંત લહો.

૧૭મા વર્ષે : વવાણીયા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૧૫. તૃષ્ણાની વિચિત્રતા

*(એક ગરીબની વધી ગયેલી તૃષ્ણા)*

*(મનહર છંદ)*

હતી દીનતાઈ ત્યારે, તાકી પટેલાઈ અને,
મળી પટેલાઈ ત્યારે, તાકી છે શેઠાઇને.

સાંપડી શેઠાઈ ત્યારે, તાકી મંત્રિતાઈ અને,
આવી મંત્રિતાઈ ત્યારે, તાકી નૃપતાઇને.

મળી નૃપતાઈ ત્યારે, તાકી દેવતાઈ અને,
દીઠી દેવતાઈ ત્યારે, તાકી શંકરાઇને;

અહો ! રાજચંદ્ર માનો, માનો શંકરાઈ મળી,
વધે તૃષ્ણાઈ તોય, જાય ન મરાઇને.

(૨)

કરોચલી પડી દાઢી, ડાચાંતણો દાટ વળ્યો,
કાળી કેશપટી વિષે, શ્વેતતા છવાઈ ગઈ;

સૂંઘવું, સાંભળવું ને દેખવું તે માંડી વાળ્યું,
તેમ દાંત આવલી તે, ખરી કે ખવાઈ ગઈ.

વળી કેડ વાંકી, હાડ ગયાં, અંગ રંગ ગયો,
ઊઠવાની આય જતાં, લાકડી લેવાઈ ગઈ;

અરે ! રાજચંદ્ર એમ, યુવાની હરાઈ પણ,
મનથી ન તોય રાંડ, મમતા મરાઈ ગઈ.

(૩)

કરોડોના કરજના, શીર પર ડંકા વાગે,
રોગથી રૂંધાઈ ગયું, શરીર સૂકાઇને.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પુરપતિ પણ માથે પીડવાને તાકી રહ્યો,
પેટ તણી વેઠ પણ, શકે ન પુરાઇને.

પિતૃ અને પરણી તે, મચાવે અનેક ધંધ,
પુત્ર, પુત્રી ભાખે ખાઉં ખાઉં દુઃખદાઇને.

અરે ! રાજચંદ્ર તો ય, જીવ ઝાવા દાવા કરે,
જંજાળ છંડાય નહીં, તજી તૃષ્ણાઇને.

(૪)

થઈ ક્ષીણ નાડી અવાચક જેવો રહ્યો પડી,
જીવન દીપક પામ્યો, કેવળ ઝંખાઇને.
છેલ્લી ઈસે પડયો ભાળી, ભાઇએ ત્યાં એમ ભાખ્યું,
હવે ટાઢી માટી થાય, તો તો ઠીક ભાઈને.
હાથને હલાવી ત્યાં તો, ખીજી બુઢ્ઢે સૂચવ્યું એ,
બોલ્યા વિના બેસ, બાળ તારી ચતુરાઇને,
અરે ! રાજચંદ્ર દેખો દેખો આશપાશ કેવો ?
જતાં ગઈ નહીં ડોસે મમતા મરાઇને.

૧૭મા વર્ષે : વવાણીયા

## ૧૬. દોહરો

મંત્ર તંત્ર ઔષધ નહીં, જેથી પાપ પળાય;
વીતરાગ વાણી વિના, અવર ન કોઈ ઉપાય.

૧૭મા વર્ષે : વવાણીયા


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૭. દોહરો

વચનામૃત વીતરાગનાં, પરમ શાંત રસ મૂળ;
ઔષધ જે ભવરોગનાં, કાયરને પ્રતિકૂળ.

૧૭મા વર્ષે : વવાણીયા

## ૧૮. જિનેશ્વરની વાણી

*(મનહર છંદ)*

અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી,
અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે;
સકળ જગત હિતકારિણી હારિણી મોહ,
તારિણી ભવાબ્ધિ મોક્ષચારિણી પ્રમાણી છે;
ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ,
આપવાથી નિજ મતિ મપાઈ મેં માની છે;
અહો ! રાજચંદ્ર, બાળ ખ્યાલ નથી પામતા એ,
જિનેશ્વરતણી વાણી જાણી તેણે જાણી છે.

૧૭મા વર્ષે : વવાણીયા

## ૧૯. અમૂલ્ય તત્ત્વવિચાર

*(હરિગીત છંદ)*

બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે ? ભવચક્રનો આંટો નહીં એકકે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણે કાં અહો રાચી રહો ? ૧



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો ?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું, એ નય ગ્રહો;
વધવાપણું સંસારનું નરદેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો ! એક પળ તમને હવો !! ૨

નિર્દોષ સુખ નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શક્તિમાન, જેથી જંજીરેથી નીકળે;
પરવસ્તુમાં નહિ મૂંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત્‌ દુઃખ તે સુખ નહીં. ૩

હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ?
કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરહરૂં ?
એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં. ૪

તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું ?
નિર્દોષ નરનું કથન માનો 'તેહ' જેણે અનુભવ્યું;
રે ! આત્મ તારો ! આત્મ તારો ! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો આ વચનને હૃદયે લખો. ૫

૧૭મા વર્ષે : વવાણીયા

## ૨૦. સર્વમાન્ય ધર્મ

*(ચોપાઈ)*

ધર્મતત્ત્વ જો પૂછયું મને, તો સંભળાવું સ્નેહે તને;
જે સિદ્ધાંત સકળનો સાર, સર્વમાન્ય સહુને હિતકાર. ૧



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભાખ્યું ભાષણમાં ભગવાન, ધર્મ ન બીજો દયા સમાન;
અભયદાન સાથે સંતોષ, દ્યો પ્રાણીને દળવા દોષ. ૨

સત્ય, શીળ ને સઘળાં દાન, દયા હોઇને રહ્યાં પ્રમાણ;
દયા નહીં તો એ નહીં એક, વિના સૂર્ય કિરણ નહીં દેખ. ૩

પુષ્પપાંખડી જ્યાં દૂભાય, જિનવરની ત્યાં નહીં આજ્ઞાય;
સર્વ જીવનું ઇચ્છો સુખ, મહાવીરની શિક્ષા મુખ્ય. ૪

સર્વ દર્શને એ ઉપદેશ, એ એકાંતે, નહીં વિશેષ;
સર્વ પ્રકારે જિનનો બોધ, દયા દયા નિર્મળ અવિરોધ ! ૫

એ ભવતારક સુંદર રાહ, ધરિયે તરિયે, કરી ઉત્સાહ;
ધર્મ સકળનું એ શુભ મૂળ, એ વણ ધર્મ સદા પ્રતિકૂળ. ૬

તત્ત્વરૂપથી એ ઓળખે, તે જન પહોંચે શાશ્વત સુખે;
શાંતિનાથ ભગવાન પ્રસિદ્ધ, રાજચંદ્ર કરૂણાએ સિદ્ધ. ૭

૧૭મા વર્ષે : વવાણીયા

## ૨૧. બ્રહ્મચર્ય વિષે સુભાષિત

*(દોહરા)*

નીરખીને નવયૌવના, લેશ ન વિષયનિદાન;
ગણે કાષ્ઠની પૂતળી, તે ભગવાન સમાન. ૧

આ સઘળા સંસારની, રમણી નાયકરૂપ;
એ ત્યાગી, ત્યાગ્યું બધું, કેવળ શોકસ્વરૂપ. ૨

એક વિષયને જીતતાં, જીત્યો સૌ સંસાર;
નૃપતિ જીતતાં જીતિયે, દળ, પુર ને અધિકાર. ૩

વિષયરૂપ અંકુરથી, ટળે જ્ઞાન ને ધ્યાન;
લેશ મદિરાપાનથી, છાકે જ્યમ અજ્ઞાન. ૪



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે નવ વાડ વિશુદ્ધથી, ધરે શિયળ સુખદાઈ;
ભવ તેનો લવ પછી રહે, તત્ત્વવચન એ ભાઈ. ૫

સુંદર શિયળ સુરતરૂ, મન, વાણી ને દેહ;
જે નરનારી સેવશે, અનુપમ ફળ લે તેહ. ૬

પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન. ૭

૧૭મું વર્ષ : વવાણીયા

## ૨૨. પૂર્ણ માલિકા મંગલ

*(ઉપજાતિ)*

તપોપધ્યાને રવિરૂપ થાય, એ સાધીને સોમ રહી સુહાય;
મહાન તે મંગળ પંક્તિ પામે,આવે પછી તે બુધના પ્રણામે.

નિર્ગ્રંથ જ્ઞાતા ગુરુ સિદ્ધિ દાતા, કાં તો સ્વયં શુક્ર પ્રપૂર્ણ ખ્યાતા;
ત્રિયોગ ત્યાં કેવળ મંદ પામે, સ્વરૂપ સિદ્ધે વિચરી વિરામે.

૧૭મું વર્ષ : વવાણીયા

## ૨૩. સામાન્ય મનોરથ

*(સવૈયા)*

મોહિનીભાવ વિચાર અધીન થઈ, ના નીરખું નયને પરનારી;
પથ્થરતુલ્ય ગણું પરવૈભવ, નિર્મળ તાત્ત્વિક લોભ સમારી !
દ્વાદશ વ્રત અને દીનતા ધરી, સાત્ત્વિક થાઉં સ્વરૂપ વિચારી;
એ મુજ નેમ સદા શુભ ક્ષેમક, નિત્ય અખંડ રહો ભવહારી. ૧



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તે ત્રિશલાતનયે મન ચિંતવી, જ્ઞાન, વિવેક, વિચાર વધારું;
નિત્ય વિશોધ કરી નવ તત્ત્વનો, ઉત્તમ બોધ અનેક ઉચ્ચારું;
સંશયબીજ ઊગે નહીં અંદર, જે જિનનાં કથનો અવધારું,
રાજ્ય, સદા મુજ એ જ મનોરથ, ધાર, થશે અપવર્ગ ઉતારું. ૨

૧૭મું વર્ષ : વવાણીયા

## ૨૪. જગતમાં ભિન્ન ભિન્ન મત અને દર્શન જોવામાં આવે છે તે દૃષ્ટિભેદ છે.

ભિન્ન ભિન્ન મત દેખીએ, ભેદ દૃષ્ટિનો એહ;
એક તત્ત્વના મૂળમાં, વ્યાપ્યા માનો તેહ. ૧

તેહ તત્ત્વરૂપ વૃક્ષનું, આત્મધર્મ છે મૂળ;
સ્વભાવની સિદ્ધિ કરે, ધર્મ તે જ અનુકૂળ. ૨

પ્રથમ આત્મસિદ્ધિ થવા, કરીએ જ્ઞાન વિચાર;
અનુભવી ગુરુને સેવીએ, બુધજનનો નિર્ધાર. ૩

ક્ષણ ક્ષણ જે અસ્થિરતા, અને વિભાવિક મોહ;
તે જેનામાંથી ગયા, તે અનુભવી ગુરુ જોય. ૪

બાહ્ય તેમ અભ્યંતરે, ગ્રંથ ગ્રંથિ નહીં હોય;
પરમ પુરુષ તેને કહો, સરળ દૃષ્ટિથી જોય. ૫

બાહ્ય પરિગ્રહ ગ્રંથિ છે, અભ્યંતર મિથ્યાત્વ;
સ્વભાવથી પ્રતિકૂળતા,............................ ૬

૨૨મું વર્ષ : મુંબઈ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૨૫

"સુખકી સહેલી હે, અકેલી ઉદાસીનતા",
અધ્યાત્મની જનની, તે ઉદાસીનતા.

લઘુ વયથી અદ્‌ભુત થયો, તત્ત્વજ્ઞાનનો બોધ;
એ જ સૂચવે એમ કે, ગતિ આગતિ કાં શોધ ? ૧

જે સંસ્કાર થવો ઘટે, અતિ અભ્યાસે કાંય;
વિના પરિશ્રમ તે થયો, ભવશંકા શી ત્યાંય ? ૨

જેમ જેમ મતિ અલ્પતા, અને મોહ ઉદ્યોત;
તેમ તેમ ભવશંકના, અપાત્ર અંતર જ્યોત. ૩

કરી કલ્પના દૃઢ કરે, નાના નાસ્તિ વિચાર;
પણ 'અસ્તિ' તે સૂચવે, એ જ ખરો નિર્ધાર. ૪

આ ભવ વણ ભવ છે નહીં. એ જ તર્ક અનુકૂળ;
વિચારતાં પામી ગયા, આત્મધર્મનું મૂળ. ૫

૨૨મું વર્ષ : મુંબઈ

## ૨૬

મારગ સાચા મિલ ગયા, છૂટ ગયે સંદેહ;
હોતા સો તો જલ ગયા, ભિન્ન કિયા નિજ દેહ.

સમજ, પિછે સબ સરલ હૈ, બિનૂ સમજ મુશકીલ;
યે મુશકીલી કયા કહું ?...........................

ખોજ પિંડ બ્રહ્માંડકા, પતા તો લગ જાય,
યેહિ બ્રહ્માંડિ વાસના, જબ જાવે તબ...

આપ આપકું ભુલ ગયા, ઈનસેં કયાં અંધેર ?
સમર સમર અબ હસત હૈં, નહિ ભૂલેંગે ફેર.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જહાં કલપના-જલપના, તહાં માનું દુઃખ છાંઈ;
મિટે કલપના-જલપના, તબ વસ્તુ તિન પાઈ.

હે જીવ ! કયા ઇચ્છત હવે ? હે ઇચ્છા દુઃખ મૂલ;
જબ ઇચ્છાકા નાશ તબ, મિટે અનાદિ ભૂલ.

ઐસી કહાંસે મતિ ભઈ, આપ આપ હે નાહિં,
આપનકું જબ ભૂલ ગયે, અવર કહાંસે લાઈ.

આપ આપ એ શોધસેં, આપ આપ મિલ જાય,
આપ મિલન નય બાપકો,...........................

હાથનોંધ ૧, પૃષ્ઠ ૩૦

## ૨૭

આજ મને ઉછરંગ અનુપમ, જન્મકૃતાર્થ જોગ જણાયો;
વાસ્તવ્ય વસ્તુ, વિવેક વિવેચક,તે ક્રમ સ્પષ્ટ સુમાર્ગ ગણાયો.

૨૩મું વર્ષ : મુંબઇ.

## ૨૮

હોત આસવા પરિસવા, નહિ ઈનમેં સંદેહ;
માત્ર દૃષ્ટિકી ભૂલ હે, ભૂલ ગયે ગત એહિ.

રચના જિન ઉપદેશકી, પરમોત્તમ તિનુ કાલ;
ઇનમેં સબ મત રહત હે, કરતેં નિજ સંભાલ.

જિન સોહી હે આતમા, અન્ય હોઈ સો કર્મ;
કર્મ કટે સો જિનવચન, તત્ત્વજ્ઞાનીકો મર્મ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જબ જાન્યો નિજ રૂપકો, તબ જાન્યો સબ લોક;
નહિ જાન્યો નિજ રૂપકો, સબ જાન્યો સો ફોક.

એહિ દિશાકી મૂઢતા, હે નહિ જિનપેં ભાવ;
જિનસેં ભાવ બિનુ કબૂ, નહિ છૂટત દુઃખદાવ.

વ્યવહારસેં દેવ જિન, નિહચેસેં હે આપ;
એહિ બચનસેં સમજ લે, જિનપ્રવચનકી છાપ.

એહિ નહીં હે કલ્પના, એહી નહીં વિભંગ;
જબ જાગેંગે આતમા, તબ લાગેંગે રંગ.

હાથનોંધ ૧, પૃષ્ઠ ૩૭

## ૨૯. લોક અલોક રહસ્ય પ્રકાશ

*(ચોપાઈ)*

૧. લોક પુરુષસંસ્થાને કહ્યો, એનો ભેદ તમે કંઈ લહ્યો ?
એનું કારણ સમજ્યા કાંઈ, કે સમજાવ્યાની ચતુરાઈ ? ૨
શરીર પરથી એ ઉપદેશ, જ્ઞાન દર્શને કે ઉદ્દેશ;
જેમ જણાવો સુણીએ તેમ, કાં તો લઇએ દઈએ ક્ષેમ. ૧

૨. શું કરવાથી પોતે સુખી ? શું કરવાથી પોતે દુઃખી ?
પોતે શું ? કયાંથી છે આપ ? એનો માગો શીઘ્ર જવાપ. ૧

૩. જ્યાં શંકા ત્યાં ગણ સંતાપ, જ્ઞાન તહાં શંકા નહિ સ્થાપ;
પ્રભુભક્તિ ત્યાં ઉત્તમ જ્ઞાન, પ્રભુ મેળવવા ગુરુ ભગવાન. ૧



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગુરુ ઓળખવા ઘટ વૈરાગ્ય, તે ઊપજવા પૂર્વિત ભાગ્ય;
તેમ નહીં તો કંઈ સત્સંગ, તેમ નહીં તો કંઈ દુઃખરંગ. ૨

૪. જે ગાયો તે સઘળે એક, સકળ દર્શને એ જ વિવેક;
સમજાવ્યાની શૈલી કરી, સ્યાદ્વાદ સમજણ પણ ખરી. ૧

મૂળ સ્થિતિ જો પૂછો મને, તો સોંપી દઉં યોગી કને;
પ્રથમ અંત ને મધ્યે એક, લોકરૂપ અલોકે દેખ. ૨

જીવાજીવ સ્થિતિને જોઈ, ટળ્યો ઓરતો શંકા ખોઈ;
એમ જ સ્થિતિ ત્યાં નહીં ઉપાય, 'ઉપાય કાં નહીં ?' શંકા જાય. ૩

એ આશ્ચર્ય જાણે તે જાણ, જાણે જ્યારે પ્રગટે ભાણ;
સમજે બંધમુક્તિયુત જીવ, નીરખી ટાળે શોક સદીવ. ૪

બંધયુક્ત જીવ કર્મ સહિત, પુદ્ગલ રચના કર્મ ખચીત;
પુદ્ગલજ્ઞાન પ્રથમ લે જાણ, નર દેહે પછી પામે ધ્યાન. ૫

જો કે પુદ્ગલનો એ દેહ, તો પણ ઓર સ્થિતિ ત્યાં છેહ;
સમજણ બીજી પછી કહીશ, જ્યારે ચિત્તે સ્થિર થઇશ. ૬

૫. જહાં રાગ અને વળી દ્વેષ, તહાં સર્વદા માનો કલેશ;
ઉદાસીનતાનો જ્યાં વાસ, સકળ દુઃખનો છે ત્યાં નાશ. ૧
સર્વ કાલનું છે ત્યાં જ્ઞાન, દેહ છતાં ત્યાં છે નિર્વાણ;
ભવ છેવટની છે એ દશા, રામ ધામ આવીને વસ્યા. ૨

૨૩મું વર્ષ : મુંબઇ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૩૦. ૐ સત્
## શ્રી સદ્‌ગુરુભક્તિ રહસ્ય

*(દોહરા)*

હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું, દીનાનાથ દયાળ;
હું તો દોષ અનંતનું, ભાજન છું કરૂણાળ. ૧

શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજરૂપ;
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમસ્વરૂપ ? ૨

નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહી;
આપ તણો વિશ્વાસ દૃઢ, ને પરમાદર નાહિ. ૩

જોગ નથી સત્સંગનો, નથી સત્સેવા જોગ;
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ. ૪

'હું પામર શું કરી શકું ?' એવો નથી વિવેક;
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક. ૫

અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ. ૬

અચળરૂપ આસક્તિ નહિ, નહીં વિરહનો તાપ;
કથા અલભ્ય તુજ પ્રેમની, નહિ તેનો પરિતાપ. ૭

ભક્તિ માર્ગ પ્રવેશ નહિ, નહીં ભજન દૃઢ ભાન;
સમજ નહિ નિજધર્મની નહિ શુભ દેશે સ્થાન. ૮

કાળદોષ કળીથી થયો, નહિ મર્યાદા ધર્મ;
તોયે નહીં વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ. ૯

સેવાને પ્રતિકૂળ જે, તે બંધન નથી ત્યાગ;
દેહેંદ્રિય માને નહીં, કરે બાહ્ય પર રાગ. ૧૦



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન યમ નાહીં;
નહિ ઉદાસ અનુભકતથી, તેમ ગૃહાદિક માંહીં. ૧૧

અહંભાવથી રહિત નહિ, સ્વધર્મ સંચય નાહીં;
નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ. ૧૨

એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય;
નહીં એક સદ્‌ગુણ પણ, મુખ બતાવું શુંય ? ૧૩

કેવળ કરૂણા-મૂર્તિ છો, દીનબંધુ દીનનાથ;
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ. ૧૪

અનંત કાળથી આથડયો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન. ૧૫

સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક;
પાર ન તેથી પામીયો, ઊગ્યો ન અંશ વિવેક. ૧૬

સહુ સાધન બંધન થયા, રહ્યો ન કોઈ ઉપાય;
સત્ સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય ? ૧૭

પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડયો ન સદ્‌ગુરુ પાય;
દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય ? ૧૮

અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય ? ૧૯

પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માગું એ જ;
સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દે જ. ૨૦

૨૪મું વર્ષ : રાળજ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૩૧. ॐ સત્

## શું સાધન બાકી રહ્યું ? કૈવલ્ય બીજ શું ?

*(તોટક છંદ)*

યમનિયમ સંજમ આપ કિયો, પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો;
વનવાસ લિયો મુખ મૌન રહ્યો, દૃઢ આસન પદ્મ લગાય દિયો. ૧

મન પૌન નિરોધ સ્વબોધ કિયો, હઠજોગ પ્રયોગ સુ તાર ભયો;
જપ ભેદ જપે તપ ત્યૌંહિ તપે, ઉરસેંહિ ઉદાસી લહી સબપેં. ૨

સબ શાસ્ત્રનકે નય ધારિ હિયે, મત મંડન ખંડન ભેદ લિયે;
વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો. ૩

અબ ક્યોં ન બિચારત હે મનસેં, કછું ઓર રહા ઉન સાધનસેં ?
બિન સદ્‌ગુરુ કોય ન ભેદ લહે, મુખ આગલ હૈં કહ બાત કહે ? ૪

કરુના હમ પાવત હે તુમકી, વહ બાત રહી સુગુરુ ગમકી;
પલમેં પ્રગટે મુખ આગલસેં, જબ સદ્‌ગુરુચર્ન સુપ્રેમ બસેં. ૫

તનસેં, મનસેં, ધનસેં સબસેં, ગુરુદેવકી આન સ્વઆત્મ બસેં;
તબ કારજ સિદ્ધ બને અપનો, રસ અમૃત પાવહિ પ્રેમ ઘનો. ૬

વહ સત્ય સુધા દરસાવહિંગે, ચતુરાંગુલ હે દૃગસે મિલહે;
રસ દેવ નિરંજનકો પિવહી, ગહિ જોગ જુગોજુગ સો જિવહી. ૭

પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમભેદ સુઉર બસેં;
વહ કેવલકો બીજ ગ્યાનિ કહે, નિજકો અનુભૌ બતલાઈ દિયે. ૮

૨૪મું વર્ષ : રાળજ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૩૨. ૐ સત્

## શ્રી સદ્‌ગુરુકૃપા મહાત્મય

*(દોહરા)*

બિના નયન પાવે નહીં, બિના નયનકી બાત;
સેવે સદ્‌ગુરુકે ચરન, સો પાવે સાક્ષાત્ ૧

બૂઝી ચહત જો પ્યાસકો, હૈ બુઝનકી રીત;
પાવે નહિ ગુરુગમ બિના, એહિ અનાદિ સ્થિત. ૨

એહી નહીં હૈ કલ્પના, એહી નહિ વિભંગ;
કઈ નર પંચમકાળમેં, દેખી વસ્તુ અભંગ. ૩

નહિ દે તું ઉપદેશકું, પ્રથમ લેહિ ઉપદેશ;
સબસેં ન્યારા અગમ હૈ, વો જ્ઞાનીકા દેશ. ૪

જપ તપ, ઔર વ્રતાદિ સબ, તહાં લગી ભ્રમરૂપ;
જહાં લગી નહિ સંતકી, પાઈ કૃપા અનૂપ. ૫

પાયાકી એ બાત હૈ, નિજ છંદનકો છોડ;
પિછે લાગ સત્પુરુષકે, તો સબ બંધન તોડ. ૬

૨૪મું વર્ષ : મુંબઈ

## ૩૩. દોહરા

૧ જડ ભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ;
કોઈ કોઈ પલટે નહીં, છોડી આપ સ્વભાવ. ૧

જડ તે જડ ત્રણ કાળમાં, ચેતન ચેતન તેમ;
પ્રગટ અનુભવરૂપ છે, સંશય તેમાં કેમ ? ૨



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જો જડ છે ત્રણ કાળમાં, ચેતન ચેતન હોય;
બંધ મોક્ષ તો નહિ ઘટે, નિવૃત્તિ પ્રવૃત્તિ ન્હોય. ૩

બંધ મોક્ષ સંયોગથી, જ્યાં લગ આત્મ અભાન;
પણ નહિ ત્યાગ સ્વભાવનો, ભાખે જિન ભગવાન. ૪

વર્તે બંધ પ્રસંગમાં, તે નિજ પદ અજ્ઞાન;
પણ જડતા નહિ આત્મને, એ સિદ્ધાંત પ્રમાણ. ૫

ગ્રહે અરૂપી રૂપીને, એ અચરજની વાત;
જીવ બંધન જાણે નહીં, કેવો જિન સિદ્ધાંત. ૬

પ્રથમ દેહ દૃષ્ટિ હતી તેથી ભાસ્યો દેહ;
હવે દૃષ્ટિ થઈ આત્મમાં, ગયો દેહથી નેહ. ૭

જડ ચેતન સંયોગ આ, ખાણ અનાદિ અનંત;
કોઈ ન કર્તા તેહનો, ભાખે જિન ભગવંત. ૮

મૂળ દ્રવ્ય ઉત્પન્ન નહિ, નહીં નાશ પણ તેમ;
અનુભવથી તે સિદ્ધ છે, ભાખે જિનવર એમ. ૯

હોય તેહનો નાશ નહિ, નહીં તેહ નહિ હોય;
એક સમય તે સૌ સમય, ભેદ અવસ્થા જોય. ૧૦

૨. પરમ પુરુષ પ્રભુ સદ્‌ગુરુ, પરમ જ્ઞાન સુખધામ;
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ.

૨૪મું વર્ષ : રાળજ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૩૪. હરિગીત

જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો-
જો હોય પૂર્વ ભણેલ નવ પણ, જીવને જાણ્યો નહીં,
તો સર્વ તે અજ્ઞાન ભાખ્યું, સાક્ષી છે આગમ અહીં;
એ પૂર્વ સર્વ કહ્યાં વિશેષે, જીવ કરવા નિર્મળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૧

નહિ ગ્રંથમાંહિ જ્ઞાન ભાખ્યું, જ્ઞાન નહિ કવિચાતુરી,
નહિ મંત્ર તંત્રો જ્ઞાન દાખ્યાં, જ્ઞાન નહિ ભાષા ઠરી;
નહિ અન્ય સ્થાને જ્ઞાન ભાખ્યું, જ્ઞાન જ્ઞાનીમાં કળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૨

આ જીવ ને આ દેહ, એવો ભેદ જો ભાસ્યો નહીં,
પચ્ચખાણ કીધાં ત્યાં સુધી, મોક્ષાર્થ તે ભાખ્યાં નહીં;
એ પાંચમે અંગે કહ્યો, ઉપદેશ કેવળ નિર્મળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૩

કેવળ નહિ બ્રહ્મચર્યથી..............................
કેવળ નહિ સંયમ થકી, પણ જ્ઞાન કેવળથી કળો;
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૪

શાસ્ત્રો વિશેષ સહિત પણ, જો જાણિયું નિજરૂપને,
કાં તેહવો આશ્રય કરજો, ભાવથી સાચા મને;
તો જ્ઞાન તેને ભાખિયું, જો સમ્મતિ આદિ સ્થળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૫

આઠ સમિતિ જાણીએ જો, જ્ઞાનીના પરમાર્થથી,
તો જ્ઞાન ભાખ્યું તેહને, અનુસાર તે મોક્ષાર્થથી;
નિજ કલ્પનાથી કોટિ શાસ્ત્રો, માત્ર મનનો આમળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૬



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચાર વેદ પુરાણ આદિ શાસ્ત્ર સૌ મિથ્યાત્વનાં,
શ્રી નંદિસૂત્રે ભાખિયા છે, ભેદ જ્યાં સિદ્ધાંતના;
પણ જ્ઞાનીને તે જ્ઞાન ભાસ્યાં, એ જ ઠેકાણે ઠરો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૭

વ્રત નહીં પચ્ચખાણ નહિ, નહિ ત્યાગ વસ્તુ કોઇનો,
મહાપદ્મ તીર્થંકર થશે, શ્રેણિક ઠાણંગ જોઈ લ્યો,
છેદ્યો અનંતા........................................

૨૪મું વર્ષ : રાળજ

## ૩૫. પરમપદ પ્રાપ્તિની ભાવના અંતર્ગત ગુણશ્રેણી સ્વરૂપ

ૐ

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?
ક્યારે થઇશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો ?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્પુરુષને પંથ જો ? અપૂર્વ. ૧

સર્વ ભાવથી ઔદાસીન્યવૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમહેતુ હોય જો;
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં,
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો. અપૂર્વ. ૨

દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે,
દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો;
તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે,
વર્તે એવું શુદ્ધ સ્વરૂપનું ધ્યાન જો. અપૂર્વ. ૩



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની,
મુખ્યપણે તો વર્તે દેહપર્યંત જો;
ઘોર પરીષહ કે ઉપસર્ગ ભયે કરી,
આવી શકે નહીં તે સ્થિરતાનો અંત જો. અપૂર્વ. ૪

સંયમના હેતુથી યોગપ્રવર્તના,
સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન જો;
તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં,
અંતે થાયે નિજસ્વરૂપમાં લીન જો. અપૂર્વ. ૫

પંચ વિષયમાં રાગદ્વેષ વિરહિતતા,
પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો;
દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ, ભાવ પ્રતિબંધ વણ,
વિચરવું ઉદયાધીન પણ વીતલોભ જો. અપૂર્વ. ૬

ક્રોધ પ્રત્યે તો વર્તે ક્રોધસ્વભાવતા,
માન પ્રત્યે તો દીનપણાનું માન જો;
માયા પ્રત્યે માયા સાક્ષી ભાવની,
લોભ પ્રત્યે નહીં લોભ સમાન જો. અપૂર્વ. ૭

બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહીં,
વંદે ચક્રી તથાપિ ન મળે માન જો;
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો. અપૂર્વ. ૮

નગ્નભાવ, મુંડભાવ સહ અસ્નાનતા,
અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો;
કેશ, રોમ, નખ કે અંગે શૃંગાર નહીં,
દ્રવ્યભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો. અપૂર્વ. ૯



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,
માન અમાને વર્તે તે જ સ્વભાવ જો;
જીવિત કે મરણે નહીં ન્યુનાધિકતા,
ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો. અપૂર્વ. ૧૦

એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;
અડોલ આસન ને મનમાં નહીં ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો. અપૂર્વ. ૧૧

ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહીં,
સરસ અન્ને નહીં મનને પ્રસન્નભાવ જો;
રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યાં પુદ્ગલ એક સ્વભાવ જો. અપૂર્વ. ૧૨

એમ પરાજય કરીને ચારિત્રમોહનો,
આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો;
શ્રેણી ક્ષપકતણી કરીને આરૂઢતા,
અનન્ય ચિંતન અતિશય શુદ્ધ સ્વભાવ જો. અપૂર્વ. ૧૩

મોહ સ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,
સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહ ગુણસ્થાન જો;
અંત સમય ત્યાં પૂર્ણસ્વરૂપ વીતરાગ થઈ,
પ્રગટાવું નિજ કેવળજ્ઞાન નિધાન જો. અપૂર્વ. ૧૪

ચાર કર્મ ઘનઘાતી તે વ્યવચ્છેદ જ્યાં,
ભવનાં બીજતણો આત્યંતિક નાશ જો;
સર્વ ભાવ જ્ઞાતા દૃષ્ટા સહ શુદ્ધતા,
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો. અપૂર્વ. ૧૫



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વેદનીયાદિ ચાર કર્મ વર્તે જહાં,
બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો;
તે દેહાયુષ આધીન જેની સ્થિતિ છે,
આયુષ પૂર્ણે, મટિયે દૈહિક પાત્ર જો. અપૂર્વ. ૧૬

મન, વચન, કાયા ને કર્મની વર્ગણા,
છૂટે જહાં સકળ પુદ્ગલ સંબંધ જો;
એવું અયોગી ગુણસ્થાનક ત્યાં વર્તતું,
મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો. અપૂર્વ. ૧૭

એક પરમાણુમાત્રની મળે ન સ્પર્શતા,
પૂર્ણ કલંક રહિત અડોલ સ્વરૂપ જો;
શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય,
અગુરુલઘુ, અમૂર્ત સહજપદરૂપ જો. અપૂર્વ. ૧૮

પૂર્વપ્રયોગાદિ કારણના યોગથી,
ઊર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો;
સાદિ અનંત અનંત સમાધિસુખમાં,
અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો. અપૂર્વ. ૧૯

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ. ૨૦

એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથરૂપ જો;
તોપણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુઆજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો. અપૂર્વ. ૨૧

૩૦મું વર્ષ : વવાણીયા


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૩૬. મૂળ માર્ગ રહસ્ય

*શ્રી સદ્ગુરુ ચરણાય નમઃ*

મૂળ મારગ સાંભળો જિનનો રે, કરી વૃત્તિ અખંડ સન્મુખ; મૂ.
નો'ય પૂજાદિની જો કામના રે, નો'ય વ્હાલું અંતર ભવદુઃખ. મૂ. ૧

કરી જોજો વચનની તુલના રે, જોજો શોધીને જિનસિદ્ધાંત; મૂ.
માત્ર કહેવું પરમારથહેતુથી રે, કોઈ પામે મુમુક્ષુ વાત. મૂ. ૨

જ્ઞાન, દર્શન, ચારિત્રની શુદ્ધતા રે, એકપણે અને અવિરુદ્ધ; મૂ.
જિન મારગ તે પરમાર્થથી રે, એમ કહ્યું સિદ્ધાંતે બુધ. મૂ. ૩

લિંગ અને ભેદો જે વ્રતના રે, દ્રવ્ય દેશ કાળાદિ ભેદ; મૂ.
પણ જ્ઞાનાદિની જે શુદ્ધતા રે, તે તો ત્રણે કાળે અભેદ. મૂ. ૪

હવે જ્ઞાન દર્શનાદિ શબ્દનો રે, સંક્ષેપે સુણો પરમાર્થ; મૂ.
તેને જોતાં વિચારી વિશેષથી રે, સમજાશે ઉત્તમ આત્માર્થ. મૂ. ૫

છે દેહાદિથી ભિન્ન આત્મા રે, ઉપયોગી સદા અવિનાશ; મૂ.
એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ. મૂ. ૬

જે જ્ઞાને કરીને જાણિયું રે, તેની વર્તે છે શુદ્ધ પ્રતીત; મૂ.
કહ્યું ભગવંતે દર્શન તેહને રે, જેનું બીજું નામ સમકિત. મૂ. ૭

જેમ આવી પ્રતીતિ જીવની રે, જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ; મૂ.
તેવો સ્થિર સ્વભાવ તે ઊપજે રે, નામ ચારિત્ર તે અણલિંગ. મૂ. ૮

તે ત્રણે અભેદ પરિણામથી રે, જ્યારે વર્તે તે આત્મારૂપ; મૂ.
તેહ મારગ જિનનો પામિયો રે, કિંવા પામ્યો તે નિજસ્વરૂપ. મૂ. ૯



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એવાં મૂળ જ્ઞાનાદિ પામવા રે, અને જવા અનાદિ બંધ; મૂ.
ઉપદેશ સદ્‌ગુરુનો પામવો રે, ટાળી સ્વચ્છંદ ને પ્રતિબંધ. મૂ. ૧૦

એમ દેવ જિનંદે ભાખિયું રે, મોક્ષમારગનું શુદ્ધ સ્વરૂપ; મૂ.
ભવ્ય જનોના હિતને કારણે રે, સંક્ષેપે કહ્યું સ્વરૂપ. મૂ. ૧૧

૨૯મું વર્ષ : આણંદ

## ૩૭. શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર

ॐ

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત. ૧

વર્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ;
વિચારવા આત્માર્થીને, ભાખ્યો અત્ર અગોપ્ય. ૨

કોઈ ક્રિયા-જડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ;
માને મારગ મોક્ષનો, કરુણા ઊપજે જોઈ. ૩

બાહ્ય ક્રિયામાં રાચતાં, અંતર ભેદ ન કાંઈ;
જ્ઞાનમાર્ગ નિષેધતાં, તેહ ક્રિયાજડ આઈ. ૪

બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણીમાંહી;
વર્તે મોહાવેશમાં, શુષ્કજ્ઞાની તે આંહી. ૫

વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન;
તેમજ આતમજ્ઞાનની, પ્રાપ્તિતણાં નિદાન. ૬

ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન. ૭



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ. ૮

સેવે સદ્‌ગુરુચરણને, ત્યાગી દઈ નિજપક્ષ;
પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ. ૯

આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદય પ્રયોગ;
અપૂર્વ વાણી પરમશ્રુત, સદ્‌ગુરુ લક્ષણ યોગ્ય. ૧૦

પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહીં, પરોક્ષ જિન ઉપકાર;
એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર. ૧૧

સદ્‌ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;
સમજ્યા વણ ઉપકાર શો ? સમજ્યે જિનસ્વરૂપ. ૧૨

આત્માદિ અસ્તિત્વનાં, જેહ નિરૂપક શાસ્ત્ર;
પ્રત્યક્ષ સદ્‌ગુરુયોગ નહીં, ત્યાં આધાર સુપાત્ર. ૧૩

અથવા સદ્‌ગુરુએ કહ્યાં, જે અવગાહન કાજ;
તે તે નિત્ય વિચારવાં, કરી મતાંતર ત્યાજ. ૧૪

રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ;
પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ. ૧૫

પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગથી, સ્વચ્છંદ તે રોકાય;
અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય. ૧૬

સ્વચ્છંદ મત આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુ લક્ષ;
સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ. ૧૭

માનાદિક શત્રુ મહા, નિજછંદે ન મરાય;
જાતાં સદ્‌ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય. ૧૮

જે સદ્‌ગુરુ ઉપદેશથી, પામ્યો કેવળજ્ઞાન;
ગુરુ રહ્યા છદ્મસ્થ પણ, વિનય કરે ભગવાન. ૧૯



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એવો માર્ગ વિનય તણો, ભાખ્યો શ્રી વીતરાગ;
મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઈ સુભાગ્ય. ૨૦

અસદ્‌ગુરુ એ વિનયનો, લાભ લહે જો કાંઈ;
મહા મોહનીય કર્મથી, બૂડે ભવજળ માંહિ. ૨૧

હોય મુમુક્ષુ જીવ તે, સમજે એહ વિચાર;
હોય મતાર્થી જીવ તે, અવળો લે નિર્ધાર. ૨૨

હોય મતાર્થી તેહને, થાય ન આતમ લક્ષ;
તેહ મતાર્થી લક્ષણો, અહીં કહ્યાં નિર્પક્ષ. ૨૩

## મતાર્થી-લક્ષણ

બાહ્યત્યાગ પણ જ્ઞાન નહિ, તે માને ગુરુ સત્ય;
અથવા નિજકુળધર્મના, તે ગુરુમાં જ મમત્વ. ૨૪

જે જિનદેહ પ્રમાણ ને, સમવસરણાદિ સિદ્ધિ;
વર્ણન સમજે જિનનું, રોકી રહે નિજ બુદ્ધિ. ૨૫

પ્રત્યક્ષ સદ્‌ગુરુયોગમાં, વર્તે દૃષ્ટિ વિમુખ;
અસદ્‌ગુરુને દૃઢ કરે, નિજમાનાર્થે મુખ્ય. ૨૬

દેવાદિ ગતિ ભંગમાં, જે સમજે શ્રુતજ્ઞાન;
માને નિજ મત વેષનો, આગ્રહ મુક્તિ નિદાન. ૨૭

લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન;
ગ્રહે નહીં પરમાર્થને, લેવા લૌકિક માન. ૨૮

અથવા નિશ્ચય નય ગ્રહે, માત્ર શબ્દની માંય;
લોપે સદ્‌વ્યવહારને, સાધન રહિત થાય. ૨૯

જ્ઞાનદશા પામે નહીં, સાધનદશા ન કાંઈ;
પામે તેનો સંગ જે, તે બૂડે ભવમાંહી. ૩૦



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એ પણ જીવ મતાર્થમાં, નિજ માનાદિ કાજ;
પામે નહિ પરમાર્થને, અન્‌અધિકારીમાં જ. ૩૧

નહિ કષાય ઉપશાંતતા, નહિ અંતર વૈરાગ્ય;
સરળપણું ન મધ્યસ્થતા, એ મતાર્થી દુર્ભાગ્ય. ૩૨

લક્ષણ કહ્યાં મતાર્થીનાં, મતાર્થ જાવા કાજ;
હવે કહું આત્માર્થીનાં, આત્મ-અર્થ સુખસાજ. ૩૩

## આત્માર્થી-લક્ષણ

આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય;
બાકી કુળગુરુ કલ્પના, આત્માર્થી નહિ જોય. ૩૪

પ્રત્યક્ષ સદ્‌ગુરુપ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર;
ત્રણે યોગ એકત્વથી, વર્તે આજ્ઞાધાર. ૩૫

એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ;
પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત. ૩૬

એમ વિચારી અંતરે, શોધે સદ્‌ગુરુ યોગ;
કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ. ૩૭

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ. ૩૮

દશા ન એવી જ્યાં સુધી, જીવ લહે નહિ જોગ;
મોક્ષમાર્ગ પામે નહીં, મટે ન અંતર રોગ. ૩૯

આવે જ્યાં એવી દશા, સદ્‌ગુરુબોધ સુહાય;
તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય. ૪૦

જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન;
જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ. ૪૧



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઊપજે તે સુવિચારણા, મોક્ષમાર્ગ સમજાય;
ગુરુશિષ્ય સંવાદથી, ભાખું ષટ્પદ આંહી. ૪૨

## ષટ્પદનામકથન

'આત્મા છે', 'તે નિત્ય છે', 'છે કર્તા નિજકર્મ';
'છે ભોક્તા', વળી 'મોક્ષ છે', 'મોક્ષ ઉપાય સુધર્મ.' ૪૩

ષટ્સ્થાનક સંક્ષેપમાં, ષટ્દર્શન પણ તેહ;
સમજાવા પરમાર્થને, કહ્યાં જ્ઞાનીએ એહ. ૪૪

## (૧) શંકા - શિષ્ય ઉવાચ :-

*(આત્માના હોવાપણા રૂપ પ્રથમ સ્થાનકની શિષ્ય શંકા કહે છે)*

નથી દૃષ્ટિમાં આવતો, નથી જણાતું રૂપ;
બીજો પણ અનુભવ નહીં, તેથી ન જીવસ્વરૂપ. ૪૫

અથવા દેહ જ આતમા, અથવા ઇંદ્રિય પ્રાણ;
મિથ્યા જુદો માનવો, નહીં જુદું એંધાણ. ૪૬

વળી જો આત્મા હોય તો, જણાય તે નહિ કેમ ?
જણાય જો તે હોય તો, ઘટ પટ આદિ જેમ. ૪૭

માટે છે નહિ આતમા, મિથ્યા મોક્ષ ઉપાય;
એ અંતર શંકા તણો, સમજાવો સદુપાય. ૪૮

## (૧) સમાધાન - સદ્ગુરુ ઉવાચ :-

*(આત્મા છે, એમ સદ્ગુરુ સમાધાન કરે છે)*

ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;
પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન. ૪૯

ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;
પણ તે બન્ને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન. ૫૦



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે દ્રષ્ટા છે દૃષ્ટિનો, જે જાણે છે રૂપ;
અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવસ્વરૂપ. ૫૧

છે ઇંદ્રિય પ્રત્યેકને, નિજ નિજ વિષયનું જ્ઞાન;
પાંચ ઇંદ્રીના વિષયનું, પણ આત્માને ભાન. ૫૨

દેહ ન જાણે તેહને, જાણે ન ઇંદ્રી પ્રાણ;
આત્માની સત્તાવડે, તેહ પ્રવર્તે જાણ. ૫૩

સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય;
પ્રગટરૂપ ચૈતન્યમય, એ એંધાણ સદાય. ૫૪

ઘટ, પટ આદિ જાણ તું, તેથી તેને માન;
જાણનાર તે માન નહિ, કહીએ કેવું જ્ઞાન ? ૫૫

પરમ બુદ્ધિ કૃશ દેહમાં, સ્થૂળ દેહ મતિ અલ્પ;
દેહ હોય જો આતમા, ઘટે ન આમ વિકલ્પ. ૫૬

જડ ચેતનનો ભિન્ન છે, કેવળ પ્રગટ સ્વભાવ;
એકપણું પામે નહીં, ત્રણે કાળ દ્વયભાવ. ૫૭

આત્માની શંકા કરે, આત્મા પોતે આપ;
શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ. ૫૮

## (૨) શંકા - શિષ્ય ઉવાચ :-

*(આત્મા નિત્ય નથી, એમ શિષ્ય કહે છે)*

આત્માના અસ્તિત્વના, આપે કહ્યા પ્રકાર;
સંભવ તેનો થાય છે, અંતર કર્યે વિચાર. ૫૯

બીજી શંકા થાય ત્યાં, આત્મા નહીં અવિનાશ;
દેહયોગથી ઊપજે, દેહવિયોગે નાશ. ૬૦



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અથવા વસ્તુ ક્ષણિક છે, ક્ષણે ક્ષણે પલટાય;
એ અનુભવથી પણ નહીં, આત્મા નિત્ય જણાય. ૬૧

## (૨) સમાધાન - સદ્ગુરુ ઉવાચ :-

*(આત્મા નિત્ય છે, એમ સદ્ગુરુ સમાધાન કરે છે)*

દેહ માત્ર સંયોગ છે, વળી જડ રૂપી દૃશ્ય;
ચેતનનાં ઉત્પત્તિ લય, કોના અનુભવ વશ્ય ? ૬૨

જેના અનુભવ વશ્ય એ, ઉત્પન્ન લયનું જ્ઞાન;
તે તેથી જુદા વિના, થાય ન કેમે ભાન. ૬૩

જે સંયોગો દેખીએ, તે તે અનુભવ દૃશ્ય;
ઊપજે નહિ સંયોગથી, આત્મા નિત્ય પ્રત્યક્ષ. ૬૪

જડથી ચેતન ઊપજે, ચેતનથી જડ થાય;
એવો અનુભવ કોઈને, ક્યારે કદી ન થાય. ૬૫

કોઈ સંયોગોથી નહીં, જેની ઉત્પત્તિ થાય;
નાશ ન તેનો કોઈમાં, તેથી નિત્ય સદાય. ૬૬

ક્રોધાદિ તરતમ્યતા, સર્પાદિકની માંય;
પૂર્વ જન્મ સંસ્કાર તે, જીવનિત્યતા ત્યાંય. ૬૭

આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય;
બાળાદિ વય ત્રણ્યનું, જ્ઞાન એકને થાય. ૬૮

અથવા જ્ઞાન ક્ષણિકનું, જે જાણી વદનાર;
વદનારો તે ક્ષણિક નહી, કર અનુભવ નિર્ધાર. ૬૯

ક્યારે કોઈ વસ્તુનો, કેવળ હોય ન નાશ;
ચેતન પામે નાશ તો, કેમાં ભળે તપાસ. ૭૦



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## (૩) શંકા - શિષ્ય ઉવાચ :-

*(આત્મા કર્મનો કર્તા નથી, એમ શિષ્ય કહે છે)*

કર્તા જીવ ન કર્મનો, કર્મ જ કર્તા કર્મ;
અથવા સહજ સ્વભાવ કાં, કર્મ જીવનો ધર્મ. ૭૧

આત્મા સદા અસંગ ને, કરે પ્રકૃતિ બંધ;
અથવા ઈશ્વર પ્રેરણા, તેથી જીવ અબંધ. ૭૨

માટે મોક્ષ ઉપાયનો, કોઈ ન હેતુ જણાય;
કર્મતણું કર્તાપણું, કાં નહિ, કાં નહિ જાય. ૭૩

## (૩) સમાધાન - સદ્ગુરુ ઉવાચ :-

હોય ન ચેતન પ્રેરણા, કોણ ગ્રહે તો કર્મ ?
જડસ્વભાવ નહિ પ્રેરણા, જુઓ વિચારી ધર્મ. ૭૪

જો ચેતન કરતું નથી, નથી થતાં તો કર્મ;
તેથી સહજ સ્વભાવ નહિ, તેમજ નહિ જીવધર્મ. ૭૫

કેવલ હોત અસંગ જો, ભાસત તને ન કેમ ?
અસંગ છે પરમાર્થથી, પણ નિજભાને તેમ. ૭૬

કર્તા ઈશ્વર કોઈ નહિ, ઈશ્વર શુદ્ધ સ્વભાવ;
અથવા પ્રેરક તે ગણ્યે, ઈશ્વર દોષ પ્રભાવ. ૭૭

ચેતન જો નિજ ભાનમાં, કર્તા આપ સ્વભાવ;
વર્તે નહિ નિજ ભાનમાં, કર્તા કર્મ-પ્રભાવ. ૭૮



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## (૪) શંકા - શિષ્ય ઉવાચ :-

*(તે કર્મનું ભોક્તાપણું જીવને નહીં હોય ? એમ શિષ્ય કહે છે)*

જીવ કર્મ કર્તા કહો, પણ ભોકતા નહિ સોય;
શું સમજે જડ કર્મ કે, ફળ પરિણામી હોય ? ૭૯

ફળદાતા ઈશ્વર ગણ્યે, ભોકતાપણું સધાય;
એમ કહ્યે ઈશ્વરતણું, ઈશ્વરપણું જ જાય. ૮૦

ઈશ્વર સિદ્ધ થયા વિના, જગત નિયમ નહિ હોય;
પછી શુભાશુભ કર્મનાં, ભોગ્યસ્થાન નહિ કોય. ૮૧

## (૪) સમાધાન - સદ્‌ગુરુ ઉવાચ :-

*(જીવને પોતાનાં કરેલાં કર્મનું ભોક્તાપણું છે, એમ સદ્‌ગુરુ સમાધાન કરે છે)*

ભાવકર્મ નિજકલ્પના, માટે ચેતનરૂપ;
જીવવીર્યની સ્ફુરણા, ગ્રહણ કરે જડધૂપ. ૮૨

ઝેર સુધા સમજે નહીં, જીવ ખાય ફળ થાય;
એમ શુભાશુભ કર્મનું, ભોક્તાપણું જણાય. ૮૩

એક રાંક ને એક નૃપ, એ આદિ જે ભેદ;
કારણ વિના ન કાર્ય તે, તે જ શુભાશુભ વેદ્ય. ૮૪

ફળદાતા ઈશ્વરતણી, એમાં નથી જરૂર;
કર્મ સ્વભાવે પરિણમે, થાય ભોગથી દૂર. ૮૫

તે તે ભોગ્ય વિશેષનાં, સ્થાનક દ્રવ્ય સ્વભાવ;
ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાવ. ૮૬



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## (૫) શંકા - શિષ્ય ઉવાચ :-

*(જીવનો તે કર્મથી મોક્ષ નથી, એમ શિષ્ય કહે છે)*

કર્તા ભોક્તા જીવ હો, પણ તેનો નહિ મોક્ષ;
વીત્યો કાળ અનંત પણ, વર્તમાન છે દોષ. ૮૭

શુભ કરે ફળ ભોગવે, દેવાદિ ગતિમાંય;
અશુભ કરે નરકાદિ ફળ, કર્મ રહિત ન ક્યાંય. ૮૮

## (૫) સમાધાન - સદ્ગુરુ ઉવાચ :-

*(તે કર્મથી જીવનો મોક્ષ થઈ શકે છે, એમ સદ્ગુરુ સમાધાન કરે છે)*

જેમ શુભાશુભ કર્મપદ, જાણ્યાં સફળ પ્રમાણ;
તેમ નિવૃત્તિ સફળતા, માટે મોક્ષ સુજાણ. ૮૯

વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ;
તેહ શુભાશુભ છેદતાં, ઊપજે મોક્ષ સ્વભાવ. ૯૦

દેહાદિક સંયોગનો, આત્યંતિક વિયોગ;
સિદ્ધ મોક્ષ શાશ્વત પદે, નિજ અનંત સુખ ભોગ. ૯૧

## (૬) શંકા - શિષ્ય ઉવાચ :-

*(મોક્ષનો ઉપાય નથી, એમ શિષ્ય કહે છે)*

હોય કદાપિ મોક્ષપદ, નહિ અવિરોધ ઉપાય;
કર્મો કાળ અનંતનાં. શાથી છેદ્યાં જાય ? ૯૨

અથવા મત દર્શન ઘણાં, કહે ઉપાય અનેક;
તેમાં મત સાચો કયો, બને ન એહ વિવેક. ૯૩

કઈ જાતિમાં મોક્ષ છે, કયા વેષમાં મોક્ષ;
એનો નિશ્ચય ના બને, ઘણા ભેદ એ દોષ. ૯૪



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેથી એમ જણાય છે, મળે ન મોક્ષ ઉપાય;
જીવાદિ જાણ્યા તણો, શો ઉપકાર જ થાય ? ૯૫

પાંચે ઉત્તરથી થયું, સમાધાન સર્વાંગ;
સમજું મોક્ષ ઉપાય તો, ઉદય ઉદય સદ્ભાગ્ય. ૯૬

## (૬) સમાધાન - સદ્ગુરુ ઉવાચ :-

*(મોક્ષનો ઉપાય છે, એમ સદ્ગુરુ સમાધાન કરે છે)*

પાંચે ઉત્તરની થઈ, આત્મા વિષે પ્રતીત;
થાશે મોક્ષોપાયની, સહજ પ્રતીત એ રીત. ૯૭

કર્મભાવ અજ્ઞાન છે, મોક્ષભાવ નિજવાસ;
અંધકાર અજ્ઞાન સમ, નાશે જ્ઞાનપ્રકાશ. ૯૮

જે જે કારણ બંધનાં, તેહ બંધનો પંથ;
તે કારણ છેદક દશા, મોક્ષપંથ ભવ અંત. ૯૯

રાગ, દ્વેષ અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;
થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ. ૧૦૦

આત્મા સત્ ચૈતન્યમય, સર્વાભાસ રહિત;
જેથી કેવળ પામિયે, મોક્ષપંથ તે રીત. ૧૦૧

કર્મ અનંત પ્રકારનાં, તેમાં મુખ્યે આઠ;
તેમાં મુખ્યે મોહનીય, હણાય તે કહું પાઠ. ૧૦૨

કર્મ મોહનીય ભેદ બે, દર્શન ચારિત્ર નામ;
હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ. ૧૦૩

કર્મબંધ ક્રોધાદિથી, હણે ક્ષમાદિક તેહ;
પ્રત્યક્ષ અનુભવ સર્વને, એમાં શો સંદેહ ? ૧૦૪



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છોડી મત દર્શનતણો, આગ્રહ તેમ વિકલ્પ;
કહ્યો માર્ગ આ સાધશે, જન્મ તેહના અલ્પ. ૧૦૫

ષટ્પદનાં ષટ્પ્રશ્ન તેં, પૂછ્યા કરી વિચાર;
તે પદની સર્વાંગતા, મોક્ષમાર્ગ નિર્ધાર. ૧૦૬

જાતિ, વેષનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય;
સાધે તે મુક્તિ લહે, એમાં ભેદ ન કોય. ૧૦૭

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ અંતર દયા, તે કહિયે જિજ્ઞાસ. ૧૦૮

તે જીજ્ઞાસુ જીવને, થાય સદ્ગુરુબોધ;
તો પામે સમકિતને, વર્તે અંતરશોધ. ૧૦૯

મત દર્શન આગ્રહ તજી, વર્તે સદ્ગુરુલક્ષ;
લહે શુદ્ધ સમકિત તે, જેમાં ભેદ ન પક્ષ. ૧૧૦

વર્તે નિજ સ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત;
વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકિત. ૧૧૧

વર્ધમાન સમકિત થઈ, ટાળે મિથ્યાભાસ;
ઉદય થાય ચારિત્ર્યનો, વીતરાગપદ વાસ. ૧૧૨

કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન;
કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ. ૧૧૩

કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં શમાય;
તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય. ૧૧૪

છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;
નહિ ભોકતા તું તેહનો, એ જ ધર્મનો મર્મ. ૧૧૫



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષસ્વરૂપ;
અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ. ૧૧૬

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહીએ કેટલું ? કર વિચાર તો પામ. ૧૧૭

નિશ્ચય સર્વે જ્ઞાનીનો, આવી અત્ર સમાય;
ધરી મૌનતા એમ કહી, સહજ સમાધિમાંય. ૧૧૮

## શિષ્યબોધબીજ પ્રાપ્તિકથન

સદ્ગુરુના ઉપદેશથી, આવ્યું અપૂર્વ ભાન;
નિજપદ નિજમાંહી લહ્યું, દૂર થયું અજ્ઞાન. ૧૧૯

ભાસ્યું નિજસ્વરૂપ તે, શુદ્ધ ચેતનારૂપ;
અજર અમર અવિનાશી ને, દેહાતીત સ્વરૂપ. ૧૨૦

કર્તા ભોક્તા કર્મનો વિભાવ વર્તે જ્યાંય;
વૃત્તિ વહી નિજભાવમાં, થયો અકર્તા ત્યાંય. ૧૨૧

અથવા નિજપરિણામ જે, શુદ્ધ ચેતનારૂપ;
કર્તા ભોક્તા તેહનો, નિર્વિકલ્પ સ્વરૂપ. ૧૨૨

મોક્ષ કહ્યો નિજશુદ્ધતા, તે પામે તે પંથ;
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ. ૧૨૩

અહો ! અહો ! શ્રી સદ્ગુરુ, કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર. ૧૨૪

શું પ્રભુચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન. ૧૨૫

આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;
દાસ, દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન. ૧૨૬



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;
મ્યાન થકી તરવારવત્, એ ઉપકાર અમાપ. ૧૨૭

## ઉપસંહાર

દર્શન ષટે સમાય છે, આ ષટ્ સ્થાનક માંહીં;
વિચારતાં વિસ્તારથી, સંશય રહે ન કાંઈ. ૧૨૮

આત્મભ્રાંતિ સમ રોગ નહીં, સદ્ગુરુ વૈદ્ય સુજાણ;
ગુરુ આજ્ઞા સમ પથ્ય નહીં, ઔષધ વિચાર ધ્યાન. ૧૨૯

જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ;
ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહીં આત્માર્થ. ૧૩૦

નિશ્ચયવાણી સાંભળી, સાધન તજવાં નો'ય;
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવા સોય. ૧૩૧

નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ;
એકાંતે વ્યવહાર નહિ, બન્ને સાથ રહેલ. ૧૩૨

ગચ્છમતની જે કલ્પના, તે નહિ સદ્વ્યવહાર;
ભાન નહીં નિજરૂપનું, તે નિશ્ચય નહીં સાર. ૧૩૩

આગળ જ્ઞાની થઈ ગયા, વર્તમાનમાં હોય;
થાશે કાળ ભવિષ્યમાં, માર્ગભેદ નહિ કોય. ૧૩૪

સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય;
સદ્ગુરુઆજ્ઞા જિનદશા, નિમિત્ત કારણમાંય. ૧૩૫

ઉપાદાનનું નામ લઈ, એ જે તજે નિમિત્ત;
પામે નહીં સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત. ૧૩૬

મુખથી જ્ઞાન કથે અને, અંતર છૂટ્યો ન મોહ;
તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનીનો દ્રોહ. ૧૩૭



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય;
હોય મુમુક્ષુ ઘટ વિષે, એહ સદાય સુજાગ્ય. ૧૩૮

મોહભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત;
તે કહીએ જ્ઞાનીદશા, બાકી કહીએ ભ્રાંત. ૧૩૯

સકળ જગત તે એંઠવત્, અથવા સ્વપ્ન સમાન;
તે કહીએ જ્ઞાનીદશા, બાકી વાચાજ્ઞાન. ૧૪૦

સ્થાનક પાંચ વિચારીને, છઠ્ઠે વર્તે જેહ;
પામે સ્થાનક પાંચમું, એમાં નહીં સંદેહ. ૧૪૧

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત. ૧૪૨

શ્રી સૌભાગ્ય ને શ્રી અચળ, આદિ મુમુક્ષુકાજ;
તથા ભવ્યહિત કારણે, કહ્યો બોધ સુખ સાજ. ૧૪૩

સાધન સિદ્ધ દશા અહીં, કહી સર્વ સંક્ષેપ;
ષટ્દર્શન સંક્ષેપમાં, ભાખ્યા નિર્વિક્ષેપ. ૧૪૪

૨૯મું વર્ષ : નડિયાદ

## ૩૮. સ્વાત્મ વૃત્તાંત કાવ્ય

ધન્ય રે દિવસ આ અહો, જાગી રે શાંતિ અપૂર્વ રે;
દશ વર્ષે રે ધારા ઊલસી, મટ્યો ઉદયકર્મનો ગર્વ રે. ધન્ય૦ ૧

ઓગણીસસેં ને એકત્રીસે, આવ્યો અપૂર્વ અનુસાર રે;
ઓગણીસસેં ને બેંતાલીસે, અદ્ભુત વૈરાગ્ય ધાર રે. ધન્ય૦ ૨



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઓગણીસસેં ને સુડતાલીસે, સમકિત શુદ્ધ પ્રકાશ્યું રે;
શ્રુત અનુભવ વધતી દશા, નિજ સ્વરૂપ અવભાસ્યું રે.ધન્ય૦ ૩

ત્યાં આવ્યો રે ઉદય કારમો, પરિગ્રહ કાર્ય પ્રપંચ રે;
જેમ જેમ તે હડસેલીએ, તેમ વધે ન ઘટે એક રંચ રે.ધન્ય૦ ૪

વધતું એમ જ ચાલિયું, હવે દીસે ક્ષીણ કાંઈ રે;
ક્રમે કરીને રે તે જશે, એમ ભાસે મનમાહીં રે. ધન્ય૦ ૫

યથા હેતુ જે ચિત્તનો, સત્ય ધર્મનો ઉદ્ધાર રે;
થશે અવશ્ય આ દેહથી, એમ થયો નિરધાર રે. ધન્ય૦ ૬

આવી અપૂર્વ વૃત્તિ અહો, થશે અપ્રમત્ત યોગ રે;
કેવળ લગભગ ભૂમિકા, સ્પર્શીને દેહ વિયોગ રે. ધન્ય૦ ૭

અવશ્ય કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે;
તેથી દેહ એક જ ધારીને, જાશું સ્વરૂપ સ્વદેશ રે. ધન્ય૦ ૮

હાથનોંધ ૧, પૃષ્ઠ ૬૩, ૬૪

## ૩૯. પરમપદ પંથ

*(ગીતિ)*

પંથ પરમપદ બોધ્યો, જેહ પ્રમાણે પરમ વીતરાગે;
તે અનુસરી કહીશું, પ્રણમીને તે પ્રભુ ભક્તિ રાગે. ૧

મૂળ પરમપદ કારણ, સમ્યગ્દર્શન જ્ઞાન ચરણ પૂર્ણ;
પ્રણમે એક સ્વભાવે, શુદ્ધ સમાધિ ત્યાં પરિપૂર્ણ. ૨

જે ચેતન જડ ભાવો, અવલોક્યા છે મુનીંદ્ર સર્વજ્ઞે;
તેવી અંતર આસ્થા, પ્રગટ્યે દર્શન કહ્યું છે તત્ત્વજ્ઞે. ૩



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમ્યક્ પ્રમાણપૂર્વક, તે તે ભાવો જ્ઞાન વિષે ભાસે;
સમ્યક્ જ્ઞાન કહ્યું તે, સંશય, વિભ્રમ, મોહ ત્યાં નાશ્યે. ૪

વિષયારંભ-નિવૃત્તિ રાગ-દ્વેષનો અભાવ જ્યાં થાય;
સહિત સમ્યગ્દર્શન, શુદ્ધ ચરણ ત્યાં સમાધિ સદુપાય. ૫

ત્રણે અભિન્ન સ્વભાવે, પરિણમી આત્મસ્વરૂપ જ્યાં થાય;
પૂર્ણ પરમપદપ્રાપ્તિ, નિશ્ચયથી ત્યાં અનન્ય સુખદાય. ૬

જીવ, અજીવ પદાર્થો, પુણ્ય, પાપ, આસ્ત્રવ તથા બંધ;
સંવર નિર્જરા, મોક્ષ, તત્ત્વ કહ્યાં નવ પદાર્થ સંબંધ. ૭

જીવ અજીવ વિષે તે, નવે તત્ત્વનો સમાવેશ થાય;
વસ્તુ વિચાર વિશેષે, ભિન્ન પ્રબોધ્યા મહાન મુનિરાય. ૮

૩૦મું વર્ષ : વવાણીયા

## ૪૦. જડ ને ચૈતન્ય

જડ ને ચૈતન્ય બંને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન,
સુપ્રતીતપણે બન્ને જેને સમજાય છે;
સ્વરૂપ ચેતન નિજ, જડ છે સંબંધ માત્ર,
અથવા તે જ્ઞેય પણ પરદ્રવ્યમાંય છે;
એવો અનુભવનો પ્રકાશ ઉલ્લાસિત થયો,
જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે;
કાયાની વિસારી માયા, સ્વરૂપે સમાયા એવા,
નિર્ગ્રંથનો પંથ ભવઅંતનો ઉપાય છે. ૧

દેહ જીવ એકરૂપે ભાસે છે અજ્ઞાન વડે,
ક્રિયાની પ્રવૃત્તિ પણ તેથી તેમ થાય છે;
જીવની ઉત્પત્તિ અને રોગ, શોક, દુઃખ, મૃત્યુ,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દેહનો સ્વભાવ જીવ પદમાં જણાય છે;
એવો જે અનાદિ એકરૂપનો મિથ્યાત્વભાવ,
જ્ઞાનીનાં વચન વડે દૂર થઈ જાય છે;
ભાસે જડ ચૈતન્યનો પ્રગટ સ્વભાવ ભિન્ન,
બન્ને દ્રવ્ય નિજ નિજ રૂપે સ્થિત થાય છે. ૨

૩૩મું વર્ષ : મુંબઈ

## ૪૧. શ્રી જિન પરમાત્મને નમઃ

ૐ

૧ ઇચ્છે છે જે જોગી જન, અનંત સુખસ્વરૂપ;
મૂળ શુદ્ધ તે આત્મપદ, સયોગી જિનસ્વરૂપ. ૧

આત્મસ્વભાવ અગમ્ય તે, અવલંબન આધાર;
જિનપદથી દર્શાવિયો, તેહ સ્વરૂપ પ્રકાર. ૨

જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહીં કાંઈ;
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઈ. ૩

જિન પ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન;
અવલંબન શ્રી સદ્ગુરુ, સુગમ અને સુખખાણ. ૪

ઉપાસના જિનચરણની, અતિશય ભક્તિસહિત;
મુનિજન સંગતિ રતિ અતિ, સંયમ યોગ ઘટિત. ૫

ગુણપ્રમોદ અતિશય રહે, રહે અંતર્મુખ યોગ;
પ્રાપ્તિ શ્રી સદ્ગુરુ વડે, જિનદર્શન અનુયોગ. ૬

પ્રવચન સમુદ્ર બિંદુમાં, ઊલટી આવે એમ;
પૂર્વ ચૌદની લબ્ધિનું, ઉદાહરણ પણ તેમ. ૭

વિષય વિકાર સહિત જે, રહ્યા મતિના યોગ;
પરિણામની વિષમતા, તેને યોગ અયોગ. ૮



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર;
કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર. ૯

રોક્યા શબ્દાદિક વિષય, સંયમ સાધન રાગ;
જગત ઇષ્ટ નહીં આત્મથી, મધ્ય પાત્ર મહાભાગ્ય. ૧૦

નહીં તૃષ્ણા જીવ્યાતણી, મરણ યોગ નહીં ક્ષોભ;
મહાપાત્ર તે માર્ગના, પરમ યોગ જિતલોભ. ૧૧

૨ આવ્યે બહુ સમદેશમાં, છાયા જાય સમાઈ;
આવ્યે તેમ સ્વભાવમાં, મન સ્વરૂપ પણ જાઈ. ૧

ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહીં વાર. ૨

૩ સુખધામ અનંત સુસંત ચહી, દિન રાત્ર રહે તદ્ધ્યાનમહીં;
પરશાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વર તે જય તે.

૩૪મું વર્ષ : રાજકોટ

## ૪૨

અરિહંત આનંદકારી અપારી, સદા મોક્ષદાતા તથા દિવ્યકારી,
વિનંતિ વણિકે વિવેકે વિચારી, વડી વંદના સાથ હે ! દુઃખહારી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૪૩. શ્રી શાંતિનાથ ભગવાન - સ્તુતિ

પરિપૂર્ણ જ્ઞાને, પરિપૂર્ણ ધ્યાને, પરિપૂર્ણ ચારિત્ર, બોધિત્વ દાને;
નીરાગી મહા શાંત મૂર્તિ તમારી, પ્રભુ પ્રાર્થના શાંતિ લેશો અમારી.
દઉં ઉપમા તો અભિમાન મારું, અભિમાન ટાળ્યા તણું તત્ત્વ તારું;
છતાં બાળરૂપે રહ્યો શિર નામી, સ્વીકારો ઘણી શુદ્ધિએ શાંતિ સ્વામી;
સ્વરૂપે રહી શાંતતા શાંતિ નામે, બિરાજ્યા મહા શાંતિ આનંદ ધામે.

(અપૂર્ણ)

## ૪૪

નથી ધર્યો દેહ વિષય વધારવા; નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ૐ

## વિભાગ-૨ ચૂંટેલાં પદો

# શ્રી ચિદાનંદજી મહારાજનાં પદો

### ૧. રાગ-મારુ

પિયા ! પરઘર મત જાઓ રે, કરી કરૂણા મહારાજ.

કુલ મરજાદા લોપકે રે, જે જન પરઘર જાય;
તિણકું ઉભય લોક, સુણ પ્યારે ! રંચક શોભા નાય... ૧

કુમતા સંગે તુમ રહે રે, આગું કાલ અનાદ;
તામેં મોહ દિખા બહુ પ્યારે ! કહા નિકાલ્યો સ્વાદ... ૨

લગત પિયા કહ્યો માહરો રે, અશુભ તુમ્હારે ચિત્ત;
પણ મોથી ન રહાય રે પ્યારે ! કહ્યા વિના સુણ મિત્ત... ૩

ઘર અપને વાલમ કહો રે ! કોણ વસ્તુકી ખોટ;
ફોગટ તદ કેમ લીજીયેં પ્યારે ! શીશ ભરમી પોટ... ૪

સુણી સમતાકી વિનતિ રે, ચિદાનંદ મહારાજ,
કુમતા નેહ નિવારકે પ્યારે ! લીનો શિવપુર રાજ... ૫

### ૨. રાગ-મારુ

સુઅપ્પા આપ વિચારો રે, પરપખ નેહ નિવાર;
પર પરિણતિ પુદ્‌ગલ દિસા રે, તામેં નિજ અભિમાન.
ધારત જીવ એહી કહ્યો પ્યારે ! બંધ હેતુ ભગવાન... ૧
કનક ઉપલમેં નિત્ય રહે રે, દૂધમાંહે ફૂની ઘીવ;
તિલ સંગ તેલ, સુવાસ કુસુમ સંગ, દેહ સંગ તેમ જીવ... ૨



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રહત હુતાશન કાષ્ટમેં રે, પ્રગટે કારણ પાય;
લહી કારણ કારજતા પ્યારે ! સહેજે સિદ્ધ થાય... ૩
ખીર નીરકી ભિન્નતા રે, જૈસે કરત મરાલ;
તૈસેં ભેદ જ્ઞાની લહ્યાં પ્યારે ! કટે કર્મકી જાલ... ૪
અજકુલ વાસી કેહરી રે, લેખ્યો જિમ નિજરૂપ;
ચિદાનંદ તિમ તુમહૂ પ્યારે ! અનુભવ શુદ્ધ સ્વરૂપ... ૫

## ૩. રાગ-મારુ

બંધ નિજ આપ ઉદીરત રે, અમ કૃપાણી ન્યાય... બંધ.
ઝકડયાં કિણેં તોહે સાંકલાં રે, પકડયાં કિણે તુવ હાથ;
કોણ ભૂપકે પહરૂયે પ્યારે, રહત તિહારે સાથ... ૧
બાંદર જિમ મદિરા પીએ રે, વીછૂ ડંકિત ગાત;
ભૂત લગે કૌતુક કરે પ્યારે, તિમ ભ્રમકો ઉતપાત... ૨
કીર બંધ્યા જિમ દેખીયેં રે, નલિની ભ્રમર સંયોગ;
ઇણ વિધ ભયા જીવકૂં પ્યારે, બંધન રૂપી રોગ... ૩
ભ્રમ આરોપિત બંધથી, પરપરિણતિ સંગ એમ;
પરવશતા દુઃખ પાવતે પ્યારે, મર્કટ મૂઠી જેમ... ૪
મોહદશા અલગી કરો રે, ધરો સુસંવર ભેખ;
ચિદાનંદ તબ દેખિયેં પ્યારે, શશિ સ્વભાવકી રેખ... ૫

## ૪. રાગ-કાફી

મતિ મત હમ વિચારો રે, મત મતીયનકા ભાવ... મતિ.
વસ્તુગતેં વસ્તુ લહો રે, વાદવિવાદ ન કોય;
સૂર તિહાં પરકાશ પિયા રે, અંધકાર નવિ હોય... ૧


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રૂપ રેખ તિહાં નવિ ઘટે રે, મુદ્રા ભેખ ન હોય;
ભેદજ્ઞાન દૃષ્ટિ કરી પ્યારે, દેખો અંતર જોય... ૨
તનતા, મનતા, વચનતા રે, પર પરિણતિ પરિવાર;
તન મન વચનાતીત પિયા રે, નિજ સત્તા સુખકાર... ૩
અંતર શુદ્ધ સ્વભાવમેં રે, નહીં વિભાવ લવલેશ;
ભ્રમ આરોપિત લક્ષથી પ્યારે, હંસા સહત કલેશ... ૪
અંતર્ગત નિહચેં ગહી રે, કાયાથી વ્યવહાર;
ચિદાનંદ તવ પામીએ પ્યારે, ભવસાયરકો પાર... ૫

## ૫. રાગ-કાફી અથવા વેલાવલ

અકલ કલા જગજીવન તેરી (૨)
અનંત ઉદધિથી અનંત ગણો,
તુજ જ્ઞાન મહા લઘુ બુદ્ધિ જ્યું મેરી. ૧

નય અરૂ ભંગ નિખેપ વિચારત, પૂરવધર થાકે ગુણ હેરી;
વિકલ્પ કરત થાગ નવિ પાયે, નિર્વિકલ્પતેં હોત ભયે રી. ૨

અંતર અનુભવ વિનુ તુવ પદમેં, યુક્તિ નહીં કોઉ ઘટત અનેરી;
ચિદાનંદ પ્રભુ કરી કિરપા અબ, દીજે તે રસ રીઝ ભલે રી. ૩

## ૬. રાગ-કાફી તથા વેલાવલ

જો લોં તત્ત્વ ન સૂઝ પડે રે (૨)
તોં લોં મૂઢ ભરમ વશ ભૂલ્યો,
મત મમતા ગ્રહી જગથી લડે રે. ૧



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અકર રોગ શુભ કંપ અશુભ લખ, ભવસાગર ઇણ ભાંત રડે રે;
ધાન કાજ જિમ મૂરખ ખિત્તહડ, ઉખર ભૂમિકો ખેત ખડે રે. ૨

ઉચિત રીત ઉલખ વિણ ચેતન, નિશદિન ખોટો ઘાટ ઘડે રે;
મસ્તક મુકુટ ઉચિત મણિ અનુપમ, પગ ભૂષણ અજ્ઞાન જડે રે. ૩

કુમતા વશ મન વક્ર તુરંગ જિમ, ગહિ વિકલ્પ મનમાંહિ અડે રે;
ચિદાનંદ નિજ રૂપ મગન ભયા, તબ કુતર્ક તાહે નાંહિ નડે રે. ૪

## ૭. રાગ-કાફી તથા વેલાવલ

આતમ પરમાતમ પદ પાવે, જો પરમાતમશું લય લાવે. આ.
સુણકે શબ્દ કીટ ભૃંગીકો, નિજ તન મનકી શુદ્ધિ વિસરાવે;
દેખહુ પ્રગટ ધ્યાનકી મહીમા, સોઈ કીટ ભૃંગી હો જાવે. ૧

કુસુમ સંગ તિલ તેલ દેખ ફુનિ, હોય સુગંધ ફૂલેલ કહાવે;
શુકિત ગર્ભગત સ્વાતિ ઉદક હોય, મુક્તાફલ અતિ દામ ધરાવે. ૨

પુન પિચુમંદ પલાશાદિકમેં, ચંદનતા જ્યું સુગંધથી આવે;
ગંગામેં જલ આણ આણકે, ગંગોદકકી મહિમા ભાવે. ૩

પારસકો પરસંગ પાય પુનિ, લોહા કનક સ્વરૂપ લિખાવે;
ધ્યાતા ધ્યાન ધરત ચિત્તમેં ઈમ, ધ્યેયરૂપમેં જાય સમાવે. ૪

ભજ સમતા, મમતાકું તજ મન, શુદ્ધ સ્વરૂપથી પ્રેમ લગાવે;
ચિદાનંદ ચિત્ત પ્રેમ મગન ભયા, દુવિધા ભાવ સકલ મિટ જાવે. ૫

## ૮. રાગ-વિભાસ

જૂઠી જગ માયા નરકેરી કાયા, જિમ બાદરકી છાયા માઈ રી...
જ્ઞાનાંજન કર ખોલ નયણ મમ, સદ્‌ગુરુ ઈણ વિધ પ્રગટ લખાઈ રી. ૧



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મૂલ વિગત વિષવેલ પ્રગટી ઇક, પત્ર રહિત ત્રિભુવનમેં છાઈ રી;
તાસ પત્ર ચુણ ખાત મિરગવા, મુખ બિન અચરજ દેખ હું આઈ રી. ૨

પુરુષ એક નારી નિપજાઈ, તે તો નપુંસક ઘરમેં સમાઈ રી;
પુત્ર જુગલ જાયે તિણ બાલા, તે જગમાંહે અધિક દુઃખદાઈ રી. ૩

કારણ બિન કારજકી સિદ્ધિ, કેમ ભઈ મુખ કહી નવિ જાઈ રી;
ચિદાનંદ એમ અકલ કલાકી, ગતિ મતિ કોઉ વિરલે જન પાઈ રી. ૪

## ૯. રાગ-ભૈરવ

વિરથા જનમ ગમાયો, મૂરખ નર ! વિરથા જનમ ગમાયો.

રંચક સુખરસ વશ હોય ચેતન ! અપનો મૂલ નસાયો;
પાંચ મિથ્યાત ધાર તું અજહુ, સાચ ભેદ નવિ પાયો. ૧

કનક કામિની અરૂ ગેહથી, નેહ નિરંતર લાયો;
તાહુથી તું ફિરત સોરાનો, કનકબીજ માનુ ખાયો. ૨

જનમ જરા મરણાદિક દુઃખમેં, કાલ અનંત ગમાયો;
અરહટ ઘટિકા જિમ કહો યાકી, અંત અજહુ નવિ આયો. ૩

લખ ચોર્યાશી પહેર્યા ચોલના, નવ નવ રૂપ બનાયો;
બિન સમકિત સુધારસ ચાખ્યા, ગિણતી કોઉ ન ગિણાયો. ૪

એતી પર નવિ માનત મૂરખ, એ અચરિજ ચિત્ત આયો;
ચિદાનંદ તે ધન્ય જગતમેં, જિણે પ્રભુશું મન લાયો. ૫

## ૧૦. રાગ-પ્રભાતી

માન કહા અબ મેરા મધુકર (૨)
નાભિનંદકે ચરન સરોજમેં, કીજે અચલ બસેરા રે;
પરિમલ તાસ લહત તન સહેજેં, ત્રિવિધ તાપ ઉતેરા રે. ૧



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉદિત નિરંતર જ્ઞાન ભાણ જિહાં, તિહાં ન મિથ્યાત અંધેરા રે;
સંપુટ હોત નહીં તાતે કહાં, સાંજ કહા સવેરા રે. ૨

નહીંતર પછતાવોગે આખર, બીત ગયા યો વેરા રે;
ચિદાનંદ પ્રભુ પદકજ સેવત, બહુરિ ન હોય ભવ ફેરા રે. ૩

## ૧૧. રાગ-ધન્યાશ્રી

સંતો અચરિજ રૂપ તમાસા (૨)
કીડીકે પગ કુંજર બાંધ્યો, જલમેં મકર પીયાસા. (૧)

કરત હલાહલ પાન રૂચિધર, તજ અમૃત રસ ખાસા;
ચિંતામણી તજી ધરત ચિત્તમેં, કાચ શકલકી આસા. (૨)

બિન બાદર બરખા અતિ બરસત, બિન દિગ વહત બતાસા;
વજ ગલત હમ દેખા જલમેં, કોરા રહત પતાસા. (૩)

બેર અનાદિ પણ ઉપરથી, દેખત લગત બગાસા;
ચિદાનંદ સો હી જન ઉત્તમ, કાપત યાકા પાસા. (૪)

## ૧૨. રાગ-ધન્યાશ્રી

કર લે ગુરુગમ જ્ઞાન વિચારા, (૨)
નામ અધ્યાતમ, ઠવણ દ્રવ્યથી, ભાવ અધ્યાતમ ન્યારા. ૧

એક બુંદ જલથી એ પ્રગટ્યા, શ્રુત સાયર વિસ્તારા;
ધન્ય જિનોંને ઉલટ ઉદધિકૂં, એક બુંદમેં ડારા. ૨



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બીજ રૂચિ ધર, મમતા પરિહર, લહી આગમ અનુસારા;
પર પખથી લખ ઇણ વિધ અપ્પા, અહિ કંચુક જિમ ન્યારા. ૩
નાસ પરત ભ્રમ નાસહુ તાસહુ, મિથ્યા જગત પસારા;
ચિદાનંદ ચિત્ત હોત અચલ ઈમ, જિમ નભ ધ્રુકા તારા. ૪

## ૧૩. રાગ-આશાવરી તથા ગોડી

અવધૂ નિરપક્ષ વિરલા કોઈ, દેખ્યા જગ સહુ જોઈ.
સમરસ ભાવ ભલા ચિત્ત જાકે, થાપ ઉથાપ ન હોઈ;
અવિનાશીકે ઘરકી બાતાં જાનેંગે નર સોઈ. ૧

રાવ રંકમેં ભેદ ન જાનેં, કનક ઉપલ સમ લેખે;
નારી નાગણીકો નહીં પરિચય, તો શિવમંદિર દેખે. ૨

નિંદા સ્તુતિ શ્રવણ સુણીને, હર્ષ શોક નવિ આણે;
તે જગમેં જોગીસર પૂરા, નિત્ય ચઢતે ગુણઠાણે. ૩

ચંદ્ર સમાન સૌમ્યતા જાકી, સાયર જેમ ગંભીરા;
અપ્રમત્તે ભારંડ પરે નિત્ય, સુરગિરિ સમ શુચિ ધીરા. ૪

પંકજ નામ ધરાય પંકશું, રહત કમલ જિમ ન્યારા;
ચિદાનંદ ઈસ્યા જન ઉત્તમ, સો સાહેબકા પ્યારા. ૫

## ૧૪. રાગ-આશાવરી

જ્ઞાનકલા ઘટ ભાસી જાકૂં (૨)
તન, ધન નેહ નહીં રહ્યો તાકૂં, છિનમેં ભયો ઉદાસી. ૧

હું અવિનાશી ભાવ જગતકે, નિશ્ચે સકલ વિનાશી;
એહવી ધાર ધારણા ગુરુગમ, અનુભવ મારગ પાસી. ૨



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મેં મેરા એ મોહજનિત જસ, ઐસી બુદ્ધિ પ્રકાશી;
તે નિઃસંગ પગ મોહ સીસ દે, નિશ્ચે શિવપુર જાસી. ૩

સુમતા ભઈ સુખી ઇમ સુનકે, કુમતા ભઈ ઉદાસી;
ચિદાનંદ આનંદ લહ્યો ઈમ, તોર કરમકી પાસી. ૪

## ૧૫. રાગ-આશાવરી

અવધૂ પિયો અનુભવ રસ પ્યાલા, કહત પ્રેમ મતવાલા.

અંતર સપ્ત ધાત રસ ભેદી, પરમ પ્રેમ ઉપજાવે;
પૂરવ ભાવ અવસ્થા પલટી, અજબ રૂપ દરસાવે. ૧

નખ શિખ રહત ખુમારી જાકી, સજલ સઘન ઘન જૈસી;
જિન એ પ્યાલા પિયા તિનકૂં, ઔર કેફ રતિ કૈસી. ૨

અમૃત હોય હલાહલ જાકૂં, રોગ શોક નહીં વ્યાપે;
રહત સદા ગરકાવ નસામેં, બંધન મમતા કાપે. ૩

સત્ય સંતોષ હિયામેં ધારે, આતમ કાજ સુધારે;
દીનભાવ હિરદે નહીં આણે, અપનો બિરૂદ સંભારે. ૪

ભાવદયા રણથંભ રોપકે, અનહદ તૂર બજાવે;
ચિદાનંદ અતુલીબલ રાજા, જીત અરિ ઘર આવે. ૫

## ૧૬. રાગ-આશાવરી

મારગ સાચા કોઉ ન બતાવે (૨)
જાસું જાય પૂછીએં તે તો, અપની અપની ગાવેં.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મતવારા મતવાદ વાદ ધર, થાપત નિજ મતનીકા;
સ્યાદ્વાદ અનુભવ બિન તાકા, કથન લગત મોહે ફીકા. ૧

મત વેદાંત બ્રહ્મપદ ધ્યાવત, નિશ્ચય પખ ઉરધારી;
મિમાંસક તો કર્મ બાદે તે, ઉદય ભાવ અનુસારી. ૨

કહત બૌદ્ધ તે બુદ્ધદેવ મમ, ક્ષણિક રૂપ દરસાવે;
નૈયાયિક નયવાદ ગ્રહી તે કરતા કોઉ ઠેરાવે. ૩

ચારવાક નિજ મનકલ્પના, શૂન્યવાદ કોઉ ઠાણે;
તિનમેં ભયે અનેક ભેદ તેં, અપણી અપણી તાણે. ૪

નય સરવંગ સાધના જામેં, તે સરવંગ કહાવે;
ચિદાનંદ એસા જિન મારગ, ખોજી હોય સો પાવે. ૫

## ૧૭. રાગ-પ્રભાતી

વસ્તુગતેં વસ્તુકો લક્ષણ, ગુરુગમ વિણ નવિ પાવે રે;
ગુરુગમ વિણ નવિ પાવે કોઉ, ભટક ભટક ભરમાવે રે. ૧

ભવન આરિસે શ્વાન કૂકડા, નિજ પ્રતિબિંબ નિહારે રે;
ઈતર રૂપ મનમાંહે વિચારી, મહા જુદ્ધ વિસ્તારે રે. ૨

નિર્મલ ફિટક શિલા અંતર્ગત, કરિવર લખ પરછાંહિ રે;
દશન તુરાય અધિક દુઃખ પાવે, દ્વેષ ધરત દિલમાંહિ રે. ૩

સસલે જાય સિંહકૂ પકડ્યો, દૂજો દીયો દિખાઈ રે;
નિરખ હરી તે જાલા દૂસરો, પડ્યો ઝંપ તિહાં ખાઈ રે. ૪



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નિજછાયા બેતાલ ભરમ ઘર, ડરત બાલ ચિત્તમાંહી રે;
રજ્જુ સર્પ કરી કોઉ માનત, જૌં લૌં સમજત નાહિં રે. ૫

નલિની ભ્રમ મર્કટ મૂઠી જિમ, ભ્રમવશ અતિ દુઃખ પાવે રે;
ચિદાનંદ ચેતન ગુરુગમ વિન, મૃગ તૃષ્ણા ઘરી ધાવે રે. ૬

## ૧૮. રાગ-કાફી

જૌં લૌં અનુભવ જ્ઞાન ઘટમેં પ્રગટ ભયો નહીં (૨)
તૌં લૌં મન થિર હોત નહીં છીન, જિમ પીપરકો પાન;
વેદ ભણ્યો પણ ભેદ વિના શઠ, પોથી થોથી જાણ રે. ૧

રસ ભાજનમેં રહત દ્રવ્ય નિત્ય, નહીં તસ રસ પહિચાન;
તિમ શ્રુતપાઠી પંડિતકૂં પણ, પ્રવચન કહત અજ્ઞાન. ૨

સાર લહ્યા વિના ભાર કહ્યો શ્રુત, ખર દૃષ્ટાંત પ્રમાણ;
ચિદાનંદ અધ્યાતમ શૈલી, સમજ પરત એક તાન. ૩

## ૧૯. રાગ-કાફી

અલખ લખ્યા કિમ જાવે હો, ઐસી કોઉ જુગતિ બતાવે.
તન, મન, વચનાતીત ધ્યાનધર, અજપા જાપ જપાવે;
હોય અડોલ લોલતા ત્યાગી, જ્ઞાન સરોવર નહાવે હો. ૧

શુદ્ધ સ્વરૂપમેં શક્તિ સંભારત, મમતા દૂર વહાવે;
કનક ઉપલ મલ ભિન્નતા કાજે, જોગાનલ ઉપજાવે હો. ૨

એક સમય સમશ્રેણી રોપી, ચિદાનંદ ઇમ ગાવે;
અલખ રૂપ હોઈ અલખ સમાવે, અલખ ભેદ ઇમ પાવે હો. ૩


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૨૦. રાગ-માલકોશ

પૂરવ પુણ્ય ઉદય કરી ચેતન ! નીકા નરભવ પાયા રે. (૨)
દીનાનાથ દયાલ દયાનિધિ, દુર્લભ અધિક બતાયા રે;
દશ દૃષ્ટાંતે દોહિલા નરભવ, ઉત્તરાધ્યયને ગાયા રે. ૧

અવસર પાય વિષય રસ રાચત, તે તો મૂઢ કહાયા રે;
કાગ ઉડાવણ કાજ વિપ્ર જિમ, ડાર મણિ પછતાયા રે. ૨

નદી ઘોલ પાષાન ન્યાય કર, અર્ધ વાટ તો આયા રે;
અર્ધ સુગમ આગલ રહી તિનકૂં,જિન કછુ મોહ ઘટાયા રે. ૩

ચેતન ! ચાર ગતિમેં નિશ્ચેં, મોક્ષદ્વાર એ કાયા રે;
કરત કામના સુર પણ યાકી, જિનકૂં અનર્ગલ માયા રે. ૪

રોહણગિરિ જિમ રતનખાણ તિમ, ગુણ સહુ યામેં સમાયા રે;
મહિમા મુખથી વરણાત જાકી, સુરપતિ મન શંકાયા રે. ૫

કલ્પવૃક્ષ સમ સંયમ કેરી, અતિ શીતલ જિહા છાયા રે;
ચરણકરણ ગુણધરણ મહામુનિ,મધુકર મન લોભાયા રે. ૬

યા તન વિણ તિહું કાલ કહો કિન, સાચા સુખ નિપજાયા રે;
અવસર પાય ન ચૂક ચિદાનંદ, સત્ગુરુ યું દરસાયા રે. ૭



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શ્રીમદ્ આનંદઘનજીનાં પદો

## ૧. રાગ-વેલાવલ

ક્યા સોવે ઊઠ જાગ બાઉ રે (૨)
અંજલિ જલ જ્યું આયુ ઘટત હૈ, દેત પહોરિયાં ઘરિ ઘાઉ રે... ૧

ઇંદ ચંદ નાગિંદ મુનિંદ ચલે, કોણ રાજા, પતિ, સાહ, રાઉ રે;
ભમત ભમત ભવજલધિ પાયકે,ભગવંત ભજન વિન ભાઉ નાઉ રે... ૨

કહા વિલંબ કરે અબ બાઉ રે, તરી ભવજલનિધિ પાર પાઉ રે;
'આનંદઘન' ચેતનમય મૂરતિ, શુદ્ધ નિરંજન દેવ ધ્યાઉ રે... ૩

## ૨. રાગ-વેલાવલ

જીય જાને મેરી સફલ ઘરી રી (૨)
સુત, વનિતા, યૌવન ધન માતો, ગર્ભતણી વેદન વિસરી રી... ૧

સુપન કો રાજ સાચ કરી માચત, રાચત છાંહ ગગન બદરી રી;
આઈ અચાનક કાલ તોપચી, ગહેગો જ્યું નાહર બકરી રી... ૨

અજહુ ચેત કછુ ચેતત નાહિ, પકરી ટેક હારિલ લકરી રી;
'આનંદઘન' હીરો જન છારત, નર મોહ્યો માયા કકરી રી... ૩

## ૩. રાગ-વેલાવલ

સુહાગણ ! જાગી અનુભવ પ્રીત (૨)
નિંદ અનાદિ અજ્ઞાન, મિટ ગઈ નિજ રીત... ૧

ઘટ મંદિર દિપક કિયો, સહજ સુજ્યોતિ સરૂપ;
આપ પરાઈ આપ હી, ઠાનત વસ્તુ અનુપ... ૨



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ક્યા દિખાવું ઓર કું, કહા સમજાઉં ભોર;
તીર અચૂક હે પ્રેમકા, લાગે સો રહે ઠોર... ૩

નાદ વિલુદ્ધો પ્રાણકૂં, ગિને ન તૃણ મૃગલોય;
'આનંદઘન' પ્રભુ પ્રેમકી, અકથ કહાની હોય... ૪

## ૪. રાગ-આશાવરી

અવધૂ નટ નાગરકી બાજી, જાણે ન બાંભણ કાજી... અવધૂ.
થિરતા એક સમય મેં ઠાને, ઉપજે વિણસે તબહી;
ઉલટ પલટ ધ્રુવસત્તા રાખે, યા હમ સુની ન કબહી... અવધૂ. ૧

એક અનેક અનેક એક કૂની, કુંડલ કનક સુભાવે;
જલ તરંગ ઘટમાંહિ રવિકર, અગનિત તાહિ સમાવે... અવધૂ. ૨

હે, નાંહિ હે, વચન અગોચર, નય પ્રમાણ સતભંગી;
નિરપખ હોઈ લખે કોઈ વિરલા, કયા દેખે મત જંગી... અવધૂ. ૩

સર્વમયી સરવંગી માને, ન્યારી સત્તા ભાવે;
'આનંદઘન' પ્રભુવચન, સુધારસ, પરમારથ સો પાવે... અવધૂ. ૪

## ૫. સાખી

જગ આશા જંજીરકી, ગતિ ઉલટી કુલ મોર;
ઝક્યોં ધાવત જગતમેં, રહે છૂટો ઈક ઠોર.

*(રાગ-આશાવરી)*

અવધૂ ક્યા સોવે તન મઠમેં, જાગ વિલોકન ઘટમેં.
તન મઠકી પરતીત ન કીજે, ઢહિ પરે એક પલમેં;
હલચલ મેટિ ખબર લે ઘટકી, ચિન્હે રમતા જલમેં. અવધૂ. ૧



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મઠમેં પંચભૂતકા વાસા, સાસા ધૂત ખવીસા;
છિન છિન તોહી છલનકૂ ચાહે, સમજે ન બોરા સીસા. અવધૂ. ૨

શિર પર પંચ વસે પરમેશ્વર, ઘટમેં સૂછમ બારી;
આપ અભ્યાસ લખે કોઈ વિરલા, નિરખે ધ્રુકી તારી. અવધૂ. ૩

આશા મારી આસન ધરી ઘટમેં, અજપા જાપ જપાવે;
'આનંદઘન' ચેતનમય મૂરતિ, નાથ નિરંજન પાવે. અવધૂ. ૪

## ૬. રાગ-સારંગ વા આશાવરી

અબ હમ અમર ભયે ન મરેંગે (૨)
યા કારન મિથ્યાત દિયો તજ, ક્યું કર દેહ ધરેંગે. અબ. ૧

રાગ દોષ જગ બંધ કરત હે, ઇનકો નાસ કરેંગે;
મર્યો અનંત કાલતેં પ્રાની, સો હમ કાલ હરેંગે. અબ. ૨

દેહ વિનાશી, હું અવિનાશી, અપની ગતિ પકરેંગે;
નાસી જાસી હમ થિર વાસી, ચોખે વ્હે નિખરેંગે. અબ. ૩

મર્યો અનંત વાર બિન સમજ્યો, અબ સુખદુઃખ વિસરેંગે;
'આનંદઘન' નિપટ નિકટ અક્ષર દો, નહીં સમરે સો મરેંગે. અબ. ૪

## ૭. રાગ-આશાવરી

અવધૂ રામ રામ જગ ગાવે, વિરલા અલખ લખાવે. અ.
મતવાલા તો મતમેં માતા, મઠવાલા મઠરાતા,
જટા જટાધર, પટા પટાધર, છતા છતાધર તાતા. અ. ૧

આગમ પઢી આગમધર થાકે, માયાધારી છાકે;
દુનિયાદાર દુનીસેં લાગેં, દાસા સબ આશાકે. અ. ૨

બહિરાતમ મૂઢા જગ જેતા, માયાકે ફંદ રહેતા;
ઘર અંતર પરમાતમ ભાવે, દુર્લભ પ્રાણી તેતા. અ. ૩



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ખગપદ ગગન, મીનપદ જલમેં, જો ખોજે સો બોરા;
ચિત્ત પંકજ ખોજે સો ચિન્હે, રમતા 'આનંદ' ભોરા. અ. ૪

### ૮. રાગ-આશાવરી

આશા ઔરનકી ક્યા કીજે, જ્ઞાન સુધારસ પીજે.
ભટકે દ્વાર દ્વાર લોકનકે, કૂકર આશા ધારી;
આતમ અનુભવ રસકે રસિયા, ઉતરે ન કબહુ ખુમારી. ૧

આશા દાસીકે જે જાયા, તે જન જગકે દાસા;
આશા દાસી કરે જે નાયક, લાયક અનુભવ પ્યાસા. ૨

મનસા પ્યાલા પ્રેમ મસાલા, બ્રહ્મ અગ્નિ પરજાલી;
તન ભાઠી અવટાઈ પિયે કસ, જાગે અનુભવ લાલી. ૩

અગમ પિયાલા પીયો મતવાલા, ચિન્હી અધ્યાતમ વાસા;
'આનંદઘન' ચેતન વ્હે ખેલે, દેખે લોક તમાસા. ૪

## છોટમનાં પદો

### ૧

જ્ઞાન ન ઊપજે ગુરુ વિના, કોટી સુણતાં કથાય જી;
પારસ લખિયો પુરાણમાં, સુણતાં સોનું ન થાય જી. ૧

અંજન વિદ્યાની ઔષધિ, આગળ કથી ગયા કોય જી;
પાઠ કરે પૂરા પ્રેમથી, નિર્મળ નેત્ર ન હોય જી. ૨

કલ્પતરુ ને ચિંતામણિ, મોટો સુણિયો મહિમાય જી;
દારિદ્ર ન જાય દીઠા વિના, જપતાં જુગ વહી જાય જી. ૩

મૃતકના મુખ આગળે, પઢીએ અમૃત પુરાણ જી;
જરીએ ન થાયે જીવતું, જોજો વિચારીને જાણ જી. ૪



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પોષણ આપે પળે પળે, ભેળો રહી ભગવાન જી;
એ પ્રભુને જો ઓળખે, જાતે હોય ગુણવાન જી. ૫

જૂની કથાઓ જે જગતમાં, તેનો સમજવો સાર જી;
મહંત પુરુષ મળ્યા જેહને, પામ્યા તે નર પાર જી. ૬

સાત દાડા શુકદેવની, કથા સુણે સહુ કોય જી;
પરીક્ષિત મોક્ષ પામી ગયો, સમજ્યો લક્ષારથ સોય જી. ૭

માનો કહ્યું જો માનવો, દેવ બુદ્ધિના દક્ષ જી;
છોટમ પ્રભુ પદ પામવા, લેજો જ્ઞાનીનો લક્ષ જી. ૮

૨

રોમે રોમે ચઢે, રામરસ રોમે રોમે ચઢે (ટેક)
પીતાં પૂર્ણ અનુભવ પ્રગટે, અનંત નેત્ર ઉઘડે;
દ્વાદશ અંગુલ ભરી પીએ તો, નવી સૃષ્ટિને ઘડે... ૧

સૂંખે તેને સ્વરૂપ દરશે, પાછો ભવ ના પડે;
આપે નિર્ભય સઘળે વરતે, જો જિહ્વાએ અડે... ૨

અજર ખુમારી અદ્દ્ભુત ભારી, બ્રહ્મ વિષે જઈ ભડે;
પિંડ બ્રહ્માંડની પાર રહ્યા તે, હંસ થઈ નિમડે... ૩

મરજીવા તે મહારસ માણે, તેથી નહિ કોઈ બડે;
જન છોટમ એવા જન મળતાં, ભાગ્ય ભલાં ઊઘડે... ૪

૩

જેને ઊગ્યો છે અનુભવ અર્ક, એવા કોઈ અનુભવી,
તમરૂપી શમ્યા છે વિતર્ક, કથન શું કથે કવિ. (ટેક)

અનુભવ અર્ક ઉદય હવો, તે જાણે સારાસાર;
સર્વ તત્ત્વ તપાસતાં રે, જેને ઉપજ્યો છે વિમલ વિચાર. એવા૦

ન્યૂનાધિક તે ન્યાય કહે છે, નિંદે નહિ લવલેશ,
તત્ત્વ ગણાવે ત્રિલોકનાં રે, એવો અનુભવિયાંનો દેશ. એવા૦



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શબ્દ ઊચરે સહજમાં, તેની સાક્ષી પૂરે ગ્રંથ;
પરમેશ્વરને પામવા રે, પોતે પ્રકટ બતાવે પંથ. એવા૦

સ્વાર્થ તેને એટલો રે, મુમુક્ષુ મોક્ષે જાય;
અધમ અવિદ્યા નિવારવા રે, ઘણા ગ્રંથ કરી ગુણ ગાય. એવા૦

પૂર્ણ પુણ્ય હોય પાછલાં, બહુ જપ તપ યજ્ઞ ને દાન;
અનુભવી જન એને મળે રે, આપે લક્ષ્ય અલૌકિક જ્ઞાન. એવા૦

બબ્બે લોચન સર્વને રે, સુરિને અધિકું એક;
ધાર્મિકને દશ લોચનો રે, અનુભવીને તો નેન અનેક. એવા૦

ધર્મદગ વિન આંધળા રે, વેશ દેખીને વવાય;
શબ્દ ન પરખે સંતના રે, તેને જયમ તાણે ત્યમ જાય. એવા૦

ઈશ્વરનું આપ્યું ભખે ને, આપ કરે ઉપકાર;
છોટમ એવા પુરુષનો રે, ધન્ય અવનિ ઉપર અવતાર. એવા૦

## જશવિજયજીનાં પદો

### ૧

પરમ ગુરુ જૈન કહો ક્યું હોવે (૨)
ગુરુ ઉપદેશ વિના જન મૂઢા, દરશન જૈન વિગોવે... ટેક.

કહત કૃપાનિધિ સમજ લગી લે, કર્મ મેલ જો ધોવે;
બહુલ પાપમલ અંગ ન ધારે, શુદ્ધ રૂપ નિરંજન જોવે. ૧

સાદવાદ પૂરણ જો જાણે, નય ગરભીત જસ વાચા;
ગુણ પર્યાય દ્રવ્ય જો બુઝે, સોઈ જૈન હે સાચા. ૨

ક્રિયા મૂઢ મતિ જો અજ્ઞાની, ચાલે ચાલ અપુઠી;
જૈનદશા ઉનમાંહી નાહીં, કેહસો સબહી જુઠી. ૩

પર પરિણતિ અપની કરી માને, ક્રિયા ગર્વે ગહેલો;
ઉનકું જૈન કહો કયું કહીએ, સો મુરખમેં પહેલો. ૪



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જૈન ભાવશાની સબમાંહી, શિવ સાધન સદ્દહઇએ;
નામ ભેખસે કામ ન સીઝે, ભાવ ઉદાસે રહીયે. ૫
જ્ઞાન સકળ નય સાધન સાધો, ક્રિયા જ્ઞાનકી દાસી;
ક્રિયા કરત ધરત હે મમતા, યાહી ગળેમેં ફાંસી. ૬
ક્રિયા બિના જ્ઞાન નહિ કબહુ, ક્રિયા જ્ઞાન બીન નાહી;
ક્રિયા જ્ઞાન દોઈ મીલ રહત હે, જ્યોં જળરસ જળમાંહી. ૭
ક્રિયા મગનતા બાહીર દીસે, જ્ઞાન શક્તિ જશ ભાજે;
સદ્‌ગુરુ શિખ સુને નહીં કબહુ, સો જન જનતે લાજે. ૮
તત્ત્વબુદ્ધિ જિનકી પરણતિ હે, સકળ સૂત્રકી કૂંચી;
જગ જશવાદ વેદ ઉનહીકો, જૈન દશા જશ ઊંચી. ૯

## ૨

ચેતન જો તું જ્ઞાન અભ્યાસી (૨)
આપ હી બાંધ આપ હી છોડે,
નિજ મતિ શક્તિ વિકાસી... ટેક.

જો તું આપ સ્વભાવે ખેલે, આશા છોડ ઉદાસી;
સુરીનર કીન્નર નાયક સંપત્તિ, સો તુજ ઘરકી દાસી. ૧
મોહ ચોર જન ગુણ ધન લૂંટે, દેત તાસ ગલે ફાંસી;
આશા છોડ ઉદાસ રહેજો, સો ઉત્તમ સન્યાસી. ૨
જોગ લઈ પર આશ ધરત હે, આહી જગમેં હાંસી;
તું જોણામેં ગુનકૂં સંચુ, ગુણ તો જાયે નાશી. ૩
પુદ્‌ગલની તું આશ ધરત હે, સો તો સબહી વિનાશી;
તું તો ભિન્ન રૂપ હે ઉનતે, ચિદાનંદ અવિનાશી. ૪
ધન ખરચે નર ધર્મ ગુમાને, કરવત લેવે કાશી;
તો બી દુઃખકો અંત ન આવે, જો આશા ન ખાસી. ૫
મુખજલ વિષય વિષય મૃગ તૃષ્ણા, હોત મુઢમતિ પ્યાસી;
વિભ્રમ ભૂમિ ભઈ પરઆશા, તું તો સહજ વિલાસી. ૬



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

યાકો પિતા મોહ, ભ્રમ ભ્રાતા, હોત વિષય રતિ માસી;
ભવ સુત ભરતા અવિરતિ પ્રાણી, મિથ્યામતિ હે હાંસી. ૭
આશા છોડ રહે જો જોગી, સો હોવે શિવવાસી;
ઉનકો સુજસ વખાણે જ્ઞાતા, અંતર દૃષ્ટિ પ્રકાશી, ૮

૩

હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં (૨)
વિસર ગઈ દુવિધા તનમનકી, અચિરાસુત ગુણજ્ઞાનમેં. ટેક.
હરિહર બ્રહ્મ પુરંદરકી રિદ્ધ, આવત નહીં કોઈ માનમેં;
ચિદાનંદકી મોજ મચી હે, સમતા રસકે પાનમેં. ૧
ઇતને દિન તૂ નાહી પીછાન્યો, જનમ ગમાયો અજાનમેં;
અબ તો અધિકારી હોઈ બેઠે, પ્રભુ ગુણ અખય ખજાનમેં. ૨
ગઈ દીનતા સબ હી હમારી, પ્રભુ ! તુજ સમકીત દાન મેં;
પ્રભુ ગુણ અનુભવ રસકે આગે, આવત નહીં કોઈ માનમેં. ૩
જિનહી પાયા તિનહી છિપાયા, ન કહે કોઉકે કાનમેં;
તાલી લાગી જબ અનુભવકી, તબ જાને કોઉ સાનમેં. ૪
પ્રભુ ગુણ અનુભવ ચંદ્રહાસ જ્યોં, સો તો ન રહે મ્યાનમેં;
વાચક જશ કહે મોહ મહા અરિ, જીત લિયો હે મેદાનમેં. ૫

## કાલીદાસભાઈનાં પદો

૧

જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેયનું, ભલું નહિ જ્યાં ભાન;
તે ધ્યાતાને ધ્યેયનું, ધ્યાન છતાં અજ્ઞાન... ૧
સત્ સાધન ત્યાં શું કરે ! સમજ નહિં જ્યાં છેક;
અસત્ રૂપ અજ્ઞાનની, તાણી રાખે ટેક... ૨
જડ ચેતનના ભેદનો, લક્ષ ન જહાં લગાર;
કવણ ક્રિયાથી તે કરે, જ્ઞાનગુણ નિરધાર... ૩


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નિશ્ચય નહિ નિજરૂપનો, ત્યાં વરતે પરભાવ;
પર પુદ્‌ગલ પરિણામથી, સમજે નહિ સ્વભાવ... ૪

જ્યાં નહીં સમજ સ્વરૂપની, ત્યાં શું આતમજ્ઞાન;
બિન પ્રતીતિ જીવની, જ્ઞાન છતાં અજ્ઞાન... ૫

આગ્રહ તજી અજ્ઞાનનો, સમજે વસ્તુ ધર્મ;
તે નિજગુણ ગ્રાહક બની, માર્ગ તણો લહે મર્મ... ૬

ભાતભાતના ભોગથી, અંતર રહે ઉદાસ;
મોહાદિ આસક્તિનો, મળે ન મિથ્યા ભાસ... ૭

નિજગુણ મત આગ્રહતણું, નહીં અંતર અભિમાન;
શોધ રહી સત્‌પુરુષની, સરળપણું શુભ ધ્યાન... ૮

ઇચ્છે આશ્રય સંતનો, અવર ન મનમાં આશ;
પરમારથને પામવા, જેને થઈ જિજ્ઞાસ... ૯

રિદ્ધિ સિદ્ધિ સર્વનો, કરે ન મનથી મોહ;
બંધ બેડી બંને ગણે, જ્યું કંચન કે લોહ... ૧૦

મૂળ માર્ગને પામવા, અદ્‌ભુત જહાં ઉલ્લાસ;
તે જ્ઞાતાને જ્ઞાનની, કહી યોગ્યતા ખાસ... ૧૧

જ્યાં દીસે એ યોગ્યતા, ત્યાં જ્ઞાન પ્રકાશ,
સમ્યક્ બીજની સહાયથી, કરે કર્મનો નાશ... ૧૨

શુદ્ધ ભૂમિમાં સંતનું, સમ્યક્ બીજ સોહાય;
અદ્‌ભુત અમૃત વૃષ્ટિથી, કેવળવૃક્ષ કરાય... ૧૩

ઠામ ઠામ તે બીજની, હોય ન ભૂમિ યોગ્ય;
બળે બીજ તે બોવતાં, તેને યોગ અયોગ્ય... ૧૪

અભયદાનને આપતા, પરથમ પરખો પાત્ર;
અચળ પ્રેમ બિન આપવું, મહા મોહની માત્ર... ૧૫



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૨. રાગ-પ્રભાત

મોહની નિંદમાં સૂઇ મત રહો સદા, વ્યતિત બહુ કાળ એમ વ્યર્થ કીધો;
નિજ રૂપ નિરખવા નેત્ર ખોલ્યું નહીં, સુપનનાં સુખતણો લ્હાવો લીધો. ૧

વસ્તુસ્થિતિ સમજનું વ્હાણું વાયું ભલું, શુદ્ધ સમકિતનો ભાનુ ભાસે;
નિજ પર રૂપનો ભેદ પ્રગટે જહાં, મોહ મિથ્યાત્વ અંધકાર નાસે. ૨

પ્રેમથી પરખીએ, નીરખીએ નાથને, અવર અધ્યાસને અલગ કીજે;
ગ્રહણ કર જ્ઞાન ગુરુબોધના બીજનું, પરમ રસ પાનથી કાજ સીઝે. ૩

તું નહીં પુદ્ગલી, દેહ પુદ્ગલ સદા, પ્રગટ જડ દ્રવ્ય નહીં રૂપ તારું;
પુદ્ગલી પ્રપંચમાં પોતે ભૂલી ગયો, અન્યથા રૂપ કાં માન્ય મારું. ૪

સર્વ વ્યાપકપણે, સાક્ષી તું સર્વદા, જ્ઞાન ગુણ લક્ષણે ભિન્ન ભાસે;
શુદ્ધ ઉપયોગી તું ચિહ્ન ચૈતન્ય ઘન, અચલ અવિનાશી ગુણ કેમ નાસે. ૫

થાય પ્રતિભાસ એ જ્ઞેયનો જ્ઞાનમાં, પણ નહિ જ્ઞાન તુજ જ્ઞેય ભાવે;
જેમ જલપાત્ર રવિ દેખીયે નિરમળો, ભાવ દરપણ વિષે તેમ થાવે. ૬

સર્વને જાણતે જાણ રૂપ તહારું, અન્યમાં જાણ ગુણ જ્ઞાન નાવે;
એમ ભિન્ન ભિન્ન ગુણ લક્ષણે અનુભવી, અલખ રૂપ આપનું લક્ષ લાવે. ૭

લક્ષ રહે જયાં લગી નિત્ય નિરમળપણે, કરમનો ડાઘ કહો કેમ લાગે;
કોઈ સંત વીરલા સમજશે શાનમાં, સહજ સ્થિર સ્થિતિનું ભાગ્ય જાગે. ૮

## ૧. પ્રેમ સખી *(રાગ-બિહાગ તીન તાલ)*

વિસર ન જાજો મેરે મીત, યહ વર માંગૂં મૈં નીત - વિસર.
મૈં મતિમંદ કછુ નહિ જાનૂં, જાનૂં તુમ સંગ હીત;
બાંહ્ય ગ્રહેકી લાજ હે તુમ કો, તુમ સંગ મેરી જીત... વિ.

તુમ રીઝો એસો ગુણ નાહીં, અવગુણકી હૂં ભીત;
અવગુણ જાનિ બિસારોગે જીવન, હોઉંગી મૈં બહુત ફજીત... વિ.

મેરે દઢ ભરોંસો જિયમેં, તજિહૌ ન મોહન પ્રીત;
જન અવગુણ પ્રભુ માનત નાહીં, યહ પૂરબકી રીત... વિ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દીનબંધુ અતિ મૃદુલ સુભાઉ, ગાઉં નિશદિન ગીત;
'પ્રેમસખી' સમજું નાહિ ઊંડી, એક ભરોંસો ચિત્ત... વિ.

## ૨. પ્રીતમ

સદ્‌ગુરુના તે શબ્દ વિચારતાં, મટે માયા મોહ વિકાર,
હરિરસ પીજીએ. (ટેક)
બાળી ભસ્મ કરે બીજી વાસના, ઉર પ્રગટે પ્રેમ અપાર, હરિ.
એવો અજર અમી રસ જે પીએ,તેનાં નેણાં વેણાં પલટાય. હરિ.
લાગી બ્રહ્મખુમારી ન ઊતરે, સુખ મુખે કહ્યું નવ જાય. હરિ.
તેને સંભવ નહિ રે શરીરનો, થયો આતમદૃષ્ટે ઉઘાડ. હરિ.
મરજીવા થઈ હરિને મળે, ગાળે જ્ઞાન હિમાળે હાડ. હરિ.
બ્રહ્મધ્યાને ગગનવત થૈ રહે, જેમ કુંભ મહાજળ માંય. હરિ.
કૃષ્ણ પોતામાં પોતે શ્રીકૃષ્ણમાં, કૃષ્ણ વિના ન દીસે કાંય. હરિ.
જેહ સરિતા સાગરમાં જઈ ભળે, તેનું નામ નદી ટળી જાય. હરિ.
કહે પ્રીતમ સદ્‌ગુરુ સેવતાં, ટળે અંતર એકરસ થાય. હરિ.

## ૩. અખાનું ભજન

સમજ વિનાનું રે સુખ નહિ જીવને રે જી,
સાધકને (એ) અનુભવથી ઓળખાય, (૨)
પોતાંનામાં દરશે રે પોતે જ્યારે આતમા રે જી,
ત્યારે તેનું 'હું' પદ સહેજે રે જાય. (૨) ૧

પારસ વગરનો રે કોઈ પથ્થરો મળે રે જી,
તેથી લોહ ફીટી ન કંચન થાય, (૨)
સદ્‌ગુરુ વિના રે સાધન જે કોઈ કરે રે જી,
તેથી તેનું જીવપણું નવ જાય. (૨) ૨



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રવિ રવિ કરતાં રે રજની તો મટે નહિ રે જી,
અંધારું તો અર્ક ઉગ્યા પછી જાય, (૨)

હદે રવિ ઊગે રે ગુરુગમ (અનુભવ) જ્ઞાનનો રે જી,
ત્યારે તેને સુખનો સિંધુ જણાય. (૨) ૩

જળ જળ કરતાં રે તૃષા કદિ ટળે નહિ રે જી,
ભોજનના સ્મરણથી ભૂખ ન જાય; (૨)
પ્રેમરસ પીતાં રે તુરત તૃષ્ણા મટે રે જી,
ત્યારે તેને આનંદનિધિ ઊભરાય. (૨) ૪

દસ મણ અગ્નિ રે લેખે કોઈ કાગળે રે જી,
ઈ કાગળીયો રૂ માંહે લઈને મુકાય; (૨)
લખેલા અંગારે રે રૂ ઈ બળતું નથી રે જી,
રતિ એક સાચી જો આગ પ્રગટાય. (૨) ૫

અવિદ્યા ટળે છે રે અનહદ ચિંતવે રે જી,
એહ વાણી રહિત છે રે વિચાર (૨)
જે જે નર સમજ્યા રે તે તે ત્યાં સમી ગયા રે જી,
'અખો' કહે ઊતરશે ઈ ભવપાર. (૨) ૬

## સ્તવન

મલ્લિ જિણેસર મુજને તુમે મિલ્યા, જેહમાંહી સુખકંદ વાલ્હેસર;
તે કળિયુગ અમે ગિરૂઓ લેખવું, નવિ બીજા યુગવૃંદ. વા૦ ૧

આરો સારો રે મુજ પાંચમો, જિહાં તુમ દર્શન દીઠ; વા૦
મરૂભૂમિ પણ થિતિ સુરતરૂ તણી, મેરૂ થકી હુઈ ઇઠ. વા૦ ૨

પંચમ આરે રે તુમ મેલાવડે, રૂડો રાખ્યો રે રંગ; વા૦
ચોથો આરો રે ફિર આવ્યો ગણું, વાચક યશ કહે ચંગ. વા૦ ૩



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ॐ

## વિભાગ-૩

# મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત આઠ દૃષ્ટિની સજઝાય ભાવાર્થ સહિત

# આઠ દૃષ્ટિની સજઝાય

આ આઠ દૃષ્ટિ આત્માની દશામાપક થર્મોમિટર યંત્ર સમાન છે. તે મુખપાઠે કરી તેના **અર્થ** વિચારવા યોગ્ય છે, એમ પરમ કૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે.

શરૂઆતની પાંચ ગાથા પ્રસ્તાવના રૂપે છે :

### પ્રથમ મિત્રાદૃષ્ટિ - ઢાળ પહેલી

*(ચતુર સ્નેહી મોહના-એ દેશી)*

**શિવસુખ કારણ ઉપદિશી, યોગતણી અડ દિટ્ઠિ રે;**
**તે ગુણ થુણી જિનવીરનો, કરશું ધર્મની પુટ્ઠિ રે;**
**વીર જિનેસર દેશના. ૧**

અનાદિ કાળથી આત્માને પોતાના સ્વરૂપની ભ્રાંતિ રહી ગઈ છે. તે ભ્રાંતિ ટળે અને સ્વસ્વરૂપની સાચી સમજ મળે, બાહ્ય પરિણતિ ટળીને અંતર પરિણતિ થાય તે યોગ. અથવા અંતરાત્મા પરમાત્મા સાથે જોડાય તે યોગ, અથવા મોક્ષ સાથે જે જોડે તે યોગ. આવા યોગની પ્રાપ્તિ માટે અને અંતે મોક્ષયોગ એટલે કે મોક્ષપ્રાપ્તિ માટે આ આઠ દૃષ્ટિની સજ્ઝાય દ્વારા શ્રી યશોવિજયજી મહારાજ સાહેબે વીર ભગવાનનો ઉપદેશ આરાધવાની યોજનાબદ્ધ સમજ આપી છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :** મોક્ષસુખની પ્રાપ્તિ થવા માટે યોગની આ આઠ દૃષ્ટિથી બોધ આપ્યો છે. જિનવરદેવના તે બોધને - પરમ ઉપકારને સ્તવીને ધર્મની પુષ્ટિ કરશું. આમાં વીરપ્રભુની દેશના અનુસાર સર્વ કથન છે.

આ આઠે દૃષ્ટિ સંકલનાબદ્ધ છે, જ્ઞાન અને વર્તનમાં ઉન્નતિ કરતાં બોધબળની વૃદ્ધિ, દોષોનો હ્રાસ, ગુણોનો વિકાસ આદિ અનુક્રમે પ્રાપ્ત થાય છે. તે નીચે મુજબ હોય છે.

| | દૃષ્ટિનું નામ | બોધને ઉપમા | યોગનાં અંગ | દોષ ત્યાગ | ગુણ પ્રાપ્તિ |
|---|---|---|---|---|---|
| ૧. | મિત્રા | તૃણ અગ્નિ | યમ | ખેદ | અદ્વેષ |
| ૨. | તારા | ગોમય અગ્નિ | નિયમ | ઉદ્વેગ | જિજ્ઞાસા |
| ૩. | બલા | કાષ્ટ અગ્નિ | આસન | ક્ષેપ | શુશ્રુષા |
| ૪. | દીપ્તા | દીપ પ્રભા | પ્રાણાયામ | ઉત્થાન | શ્રવણ |
| ૫. | સ્થિરા | રત્ન પ્રભા | પ્રત્યાહાર | ભ્રાંતિ | સૂક્ષ્મ બોધ |
| ૬. | કાંતા | તારાભ્ર પ્રભા | ધારણા | અન્યમુદ્ | મીમાંસા |
| ૭. | પ્રભા | અર્ક પ્રભા | ધ્યાન | રોગ | પ્રતિપત્તિ |
| ૮. | પરા | શશિ પ્રભા | સમાધિ | આસંગ | પ્રવૃત્તિ |

**સઘન અઘન દિનરયણીમાં, બાલ વિકલ ને અનેરા રે;**
**અર્થ જુએ જેમ જુજુઆ, તેમ ઓઘ નજરના ફેરા રે. વીર. ૨**

**ભાવાર્થ :** વાદળાંવાળા કે વાદળાં વિનાનાં દિવસ કે રાત્રીમાં કોઈ બાળક, વૃદ્ધ, ચિત્તભ્રમવાળાં કે વિકારી નેત્રવાળા જુવો એક જ પદાર્થને જુદાજુદા રૂપે જુએ છે. તેમ જ ઓઘ દૃષ્ટિવાળા જીવો ધર્મ સંબંધી પોત પોતાની સમજણ મુજબ ભિન્ન ભિન્ન મત ધરાવે છે.

**દર્શન જે થયાં જુજુઆં, તે ઓઘ નજરને ફેરે રે;**
**ભેદ થિરાદિક દૃષ્ટિમાં, સમકિત દૃષ્ટિને હેરે રે. વીર. ૩**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :** જગતના જીવોને જે પોતાની ભિન્ન ભિન્ન સમજને કારણે મતભેદ થયા છે તે મિથ્યાજ્ઞાન અથવા ઓઘ દૃષ્ટિને કારણે થયા છે પરંતુ થિરા આદિ દૃષ્ટિમાં સમકિત દૃષ્ટિનો યોગ હોય છે. અને તેથી સમજ-અભિપ્રાય બદલાય છે.

**દર્શન સકલના નય ગ્રહે, આપ રહે નિજ ભાવે રે;**
**હિતકરી જનને સંજીવની, ચારો તેહ ચરાવે રે. વીર. ૪**

**ભાવાર્થ :** આઠ દૃષ્ટિનાં પગથિયાં ચડતો જીવ પોતાની ખોટી માન્યતાની પકડ છોડી દે છે અને બધાં દર્શનોનાં દૃષ્ટિબિંદુને જેમ છે તેમ સમજે છે. વળી પોતે પોતાના સ્વભાવમાં રહે છે ને બીજા લોકોને પણ હિતકારક બોધ 'સંજીવની ચારા'ના ન્યાયે આપે છે.

**સંજીવની ચારાનું દૃષ્ટાંત :** એક પુરુષને બે સ્ત્રીઓ હતી. તેમાંની નાની સ્ત્રીએ પતિને પોતાને વશ કરવા માટે તેને મંત્રેલું ઔષધ આપ્યું. તે ઔષધના પ્રભાવથી તે પુરુષ બળદ બની ગયો. કેમ કે તે મંત્રમાં કાંઈક ચૂક આવી ગયેલી. આથી બંને સ્ત્રીઓ બહુ દુ:ખી થઈ ગઈ. પછીથી તેમાંની મોટી સ્ત્રી એક દિવસ તે બળદને એક ઝાડ નીચે ચરાવતી હતી અને શોકમાં રડતી હતી. તેવામાં વિદ્યાધર અને વિદ્યાધરી વિમાનમાં ઉપરથી પસાર થયા. વિદ્યાધરીએ પેલી સ્ત્રીને રડતી જોઈને તેનું કારણ વિદ્યાધરને પૂછ્યું. વિદ્યાધરનો જવાબ સાંભળી તેણીએ આ બળદને ફરી મનુષ્ય બનાવવા માટેનો ઉપાય વિદ્યાધરને પૂછ્યો. વિદ્યાધરે કહ્યું કે આ જ ઝાડ નીચે સંજીવની વનસ્પતિ છે તેને આ બળદ ચરે તો તુરત મનુષ્ય બને. આ બંને વચ્ચેની વાતચીત પેલી સ્ત્રીના સાંભળવામાં આવી તેણીએ તો તે ઝાડ નીચેની વનસ્પતિ કાપી લાવીને બળદના મોઢા પાસે ઢગલો કર્યો. બળદ તે ખાવા લાગ્યો. જેવી પેલી સંજીવની વનસ્પતિ બળદના ખાવામાં આવી કે તરત તે મનુષ્ય બની ગયો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**દૃષ્ટિ થિરાદિક ચારમાં, મુગતિ પ્રયાણ ન ભાજે રે;**
**રયણિશયન જેમ શ્રમ હરે, સુર નર સુખ તેમ છાજે રે. વીર. ૫**

**ભાવાર્થ :** સ્થિરા આદિ ચાર દૃષ્ટિમાં પ્રવર્તતા જીવને પોતે મોક્ષમાર્ગે જે પ્રયાણ કર્યું તેમાં ભંગ થતો નથી. (પ્રારંભની જે ચાર દૃષ્ટિ છે તેમાં પ્રવર્તતો જીવ દર્શનથી ભ્રષ્ટ થાય તો સંસારમાં પરિભ્રમણ કરે છે) પરંતુ થાકેલા મુસાફરને જેમ રાત્રે ઊંઘ લેવાથી થાક ઊતરી જાય છે. તેમ આ પાંચમી દૃષ્ટિમાં પહોંચી ગયેલો જીવ પુરુષાર્થ કરતાં આયુષ્ય પૂરું કરે તો બીજા ભવમાં ઉત્તમ દેવગતિ, મનુષ્યગતિનું સુખ પામે છે અને શુદ્ધ સમ્યગ્દર્શન સહિત હોવાથી ત્યાં પણ મોક્ષભાવનાને દૃઢ કરે છે.

**એહ પ્રસંગથી મેં કહ્યું, પ્રથમ દૃષ્ટિ હવે કહીએ રે;**
**જિહાં મિત્રા તિહાં બોધ જે, તે તૃણઅગનિસો લહીએ રે. વીર. ૬**

**ભાવાર્થ :** આટલી વાત પ્રસંગોચિત પ્રસ્તાવના રૂપે કહી હવે પહેલી દૃષ્ટિ કહું છું. આ પહેલી 'મિત્રા' દૃષ્ટિમાં વર્તતો જીવ જે બોધ પામે છે તેનું બળ ઘાસના - તૃણના અગ્નિ જેવું હોય છે. બોધની તાત્કાલિક અસર થાય. તેથી ભાવમાં એકદમ ઊભરો આવે પણ તે લાંબો વખત ટકે નહીં તેવો હોય છે.

**વ્રત પણ યમ ઇહાં સંપજે, ખેદ નહીં શુભ કાજે રે;**
**દ્વેષ નહીં વળી અવરશું, એહ ગુણ અંગ વિરાજે રે. વીર. ૭**

**ભાવાર્થ :** આ દૃષ્ટિમાં પાંચ યમ-અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ-વ્રતરૂપે ગ્રહણ કરાય છે. સારાં કાર્યો કરવામાં ખેદ નથી થતો. બીજા પ્રત્યે દ્વેષ નથી થતો. આવા ગુણ જીવને શોભાવે છે.

**યોગનાં બીજ ઇહાં ગ્રહે, જિનવર શુદ્ધ પ્રણામો રે;**
**ભાવાચારજ સેવના, ભવ-ઉદ્વેગ સુઠામો રે. વીર. ૮**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :** યોગના બીજરૂપ શ્રી જિનેશ્વર વીતરાગદેવને નિષ્કામ ભાવે વંદન, ભાવાચાર્ય એવા જ્ઞાની પુરુષની સેવા સુશ્રુષા, ભવભ્રમણથી છુટવાની પ્રબળ ભાવના રૂપ ઉદ્વેગ, આવા ત્રણ ગુણ આ દૃષ્ટિમાં પ્રાપ્ત થાય છે.

**દ્રવ્ય અભિગ્રહ પાળવા, ઔષધ પ્રમુખને દાને રે;**
**આદર આગમ આસરી, લિખનાદિક બહુ માને રે. વીર. ૯**

**ભાવાર્થ :** આ દૃષ્ટિમાં યોગના બીજ જેવા બીજા ગુણ-દ્રવ્યથી અભિગ્રહ પાળવો, ઔષધ આદિનું સત્પાત્રે દાન કરવું, આગમનો આદર કરવો અને આગમને આશ્રયી લેખન કરવું- કરાવવું, શાસ્ત્રનું બહુમાન કરવું વગેરે પ્રાપ્ત થાય છે.

**લેખન પૂજન આપવું, શ્રુત વાચના ઉદ્ગ્રાહો રે;**
**ભાવ વિસ્તાર સજ્ઝાયથી, ચિંતન ભાવન ચાહો રે. વીર. ૧૦**

**ભાવાર્થ :** સત્શ્રુતનું વિનય સહિત લેખન કરવું, કરાવવું, તેનું પૂજન કરવું. પોતે વાચન કરવું, અન્યને વાંચવા આપવું, ભાવ અને વિધિપૂર્વક શ્રુત શીખવાની આજ્ઞા ગ્રહણ કરવી, તેનો ભાવ-અર્થ અને વિસ્તાર સમજવો. સ્વાધ્યાય, ચિંતન, મનન કરવું. આ પણ યોગનાં બીજ છે.

**બીજ કથા ભલી સાંભળી, રોમાંચિત હુવે દેહ રે;**
**એહ અવંચક યોગથી, લહીએ ધરમ સનેહ રે. વીર. ૧૧**

**ભાવાર્થ :** યોગના બીજની સુંદર કથા સાંભળતાં પણ રોમાંચ ઉલ્લસે છે. અવંચક યોગ પ્રાપ્ત થાય અને તેથી ધર્મસ્નેહ પ્રગટે છે.

**સદ્ગુરુ યોગે વંદન ક્રિયા, તેહથી ફળ હોય જેહો રે;**
**યોગક્રિયા ફળ ભેદથી, ત્રિવિધ અવંચક એહો રે. વી. ૧૨**

**ભાવાર્થ :** જ્યારે સદ્ગુરુનો યોગ થાય ત્યારે તેની આજ્ઞામાં છળકપટ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રહિત વર્તે, વચન અને કાયાની પ્રવૃત્તિ પણ જ્ઞાનીની આજ્ઞાનુસાર કરે તે અવંચક યોગ. વિનય, ભાવભક્તિપૂર્વક વંદના આદિ ક્રિયા કરે તે અવંચક ક્રિયા. ને ગુરુ સાચા હોવાથી જે પુણ્ય રૂપ ફળ બંધાય તે મોક્ષમાર્ગને અવિરોધક હોય તેથી તે અવંચક ફળ. આમ જીવ પહેલી દૃષ્ટિમાં વર્તતો હોય ત્યારે યોગ, ક્રિયા અને ફળ ત્રણેય અવંચક થાય.

**ચાહે ચકોર તે ચંદ્રને, મધુકર માલતી ભોગી રે;**
**તેમ ભવિ સહજ ગુણે હોવે, ઉત્તમ નિમિત્ત સંજોગી રે. વીર. ૧૩**

**ભાવાર્થ :** ચકોર પક્ષી જેમ ચંદ્રને ચાહે છે. ભમરો જેમ માલતી ફૂલમાં આસક્ત થાય છે. તેમ ભવિ જીવ સ્વાભાવિક રીતે ઉત્તમ નિમિત્ત અને સંજોગ મળતાં તે પર પ્રીતિ ભાવ કરે છે.

**એહ અવંચક યોગ તે, પ્રગટે ચરમાવર્તે રે;**
**સાધુને સિદ્ધદશા સમું, બીજનું ચિત્ત પ્રવર્તે રે. વીર. ૧૪**

**ભાવાર્થ :** આવો અવંચક યોગ ચરમાવર્તમાં વર્તતા અલ્પ સંસારી જીવને પ્રગટે છે. જેમ સાધુને-સાધક જીવને સદા સિદ્ધદશાનું જ લક્ષ રહે છે તેમ આ દૃષ્ટિમાં રહેલ જીવનું લક્ષ સદા યોગ અને યોગના બીજમાં જ રહે છે.

**કરણ અપૂર્વના નિકટથી, જે પહેલું ગુણઠાણું રે;**
**મુખ્યપણે તે ઇહાં હોયે, સુયશ વિલાસનું ટાણું રે. વીર. ૧૫**

પહેલા અપૂર્વકરણની નિકટનું જે પહેલું ગુણઠાણું તે આ દૃષ્ટિના જીવોને પ્રાપ્ત થાય. એ પ્રાપ્તિ તે સારો યશ ફેલાય એવો અવસર ગણાય, એમ શ્રી યશોવિજયજી કહે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## બીજી તારાદષ્ટિ - ઢાળ બીજી

*(મનમોહન મેરે - એ દેશી)*

**દર્શન તારાદષ્ટિમાં મનમોહન મેરે, ગોમય અગ્નિ સમાન મ૦,**
**શૌચ, સંતોષ ને તપ ભલું મનમોહન મેરે, સજ્ઝાય ઈશ્વર ધ્યાન મ૦ ૧**

**નિયમ પંચ ઇહાં સંપજે મનમોહન મેરે, નહીં કીરિયા ઉદ્વેગ મ૦,**
**જિજ્ઞાસા ગુણ તત્ત્વની મનમોહન મેરે, પણ નહીં નિજ હઠ ટેગ મ૦ ૨**

**ભાવાર્થ :** બીજી તારાદૃષ્ટિમાં બોધનું બીજ છાણાના અગ્નિ જેવું, પહેલી દૃષ્ટિ કરતાં વધારે અને પ્રભાવ વધારે સમય ટકે તેવો હોય. શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરધ્યાન એમ પાંચ નિયમ રૂપે યોગનું નિયમ નામનું અંગ પ્રગટે. સારાં કાર્યો મુશ્કેલ હોય તો પણ તેમાં ઉદ્વેગ ન થાય. સત્ ગુણ અને તત્ત્વને જાણવાની જિજ્ઞાસા થાય. પણ પોતાની સમજનો- માન્યતાનો હઠાગ્રહ ન રહે.

**એહ દૃષ્ટિ હોય વરતતાં, મ૦ યોગકથા બહુ પ્રેમ; મ૦**
**અનુચિત તેહ ન આચરે મ૦ વાળ્યો વળે જેમ હેમ. મ૦ ૩**

**ભાવાર્થ :** આ દષ્ટિમાં વર્તતા મુમુક્ષુ સાધકને યોગકથા પર બહુ પ્રેમ હોય છે- સાંભળવી બહુ ગમે છે. પોતાના જીવનમાં અનુચિત આચરણ તો કરે જ નહીં. અને જેવી રીતે સોનાને જેમ વાળવું હોય તેમ વળે છે એ રીતે સદ્ગુરુ આજ્ઞા પ્રમાણે વર્તે.

**વિનય અધિક ગુણીનો કરે, મ૦ દેખે નિજ ગુણ હાણ; મ૦**
**ત્રાસ ધરે ભવભય થકી, મ૦ ભવ માને દુઃખખાણ. મ૦ ૪**

**ભાવાર્થ :** પોતાના કરતાં અધિક ગુણવંતનો વિનય કરે. પોતાનામાં ગુણની જે કાંઈ ખામી હોય તેનો ખ્યાલ કરે. ભવભ્રમણના ભયથી ત્રાસી જાય કેમ કે ભવપરિભ્રમણને દુઃખની ખાણ સમાન સમજે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**શાસ્ત્ર ઘણાં મતિ થોડલી, મ૦ શિષ્ટ કહે તે પ્રમાણ; મ૦**
**સુયશ લહે તે ભાવથી, મ૦ ન કરે જૂઠ ડફાણ. મ૦ ૫**

**ભાવાર્થ :** શાસ્ત્રો ઘણાં છે અને એ સમજવા જેટલી બુદ્ધિ મારામાં નથી માટે જ્ઞાની કહે તે મને પ્રમાણ છે, એવી ભાવના આ દૃષ્ટિમાં વર્તતો જીવ રાખે. અને તેવી સમજણને કારણે પોતાને વિષે અસત્ય કે ખોટા ડોળ ન કરે. આમ કરવાથી આવા ભાવવાળા જીવને લોકમાં સુયશ મળે.

## ત્રીજી બલાદૃષ્ટિ - ઢાળ ત્રીજી

*(પ્રથમ ગોવાલણ તણે ભવે જી રે - એ દેશી)*

**ત્રીજી દૃષ્ટિ બલા કહીજી, કાષ્ટઅગ્નિ સમ બોધ;**
**ક્ષેપ નહીં આસન સધે જી, શ્રવણ સમીહા શોધ રે;**
**જિનજી, ધનધન તુજ ઉપદેશ. ૧**

**ભાવાર્થ :** આ ત્રીજી દૃષ્ટિમાં લાકડાના અગ્નિ જેવો લાંબા સમય સુધી બોધનો પ્રભાવ રહે છે. બોધની અસર પણ પ્રબળ પડે છે. યોગનું ત્રીજું અંગ આસન સાધ્ય બની જાય છે, સ્થિર થઈ જાય છે અને તેથી ક્ષેપ - ઉતાવળ - અધીરજ - નો દોષ દૂર થાય છે. શ્રવણની જિજ્ઞાસા વધે છે, પ્રભુના ઉપદેશ પ્રત્યે અહોભાવ જાગે છે.

**તરૂણ સુખી સ્ત્રી પરિવર્યો જી, જેમ ચાહે સુરગીત;**
**સાંભળવા તેમ તત્ત્વને જી, એ દૃષ્ટિ સુવિનીત રે. જિ૦ ૨**

**ભાવાર્થ :** જેમ કોઈ યુવાન તરૂણ સ્ત્રી સાથે બેસીને સુખે સમય પસાર કરતો હોય, તેવામાં દેવતાઈ સંગીત રેલાય તો તે સાંભળવા દોડી જાય છે. તેવી આ દૃષ્ટિવાળાને તત્ત્વ સાંભળવાની રૂચિ હોય છે અને વિનય પણ હોય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**સરી એ બોધ પ્રવાહની જી, એ વિણ શ્રુત થલ કૂપ;**
**શ્રવણ સમીહા તે કિસીજી, શયિત સુણે જેમ ભૂપ રે. જિં૦ ૩**

**ભાવાર્થ :** શુશ્રુષા ગુણ કૂવામાં ઊંડેથી આવતી પાણીની સરવાણી જેવો છે તેથી કૂવાનું પાણી ખૂટે નહીં તેમ બોધ સાંભળતાં સાંભળતાં સુવિચારણા રૂપ નવીનતા આવે એવો ગુણ પ્રગટે તે શુશ્રુષા છે. શુશ્રુષા ગુણ વિના પ્રાપ્ત થયેલો બોધ એ પાણી વિનાના કૂવા જેવો નિરર્થક બની રહે.

એ શુશ્રુષા ગુણ એવો છે કે બોધ સાંભળવા ન મળે તો પણ બોધનું માહાત્મ્ય જેના ચિત્તમાં છે તેને સહેજે કર્મના આવરણ ટળે. જેમ રાજા સૂતા સૂતા ફરિયાદ સાંભળે તે ન સાંભળી હોય તો પણ તેનો પ્રભાવ પડે તેમ.

**મન રીઝે તન ઉલ્લસેજી, રીઝે બુઝે એક તાન;**
**તે ઇચ્છા વિણ ગુણ કથાજી, બહેરા આગળ ગાન રે. જિં૦ ૪**

ભાવાર્થ : શ્રવણલાભથી આ દૃષ્ટિના જીવનું મન સંતુષ્ટ થઈ જાય. અને તન ઉલ્લાસમાં આવી જાય. એકતાન થઈને સાંભળે, આનંદે, બોધ પામે, આવી ઇચ્છા વિના ગુણની કથા બહેરા આગળ કરેલા ગાનની જેમ નિષ્ફળ થાય છે.

**વિઘન ઇંહાં પ્રાયે નહીં જી, ધર્મ હેતુમાં કોય;**
**અનાચાર પરિહારથી જી, સુયશ મહોદય હોય રે. જિં૦ ૫**

**ભાવાર્થ :** આ દૃષ્ટિએ પહોંચ્યા પછી ધર્મ પ્રવૃત્તિમાં, ધર્મનાં કારણોમાં ઘણું કરીને કોઈ વિઘ્ન આવતું નથી. અનાચારનો ત્યાગ થયેલ હોવાથી આવા જીવને સુયશ પ્રાપ્તિ રૂપ મહાભાગ્યનો ઉદય હોય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ચોથી દીપ્તાદૃષ્ટિ - ઢાળ ચોથી

*(ઝાંઝરીયા મુનિવર ધન ધન તુમ અવતાર-એ દેશી)*

**યોગ દૃષ્ટિ ચોથી કહી જી, દીપ્તા તિહાં ન ઉત્થાન;**
**પ્રાણાયામ તે ભાવથી જી, દીપપ્રભા સમ જ્ઞાન.**
**મનમોહન જિન જી, મીઠી તાહરી વાણ. ૧**

**ભાવાર્થ :** આ ચોથી દૃષ્ટિમાં ઉત્થાન નામનો દોષ દૂર થાય છે. બોધનું બળ દીવાના પ્રકાશ જેવું હોય છે. અને ભાવ પ્રાણાયામ હોય છે. મનને મોહ પમાડનારા હે પ્રભુ, તમારી વાણી મીઠી છે.

**બાહ્યભાવ રેચક ઇંહાં જી, પૂરક અંતર ભાવ;**
**કુંભક થિરતા ગુણે કરી જી, પ્રાણાયામ સ્વભાવ. મન૦ ૨**

**ભાવાર્થ :** આ દૃષ્ટિમાં વર્તતા જીવને યોગનું ચોથું અંગ પ્રાણાયામ પ્રાપ્ત થાય છે. અહીં જીવને બહિર્ભાવ તે રેચક છે. અંતર્ભાવ તે પૂરક છે અને સ્થિરતા એ કુંભક છે.

**ધર્મે અર્થે ઇંહાં પ્રાણને જી,- છાંડે, પણ નહીં ધર્મ;**
**પ્રાણ અર્થે સંકટ પડે જી, જુઓ એ દૃષ્ટિનો મર્મ. મન૦ ૩**

**ભાવાર્થ :** આ દૃષ્ટિવાળાને પ્રાણ કરતાં પણ ધર્મનું વધારે માહાત્મ્ય છે. ધર્મને ખાતર પ્રાણ છોડે પણ ધર્મ છોડે નહીં. પ્રાણ જાય એવું સંકટ આવે એમ અહીં બને તો પણ ધર્મને છોડતો નથી. એવું આ દૃષ્ટિનું રહસ્ય છે.

**તત્ત્વ શ્રવણ મધુરોદકે જી, ઇહાં હોય બીજ પ્રરોહ;**
**ખાર ઉદક સમ ભવ ત્યજેજી, ગુરુભક્તિ અદ્રોહ. મન૦ ૪**

**ભાવાર્થ :** તત્ત્વજ્ઞાનના બોધના શ્રવણ રૂપ પાણીના સીંચનથી યોગબીજને અહીં ફણગા ફૂટે છે. ખારા પાણી સમાન જે અનિષ્ટ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તત્ત્વો હતા તે નાશ પામે છે અને જીવ નિષ્કપટપણે ગુરુભક્તિ કરતો થાય છે.

**સૂક્ષ્મબોધ તો પણ ઇંહાં જી, સમકિત વિણ નવિ હોય;**
**વેદ્ય સંવેદ્ય પદે કહ્યો જી, તે ન અવેદ્યે જોય. મન૦ ૫**

**ભાવાર્થ :** આ દૃષ્ટિમાં જીવ હજુ સમકિતને પામ્યો નથી. ગ્રંથિભેદ થયો નથી હોતો, તેથી તેને સૂક્ષ્મબોધની પ્રાપ્તિ પણ ન હોય. સૂક્ષ્મબોધ તો વેદ્ય સંવેદ્ય પદે હોય અને આ દૃષ્ટિ તો અવેદ્ય પદ છે.

**વેદ્ય બંધ શીવ હેતુ છે જી, સંવેદન તસ નાણ;**
**નયનિક્ષેપે અતિ ભલું જી, વેદ્ય સંવેદ્ય પ્રમાણ. મન૦ ૬**

**ભાવાર્થ :** બંધનાં કારણ અને મોક્ષનાં કારણ એ જાણવા યોગ્ય એટલે કે વેદ્ય છે. અને તેનું જે જાણવું તે સંવેદ્ય-સંવેદન છે. આ વેદ્ય સંવેદ્ય પદ જેને પ્રાપ્ત થયું છે તેવો જીવ તત્ત્વોને નય, નિક્ષેપથી જાણે છે. તેથી તેની તત્ત્વ વિષેની સમજ-જ્ઞાન યથાતથ્ય હોય છે-રૂડું હોય છે.

**તે પદ ગ્રંથિવિભેદથી જી, છેહલી પાપ પ્રવૃત્તિ;**
**તપ્ત લોહ પદ ધૃતિ સમી જી, તિહાં હોય અંતે નિવૃત્તિ. મન૦ ૭**

**ભાવાર્થ :** ગ્રંથિભેદ થાય ત્યારે આ વેદ્ય સંવેદ્ય પદ પ્રાપ્ત થાય. તે પછીથી જે પાપપ્રવૃત્તિ કરે છે તે છેલ્લી હોય છે એટલે કે બંધનું કારણ હોતી નથી. કેમ કે તે બંધના ભયથી નાછૂટકે પ્રવૃત્તિ કરતો હોય છે. આપણે જેમ તપેલા લોઢા પર નાછૂટકે જ પગ મુકીએ તેમ એની પાપ પ્રવૃત્તિ હોય છે. અને તેથી અંતે ઉદય કર્મની નિવૃત્તિ થાય છે.

**એહ થકી વિપરીત છે જી, પદ તે અવેદ્ય સંવેદ્ય;**
**ભવાભિનંદી જીવને જી, તે હોય વજ્ર અભેદ્ય. મન૦ ૮**

**ભાવાર્થ :** અવેદ્ય સંવેદ્ય પદ આ વેદ્ય સંવેદ્ય પદથી વિપરીત છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભવાભિનંદી-સંસારમાં આસક્ત-જીવને તે પદ વજ્ર સમાન અભેદ્ય હોય છે.

**લોભી કૃપણ દયામણો જી, માયી મચ્છર ઠાણ;**
**ભવાભિનંદી ભય ભર્યો જી, અફલ આરંભ અયાણ. મન૦ ૯**

**ભાવાર્થ :** આ ભવાભિનંદી જીવ લોભી, કૃપણ, માયાવી, દયામણો, ઇર્ષાળુ અને ભયભીત હોય છે તેથી તેનાં કાર્યો નિષ્ફળ જાય છે. અને તેનું જીવન અજ્ઞાનમાં વીતે છે.

**એવા અવગુણવંતનું જી, પદ છે અવેદ્ય કઠોર;**
**સાધુ સંગ આગમતણો જી. તે જીત્યો ધુરંધોર. મન૦ ૧૦**

**ભાવાર્થ :** આવા આવા અવગુણ જેનામાં છે તે જીવ કટોર અવેદ્ય પદને ભોગવે છે. જ્યારે સાધુનો સંગ પામે અને આગમનું આરાધન કરે ત્યારે તે આ પદને જીતી ધુરંધર બને છે.

**તે જીતે સહેજે ટળે જી, વિષમ કુતર્ક પ્રકાર;**
**દૂર નિકટ હાથી હણે જી, જેમ એ બઠર વિચાર. મન૦ ૧૧**

**ભાવાર્થ :** આ અવેદ્ય પદને જે જીવ જીતે છે તેની સમજની વિષમતા અને હાનિકારક કુતર્કો સહેજે નાશ પામે છે. હાથી દૂરથી હણે કે નજીકથી હણે આવા મૂર્ખ પંડિત માણસના વિચાર જેવા વિચાર આપોઆપ ટળી જાય છે.

**બઠરનું દૃષ્ટાંત :** ન્યાય શાસ્ત્રનો અભ્યાસ કરીને આવતા એક માણસને રસ્તામાં ગાંડો હાથી મળ્યો. તેના પર બેઠેલો મહાવત લોકોને દૂર જવા કહેતો હતો. બીજા લોકો તો દૂર ભાગી ગયા પણ આ માણસ પોતાના ન્યાયશાસ્ત્રના અભ્યાસ મુજબ તર્ક કરતો ત્યાં જ ઊભો રહ્યો. તે એમ વિચારતો હતો કે હાથી પ્રાપ્તને હણે છે કે અપ્રાપ્તને ? જો પ્રાપ્તને હણતો હોય તો તેના પર બેઠેલા મહાવતને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હણે અને અપ્રાપ્તને હણતો હોય તો દૂર ભાગી ગયેલા લોકોને હણે. આવા તર્કમાં ઊભેલા તે માણસને હાથીએ સૂંઢમાં પકડી લીધો અને ચીરી નાખ્યો.

**હું પામ્યો સંશય નહીં જી, મૂરખ કરે એ વિચાર,**
**આળસુઆ ગુરુશિષ્યનો જી, તે તો વચન પ્રકાર. મન૦ ૧૨**

**ભાવાર્થ :** મૂર્ખ સદા પોતાને ડાહ્યો અને જ્ઞાની સંશય રહિતપણે માનતો હોય છે. આળસુ ગુરુ શિષ્યની વિચારસરણી જેવી આવા મૂર્ખની વિચારસરણી-વચન હોય છે.

**દૃષ્ટાંત :** એક ગામની બહાર ઝૂંપડીમાં ગુરુ-ચેલો રહે. તે બંને આળસુ. ભિક્ષા લેવા જવામાં પણ તેમને આળસ. ઊઠવા બેસવામાં ય આળસ. એક રાત્રીએ બંને ઝૂંપડીની બહાર સૂતેલા. શિયાળાના દિવસો. ઓઢવા પાથરવાના ઠેકાણા નહીં. ઠંડી વધતી ચાલી એમાં ગુરુ જાગી ઊઠ્યા. આળસુ એવા કે આંખ ઉઘાડવી પણ તેને ન પોસાય. બંધ આંખે જ શિષ્યને પૂછ્યું. "હે શિષ્ય ! આપણે ઝૂંપડીમાં છીએ કે બહાર ? આ ઠંડી તો બહુ લાગે છે." શિષ્ય પણ સવાયો આળસુ. તે પણ આંખ બંધ રાખીને સૂતાં સૂતાં જ બોલ્યો. "આપણે ઝૂંપડીમાં જ છીએ." બંને વળી સૂઈ ગયા. ત્યાં કૂતરો ટાઢથી બચવા ગુરુ પાસે આવીને સૂતેલો તેનું પૂંછડું ગુરુના હાથમાં આવ્યું. તો શિષ્યને પૂછવા લાગ્યા-હે શિષ્ય ! આ પૂંછડું છે કે શું ? ત્યારે શિષ્યે કહ્યું કે એ તો તમારી કાચડીનો છેડો છે. આંખ ઉઘાડે તો જ શિષ્યને સાચો ખ્યાલ આવે ને ? આમ બંને આળસમાં ને આળસમાં ઠંડીમાં પડ્યા રહ્યા. સવારે હિમ પડવાથી બંને ઠરી ગયા અને મૃત્યુ પામ્યા.

**ધીજે તે પતિઆવવું જી, આપ મતે અનુમાન;**
**આગમને અનુમાનથી જી, સાચું લહે સુજ્ઞાન. મન૦ ૧૩**

**ભાવાર્થ :** સ્વમતિ કલ્પનાથી અને પોતાની સમજણ ને અનુમાનથી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમકિત થયાનું માની લે તેથી લાભ ન થાય. પરંતુ આગમના અનુમાનથી પોતાની દશાને, પ્રાપ્ત ગુણોને આગમકથન સાથે સરખાવી નક્કી કરે તો સાચું જ્ઞાન-સાચો ખ્યાલ મેળવી શકે.

**નહીં સર્વજ્ઞ જુજુઆ જી, તેહના જે વળી દાસ;**
**ભક્તિ દેવની પણ કહી જી, ચિત્ર અચિત્ર પ્રકાશ. મન૦ ૧૪**

**ભાવાર્થ :** જગતમાં અનેક ધર્મ પ્રવર્તે છે. પરંતુ આપ્ત પુરુષના વચનને અનુસરીને સ્યાદ્વાદથી વિચારવામાં આવે તો જણાય કે ત્રણેય કાળમાં જે જે સર્વજ્ઞો થયા છે, થાય છે અને થશે, તેઓના જ્ઞાનમાં ફેર નથી. તેમજ સર્વજ્ઞને અનુસરનારા શ્રુતકેવલિ વગેરેનું જ્ઞાન પણ તેવું જ હોય છે. પરંતુ તે વાણીને સમજવામાં બુદ્ધિ અનુસાર ભેદ પડે છે. જગતમાં ચિત્ર અચિત્ર પ્રકાશવાળી ભક્તિ પ્રવર્તે છે તેનું કારણ પણ એ જ છે.

**દૃષ્ટાંત :** ચિત્રકલાના ચોકસી એવા એક રાજાએ પોતાના કલાભુવનમાં ચિત્રકારોની હરિફાઈ ગોઠવી. ઉત્તમ કલાકારને મોટું ઇનામ આપવાની જાહેરાત કરી. દેશ પરદેશના સારા સારા ચિત્રકારો આ હરિફાઇમાં ભાગ લેવા આવ્યા. કલાભવનમાં ભીંતનો થોડો થોડો ભાગ દરેક હરિફને ચિત્ર કરવા માટે આપવામાં આવ્યો. દરેક કલાકાર ઉત્તમ ચિત્ર બનાવવા માટે પોતાની બધી જ બુદ્ધિ અને કલાશક્તિનો ઉપયોગ કરવામાં મશગુલ હતા. સમયને અંતે બધાના ચિત્રો તૈયાર થઈ ગયા ત્યારે એક વિશિષ્ટ ચિત્રકાર તો પોતાને મળેલ ભીંતના ભાગ આડો પડદો લગાવીને એ ભાગને ઘસી ઘસીને સ્વચ્છ અરીસા જેવી ચકચકિત બનાવી મનમાં મલકી રહ્યો હતો.

સમય પૂરો થતાં રાજાસાહેબ પરીક્ષા કરવા પધાર્યા. એક પછી એક ચિત્ર જોતા જાય ને ચિત્ર અંગે પોતાનો અભિપ્રાય બતાવતા જાય. એમ બધા ચિત્રો જોયા પછી પરિણામની જાહેરાત માટે સૌ ઉત્સુક હતા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેવામાં પડદો ઉપડ્યો. અરિસા જેવી સ્વચ્છ દિવાલમાં કલાભવનના સુંદર ચિત્રો પ્રતિબિંબિત થયેલા જોઈ સૌ દિગ્મૂઢ થઈ ગયા. પરિણામ જાહેર કરવાની કોઈ આવશ્યકતા જ ન રહી. આ અચિત્ર ચિત્રકાર આપોઆપ વિજેતા થઈ ગયો. આ અચિત્ર ચિત્ર જેવી જ અચિત્ર ભક્તિ છે. અને સચિત્ર ચિત્રો જેવો ચિત્ર ભક્તિનો પ્રકાર છે.

**દેવ સંસારી અનેક છે જી, તેહની ભક્તિ વિચિત્ર;**
**એક રાગ પર દ્વેષથી જી, એક મુક્તિની અચિત્ર. મન૦ ૧૫**

**ભાવાર્થ :** સંસારી દેવો અનેક છે. તેમની ભક્તિ પણ અનેક પ્રકારે કરવામાં આવે છે. કોઈની ભક્તિ રાગથી કરવામાં આવે છે તો કોઈની દ્વેષથી (ભયથી) કરવામાં આવે છે. પરંતુ મુક્તિ માટેની જે ચિત્તવિશુદ્ધિરૂપ રાગ દ્વેષ રહિત, શાંત ચિત્તે વીતરાગદેવની ભક્તિ કરવામાં આવે છે એ તો એક જ પ્રકારની હોય છે. તેને અચિત્ર ભક્તિ કહીએ.

**ઇંદ્રિયાર્થગત બુદ્ધિ છે જી, જ્ઞાન છે આગમ હેત;**
**અસંમોહ શુભકૃતિ ગણે જી, તેણે ફળભેદ સંકેત. મન૦ ૧૬**

**ભાવાર્થ :** માત્ર ઇન્દ્રિયગોચર પદાર્થનો આશ્રય કરનાર તે બુદ્ધિમાન છે. આગમ અનુસાર અતીન્દ્રિય પદાર્થને પણ જે સમજે તે જ્ઞાનવાન છે. અને મોહરહિત થઈ આત્મ હિતાર્થે જે પ્રવર્તે તે અસંમોહ ક્રિયાવંત છે. એમ આશય ભેદને કારણે એક જ ક્રિયાના ફળમાં ભેદ પડી જાય છે.

**આદર કિરિયા રતિ ઘણી જી, વિઘન ટળે મિલે લચ્છિ;**
**જિજ્ઞાસા બુદ્ધ સેવના જી, શુભ કૃતિ ચિહ્ન પ્રત્યચ્છિ. મન૦ ૧૭**

**ભાવાર્થ :** ધર્મક્રિયા આદર અને પ્રેમભાવ સાથે કરવાથી વિઘ્નો ટળે છે અને આત્મધર્મરૂપ લક્ષ્મી પ્રગટે છે. જ્ઞાની પુરુષોની સેવા અને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તત્ત્વજિજ્ઞાસા એ શુભ કાર્યો પુણ્યબંધનાં પ્રત્યક્ષ ચિહ્ન છે.

**બુદ્ધિક્રિયા ભવફલ દીએ જી, જ્ઞાનક્રિયા શિવ અંગ;**
**અસંમોહ કિરિયા દીએ જી, શીઘ્ર મુક્તિફલ ચંગ. મન૦ ૧૮**

**ભાવાર્થ :** માત્ર પોતાની બુદ્ધિ-સમજ મુજબ કરેલી ક્રિયા તેનું ફળ ભવ-ચાર ગતિ રૂપ સંસાર છે. જ્યારે જ્ઞાનીની આજ્ઞાએ કરેલ જ્ઞાન ક્રિયા કલ્યાણના અંગરૂપ ફળ આપે છે. અસંમોહ-મોહ રહિત-શુદ્ધ ભાવે કરેલ ક્રિયા બહુ શીઘ્ર મુક્તિ ફળ આપે છે.

**પુદ્ગલ રચના કારમી જી, તિહાં જસ ચિત્ત ન લીન;**
**એક માર્ગ તે શિવ તણો જી, ભેદ લહે જગદીન. મન૦ ૧૯**

**ભાવાર્થ :** જે મોહ રહિત ક્રિયા કરે છે તેઓનું ચિત્ત પુદ્ગલના પ્રસંગમાં ઠરતું નથી. એવા જીવોને તો પુદ્ગલની રચના દુઃખદાયક લાગે છે. મોક્ષનો માર્ગ એક જ છે પણ જગતના પામર જીવો તેમાં ભેદ પાડે છે.

**શિષ્ય ભણી જિન દેશના જી, કહે જન પરિણતિ ભિન્ન;**
**કહે મુનિની નય દેશના જી, પરમાર્થથી અભિન્ન. મન૦ ૨૦**

**ભાવાર્થ :** જિનેશ્વર ભગવાનની દેશના સર્વ જીવો પ્રત્યે હોય છે પણ શ્રોતાઓની પરિણતિ ભિન્ન હોય છે. મુનિઓ જુદા જુદા દૃષ્ટિબિંદુને આશ્રયીને દેશના આપે છે પણ તેમાં મોક્ષ પ્રાપ્તિ એ જ એક પરમાર્થ હોવાથી તે અભિન્ન હોય છે.

**શબ્દભેદ ઝગડો કિશ્યો જી, પરમારથ જો એક,**
**કહો ગંગા કહો સુર નદીજી, વસ્તુ ફરે નહીં છેક. મન૦ ૨૧**

**ભાવાર્થ :** જુદા જુદા દર્શનોમાં એક જ તત્ત્વને જુદા જુદા શબ્દોથી બતાવ્યું હોય તો તેવા શબ્દભેદને કારણે ઝગડો કેમ ઘટે ? ગંગા નદીને કોઈ સુરનદી કહે તો તેથી કાંઈ એપાણી કે એ નદી જરાય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બદલાતી નથી. તેમ જુદાં નામ આપવાથી તત્ત્વ કે માર્ગ બદલાઈ જતો નથી.

**ધર્મ ક્ષમાદિક પણ મટે જી, પ્રગટે ધર્મ સંન્યાસ;**
**તો ઝગડા જોટા તણો જી, મુનિને કવણ અભ્યાસ. મન૦ ૨૨**

**ભાવાર્થ :** મુનિને આગળ વધતા ક્ષમા વગેરે ધર્મો પણ છુટી જાય છે અને ધર્મ સન્યાસ યોગ પ્રગટે છે. તો પછી ઝઘડા કરવા તેમને કેમ ઘટે ?

**અભિનિવેશ સઘળો ત્યજી જી, ચાર લહી જેણે દૃષ્ટિ,**
**તે લેશે હવે પંચમી જી, સુયશ અમૃત ઘનવૃષ્ટિ. મન૦ ૨૩**

**ભાવાર્થ :** આ દૃષ્ટિમાં આવેલો જીવ ખોટા મતાગ્રહ છોડી દે છે. અને પાંચમી દૃષ્ટિની પ્રાપ્તિને પાત્ર બને છે. એ પાંચમી સ્થિરાદૃષ્ટિ અમૃતની ઘનવૃષ્ટિ જેવી છે.

## પાંચમી સ્થિરાદૃષ્ટિ - ઢાળ પાંચમી

*(ધન ધન સંપ્રતિ સાચો રાજા-એ દેશી)*

**દૃષ્ટિ થિરા માંહે દર્શન નિત્યે, રત્નપ્રભા સમ જાણો રે,**
**ભ્રાંતિ નહીં વળી બોધ તે સૂક્ષ્મ, પ્રત્યાહાર વખાણો રે. ૧**

**ભાવાર્થ :** આ સ્થિરા દૃષ્ટિમાં બોધ રત્નપ્રભા જેવો નિત્ય રહેનારો હોય છે. અહિં ભ્રાંતિ નામનો દોષ દૂર થાય છે, સૂક્ષ્મ બોધ પ્રાપ્ત થાય છે. અને વખાણવા લાયક પ્રત્યાહાર નામનું યોગનું અંગ પ્રગટે છે.

**એ ગુણ વીર તણો ન વિસારું, સંભારું દિનરાત રે,**
**પશુ ટાલી સુરરૂપ કરે જે, સમકિતને અવદાત રે. ૨**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :** આ દૃષ્ટિએ પહોંચતા સમકિતની નિર્મળતાને કારણે પાશવિક વૃત્તિઓનો નાશ થાય છે. આવો લાભ થવામાં ઉપકાર કરનાર વીર પ્રભુનો આભાર હું કોઈ દિવસ નહીં ભૂલું. દિવસ અને રાત તેમના ઉપકારને સંભાર્યા કરીશ.

**બાલ ધૂલિ ઘર લીલા સરખી, ભવ ચેષ્ટા ઇહાં ભાસે રે;**
**રિદ્ધિ સિદ્ધિ સવિ ઘટમાં પેસે, અષ્ટ મહાસિદ્ધિ પાસે રે. એ ગુણ૦ ૩**

**ભાવાર્થ :** આ સ્થિરા દૃષ્ટિમાં સ્થિર થયેલ જીવોને સંસારનાં કાર્યો ધૂળમાં બાળકોએ કરેલ ઘરઘરની રમત જેવાં લાગે. રિદ્ધિ, સિદ્ધિ બધી ઘટમાં-શરીરમાં જ સમાયેલી જાણે. કેમ કે અષ્ટ મહાસિદ્ધિ તો તેના ખોળામાં આળોટતી હોય.

**વિષય વિકારે ન ઇન્દ્રિય જોડે, તે ઇહાં પ્રત્યાહારો રે;**
**કેવળ જ્યોતિ તે તત્ત્વ પ્રકાશે, શેષ ઉપાય અસારો રે. એ ગુણ૦ ૪**

**ભાવાર્થ :** આ દૃષ્ટિને પામેલ જીવ પોતાની ઇન્દ્રિયને વિકારમાં ન જોડે. આ સ્થિતિ તે પ્રત્યાહાર છે. કેવળ જ્ઞાન જ તત્ત્વનો પ્રકાશ કરે છે બાકી બીજા ઉપાયો નિરર્થક છે.

**શીતલ ચંદનથી પણ ઉપન્યો, અગ્નિ દહે જેમ વનને રે;**
**ધર્મજનિત પણ ભોગ ઇહાં તેમ, લાગે અનિષ્ટ તે મનને રે. એ ગુણ૦ ૫**

**ભાવાર્થ :** શીતળ ચંદનની ડાળ ઘસાતાં પ્રગટેલો અગ્નિ પણ જેમ વનને બાળી નાખે છે. તેમ ધર્મકાર્યથી ઉત્પન્ન થયેલ સુખ વૈભવ પણ આવા જીવને અનિષ્ટ લાગે છે.

**અંશે હોય ઇહાં અવિનાશી, પુદ્‌ગલ જાલ તમાસી રે;**
**ચિદાનંદઘન સુયશ વિલાસી, કેમ હોય જગનો આશી રે. એ ગુણ૦ ૬**

**ભાવાર્થ :** આ દૃષ્ટિએ પહોંચેલા જીવને અવિનાશી આત્માનો અંશે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અનુભવ હોય છે, તેથી તેને પુદ્ગલ પ્રસંગ જાળરૂપ અને તમાસા જેવા લાગે છે. ચૈતન્ય સ્વરૂપના આનંદના સમૂહરૂપી યશનો ભોગવનાર આ દૃષ્ટિવાળો જીવ હોય છે, તેથી તેને જગતના સુખની આશા કેમ હોય ? ન જ હોય.

## છઠ્ઠી કાંતાદૃષ્ટિ - ઢાળ છઠ્ઠી

*(ભોલીડા હંસા રે વિષય ન રાચીએ-એ દેશી)*

**અચપલ રોગ રહિત નિઠુર નહિ,અલ્પ હોય દોય નીતિ;**
**ગંધ તે સારો રે કાન્તિ પ્રસન્નતા, સુસ્વર પ્રથમ પ્રવૃત્તિ.**
**ધન ! ધન ! શાસન શ્રી જિનવરતણું. ૧**

**ભાવાર્થ :** પાંચમી દૃષ્ટિ સુધી પહોંચેલ જીવને મન વચન, કાયાના યોગ અચપળ હોય, ઉપયોગ અચપળ હોય, રોગ રહિત હોય, નિષ્ઠુરતા ન હોય, બંને નીતિ અલ્પ હોય. શરીરમાં સુગંધ ફેલાય, કાન્તિ પ્રગટે, પ્રસન્નતા આવે અને સ્વર સારો થાય.

અહો ! જિન ભગવાનનું શાસન પ્રશંસવા યોગ્ય છે, ધન્યવાદને પાત્ર છે.

**ધીર પ્રભાવી રે આગલે યોગથી, મિત્રાદિક યુત ચિત્ત,**
**લાભ ઇષ્ટનો રે દ્વંદ્વ અધૃષ્યતા, જન પ્રિયતા હોય નિત્ય. ધન૦ ૨**

**ભાવાર્થ :** આટલે સુધીની સાધનાને કારણે સાધક ધીરજવાન અને પ્રભાવશાળી બને છે. તેનું ચિત્ત મૈત્રી આદિ ભાવનાથી યુક્ત હોય છે. ઇષ્ટની તેને પ્રાપ્તિ હોય છે. માન-અપમાન, સુખ-દુઃખ આદિ દ્વંદ્વથી અપરાજિત બને છે. અને લોકોને નિત્ય પ્રિય હોય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**નાશ દોષનો રે તૃપ્તિ પરમ લહે, સમતા ઉચિત સંયોગ;**
**નાશ વૈરનો રે બુદ્ધિ શતંભરા, એ નિષ્પન્નહ યોગ. ધન૦ ૩**

**ભાવાર્થ :** જીવમાં જે દોષ હતા તેનો નાશ થઈ ગયો હોય છે અને સંતોષી બનેલ છે. સમતા ભાવ અને ઔચિત્ય આદિ ગુણોનો સંયોગ હોય છે. વૈરભાવનો નાશ થયેલ હોય છે. બુદ્ધિ શતંભરા બની હોય છે. જે આ દૃષ્ટિને પામ્યા છે તે સમ્યક્‌દૃષ્ટિ યોગીને આ બધું પ્રાપ્ત હોય છે.

**ચિહ્ન યોગનાં રે જે પરગ્રંથમાં, યોગાચારય દિઠ;**
**પંચમ દૃષ્ટિ થકી તે જોડીએ, એહવા તેહ ગરિઠ. ધન૦ ૪**

**ભાવાર્થ :** અન્ય દર્શનોના ગ્રંથોમાં યોગાચાર્યનાં જે ચિહ્નો યોગાચાર્યોએ વર્ણવ્યાં છે. તે બધાં પાંચમી દૃષ્ટિવાળા જીવને હોય છે, તેથી તે સાધક ગરિષ્ઠ હોય છે.

**છઠ્ઠી દિઠ્ઠી રે હવે કાંતા કહું, તિહાં તારાભ્ર પ્રકાશ;**
**તત્ત્વ મીમાંસા રે દૃઢ હોયે ધારણા, નહીં અન્ય શ્રુતવાસ. ધન૦ ૫**

**ભાવાર્થ :** કાંતા નામની છઠ્ઠી દૃષ્ટિમાં બોધ તારાના પ્રકાશ જેવો હોય છે. અહીં સુધી ચઢેલ જીવ તત્ત્વની વિચારણા કરવાને શક્તિમાન બને છે અને યોગનું છઠ્ઠું અંગ ધારણા પ્રગટે છે. એને બીજા શ્રુત શાસ્ત્ર પ્રત્યે પ્રેમ કે રૂચિ નથી હોતી.

**મન મહિલાનું રે વહાલા ઉપરે, બીજાં કામ કરંત;**
**તેમ શ્રુતધર્મે રે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત. ધન૦ ૬**

**ભાવાર્થ :** જેમ પતિવ્રતા સ્ત્રીને બીજાં કાર્યો કરતાં છતાં મન તો પોતાના પતિ તરફ જ રહે છે, તેમ સત્ શાસ્ત્રમાં મન લાગેલું રહે છે. આવા જીવ જ્ઞાન ધ્યાનમાં જ મન પરોવી રાખે છે.

શ્રીમદ્ રાજચંદ્રજી આ કડીનો ભાવાર્થ કરતાં કહે છે કે : "ઘર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંબંધી બીજાં સમસ્ત કાર્ય કરતાં થકાં પણ જેમ પતિવ્રતા સ્ત્રીનું મન પોતાના પ્રિય એવા ભરતારને વિષે લીન છે, તેમ વિક્ષેપ રહિત એવું જેનું વિચારજ્ઞાન થયું છે. એવો 'જ્ઞાનાક્ષેપકવંત' આત્મકલ્યાણની ઇચ્છાવાળો પુરુષ હોય તે જ્ઞાની મુખેથી શ્રવણ થયો છે એવો જે આત્મકલ્યાણરૂપ ધર્મ તેને વિષે નિશ્ચળ પરિણામે મનને ધારણ કરે."

**એહવે જ્ઞાને રે વિઘન નિવારણે, ભોગ નહીં ભવહેત;**
**નવિ ગુણ દોષ ન વિષય સ્વરૂપથી, મન ગુણ અવગુણ ખેત. ધન૦ ૭**

**ભાવાર્થ :** જેને એવું આક્ષેપક જ્ઞાન થયું છે અથવા જ્ઞાન પ્રત્યે પ્રીતિ થઈ છે એવા જ્ઞાનીને વિઘ્નના-કર્મના નિવારણ અર્થે ભોગ હોય છે, તેથી તેવો ભોગ સંસારનો હેતુ થતો નથી. આવા જીવને વિષયો પ્રત્યે રાગ પણ નથી હોતો અને દ્વેષ પણ નથી હોતો કેમ કે મનોજય કરેલ હોય છે. મન એ જ ગુણ અવગુણનું ક્ષેત્ર છે.

**માયા પાણી રે જાણી તેહને, લંઘી જાય અડોલ;**
**સાચું જાણી રે તે બીતો રહે, ન ચલે ડામાડોલ. ધન૦ ૮**

**ભાવાર્થ :** આ દૃષ્ટિનો જીવ માયા રૂપી સમુદ્રને યથાર્થ રીતે જાણીને તેને ઉલ્લંઘી જાય છે અને તેવા પ્રસંગમાં રાગદ્વેષને વશ થતા નથી. અડોલ-સાવધાન રહે છે. તેમની પાસે સમ્યક્જ્ઞાનરૂપી રત્ન છે તે ખોવાઈ ન જાય તે માટે માયાથી ડરતા રહે છે. તેમનું ચિત્ત ચળવિચળ થતું નથી.

**ભોગ તત્ત્વને રે એમ ભય નવિ ટળે, જૂઠા જાણે રે ભોગ;**
**તે એ દૃષ્ટિ રે ભવસાગર તરે, લહે વળી સુયશ સંયોગ. ધન૦ ૯**

**ભાવાર્થ :** જે જીવો ભોગને જ સારરૂપ માને છે, તેનો જન્મ, મરણનો ભય ટળે નહીં. ભોગમાં જે જીવો આસક્ત થાય છે તે અડોલ રહી શકે નહીં. એટલે કર્મબંધ રહિત હોય નહીં. તેથી ભવનાં દુઃખ ફરી ફરી પ્રાપ્ત થાય. પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં આરોપિત સુખ છે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એથી એ સુખ જૂઠાં-મૃગજળ જેવાં છે એમ જાણનાર મુમુક્ષુ અથવા જ્ઞાની સંસાર સમુદ્રને તરી જાય છે. યશોવિજયજી મહારાજ સાહેબ કહે છે કે આ દૃષ્ટિવાળા જીવ સુયશ મેળવી આત્માના અક્ષય સુખના વિલાસનો સંયોગ પ્રાપ્ત કરે છે.

## સાતમી પ્રભાદૃષ્ટિ - ઢાળ સાતમી

*(એ છીંડી ક્યાં રાખી-એ દેશી)*

**અર્કપ્રભા સમ બોધ પ્રભામાં, ધ્યાન પ્રિયા એ દિઠ્ઠી;**
**તત્ત્વતણી પ્રતિપત્તિ ઇહાં વળી, રોગ નહીં સુખ પુઠ્ઠી.**
**રે ભવિકા ! વીર વચન ચિત્ત ધરીએ. ૧**

**ભાવાર્થ :** આ સાતમી પ્રભા નામની દૃષ્ટિમાં સૂર્યના પ્રકાશ જેવો બોધ હોય છે. અહીં યોગનું સાતમું અંગ ધ્યાન પ્રગટે છે. અને જીવને ધ્યાન પર પ્રીતિ થાય છે. આ દૃષ્ટિમાં પ્રતિપત્તિ નામનો ગુણ પ્રગટે છે એટલે શુદ્ધ આત્મ તત્ત્વનું યથાર્થ દર્શન થાય છે. તેથી રોગ નામનો દોષ દૂર થાય છે અને સુખને પુષ્ટિ મળે છે. માટે હે ભવ્ય જીવો ! વીર ભગવાનના વચનને ચિત્તમાં ધારણ કરો.

**સઘળું પરવશ તે દુઃખલક્ષણ, નિજવશ તે સુખ લહીએ;**
**એ દૃષ્ટિ આતમગુણ પ્રગટે, કહો સુખ તે કુણ કહીએ ? રે ભવિકા૦ ૨**

**ભાવાર્થ :** પરવશતા એ દુઃખનું લક્ષણ છે અને નિજવશતા એ જ સુખ છે. આવી દૃષ્ટિથી, આવી સમજણથી આત્માનો જે સુખ ગુણ પ્રગટે છે તે સુખનું શું વર્ણન કરીએ ?

**નાગર સુખ પામર નવ જાણે, વલ્લભ સુખ ન કુમારી;**
**અનુભવ વિણ તેમ ધ્યાનતણું સુખ, કોણ જાણે નરનારી ? રે ભવિકા૦ ૩**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :** જેમ શહેરના ધનવાનોના સુખનો ખ્યાલ ગરીબોને આવી શકતો નથી, જેમ કુમારિકાને પતિસુખનો ખ્યાલ આવી શકતો નથી તેમ ધ્યાનના અનુભવ વિના ધ્યાનથી મળતા સુખનો ખ્યાલ કોઈને પણ આવી શકતો નથી.

**એ દૃષ્ટિમાં નિર્મળ બોધે, ધ્યાન સદા હોય સાચું;**
**દૂષણ રહિત નિરંતર જ્યોતિ, રત્ન તે દીપે જાચું. રે ભવિકા૦ ૪**

**ભાવાર્થ :** આ દૃષ્ટિએ પહોંચેલા જીવને બોધની નિર્મળતાને કારણે ધ્યાન પણ સાચું થાય છે. રત્નપ્રભા જેમ નિર્મળ જ્ઞાનપ્રકાશ નિત્ય નિરંતર રહે છે.

**વિષભાગ ક્ષય, શાંતવાહિતા, શિવમારગ ધ્રુવ નામ,**
**કહે અસંગ ક્રિયા ઇહાં યોગી, વિમલ સુયશ પરિણામરે. ભવિકા૦ ૫**

**ભાવાર્થ :** વિષભાગક્ષય એટલે વિકાર દૂર થવો તે બૌદ્ધ મતના યોગીઓ જેને વિષભાગક્ષય કહે છે, સાંખ્યમતના યોગીઓ જેને શાંતવાહિતા કહે છે. શૈવમતના યોગીઓ જેને શિવમાર્ગ કહે છે, પાતાંજલિ યોગ માર્ગના યોગીઓ જેને ધ્રુવમાર્ગ કહે છે અને જૈનદર્શનના યોગીઓ જેને અસંગ અનુષ્ઠાન કહે છે તે પ્રાપ્ત થયે અત્યંત વિમલ પરિણામ થાય છે. અને એ જ મોક્ષમાર્ગ છે એમ યશોવિજયજી મહારાજ સાહેબ કહે છે.

## આઠમી પરાદૃષ્ટિ - ઢાળ આઠમી

*(તુજ સાથે નહિ બોલું મારા વહાલા-એ દેશી)*

**દૃષ્ટિ આઠમી સાર સમાધિ, નામ પરા તસ જાણું જી,**
**આપ સ્વભાવે પ્રવૃત્તિ પુરણ, શશિસમ બોધ વખાણું જી;**
**નિરતિચાર પદ એહમાં યોગી, કહિયે નાહીં અતિચારી જી,**
**આરોહે આરૂઢે ગિરિને, તેમ એહની ગતિ ન્યારી જી. ૧**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :** આ આઠમી દૃષ્ટિનું નામ પરા છે. આમાં યોગનું સમાધિ નામનું અંગ પ્રગટે છે. આ દૃષ્ટિમાં વર્તતા જીવને પોતાના સ્વભાવમાં પૂર્ણપણે સ્થિતિ હોય, ચંદ્રપ્રભા જેવો બોધ હોય. આ પદના યોગીને અતિચાર નામનો દોષ લાગતો નથી માટે નિરતિચાર હોય છે. જેમ પર્વત પર ચઢતી વખતે થતી ક્રિયા પર્વત ચઢી ગયા પછી કરવાની રહેતી નથી તેમ આ શ્રેણીએ ચડી ગયેલા યોગીની ગતિ ન્યારી હોય છે.

**ચંદનગંધ સમાન ક્ષમા ઇહાં, વાસકને ન ગવેષે જી,**
**આસંગે વરજિત વળી એહમાં, કિરિયા નિજગુણ લેખે જી;**
**શિક્ષાથી જેમ રતન નિયોજન, દૃષ્ટિ ભિન્ન તેમ એહો જી,**
**તાસ નિયોગે કરણ અપૂરવ, લહે મુનિ કેવલ ગેહો જી. ૨**

**ભાવાર્થ :** ચંદનમાં જેમ સુવાસ સ્વાભાવિક હોય છે તેમ આ શ્રેણિમાં આવેલ જીવને ક્ષમા સ્વાભાવિક હોય છે, પ્રયત્નની કે બોધની જરૂર હોતી નથી. આ દૃષ્ટિમાં આસક્તિ નામનો દોષ દૂર થયો હોય છે તેથી બધી ધર્મક્રિયા સ્વાભાવિક-પોતાના ગુણરૂપે બની જાય છે. રત્નની પરીક્ષા કરતા શીખનારની દૃષ્ટિ અને રત્નના વેપારીની દૃષ્ટિમાં જેમ દૃષ્ટિભેદ હોય છે તેમ આ દૃષ્ટિમાં જે દર્શન હોય છે તે નિર્મળ હોય છે અને તેને કારણે અપૂર્વકરણની પ્રાપ્તિ થાય છે. અહીં મુનિ શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરે છે.

**ક્ષીણ દોષ સર્વજ્ઞ મહામુનિ, સર્વ લબ્ધિ ફલ ભોગી જી,**
**પર ઉપકાર કરી શિવસુખ તે, પામે યોગ અયોગી જી;**
**સર્વ શત્રુક્ષય સર્વ વ્યાધિલય, પૂરણસર્વ સમીહા જી,**
**સર્વ અરથયોગે સુખ તેહથી, અનંત ગુણ નિરીહા જી. ૩**

**ભાવાર્થ :** અપૂર્વકરણ પછી અને કેવલજ્ઞાન થતા પહેલાં બધા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દોષોનો ક્ષય કરી, સર્વ લબ્ધિ પ્રાપ્ત કરી, તેના ફળ રૂપ જે અનંત સુખ, તેના ભોગી તે સર્વજ્ઞ મહામુનિ થાય છે. તે ઇચ્છા રહિતપણે-સહેજે પર ઉપકાર કરી અયોગી જીવ મોક્ષ સુખને પામે છે.

અહીં તેને કર્મ રૂપ સર્વ શત્રુઓનો નાશ થાય છે, તેની સર્વ ઇચ્છા પૂરી થઈ જાય છે. આ લોકમાં જેટલાં સુખનાં સાધનો છે, પદાર્થો છે તેની પ્રાપ્તિથી, તેના ભોગથી થતા સુખ કરતાં પણ અનંતગણું સુખ આ શ્રેણીએ જીવ પામે છે, તેથી અન્યની ઇચ્છા રહિત બને છે.

**એ અડદિઠ્ઠી કહી સંક્ષેપે, યોગશાસ્ત્ર સંકેતે જી,**
**કુલયોગી ને પ્રવૃત્તચક્ર જે, તેહ તણે હિત હેતે જી;**
**યોગીકુલે જાયા તસ ધર્મે, અનુગત તે કુલયોગી જી,**
**અદ્વેષી ગુરુદેવદ્વિજ પ્રિય, દયાવંત ઉપયોગી જી. ૪**

**ભાવાર્થ :** યોગ શાસ્ત્રને આધારે આ આઠ દૃષ્ટિ અહીં સંક્ષેપમાં કહી છે. આ યોગદૃષ્ટિ આત્મસ્મૃતિ અર્થે તેમજ કુલયોગી અને પ્રવૃતચક્રના કલ્યાણ માટે પ્રેમપૂર્વક કહી છે.

યોગીકુળમાં જન્મ્યા હોય, તે તે ધર્મના અનુયાયી હોય તે કુલયોગી. અદ્વેષી હોય, સદ્ગુરુ, સત્‌દેવ અને સત્‌ધર્મ ઉપર પ્રીતિવાળા હોય, દયાળુ હોય તેમજ ઉપયોગી હોય. આવા ગુણવાળો પ્રવૃત્તચક્ર યોગી કહેવાય.

**સુશ્રુષાદિક અડગુણ સંપૂરણ, પ્રવૃતચક્ર તે કહિયે જી,**
**યમદ્વય લાભી પરદુગ અર્થી, આદ્ય અવંચક લહિયે જી;**
**ચાર અહિંસાદિક યમ ઇચ્છા,પ્રવૃત્તિ થિર સિદ્ધિ નામે જી,**
**શુદ્ધ રૂચેં પાલે અતિચારહ, ટાલે ફલ પરિણામે જી. ૫**

**ભાવાર્થ :** પ્રવૃતચક્ર યોગી તે કુલયોગીથી વિશેષ યોગ્યતાવાળા છે અને યોગમાર્ગમાં આગળ વધેલા હોય છે. તેમનામાં આઠ ગુણ જેવા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કે શુશ્રુષા, શ્રવણ, ગ્રહણ, ધારણ, વિજ્ઞાન, ઉહા, અપોહ, તત્ત્વાભિનિવેશ પૂર્ણપણે પ્રગટ થયેલ હોય છે.

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ એ પાંચ યમના પહેલા બે ભેદ ઇચ્છા અને પ્રવૃત્તિ તે પ્રવૃતચક્રયોગીને પ્રાપ્ત થયેલ હોય છે. અને બાકીના બે ભેદસ્થિર, સિદ્ધિની પ્રાપ્તિ માટે તે પુરુષાર્થી હોય છે. વળી તેઓ આદ્ય અવંચક હોય છે એટલે કે તેમને સદ્ગુરુની પ્રાપ્તિ હોય છે, તેમના સમાગમે ઉલ્લાસ આવતો હોય છે, તેમની આજ્ઞાના આરાધક હોય છે, તેથી શુદ્ધ રૂચિ ઉત્પન્ન થાય, અતિચાર દોષ રહિતપણે યમ પાળે અને તેના ફળ રૂપે કલ્યાણ પામે.

**કુલયોગી ને પ્રવૃતચક્રને, શ્રવણ શુદ્ધિ પક્ષપાત જી,**
**યોગદષ્ટિ ગ્રંથે હિત હોવે, તેણે કહી એ વાત જી;**
**શુદ્ધ ભાવ ને સૂની કીરિયા, બેહુમાં અંતર કેતો જી,**
**જલહલતો સૂરજ ને ખજુઓ, તાસ તેજમાં તેતો જી. ૬**

**ભાવાર્થ :** કુલયોગી ને પ્રવૃતચક્ર યોગીને ગ્રંથિભેદ થયો હોય છે તેથી આગળ વધવાની ખૂબ જિજ્ઞાસા હોય છે, જે આ કાળમાં દુર્લભ છે. તેમનો લક્ષ શુદ્ધ ભાવમાં સ્થિર થવાનો હોય છે. તેવા જીવોને આ યોગદષ્ટિનું શ્રવણ અને શુદ્ધ ભાવનો પક્ષપાત એ બંને લાભ થશે એમ ધારીને આ વાત લખી છે.

શુદ્ધ ભાવ અને ભાવ વગરની ક્રિયા એ બેના ફળમાં ઝળહળતા સૂર્યના પ્રકાશમાં અને આગિયાના પ્રકાશમાં જેટલો ફેર છે તેટલું અંતર હોય છે. એવો શુદ્ધ ભાવ થવામાં જીવની યોગ્યતા જરૂરી છે. એટલે આ ગ્રંથ યોગ્ય જીવને આપવો ઘટે છે.

**ગુહ્ય ભાવ એ કહિએ તેહશું, જેહશું અંતર ભાંજે જી,**
**જેહસું ચિત્ત પટંતર હોવે, તેહસું ગુહ્ય ન છાજે જી;**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**યોગ્ય અયોગ્ય વિભાગ અલહતો, કરશે મોટી વાતોજી,**
**ખમશે તે પંડિત પરખદમાં, મુષ્ટિપ્રહાર ને લાતો જી. ૭**

**ભાવાર્થ :** જેઓને કર્મથી આંતરો પડ્યો હોય એટલે કે ગ્રંથિભેદ થયો હોય તેમજ શુશ્રુષા ગુણ પ્રગટ્યો હોય તેવા જીવોને જ આ ગ્રંથનું રહસ્ય કહેવા યોગ્ય છે. જેઓનું મિથ્યાત્વ રૂપી અંતરપટ ટળ્યું નથી તેમજ સાંભળવાની જિજ્ઞાસા નથી એવા જીવને આ ગુપ્ત રહસ્ય કહેવું ઘટતું નથી.

યોગ્ય, અયોગ્યનો વિવેક કર્યા વિના જે આ ગ્રંથની ગૂઢ વાર્તા બાલ જીવોને કહેશે તે વક્તા વિદ્વાનોની પરિષદમાં ઠપકાને પાત્ર થશે.

**સભા ત્રણ શ્રોતા ગુણ અવગુણ, નંદીસૂત્રે દિસે જી,**
**તે જાણી એ ગ્રંથ યોગ્યને, દેજો સુગુણ જગીશે જી;**
**લોક પૂરજો નિજ નિજ ઇચ્છા, યોગ ભાવ ગુણ રયણે જી,**
**શ્રી નયવિજય વિબુધ પયસેવક, વાચક યશને વયણે જી. ૮**

**ભાવાર્થ :** શ્રી નંદિસૂત્રમાં ગુણ અવગુણને અનુસારે ત્રણ પ્રકારની સભા વર્ણવી છે - ૧. ભેદજ્ઞાની ઉત્તમ પુરુષોની સભા ૨. બાલ અજ્ઞાનીઓની સભા ૩. દંભી હઠાગ્રહીઓની સભા.

આ ઉપરથી શ્રોતાઓનાં લક્ષણો જાણીને જે યોગ્ય હોય તેને સદ્‌ગુણોની સમૃદ્ધિ થવાને અર્થે આ ગ્રંથ આપજો. તથા પ્રકારે આ આઠ દૃષ્ટિની સજ્ઝાયના રચયિતા શ્રી નયવિજય પંડિતના શિષ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજીનાં ભાવગુણરૂપી રત્નો વડે લોકને શોભાવજો. વચનોને આધારે ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ નામના ભાવગુણરૂપી રત્નો વડે લોકને શોભાવજો.

**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ**

**શ્રી સદ્‌ગુરુ ચરણાર્પણમસ્તુ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ૐ

## વિભાગ-૪

# આધ્યાત્મિક પત્રવ્યવહાર

# પ. પૂ. શ્રી સદ્‌ગુરુદેવ (બાપુજી) અને બ્રહ્મનિષ્ઠ શ્રી સદ્‌ગુણાબેન

### બ્રહ્મનિષ્ઠ બેન શ્રી સદ્‌ગુણાબેનની

## ❋ જીવન ઝરમર ❋

શ્રી સદ્‌ગુણાબેનનો જન્મ ભરુચ જિલ્લાના કેરવાડા ગામે તા. ૨૫, નવેમ્બર, ૧૯૨૮ના રોજ થયો.

અધ્યાત્મ માર્ગમાં ઉપકારી એવા સરળતા, નમ્રતા આદિ ગુણો લઇને આવેલ સદ્‌ગુણાબેને જન્મ લીધો માતા મહાલક્ષ્મીને ત્યાં. અને આ મનુષ્ય દેહ પામીને પોતે પોતાના જીવને ત્યાં પારમાર્થિક મહાલક્ષ્મીને જન્મ આપ્યો. એમણે આ સંસારમાં આશ્રય લીધો પિતા અમૃતલાલભાઈનો અને આધ્યાત્મિક સાધનમાં પણ આશ્રય લીધો અમૃતનો.

તેઓશ્રીને ત્રણ બહેન અને બે ભાઈ છે. માતાની મહત્ત્વાકાંક્ષા તમામ સંતાનોને ભણાવી વિદ્યાસંપન્ન બનાવવાની હતી. આથી તેમનું કુટુંબ આમોદમાં આવી વસ્યું, જ્યાં એમણે મેટ્રિક સુધી અભ્યાસ કર્યો. ત્યારબાદ તેમનું કુટુંબ મુંબઈ સ્થિર થતાં પોદાર કૉલેજમાં જી.એફ.એ.એમનો કૉર્સ કરી સને ૧૯૫૩માં ડૉકટરી પદવી પામ્યા. આયર્લેન્ડના ડબ્લીનમાં ટૂંકો પોસ્ટ ગ્રેજ્યુએટનો એલ.એમ.નો કૉર્સ કર્યો. એમના લગ્ન શ્રીયૂત્ ચિમનભાઈ જેઓ "ધન દોલત દેતા ભલા" એ ભાવના કૃતાર્થ કરી દાનવીર સી.યુ. શાહ તરીકે સમાજમાં પંકાયા-તેમની સાથે થયા.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



**બ્રહ્મનિષ્ઠ બેનશ્રી સદ્‌ગુણાબેન**

જન્મ : ૨૫-૧૧-૧૯૨૮, કેરવાડા (જિ. ભરૂચ)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગળથુથીમાં જ સદ્‌ગુણોને લઇને જન્મેલા સદ્‌ગુણાબેન માતાના હાથે ધાર્મિક સંસ્કાર પામ્યા. ધર્મનું પ્રાથમિક શિક્ષણ મહાલક્ષ્મી માતાની સાન્નિધ્યમાં દેવદર્શન, પ્રભુ પૂજા આદિથી પામ્યા. લગ્ન બાદ પૂ. કાનજીસ્વામીના પ્રવચનો સાંભળવા જતા. મુંબઇમાં સાગરમંદિરમાં શ્રીમદ્ રાજચંદ્રના સાહિત્યના વાચન-શ્રવણનો અમૂલ્ય લાભ લેતા. કુદરતના સંકેત મુજબ, આકસ્મિક રીતે, સાયલા નિવાસી પ. પૂ. ગુરુદેવ શ્રી લાડકચંદભાઈ વોરાનો સ્વાધ્યાય સાંભળવાનો યોગ થયો. જેને કારણે, માતાએ સિંચેલી જિજ્ઞાસા વૃત્તિ સંતોષાયાનો પરમ આનંદ અનુભવ્યો. મુમુક્ષુનાં નેત્રોએ સત્પુરુષને ઓળખી લીધા. ગુરુના બોધે આત્માનું ઉત્થાન થયું. સત્પુરુષની વાણી કાને પડી, મનને ગમી, હૃદયમાં પરિણામ પામી સત્પુરુષ પ્રત્યે શ્રદ્ધા થવાથી તેમના પ્રત્યે સર્વ ભાવ અર્પણ કરી તા. ૮મી ડીસેમ્બર, ૧૯૭૭ના રોજ પ. પૂ. ગુરુદેવના ચરણારવિંદમાં સમર્પિત થયા. પરમ શાંતિની સિદ્ધિની શોધમાં જીવનની તેજસ્વી મશાલ લઈ પરમાત્માનો યોગ સાધવા પ્રયાણ આદર્યું. વૈરાગ્ય અને ઉપશમાદિની ભૂમિકા સર્જાતા, સૂક્ષ્મ યથાર્થ બોધ થતા તા. ૯મી જુલાઈ, ૧૯૭૮ના સુપ્રભાતે પ. પૂ. ગુરુદેવે બીજ જ્ઞાનનું પ્રદાન કર્યું.

પછી તો કહેવું જ શું ? શ્રી સદ્‌ગુણાબેનની યથાર્થ સમજણ, માર્ગમાં તીવ્ર વેગે આગળ વધવાની ધગશ, સ્વરૂપ પ્રાપ્તિ માટેની તાલાવેલીએ પ્રબળ પુરુષાર્થ જગાડ્યો, નિવૃત્તિનો બધો જ સમય સાધનામાં જ-સ્વરૂપાનુસંધાનમાં જ રહેવા લાગ્યા. સામાજિક અને ઇતર વ્યાવહારિક પ્રવૃત્તિ અને તેની યાદ તો આવશ્યકતા પૂરતી જ કરતા. સત્પુરુષના પ્રત્યક્ષ અને પરોક્ષ (પત્રવ્યવહારથી) સમાગમે તેમની પાટા પરની ગાડી પૂરપાટ દોડવા માંડી. પૂ. ગુરુદેવને પણ થયું કે જ્ઞાન આપવા માટે આનાથી બીજું ઉત્તમ પાત્ર કોણ હોઈ શકે ? આથી પૂજ્યશ્રીએ જ્ઞાનગંગા વહાવી અને સદ્‌ગુણાબેને તેને ઝીલી લીધી. તા. ૮મી માર્ચ, ૧૯૮૦ના રોજ અંશે આત્મદ્રવ્ય પ્રગટ કર્યું. જે કારણે તેમની આત્માકાર વૃત્તિ રહેવા લાગી. સતત પુરુષાર્થ અને જાગૃતિને કારણે તેઓ નિરપેક્ષ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અવિષમ ઉપયોગે રહી 'બ્રહ્મનિષ્ઠ' બન્યા. પરમતત્ત્વની શોધમાં મંડી પડનાર આવા સાધક આત્મા ખરેખર ધન્યવાદને પાત્ર છે. "स्वभाव विजयः शौर्यम् ।" પોતાના સ્વભાવને જીતવો-પ્રાપ્ત કરવો તે જ સાચી વીરતા છે. બાહ્ય અને અભ્યંતર શત્રુઓ સાથે યુદ્ધ કરી આત્માનુભાવી બની 'બ્રહ્મનિષ્ઠ' થવાથી પ. પૂ. ગુરુદેવે તા. ૨જી સપ્ટેમ્બર, ૧૯૮૫ના રોજ તેમને તથા શ્રી નલિનભાઈને 'બ્રહ્મનિષ્ઠ'નું બિરૂદ આપી તેઓ બંને મહાનુભાવોને પોતાના આધ્યાત્મિક ઉત્તરાધિકારી જાહેર કર્યા.

હાલ બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુણાબેન 'શ્રીમદ્ રાજ-સૌભાગ્ય આશ્રમ'ના ટ્રસ્ટી અને પ્રમુખ તરીકે માનદ સેવા આપી આશ્રમના મુમુક્ષુ ભાઈ-બહેનોને યથા અવસરે આધ્યાત્મિક પથદર્શક બની રહ્યા છે. એવી રીતે દીર્ઘકાળ પર્યંત પથદર્શક બની રહે એવી ભાવના સેવીએ છીએ.

જેમ ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ શાંતિદાસ નામના અધિકારી શ્રાવકને નિમિત્તે એમના વિપુલ આધ્યાત્મિક સાહિત્યમાંનો ઉત્તમ ગ્રંથ-જ્ઞાનસાર-લખ્યો તેમ અમારા પ. પૂ. ગુરુદેવે શ્રી સદ્‌ગુણાબેનના નિમિત્તે મુક્તિમાર્ગની સાધનાના સોપાનનો ક્રમ ખુલ્લો કર્યો.

'બ્રહ્મનિષ્ઠ' પદ પ્રાપ્ત થવામાં પ. પૂ. ગુરુદેવની સાથેના તેમના આ પત્રવ્યવહારે અતિ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. આ પત્રવ્યવહાર દ્વારા તેઓ સાધના સોપાનનો ક્રમ વ્યવસ્થિત રીતે પામ્યા. જે આજે સાધકો માટે પુસ્તક રૂપે પ્રકાશિત થઈ રહ્યો છે. સૌ અધિકારી વાચકને તે ઘણો ઉપકારી થશે એવી અંતરની અભિલાષા સેવીએ છીએ. ખોજકને એમાંથી ઘણું મળી રહેશે.

---

**નોંધ :** આ વિભાગોમાં-વિભાગ ૪માં પત્રલેખકોનું લખાણ મૂળ લખાણમુજબ જ કોઈ પણ સુધારા વિના મૂકવામાં આવેલ છે તેથી જોડણી દોષ આદિ ક્ષમ્ય ગણીને યથાર્થ રીતે વાંચવા વિનંતિ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧

**Mrs. SADGUNA C. SHAH**
D.A.S.F. (Bom.) L.M. (Dublin)

Phones : 292958/260558
95-B, ""Meghdoot"
Marine Drive
BOMBAY-400 002

૨૯-૬-૭૮, મુંબઈ

**પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવાય નમઃ**

આપનો તથા નગીનભાઈનો પત્ર વાંચી ઘણો જ આનંદ થયો. ઘણા વખતથી પત્ર લખવાનો વિચાર કરતી હતી પણ શું લખવું એ સૂઝ પડતી ન હતી, કારણ પરમાર્થમાં મીંડુ છે- અમસ્તુ વાંચન-વિચાર-મંથન ચાલે છે-ન સમજાય તેની નોંધ કરું છું.

ટેલીફોન પર આપે જે પંચાસ્તિકાય તેમ આત્મસિદ્ધિ અને છ પદનો પત્ર એ યથાર્થ બોધ જ છે એમ કહ્યું હતું તે મને સ્પષ્ટ સમજાયું હતું.

ત્યાં આપશ્રીના ગળામાં Dr. Modi ની દવાથી હવે સારું હશે, સારું થઈ જશે - નહીં તો આપ જરૂર મુંબઈ આવો. Dr. K. U. Shah અમારા ખાસ અંગત મિત્ર છે એને બતાવી દઈશું.

આપની આજ્ઞા મુજબ એકવાર વચનામૃત પૂરું થઈ ગયું છે. ફરીથી ર૩મા વર્ષમાં હું વાંચું છું. આપશ્રીના લખ્યા મુજબ વધારે સ્પષ્ટ સમજાય છે. મઝા આવે છે.

મંદિરમાં ૩૪મું વર્ષ ચાલે છે જે આપે દેવલાલીમાં કહ્યું હતું.

**"આવ્યે બહુ સમદેશમાં, છાયા જાય શમાઈ,**
**આવ્યે તેમ સ્વભાવમાં, મન સ્વરૂપ પણ જાઈ."**

આપ, આનો અર્થ કહેવા માગતા હતા, કે જ્યારે સૂર્ય માથા પર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(મધ્યાન્હે ૧૨ વાગે) આવે ત્યારે છાંયડો અંદર શમાઈ જાય તેમ જ્યારે જીવ આત્મરૂપ થાય ત્યારે મન, મન ન રહે-મન સ્વરૂપ (મય) થઈ જાય. એ જિન પરમાત્માને નમઃ એ આખું જ પરમાર્થીક મને લાગે છે. બહુ સરસ છે. અને કહે છે -

**પાત્રતા :**

**(૧) "મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞાસુવિચાર;**
**કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર."**

**(૨) "રોક્યા શબ્દાદિક વિષય, સંયમ સાધન રાગ;**
**જગત ઇષ્ટ નહીં આત્મથી, મહાપાત્ર મહાભાગ્ય."**

**(૩) "નહિ તૃષ્ણા જીવ્યા તણી, મરણ યોગ નહીં ક્ષોભ;**
**મહાપાત્ર તે માર્ગના, પરમ યોગ જિત લોભ."**

interesting છે અને છેલ્લે -

**"સુખધામ અનંત સુસંત ચહી, દિન રાત રહે તદ ધ્યાનમહીં;**
**પરશાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વરતે જયતે."**

અને ૩૪મા વર્ષમાં છેલ્લા પોતાના દોષ જોવાનું કહ્યું, તે-ક્રોધ, માન, અજ્ઞાન-તરફ ઉદાસીનતા કરવાની-સર્પના વિષની જેમ ત્યાગવાનું કહ્યું. પણ આ બધું, મને અત્યારે પોપટ જેમ બોલી જવાનું હોય એમ લાગે છે.

ત્રીજી વખત મેં ચોરવાડ ટ્રંકકોલ બુક કરેલ, પણ line out of order હતી એટલે ફોન મળ્યો નહિ, એટલે મેં Cancel કરાવ્યો.

આપના પત્ર પછી વાંચવા-વિચારવાની, વધારે પ્રેરણા મળે છે, વધારે મઝા પણ આવે છે.

નગિનભાઈનું ગુરુપૂર્ણિમા પર આવવા માટે આમંત્રણ મળ્યું છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એમનો આભાર. મારી આવવાની ઇચ્છા પણ સંપૂર્ણ છે. ઇશ્વરેચ્છા હશે તો જરૂર આવીશ. કારણ કે મારા મધર (વર્લી) ૧।। વર્ષથી Heart Attack ના હુમલાથી પીડાય છે. સારું થતું જ નથી. વેદનીય કર્મ ભોગવી રહ્યા હોય એમ લાગે છે. કેટલો ઊંચો જીવ-ધાર્મિક રીતે-૪૦ થી ૫૦ વર્ષનું સ્વાધ્યાય-સવારે ૪ વાગે ઉઠવાનું-નિત્યક્રમ.

| | | | |
|---|---|---|---|
| સમયસાર | નિયમસાર | પંચાસ્તિકાય | યોગસાર |

ઉપરના શાસ્ત્રોનો વર્ષોથી સ્વાધ્યાય, ઘરમંદિર પછી પૂજાપાઠ-પછી મંદિરમાં જાય. એને બદલે પથારીમાં પડ્યા છે. બિમારીને કારણે માનસિક પરિણતી, કોઈ વખતે બગડે, પણ ઘણી જ શાંત રાખે છે. એમની પોતાની તો મરણની તૈયારી જ છે. જ્યારે આવે ત્યારે એ તો કહે છે- આત્મા અમર છે-દેહ આત્મા જુદા. બધું જ સમજે છે.

હું પણ હંમેશાં એમની સાથે મંદિરમાં જતી, સ્વાધ્યાય કરતી, એમણે મને મારા લગ્ન વખતે પાંચ પરમેષ્ઠિની માળા અને લઘુ જિનવાણીનું શાસ્ત્ર આપેલું. ૧ કલાક સ્વાધ્યાય કરવાનું કહેલું હતું. તેમાં ભક્તામર સ્તોત્ર, સામાયિક પાઠ, પ્રતિક્રમણ પાઠ, આલોચનાદિ પાઠ, કલ્યાણમંદિર સ્તોત્ર, વગેરે હું પણ ૨૫ વર્ષથી વાચું છું. કૃપાળુ દેવનું તો મને ત્રણેક વર્ષથી જાણવાનું મળ્યું. જો મને પહેલેથી જ મળ્યું હોત તો પરિણામ જુદું જ થાત. જાગ્યા ત્યારથી સવાર.

મંદિરમાં જ્ઞાનાર્ણવ શાસ્ત્ર વંચાય છે. તે પણ ઘણું જ interesting છે. હમણાં પદસ્થ ધ્યાન અને પંચપરમેષ્ઠિના જાપનું ધ્યાન વગેરેનું વર્ણન ચાલે છે.

મંદિરમાં ૧।। કલાકના સ્વાધ્યાયમાં ઘણું Concentration રહે છે. ઘરમાં ટેલીફોન, અવર- જવર ઉપાધિ રહે છે.

૩૦મા વર્ષમાં જાપ, ૩૫-૧૬-૮-૭-૫-૩-૨-૧ એ બધું જ્ઞાનાર્ણવ શાસ્ત્રમાં છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હું આશા રાખું છું-તમને આ લાંબો પત્ર વાંચતાં કંટાળો નહીં આવે. પણ પહેલાં મને સૂઝતું નહોતું. આજે મારી કલમ એક સપાટામાં જ ચાલે છે. અંદરથી કોઈ પ્રેરણા છે.

આપ જરૂર મને કોઈ બોધવચન મારે લાયક, યોગ્યતા પ્રમાણે લખતા રહેશો-જે મને પ્રેરણારૂપ છે.

પૂ. નગીનભાઈ મઝામાં હશે. પૂ. શાંતિભાઈ પણ મઝામાં હશે તથા બીજા સર્વ મુમુક્ષુ ભાઈ બેનો મઝામાં હશે.

લી. સદ્‌ગુણાનું ચરણ ઉપાસક
આત્મભિલાસી

આપે સંત ચરણ સેવક-ચાત્મઅભિલાસી લખેલ હતું તો આપ તો સદ્‌ગુરુ દેવ છો. ચરણ ઉપાસક થવાને લાયક પણ હજી અમે હોય એમ લાગતું નથી.

**લી. સદ્‌ગુણાના સદ્‌ગુરુદેવ વંદન**

૨

ઠે. શ્રી નગીનદાસ કે. શાહ
સ્ટેશન રોડ, વેરાવલ
તા. ૪-૭-૭૮

। ૐ ।

। સહજાત્મ સ્વરૂપાય નમઃ ।

**મુમુક્ષુ બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

તમારો તા. ૨૯/૬નો પત્ર ગઈ કાલે મળ્યો. વાંચી બહુ આનંદ થયો. બીજી વખતનું વાંચન વર્ષ સુધી શરૂ થયેલ છે તે જાણેલ છે. બીજી વખતનું વાંચન પૂરું થશે એટલે કૃપાળુ દેવ શું કહી ગયા છે તે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પુરતો ખ્યાલ આવી જશે.

**"એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ"**

એટલે તિર્થંકર ઋષભદેવજી, શ્રી નેમીનાથ, શ્રી પાર્શ્વનાથ, શ્રી મહાવીર સ્વામી જે માર્ગે મોક્ષે ગયા છે તે શોધી આજ ભવમાં આપણે તે માર્ગે ખૂબ આગળ વધવું છે, જેથી થોડા ભવ જ બાકી રહે. તે માર્ગ શોધી કાઢવા પ્રયત્ન કરશો.

શ્રીમદ્ રાજચંદ્ર ભા. ૧લો, આંક ૨૦૦ ફરી ફરી વાંચશો.

વર્ષ ૩૪મું મંદિરમાં વાંચન ચાલે છે. આંક ૯૫૪, રાજકોટ. ચૈત્ર સુદ ૯ તે અંતીમ પદ્ય છે. એટલે આપણી તેમના જેટલી ભૂમિકા હોય તો ઓર મજા આવે.

"આવ્યે બહુ સમદેશમાં... છાયા..." તેનો અર્થ આપે જે લખ્યો તે બરાબર છે. તેમાં મન જે બહાર ભટકે છે તે વૃત્તિઓને અંદર લઈ જઈ અભ્યાસથી ખીલે બાંધવાનું છે. પછી નિજમન થાય, પછી સમાઈ જતાં અમન થાય એટલે આપણો બેડો પાર. તેમાં ૪થી કડી બહુ જરૂરી છે. કડી ૯-૧૦-૧૧ એ આપણી યોગ્યતા લાવવા પ્રથમ ભૂમિકા, (૨) મધ્ય પાત્ર, (૩) મહાપાત્ર, જીવો કોણ ગણાય તે ભૂમિકાઓ બતાવી છે. છેલ્લી કડી બહુ ગંભીર છે. જ્ઞાનાર્ણવ સરસ છે.

આપના પૂ. માતુશ્રીની, સાધના-ભક્તિ-સમજણ પૂજનીય છે. જે રીતે વેદનીય કર્મ વેદે છે તે સમપણું આવવું કઠણ છે, મારા વતી શાતા પૂછશો. સમયસાર-પ્રવચનસાર- નિયમસાર-યોગસાર, બધા ઉત્તમ છે.

પૂ. માજીને આંખે સારું હશે. ખબર પૂછી વંદન કહેશો.તમારા આખા પત્રમાં, તમારી નિખાલસતા પરમાર્થમાં મીંડું-પોપટીયું વગેરે શબ્દોથી પ્રગટ થાય છે.શેઠશ્રી ચીમનલાલભાઈને મારા વીર વંદન કહેશો.જરા પણ પ્રતિકુળતા હોય તો તારીખ વીશ ઉપર આવવું નહીં.મને ગળાના



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાદને તેમને તેમ છે. તમોને ખુશી મઝામાં ચાહું છું.

સંતચરણ સેવક એટલે મહાત્માઓ થઈ ગયા તેનો ચરણરજ. આત્મભાવે વંદન એટલે તમારા આત્માને મારા આત્મભાવે વંદન.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**

## ૩

મુંબઈ, તા. ૭-૭-૭૮

ૐ સહજાત્મસ્વરૂપાય નમઃ ।

**પરમ પૂજ્ય સદ્ગુરુદેવાય નમઃ**

આપનો પત્ર મળ્યો. વાંચી આનંદ થયો છે. આપે લખ્યું કે એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ, એટલે તિર્થંકર ઋષભદેવજી, શ્રી નેમીનાથ, શ્રી પાર્શ્વનાથ, શ્રી મહાવીર સ્વામી જે માર્ગે મોક્ષે ગયા તે શોધી આજ ભવમાં આપણે (મારે) તે માર્ગે ખૂબ આગળ વધવું છે. અને માર્ગ શોધી કાઢવા પ્રયત્ન કરશો.

ગઈ કાલે આપનો પત્ર મળ્યો, અને બે ત્રણ વખત પરમાર્થ સમજવા વાંચ્યો, અને આજે સવારના-વ. ૨૪મું પત્ર. ૧૯૪ (મુનિશ્રી લલ્લુજી પર કૃપાળુદેવનો લખેલો પત્ર વાંચવામાં આવ્યો, તો એમાં માર્ગ ખુલ્લે ખુલ્લો બતાવી દીધો છે. પણ મારે એટલું કબૂલ કરવું જોઈએ કે આપના ચીંધેલા પત્ર પહેલાં અનેકવાર પત્ર વાંચેલો છે, ડાયરીમાં પણ લખેલો હતો. આજે જે માર્ગનો મગજમાં જે એકદમ ખ્યાલ આવ્યો તે પહેલાં કદી આવ્યો નહોતો. તે આપના પ્રસાદે જ જે માર્ગ-ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે એવા જ્ઞાની પુરુષના ચરણાર્વિંદ, તે પ્રત્યે અચળ પ્રેમ થયા વિના અને સમ્યક્પ્રતીતિ આવ્યા વિના સત્સ્વરૂપની



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રાપ્તિ થતી નથી, અને આવ્યેથી અવશ્ય તે મુમુક્ષુ જેના ચરણારવિંદ તેણે સેવ્યાં છે, તેની દશાને પામે છે. આ માર્ગ સર્વ જ્ઞાનીઓએ સેવ્યો છે, સેવે છે, અને સેવશે. જ્ઞાનપ્રાપ્તિ એથી અમને થઈ હતી, વર્તમાને એ જ માર્ગથી થાય છે. અને અનાગત કાળે પણ જ્ઞાનપ્રાપ્તિનો એ માર્ગ છે. સર્વ શાસ્ત્રોનો બોધ લક્ષ જોવાં જતાં એજ છે. અને જે કોઈ પણ પ્રાણી છૂટવા ઇચ્છે છે તેણે અખંડ વૃત્તિથી એ જ માર્ગને આરાધવો. એ માર્ગ આરાધ્યા વિના જીવે અનાદિ કાળથી પરિભ્રમણ કર્યું છે. (૨) જ્યાં સુધી જીવને સ્વચ્છંદરૂપી અંધત્વ છે, ત્યાં સુધી એ માર્ગનું દર્શન થતું નથી. (અંધત્વ ટળવા માટે) જીવે એ માર્ગનો વિચાર કરવો. (૩) દૃઢ મોક્ષેચ્છા કરવી, એ વિચારમાં અપ્રમત્ત રહેવું. તો માર્ગની પ્રાપ્તિ થઈ અંધત્વ ટળે છે. એ નિઃશંક માનજો. અનાદિ કાળથી જીવ અવળે માર્ગે ચાલ્યો છે. જોકે તેણે જપ, તપ, શાસ્ત્રાધ્યયન વગેરે અનંતવાર કર્યું છે, તથાપિ જે કંઈ પણ અવશ્ય કરવા યોગ્ય હતું તે તેણે કર્યું નથી, જે કે અમે પ્રથમ જ જણાવ્યું છે.

સૂયગડાંગ સૂત્રમાં ઋષભદેવજી ભગવાને જ્યાં અઠ્ઠાણું પુત્રોને ઉપદેશ્યા છે, મોક્ષ માર્ગે ચઢાવ્યા છે ત્યાં એજ ઉપદેશ કર્યો છે.

હે આયુષ્યમાનો ! આ જીવે સર્વે કર્યું છે. એક આ વિના, તે શું ? તો કે નિશ્ચય કહીએ છીએ કે સત્પુરુષનું કહેલું વચન, તેનો ઉપદેશ તે સાંભળ્યાં નથી, અથવા રૂડે પ્રકારે કરી તે ઉઠાવ્યાં નથી. અને એને જ અમે મુનિઓનું સામાયિક (આત્મસ્વરૂપની પ્રાપ્તિ) કહ્યું છે.

સુધર્માસ્વામી જંબુસ્વામીને ઉપદેશે છે કે જગત આખાનું જેણે દર્શન કર્યું છે એવા મહાવીર ભગવાન તેણે આમ અમને કહ્યું છે : ગુરુને આધિન થઈ વર્તતાં એવા અનંત પુરુષો માર્ગ પામીને મોક્ષ પ્રાપ્ત થયા.

એક આ સ્થળે નહીં પણ સર્વ સ્થળે અને સર્વ શાસ્ત્રમાં એ જ વાત



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કહેવાનો લક્ષ છે.

આજ્ઞાનું આરાધન એ જ ધર્મ અને આજ્ઞાનું આરાધન એ જ તપ. (આચારાંગ સૂત્ર)

એટલે ઉપર પ્રમાણે માર્ગ હું સમજી છું. એમાં ભૂલ થતી હોય તો આપ બતાવશો- સમજાવશો.

તા. ૧૮ પહેલાં તો ચોક્કસ આવી જઈશ. વહેલા બનશે તો વહેલા આવીશ. સર્વ મુમુક્ષુ ભાઈ બહેનોને મારા જય સદ્‌ગુરુદેવ વંદન કહેશો.

મને એમ લાગે છે. હવે એકડાએકની શરૂઆત થાય છે. જોઈએ કેટલી ઝડપથી પહોંચાય છે. અત્યાર સુધી (ગુરુ વિના) શિક્ષક વિના જાતે જ.

માર્ગ પ્રાપ્તિ માટે મારી તીવ્ર જિજ્ઞાસા છે.

પહેલાના પત્ર જેવું જ કંઈ આ વખતે પણ પરમાર્થ બતાવશો. જેથી મીંડામાંથી એકડો આવે.

**લી. આજ્ઞાંકીત સદ્‌ગુણાના પ્રણામ**

૪

તા. ૪-૮-૭૮

**પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવાય નમઃ**

હું સુખરૂપ મુંબઈ પહોંચી ગઈ છું.

આજે ચારેક વાગે ૪૭૨ પત્ર વાંચવા બેઠી છું, કારણ એ પત્ર મારા મગજમાં ઘોળાયા કરે છે. ગઈકાલથી છેલ્લો આપે વવાણીયા વાંચ્યો ત્યારથી એનો છેલ્લો પેરેગ્રાફ "આ આત્મા વિભાવ પરિણામને ભજે છે, ત્યાં સુધી તેને ચંદનવૃક્ષ કહીએ છીએ અને સૌથી તેને અમુક



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અમુક સૂક્ષ્મ વસ્તુનો સંબંધ છે, તેમાં તેની છાયા (!) રૂપ સુગંધ વિશેષ પડે છે." એ બરાબર બેસતું નથી - સમજાતું નથી. આપ ફરી સમજાવશો.

હજુ આજે તો મારું મગજ ત્યાંના કાર્યમાં-પરમ સંત્સંગ, સ્વાધ્યાય, ફરવા જવાનું-સાંજના વગેરે કાર્યક્રમ યાદ આવ્યા કરે છે. અને અહીંઆ મોટા ગ્રુપમાંથી એકલું લાગે છે. કદાચ આસ્તે આસ્તે ટેવ પડી જશે. ઘરે આવતી વખતે મારી બાને મળી આવી છું. મને જોઈ ખૂબ ખુશી થયા. ઘરે જવા જ નહોતા દેતા. પણ મેં કહ્યું, C. U. Shah રાહ જોતાં હશે - ખાસ કરીને Car - ગાડી માટે. એમને ઓફીસમાં જવાનું મોડું થશે. બાની તબીયત પણ સારી લાગી. બહાર સુધી મને મુકવા પણ આવ્યા. બીજા બધા મઝામાં છે.

પૂ. 'શાંતિભાઈ તથા બીજા સર્વે મુમુક્ષુ, પરમ મુમુક્ષુ ભાઈ-બેનોને મારા વંદન કહેશો. આપશ્રીને હાથે સારું થઈ ગયું હશે. તબીયત પણ સારી હશે.

**લી. ઉપકારી સદ્દગુણાના પ્રણામ વાંચશો**

**૫**

સાયલા, તા. ૮-૮-૭૮

॥ ૐ ॥

। સહજાત્મસ્વરૂપાય નમઃ ।

**પરમ મુમુક્ષુ બેનશ્રી સદ્દગુણાબેન, મુંબઈ**

ખુશીથી પહોંચી ગયાનું પો.કાર્ડ તા. ૪/૮નું મળ્યું. તમારા પૂ. માતુશ્રીને રસ્તામાં મળતાં ગયા અને તબીયત સારી છે, રાજી થયા જાણી ખુશી ઉત્પન્ન થઈ છે.

આંક ૪૭૨ છેલ્લા પેરેગ્રાફ વિષે પૂછાવ્યું તો આખો પત્ર ગુરુગમ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિષેનો છે. તેમાં (૧) પ્રથમ પ્રકાર શ્રેષ્ઠ છે. અને બીજા કરતાં ત્રીજો સારો ગણાય છે. આત્મા પ્રગટ કરવા માટે ધ્યાનમાં ગુરુગમનું સાધન જ ખૂબ ઉપયોગી છે. "આ આત્મા વિભાવ પરિણામને ભજે છે ત્યાં સુધી આત્માને ચંદનવૃક્ષ કહીએ છીએ," તે અરૂપી વસ્તુને સમજાવવા રૂપી વસ્તુનો દાખલો આપેલ છે કે જંગલમાં ચંદનવૃક્ષ ગોતવા નિકળ્યા તો ચંદનવૃક્ષ પાસેના અન્ય વૃક્ષોમાં ચંદનની ગંધ આવે છે. તેથી ખાત્રી થાય છે કે આટલામાં ચંદનવૃક્ષ હોવું જોઈએ. તેમ ગુરુગમમાં ધ્યાનનું જે સાધન બતાવ્યું તે આત્માથી સૌથી નજીક હોઈ તેમાં આત્માની છાયા-સુગંધ આવે છે. તેથી તે ધ્યાનથી-પ્રાણાયામ કરતાં પણ આત્મા સહજ વહેલો પ્રગટ થાય છે. આ વાત પત્રમાં બરાબર લખાય નહીં. સમાગમે સમજાવાય. છતાં ઉપરનાથી તમો સમજી શકશો, તેમ ખાત્રી છે.

આપના પૂ. સાસુજી, પૂ. માતુશ્રી તથા શ્રીમાન્ શેઠ ભાઈશ્રી ચિમનભાઈને વંદન સાથે યાદી આપશો. મારી આંગળીએ સારું છે. મલમ લાગાડી પાટો બંધાય છે. મારી તબીયત સારી છે. તમોને ખુશી મજામાં ચાહું છું.

**લી. લાડકચંદ વોરાના આત્મભાવે વંદન**

૬

**London**, તા. ૧૮-૯-૭૮

**પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવાય નમઃ**

લંડન આવ્યાને ૧ મહિનો લગભગ થવા આવ્યો છે. પત્ર લખવામાં ઘણી જ ઢીલ થઈ માટે ક્ષમા આપશો. કોલ પર બે ત્રણ મિનીટ વાત થઈ હતી. અહીં આવ્યાને શરૂઆતમાં એક અઠવાડીયું Comberland



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Hotel માં રહ્યાં હતા. ત્યાર પછી અઠવાડીયામાં આ ફ્લેટ Central London માં જ શોધી કાઢ્યો છે. એ પણ આપણા કચ્છી કોઈ શાહ ફેમિલીનો જ છે, ઘણા વર્ષોથી લંડનમાં Settle થયેલા છે. એ લોકો પહેલાં સુદાનમાં હતા. અહીંઆ ઘરમાં કામ કરવા અઠવાડીયામાં બે વખત ફક્ત બબ્બે કલાક Maid કામ કરવા આવે છે. વધારે આપણે બોલાવવી હોય તો પણ એ લોકોને આપણું કામ કરવા ટાઇમ નથી. કોઈ Spanish બાઈ છે. બહુ સારી છે. બાકીના પાંચ દિવસ બધું જ હાથે કામ કરવાનું છે. પણ અહીંઆ બધી જ સગવડ હોય છે એટલે એટલું અઘરૂં નથી લાગતું. એ Maidનો પગાર અમારા મુંબઈના નોકરના ૪ મહિનાનો પગાર, એ એનો મહિનાનો. ૬૦૦ પગાર છતાં સારો લાગે છે. તબીયત બધાની જ સારી રહે છે. અહીંઆની હવા Healthy છે.

હવે સ્વાધ્યાયમાં-આત્મસિદ્ધિ વંચાય છે. ધ્યાન નિયમિત કરું છું. દિવસમાં ઘણી વખત અહીંયા ગમે તેટલું હરું ફરું, કામ કરું છતાં મારું ધ્યેયબિંદુ તો ધ્યાન પર જ છે. અને આપે બતાવેલ-ગુરુગમ ધ્યાન પર છે. બધામાંથી જ ઘડી ઘડી લક્ષ પાછું ખેંચું છું, કારણ અહીંયાની Life ઘણી Fast તેમજ સાવ જુદી છે. જોકે મને એની કાંઈ એની અસર થતી નથી. મારી આ કોઈ પહેલી ટ્રીપ નથી. ૧૯૫૩થી હું ભણતી હતી ત્યારથી અવારનવાર આવવાનું થાય છે. શરૂઆતમાં બધા Continent વગેરે ફરીને જોયું છે. હવે ઘણું ખરું લંડનમાં રહેવાનું રાખીએ છીએ છતાં પણ Mr. Shah, Leather Fair માં બે ત્રણ દિવસ માટે પેરિસ જઈ આવ્યા. તબીયત સારી છે. એમનું વાંચવાનું ઘણું જ ધીમું છે, પણ મને આનંદ છે કે આ તો પોતાની જાતે જ વિચાર પણ આવ્યો. હવે શરૂ કર્યું છે. જોઈએ, પુરી કરે તો સારું તેમને કંઈ પ્રેરણા કરો.

બાની તબીયત સારી હશે. આંગળીએ હવે સારું થઈ ગયું હશે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એ દુઃખાવો ઘણો ચાલ્યો.

અહીંયા રોજ બહાર નીકળીએ એટલે ત્રણ ચાર માઇલ જેટલું ચાલવાનું થાય છે. ચાલવાથી સારું લાગે છે. શરીર હલકું લાગે છે. ગઈ કાલે મુંબઈ કોલ કર્યો હતો. મારી બાની તબીયત સારી છે. મારી સાથે ફોનમાં વાત કરી.

આપ પર્યુષણ માટે મુંબઈ આવ્યા ને હું હાજર ન રહી શકી. ફોનમાં વાત કરવાથી પણ સારું લાગ્યું હતું.

પૂ. શાંતિભાઈને જય સદ્‌ગુરુ વંદન કહેશો. ઘરે બાને તથા દિલીપભાઈ, ભાભી વગેરેને યાદી આપશો. આપનો સ્વાધ્યાય તો ત્યાંય પણ નિયમિત ચાલતો હશે. સાંજના ફરવા પણ જતા હશો.

Oct. ૧૦ની આસપાસ મુંબઈ આવવાનું થશે. પૂ. નગીનભાઈ ત્યાં હોય તો મારી યાદી આપશો. મુંબઈ નિરૂબેન, સુભદ્રાબેન, પુષ્પાબહેન વગેરે મઝામાં છે. કદાચ તમને એમના પત્ર મળતા હશે.

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના સ્નેહ સ્મરણ**

## ૭

Sayala, D/. 26-9-78

॥ ॐ ॥

। સહજાત્મસ્વરૂપાય નમઃ ।

**પરમ મુમુક્ષુ બેનશ્રી સદ્‌ગુણાબેન, લંડન**

તમારો તા. ૧૮-૯નો લખેલ એરપત્ર તા. ૨૫-૯ ગઈ કાલે મળ્યો. વાંચી તમારા સર્વના કુશળ સમાચાર વાંચી આનંદ થયો. પર્યુષણ પછી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મુંબઈ ફોન આવશે તે ધારણા હતી તે પ્રમાણે આવ્યો. ક્ષમાપના કરતાં આનંદ થયો. તેમ તા. ૧૮, ૨૦ આસપાસ પત્ર આવવો જોઈએ તેમ લાગેલ તે પત્ર પણ તા. ૧૮-૯ લખાયેલ તે ગઈ કાલે મળી ગયો.

ત્યાં જીવન જુદા પ્રકારનું, નોકરો મળે નહીં, બહુ મોઘાં, બે દિવસ સ્પેનીશ મેઇડ આવે છે. પાંચ દિવસ હાથે કામ કરવાનું, સુવિધાઓ ખરી, વિગેરે જાણી ત્યાંના જીવનનો ખ્યાલ આવ્યો. ત્યાંની હવા Healthy ખરી.

સ્વાધ્યાયમાં આત્મસિદ્ધિ વંચાય છે, ધ્યાન નિયમિત થાય છે. હરતાં ફરતાં, કામ કરતાં, દિવસમાં ઘણી વખત ધ્યેયબિંદુ ચૂકાતું નથી, જાણી સંતોષ થયો. ત્યાં તો પ્રવૃત્તિ રહે. મુંબઈ આવ્યા પછી પુરુષાર્થ થઈ શકશે.

અમોએ પર્યુષણ લોનાવાલા કર્યા. આરોગ્યભૂવનના પાંચ બ્લોક રાખ્યા હતા. ઉપર બે બ્લોક પુરુષો માટે, નીચે ત્રણ બ્લોક તેમાં બેમાં બહેનો, એકમાં રસોડું જમવાનું તા. ૨૯-૮ સાંજે પહોંચ્યા. ચાર દિવસ ૨૦ બેનો ૨૦ ભાઈઓ હતા. છેલ્લા ચાર દિવસ બેનો ૩૮, ભાઈઓ ૩૭ થઈ પંચોતેર થયા. વરસાદ ૧૮૫ થઈ ગયેલ. રાત્રિ દિવસ ચાલુ. બહાર કોઈને નિકળવાનું નહીં. સવારના ૭થી રાત્રિના ૧૦ સુધી ફીક્સ કાર્યક્રમ - (જમવા ઊંઘવા સિવાય) તમારી ગેરહાજરી બધાંને સાલતી હતી. બધાં યાદ કરતા હતાં. ભક્તિ, સ્વાધ્યાય, ધુન, ધ્યાનનું વાતાવરણ એવું જામેલ કે દરેકને તેની મસ્તી હજુ દિવાળીએ ઉતરશે. આ તો સ્હેજ જાણવા માટે લખ્યું છે. ચઢતા પરિણામ બહુ હતા. ધ્યાન દોરવા લખું છું. આંક ૯૧-

"તે પવિત્ર દર્શન થયા પછી ગમે તે વર્તન હો પરંતુ તેને તીવ્ર બંધન નથી, અનંત સંસાર નથી, સોળ ભવ નથી, અભ્યંતર દુઃખ નથી, શંકાનું નિમિત્ત નથી, અંતરંગ મોહિની નથી, સત્ સત્ નિરૂપમ,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સર્વોત્તમ, શુકલ, શીતળ, અમૃતમય દર્શનજ્ઞાન, સમ્યક્ જ્યોતિર્મય, ચિરકાળ આનંદની પ્રાપ્તિ, અદ્‌ભુત સતુસ્વરૂપદર્શિતાની બલીહારી છે. જ્યાં મતભેદ નથી, જ્યાં શંકા, કંખા, વિતિગિચ્છા, મૂઢદષ્ટિ એમાંનું કાંઈ નથી. છે તે કલમ લખી શકતી નથી, કથન કહી શકતું નથી, મન જેને મનન કરી શકતું નથી. છે તે. - **શ્રીમદ્ રાજચંદ્ર**

**એનું લેશ જો દર્શન પામે રે, તેનું મન ન ચડે બીજે ભામે રે.**

**- નિષ્કુળાનંદ**

શ્રીયુત શેઠશ્રી ચીમનભાઈ મજામાં હશે. તેમને વંદન ચિ. બેબી ખુશીમાં ચાહું છું. તા. ૧૦- ૧૦ મુંબઈ આવશો તે જાણેલ છે. આ. શાંતિભાઈ, આ. નગીનભાઈ, પ. મુ. નિરંજનાબેન, પ. મુ. પુષ્પાબેન, પ. મુ. સુભદ્રાબેનને વંદન લખાવ્યા છે. મારી તબીયત સારી છે.

**લી. લાડકચંદના આત્મભાવે વંદન**

## ૮

તા. ૩-૧૦-૭૮

**પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવાય નમઃ**

આપનો લખેલો પત્ર ગઈ કાલે મળી ગયો છે. વાંચી ખૂબ ખૂબ આનંદ થયો. બે ત્રણ વખત તો વાંચ્યો-હંમેશ મુજબ.

આપના પર્યુષણ સંબંધી સમાચાર જાણ્યા. સાચે મેં ઘણું Miss કર્યું હોય એમ લાગે છે. અહીંઆના કરતાં એ બધું સ્વાધ્યાય-આખા દિવસનો-આપનો સ્વાધ્યાય વગેરે ખરેખર Interesting છે. મને સાયલા ખૂબ મઝા આવી હતી ઘરે આવવાનું મન જ થતું નહતું. પણ ખેર ! આવ્યા વિના છૂટકો નથી. આ એક જાતનું Life time નું બંધન છે. તે પણ પૂરું કર્યે જ છૂટકો. હવે આપને મળવાની ઇચ્છા પણ છે. પણ કશું જ ધાર્યું ન ઉતરે, જોઈએ. અમે તા. ૧૦મીને બદલે જો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કામ પતી જશે તો તા. ૧૬મીએ નીકળશું, નહિ તો તા. ૨૧મીએ ચોક્કસ નીકળવાના છે.

હવે અહીંયાની Weather તદ્દન બદલાઈ ગઈ છે. ત્રણ ચાર દિવસથી સૂરજ દેખાતો નથી. થોડો થોડો વરસાદ પણ આવે છે. વાતાવરણ Gloomy ને depressive છે. અત્યાર સુધી તડકો, ગરમી, ઘણી સરસ Weather હતી, એટલે બહાર જવા આવવાનું સારું ફાવતું હતું. એટલે હવે અહિંઆ કાંઈ બહુ ગમતું નથી, પણ ૧૬ કે ૨૧ સુધી રહેવું પડશે. કારણ ૧૨-૧૩ જસા જવાના છે. જે લંડનથી સવા ત્રણ કલાકનો પ્લેનનો રસ્તો છે. કંઈ કામ માટે જવાનું છે.

ચિ. મિનળ મઝામાં છે. એને પણ મુંબઈ જવાનું મન થઈ ગયું છે. કારણ ત્યાં દર વર્ષે નવરાત્રીના ગરબાનો એ લોકોનો પ્રોગ્રામ છે. તે એનો Miss થાય છે. Mr. Shah પણ મઝામાં છે. અહીં થોડા કામમાં રહે છે.

અમારો અડધો દિવસ કામમાં જતો રહે છે. બધું જ હાથે કરવાનું છે. સવારમાં માળા, આત્મસિદ્ધિ વગેરે તો કરી જ લઉં છું. ધ્યાન પણ કરું છું. આપનો છેલ્લો પેરેગ્રાફ-આંક ૯૧ વાંચી ખૂબ આનંદ સંતોષ થયો છે. કારણ મને હંમેશા એમ થાય છે, કંઈક Miss થાય છે. કંઈક અધુરૂં અધુરૂં લાગે છે. પણ આંક ૯૧ વાંચી ખૂબ આનંદ થયો છે. બરાબર વખત પર Appropriate હતો.

ત્યાં આ એટલે આચાર્ય એમ હું માનું છું. નગીનભાઈ, આ. શાંતિભાઈને જય સદ્ગુરુ વંદન. પૂજ્ય બા, દિલીપભાઈ, ભાભી, બાળકો વગેરે મઝામાં હશે. બીજા કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનો હોય તો મારા જય સદ્ગુરુ વંદન કહેશો.

અહીંયા લંડનમાં અમારા ઘણા ઓળખીતા રહે છે. અવારનવાર એક બીજાને ત્યાં જવા આવવાનું થાય છે. M. P. શાહનું (મેઘજી)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ફેમિલી પણ અહીંયા રહે છે. બપોર પછી બહાર માર્કેટમાં Shopping માટે પણ જવાનું થાય છે. રોજનું બે-ત્રણ-ચાર માઇલ ચાલવાનું તો થાય જ. આપણે ટેક્ષી-ટ્રેઇન કે પ્રાઇવેટ મીનીકાર (ટેક્ષી)માં જઈએ તો પણ થોડું ચાલવું પડે.

અહીંયા *Bhartiya Vidya Bhavan, Bombay* ના જેવું છે. ગઈ કાલે સાંજે ત્યાં પ્રોગ્રામ જોવા ગયા હતા. લગભગ બધા Indian જ હતા. લંડનમાં ૨ લાખ Indian રહે છે. દરેક રવીવારે સવારે ૯-૪૫ થી ૧૦-૧૫ સુધી Indian (Hindi) Program આવે છે. Indian Restaurant તો દરેક Corner પર જોવા મલે છે. Typical Gujarati ખાવાનું મળે એવી પણ ત્રણ ચાર છે. બાકીનામાં Punjabi Stayle મળે છે, પણ ખાવાનું મળી રહે. લંડનથી બહારગામ જઈએ તો જમવાનો Problem થાય પણ ત્યાં Chines Restaurant માં Rice-Vegetable મળી રહે.

**એજ લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**

**૯**

સાયલા, તા. ૨-૧૦-૭૮

**પરમ મુમુક્ષુ બેનશ્રી સદ્‌ગુણાબેનની સેવામાં, મુંબઈ**

આપની ટપાલ પૂજ્ય બાપુજી ઉપરની મળી, વાંચી પૂજ્ય બાપુજીને ઘણો જ સંતોષ થયો છે તથા અત્રેના મુમુક્ષુ ભાઈઓ તથા બેનોએ આપને આ ૨૦૩૫નું નૂતન વર્ષ દરેક રીતે સુખ.શાંતિ તથા પરમાર્થ માર્ગે આગળ વધો તે ભાવના ભાવી છે. તેવી જ રીતે પૂ. બાપુજીએ પણ તેવા જ આશીર્વાદ આપ્યા છે.

હવે આપ ભારતમાં આવી ગયા તેથી હવે જે પુરુષાર્થ કરવાનો છે તે ટાઇમ મળશે... મંદિરમાં જાવ છો ને ત્યાં આનંદ આવે છે, ત્યાં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વાંચન ચાલે છે-વચનામૃતનું તે જાણ્યું છે.

પણં હવે વધારેમાં વધારે ટાઇમ ધ્યાનમાં બેસવાનો પુરુષાર્થ કરવાનો છે. જોકે આપને લખવા જેવું કે સમજણ આપવા જેવું નથી, કારણ કે આપની સમજણ બરાબર છે.

આપે મોકલેલી બધી વસ્તુ મળી છે પણ બાપુજીએ જણાવેલ છે કે આ બધાની કશી જરૂર નહતી. ખેર !

ત્યાં આગળ પૂજ્ય માતુશ્રી, તથા પૂજ્ય બાને તથા શ્રી સી. યુ. શાહને અત્રેથી બાપુજીએ તથા બધા મુમુક્ષુઓએ આ નૂતન વર્ષના અભિનંદન લખાવેલ છે.

**લી. શાન્તીના આત્મભાવે વંદન**

અત્રે આ. ભાઈશ્રી નગીનભાઈ તથા પ.મુ. વજુભાઈ તથા પ. મુ. નિરંજનાબેન તથા પ. મુ. ધનીબેન બધાએ યાદ કરેલ છે. આપના સમાચાર આપ્યા છે.

તા. ૩૦-૧૦નું ઇન્લેન્ડ પત્ર મુંબઈથી લખેલ પણ મળ્યું. આત્મસિદ્ધિ ખૂબ જ ગમે છે, રોજ વાંચો છો, મગજમાં પણ એનો ખ્યાલ એકદમ આવી જાય, આખો દિવસ જીવ તો એમાં જ રહે છે અને બહારથી વ્યવહાર બીજો કરવો પડે છે, એ વિગેરે વાંચી પરમ સંતોષ થયો છે કે તે બરાબર છે. ટેલીફોન પર વાતચીત થઈ. છ મિનીટ પણ વાત કરવાથી મળ્યાનો આનંદ થયો. બે ત્રણ વખત પૂછ્યું કે મુંબઈ આવવાનું ક્યારે બનશે ? તો અત્યારે તો કાંઈ નક્કી નથી. તેમાં "વિચરે ઉદય પ્રયોગ" ઉપર અમારે જાગૃત રહેવાનું છે, તેથી ભાવી ભાવ.

શ્રીમાન્ સી. યુ. શાહ તથા પૂ. માજી, ચિ. બેબીને વંદન. તમોને ખુશી મઝામાં ચાહું છું.

**લી. લાડકચંદના વંદન**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૦

Bombay, 30-10-78

**સહજાત્મ સ્વરૂપાય-પ. પૂ. સદ્‌ગુરુ નમાય**

તા. ૨૧મી રાતના સુખરૂપ પહોંચી ગયા છે. Custom વગેરેમાં Clear થતાં રાતના ૪ વાગ્યા હતા. ઘરે આવતાં, સવારના ૬ વાગી ગયા હતા. અમે આવ્યા ત્યારે બે ત્રણ પ્લેન સાથે આવી ગયા હતા. એટલે અમને બહાર નીકળતા વાર લાગી, બે ત્રણ દિવસ આરામ લીધો હતો. અને હવે દિવાળીના વ્યવહારુ કામકાજમાં પડી ગઈ છું. એ પણ બે ત્રણ દિવસમાં પતી જશે. છતાં મેં મંદિરમાં જવાનું તો શરૂ કરી દીધું છે. ત્યાં વચનામૃત પહેલેથી બે દિવસથી શરૂ થયું છે. જાણે નવેસરથી જ વાંચતા હોય એમ લાગે છે. મઝા આવે છે. મારું ત્યાં જ સ્વાધ્યાય સારું થાય છે. પણ ત્યાંના લગભગ બધા જ અગાસ ગયા છે, એટલે દિવાળી પછી બરાબર શરૂ થશે. બીજું સ્વાધ્યાયમાં પ્રશમરસ શાસ્ત્ર વંચાય છે. એમાં દશ લક્ષણ કે જેનાથી આત્મા (જીવ) બંધાય અને કેમ છૂટે તે બતાવે છે. એ પણ Interesting છે.

મારો લંડનથી લખેલો બીજો પત્ર મળ્યો હશે. આ બે ત્રણ મહિના દરમ્યાન Contact ઘણો જ ઓછો થયો છે. તો આપના તરફથી બોધ પણ નથી મળ્યો. આપના બોધથી મને ઘણો આનંદ થાય છે.

લંડનથી આવ્યા પછી રોજ ફોન કરવાનો વિચાર કરું છું. એવી ધમાલમાં છું કે હજુ સુધી તે બન્યું નથી, તે માટે ઘણી જ દિલગીર છું. બે ત્રણ દિવસમાં જરૂર આપની સાથે ફોન પર વાત કરીશ. આપની તબીયત સારી હશે. પૂજ્ય બાની પણ સારી હશે. ઘરમાં સર્વ મઝામાં હશે.

હમણા સ્વાધ્યાય પણ મને સંતોષ થાય એવો થતો નથી. આત્મસિદ્ધિ રોજ વાંચું છું. એ તો મને ખૂબ જ ગમે છે. ગમે ત્યારે એ તો વંચાઈ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જાય છે. હવે મગજમાં પણ એનો એકદમ ખ્યાલ આવી જાય એનું મનન પણ થાય છે. એ દર્શન, જીવ-અજીવ, જડ-ચેતન, લક્ષણ વગેરે, મોક્ષ, મોક્ષનો ઉપાય વગેરેનું હંમેશા મનન રહે છે. જેમ જેમ વંચાય છે તેમ તેમ વધારે ઊંડું સમજાય છે. વચનામૃતમાં તથા બીજા સ્વાધ્યાયમાં પણ પહેલાં કરતાં વધારે ઊંડું સમજાય છે. આખો વખત જીવ તો આમાં જ રહે છે, અને બહારથી વ્યવહાર વગેરે પણ કરવો પડે છે.

Mr. Shah આપે બતાવેલ સ્વાધ્યાય-ભાવના બોધ, મોક્ષ-માળા, જે હંમેશા લગભગ હાથમાં લે છે એક બે ત્રણ પત્ર વાંચે છે. Progress slow છે, પણ પહોંચી જાય એમ લાગે છે, કારણ મૂકી નથી દેતા. આત્માર્થી શાંતિભાઈ, આ. નગીનભાઈને જય સદ્‌ગુરુ વંદન કહેશો. બીજા મુમુક્ષુ ભાઈ-બહેનોને પણ કહેશો.

નિર્વાણ માર્ગનું રહસ્ય એ પણ રોજ થોડું થોડું વાંચું છું. વચનાવલી પણ જે મોક્ષમાર્ગ છે તે પણ બે ત્રણ વખત હમણાં વાંચી છે.

આપ જરૂર કોઈ બોધ લખશો જોકે અમારે પણ પુરુષાર્થ કરવો જોઈએ. ધ્યાન પણ થોડું થોડું થાય છે.

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**

## ૧૧

10-11-78

**પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવાય નમઃ**

આપશ્રીનો તથા આ. શાંતિભાઈનો લખેલો પત્ર મળ્યો, વાંચી આનંદ થયો. આપે પાછળ થોડું પણ લખ્યું તે વાંચી ખૂબ આનંદ થયો.

વર્તમાનમાં પ્રત્યક્ષ સદ્‌ગુરુ હોય તો પોતાના દોષ બતાવે એ પ્રમાણે જ મને થયું છે. લંડનથી આવ્યા પછી વચનામૃત હાથમાં લીધું જ નહિ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હતું. નિર્વાણ માર્ગના થોડાં પાનાં વાંચતી હતી, પણ આપે ટેલીફોનમાં કહ્યું કે ક્રમવાર વચનામૃત વાંચવું, ત્યારથી જ મેં શરૂ કરી દીધું છે- ૨૨મા વર્ષથી. હમણાં, આજે સવારમાં હું ૨૪માં વર્ષમાં વાંચું છું. હવે વાંચવામાં સ્પષ્ટ સમજાય છે, મઝા આવે છે. આપોઆપ એની મેળે ગુંચવાડા ઉકલી જાય છે. એકાદ કલાક પછી, ફરી મોક્ષમાર્ગ-૧૯૪મો પત્ર વાંચીશ. વચનામૃત વાંચવાથી સાચે જ મારી ભૂલ મને સમજાઈ. પણ છતા મંદિરમાં વંચાતું હતું. હમણા બાર ભાવના વંચાય છે. અત્યારે એ ભાવનાનું રહસ્ય, એટલે આત્મા સિવાય બધું જ અનિત્ય. એ અનિત્ય ભાવનામાં, સંસારભાવનામાં ચાર ગતિનું દુઃખ વગેરે, જૈન ધર્મનું માહાત્મ્ય, મુનિ સમાગમ, વગેરેનો સ્પષ્ટ ખ્યાલ આવી જાય છે. મંદિરમાં જવાનું કારણ એટલું જ કે અર્ધો કલાકનો ઘણા જ ધ્યાનથી સ્વાધ્યાય થઈ જાય છે, બીજું કંઈ જ નહીં. પ્રશમરતિ પ્રકરણમાં જીવ તથા અજીવના લક્ષણ ઘણા વિસ્તારથી બતાવે છે. આપ જો નહિ જવાની આજ્ઞા કરો તો હું બંધ કરી દઈશ.

હવે ધ્યાનની બાબતમાં ૨ થી ૫ મિનીટ પણ મગજ બંધ નથી રહેતું. આંખો બંધ હોય, મોઢું બંધ હોય, સાધન બરાબર હોય પણ મગજ બે પાંચ મિનીટ પણ પૂરતું નહીં. વિચારોમાં ચઢી જાય, એટલે ઉપયોગ તૂટી જાય. એનો શો ઉપાય ? વધારે ઉપયોગ રાખવા આખો દિવસ પુરુષાર્થ કરું છું.

આપ વાંચન પછી મનન (કરવાનું) કહેતા હતા, તે હવે શરૂ થયું છે. આત્મસિદ્ધિનું મનન થાય છે, વચનામૃતનું પણ જે વંચાય એ બધાયનું.

આપને મળવાની ઇચ્છા ઘણી જ થાય છે. હું તથા સુભદ્રાબેન આવવાનો વિચાર કરીએ છીએ.જોઈએ ક્યારે અમલમાં મૂકાશે. સુભદ્રાબેનનો ફોન હતો. એમની પણ ત્યાં આવવાની તીવ્ર ઇચ્છા છે, અને મારી પણ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Mr. C. U. Shah એ ઉપદેશામૃત વાંચવાનું શરૂ કર્યું છે. એમને પણ interest પડતો જાય છે. પણ થોડું થોડું વંચાય છે. પૂ. માજી તથા મિનળ મઝામાં છે. માજી પહેલાં રોજ આત્મસિદ્ધિ વાંચતા હતા. પણ હવે આંખની તકલીફથી વાંચી શકતા નથી. સવારમાં સામાયિક કરે છે, તથા હે પ્રભુ ! હે પ્રભુ ! પ્રાર્થના વગેરે કરે છે.

મુંબઈમાં હમણાં ખૂબ ગરમી પડે છે. રાતના વરસાદ આવે છે. ત્યાં રહેલા સર્વે મુમુક્ષુ ભાઈ-બહેનોને મારા જય સદ્દગુરુ વંદન કહેશો.

પત્રનો જવાબ આપ જ આપશો. કાંઈ બોધવચન પણ કહેશો.

**લી. આજ્ઞાંકિત સદ્દગુણાના પ્રણામ.**

**૧૨**

કૃપાળુ દેવ જન્મતીથી,

સાયલા, તા. ૧૪-૧૧-૭૮

। સહજાત્મ સ્વરૂપાય નમઃ ।

**પરમ મુમુક્ષુ બેન શ્રી સદ્દગુણાબેન, મુંબઈ**

તમારું તા. ૧૦-૧૧-૭૮નું ઇન્લેન્ડ પત્ર ગઈ કાલે મળ્યું. વાંચી ત્યાંના બધા કુશળ સમાચાર જાણી આનંદ થયેલ છે. જે લખવું છે તે નીચે મુજબ છે.

ઉપયોગ તુટી જાય છે અને વિચારોમાં ચઢી જાય છે એનો શું ઉપાય ? તો, તેટલી ચોકી રાખતા હશો એટલે ખબર પડી કે વિચારોનો હલ્લો થાય છે તે વખતે જ ઉપયોગને ચેતનના ગુણ-લક્ષણોમાં રોકવા પ્રયત્ન કરવો. તેવો અભ્યાસ ચાલુ રાખવો એટલે બહિર્વૃત્તિને બદલે અંતરવૃત્તિ રહેશે. આમાં સહેજે પણ જબરજસ્તી કરવાની નથી. સહજ રીતે જેટલું બને તેટલું કરવું. જરાપણ કંટાળો આવે તો મૂકી દેવું. પ્રથમ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાંચ મિનિટથી વધારે ટકી શકાય નહીં. પણ જ્યારે જ્યારે નિવૃત્તિ મળે અને રૂચિપૂર્વક બની શકે તેટલો પુરુષાર્થ ચાલુ રાખવો. પણ ચાર માસમાં છૂટક છૂટક બધુ મળી દોઢ કલાક ધ્યાન થઈ શકતું હોય તો છ માસે બે કલાક થવું જોઈએ, એટલે પ્રગતિ ચાલુ રહેવી જોઈએ. 'એક પરિણામ ન કરતા દરવ દોય.' 'સમતા, રમતા, ઉરધતા' વિગેરેના અર્થ કૃપાળુ દેવે ભરેલ છે, તે ફરી ફરી વિચારી ધ્યાન વખતે વિચારો સામે તેને મૂકવા જેથી અંતરવૃત્તિ વધશે. આંક ૩૧૭, પ્રથમ ભાગ.

વાંચન-મનનનો આધાર ૧૨મા ગુણસ્થાનક સુધી લેવો રહે છે. તમો આંક ૨૦૦નું મનન કરો છો તે સારું છે. તે માર્ગ છે. આત્મસિદ્ધિ તો આત્મસિદ્ધિ કરાવે તેવી છે. તો મનન ચાલું રાખવું તમારી ભૂમિકાએ વર્ષ ૨૪-૨૫-૨૬-૨૭નું વાંચન અતિ ઉપયોગી છે. આંક ૪૬૬ નવ વચનાવલી છે તે પણ વાંચી મનન કરવા જેવી છે.

શ્રીયુત્ શાહનું વાંચન ધીમું પણ ચાલું છે જાણી ખુશી ઉત્પન્ન થઈ છે. માજીનું પ્રથમ જાણ્યું કે સામાયિકમાં દોહરા વિ. બોલે છે. આંખના અંગે આત્મસિદ્ધિ વાંચવા બંધ થઈ.

ચિ. મિનલને યાદી. તમોને ખુશી આનંદમાં ચાહું છું.

સાગરમાં વાંચનમાં જવું તેની અનુમતિ મેં આપેલ હતી. કારણ એ બધાની સરખામણી કરવાની તમોને શક્તિ આવેલ છે. એટલે તેટલી નિર્વૃત્તિ રહે છે અને મળે છે.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**

## ૧૩

તા. ૧૫-૧૨-૭૮

**પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવાય નમઃ**

પત્રનો જવાબ લખવામાં ઘણો વિલંબ થયો છે માટે ક્ષમા આપશો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પણ કારણ ઘણું મોટું છે. તે એ કે આપે ધ્યાન વખતે વિચારો સામે મૂકવા આંક ૩૧૭ સમતા-રમતા ૪૩૭ વગેરે મૂકવા કહેલ, પણ તે પહેલાં એ પત્રો બરાબર સમજાય તો જ મનન થાય, તો જ ધ્યાન વખતે વિચારો સામે મૂકી શકાય, જેથી અંતર્વૃત્તિ થાય-વધે તે બધા આંક સમજતા-મનન કરતાં- વિચારતા આટલા દિવસ નિકળી ગયા છે. સમતા, રમતા તે બરાબર સમજાય છે, મનન પણ થાયછે. પણ ૩૧૭- 'જડ ચેતનનો ભિન્ન છે કેવળ પ્રગટ સ્વભાવ, એકપણું પામે નહિ, ત્રણે કાળ દ્વયભાવ' (આત્મસિદ્ધિ-૫૭)

"જીવ અને પુદ્ગલ એક ક્ષેત્રે રહ્યાં છતાં પોતપોતાના સ્વરૂપમાં જ પરિણામ પામે છે." "જડ પરિનામિકો, કરતા હૈ પુદ્ગલ" દેહાદિકે કરીને જે પરિણામ થાય છે તેનો પુદ્ગલ કર્તા છે, કારણ કે દેહાદિ જડ છે અને જડ પરિણામ પુદ્ગલને વિષે છે. જ્યારે એમ છે તો પછી જીવ પણ જીવ સ્વરૂપે જ વર્તે છે. જડને વિષે જે સ્વસ્વરૂપભાવ (ભ્રાંતિ) છે તે મટે ને સ્વસ્વરૂપને વિષે જે તિરોભાવ છે. તે પ્રગટ થાય, આ યથાર્થ બોધ છે.

તે જ પ્રમાણે એક પરિણામ ન કરતું દો દ્રવ્ય. જડ અને ચેતનના બે દ્રવ્યના એક પરિણામ ન હોય.

**જીવનું મુખ્યપણે પરિણમવું તે ચેતન (જ્ઞાન)**
**જડનું મુખ્યપણે પરિણમવું તે જડસ્વરૂપ છે.**

**જડથી ચેતન ઉપજે, ચેતનથી જડ થાય,**
**એવો અનુભવ કોઈને ક્યારે કદિ ન થાય.**

જીવનું જે ચેતન પરિણામ તે કોઈ પ્રકારે જડ થઈને પરિણમે નહીં અને જડનું જડત્વપરિણામ તે કોઈ દિવસે ચેતન પરિણામે પરિણમે નહીં. એક ક્રિયા બે દ્રવ્ય ક્યારે પણ કરે નહીં. બે ક્રિયા એક દ્રવ્ય ક્યારે પણ કરે નહીં.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ પ્રમાણે આ આંક ઘણીવાર વાંચવાથી, મનનથી સમજાયો છે. તો હવે વિચારો સામે મૂકાશે.

આત્મસિદ્ધિની ગાથાઓ નીચેની-વિચારો સામે મૂકી શકાય કે નહીં ?

**છૂટે દેહ ધ્યાસ તો, નહિ કર્ત્તા તું કર્મ,**
**નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ.**
**એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષ સ્વરૂપ,**
**અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ.**
**શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ,**
**બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ.**

આ પ્રમાણે પોતાના સ્વરૂપની આસ્થા છે અને મોક્ષ પ્રાપ્તિની. મોક્ષનો ઉપાય-

**આત્મા સત્ ચૈતન્યમય, સર્વાભાસ રહિત,**
**જેથી કેવળ પામીએ, મોક્ષ પંથ એ રીત.**
**કર્મભાવ અજ્ઞાન છે, મોક્ષભાવ નિજવાસ,**
**અંધકાર અજ્ઞાન સમ, નાશે જ્ઞાન પ્રકાશ.**
**જે જે કારણ બંધનાં, તેહ બંધનો પંથ,**
**તે કારણ છેદક દશા, મોક્ષપંથ ભવ અંત.**
**રાગ દ્વેષ અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ,**
**થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ.**

વગેરે-મોક્ષનો ઉપાય છે. બરાબર સમજાય છે. પણ સૌથી પ્રથમ આત્મજ્ઞાન (માટે) જે આપે બતાવ્યું તેનો પુરુષાર્થ કરવાનો છે. ધ્યાનમાં બહુ ફરક નથી, પણ હવે સાચા ખોટા વિચારો આવે છે ત્યારે ઉપયોગ પાછો ખેંચાય છે એ ફાયદો થયો છે. કારણ અંત્તર્વૃત્તિ વાળવાનો પ્રયત્ન છે. આંક ૪૬૬-વચનાવલી અને આંક ૨૦૦ વચનાવલી પણ વાંચી સમજી, મનન પણ થાય છે. એ બંનેમાં કહેવાનો તાત્પર્ય એક જ લાગે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીવનું કલ્યાણ જ્ઞાનીના લક્ષમાં છે. સમાધિ, યોગ કે ધ્યાનમાં કલ્યાણ નથી. ગચ્છ, મત વગેરે દોષ જ્ઞાનીના સત્સંગથી, બોધથી નિવૃત્ત થાય છે. જ્ઞાનીની નિષ્કામ ભક્તિ કેવળ કલ્યાણકારક જ નિવડે છે. આનું ફળ જુદું થવાનો સંભવ છે. તેવા કાળમાં સત્પુરુષ પ્રત્યે નિઃસંકપણું રહેતું હોય તો કાળે કરીને તેમની પાસેથી સન્માર્ગની પ્રાપ્તિ થઈ શકે છે.

મન, વચન, કાયાના યોગમાંથી જેને કેવળ સ્વરૂપમાં ભાવ થતા અહંભાવ મટી ગયા છે. એવા જે જ્ઞાની પુરુષ તેના પરમ ઉપશમરૂપ ચરણારવિંદ તેને નમસ્કાર કરી, વારંવાર તેને ચિંતવી, તે જ માર્ગમાં પ્રવૃત્તિની ઇચ્છા કર્યા કરવી, એમ કૃપાળુદેવ બોધે છે.

આંક ૨૦૦માં પણ એમ જ. જ્ઞાનીનો આરાધક અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પામે છે.

તા. ૪ થી ૯ વડોદરા ઋષભદેવ મંદિરના શિલાન્યાસ માટે જવાનું થયું હતું. મને પણ એનો લાભ મળ્યો હતો. પૂ. કાનજી સ્વામી પધાર્યા હતા. એમના પ્રવચન ૧૫-૨૦ વર્ષથી સાંભળું છું, તો અત્યારે સ્પષ્ટ સમજાય છે. પણ એ રોજ યમ, નિયમ ગાથા કહે. આ જીવે બધું જ કર્યું, પણ એક આત્મજ્ઞાન ન કર્યું. પણ આપે જે બતાવ્યું તે નથી બતાવતા, જેની સાંભળવા માટે રાહ જોતી હતી. દયા, દાન, તપ, જપ, ભક્તિ કષાય અને હિંસા, જૂઠું, ચોરી, પરિગ્રહ, બ્રહ્મચર્ય પાપ પુણ્ય જે રાગની વિકારી પર્યાય છે, જે આશ્રવ છે, મેલ-અશુદ્ધ છે, વિષ છે, જેનાથી ભિન્ન એવો ત્રિકાળી, ધ્રુવ, શુદ્ધ આત્મા. જેમ સમુદ્રમાં તરંગ છે-તે પર્યાય છે. તે તરફ દૃષ્ટિ ન દેતાં, સમુદ્ર ધ્રુવ છે. તેમ પુણ્ય-પાપ વિ. રાગ વિકારી પર્યાય તરફ દૃષ્ટિ ન દેતાં તેનાથી ભિન્ન એવો ધ્રુવ, શુદ્ધ આત્મા છે તે તરફ સન્મુખ થતાં, લક્ષ થતાં, દૃષ્ટિ કરતાં સમ્યક્‌દર્શન જ્ઞાન થાય છે, એવું ઘણું ઘણું ૫-૬ દિવસ વાંચન કર્યું. બેનશ્રીના વચનામૃતમાંથી પણ બપોરના વાંચતા હતા. તેમાં જ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એજ નિશ્ચયથી, આત્મા જ સાર છે. જીવ તો જાગતો ઊભો છે, તે તરફ લક્ષ આપવાનું કહ્યું છે. બેનશ્રીએ પણ આપે બતાવ્યું એ પ્રમાણે આત્મા પ્રગટ છે એમ ન કહ્યું.

પત્ર લાંબો થઈ ગયો છે. આપને વાંચતાં કંટાળો આવશે. હવે મારે શું કરવાનું છે - આગળ જણાવશોજી.

**લી. આજ્ઞાંકિત સદ્ગુણાના પ્રણામ**

**૧૪**

તા. ૨૧-૧૨-૭૮

॥ ૐ ॥

। સહજાત્મ સ્વરૂપાય નમઃ ।

। આનંદમૂર્તિ સત્સ્વરૂપને અભેદભાવે નમસ્કાર કરું છું ।

**પરમ મુમુક્ષુ બેનશ્રી સદ્ગુણાબેન, મુંબઈ**

તમારું ઈન્લેન્ડ પત્ર તા. ૧૫-૧૨-૭૮નું તા. ૧૮-૧૨-૭૮ના રોજ મળ્યું, વાંચી અતિ આનંદ થયો કે જેમ હું ધારતો હતો તેમ તમો અહીંથી દર્શાવેલ આંક બે ત્રણ વખત વાંચી, વિચારી, મનન કરી, પ્રયોગ કર્યા બાદ પત્ર લખશો, અને તેમાં લાંબો વખત થયો તે સકારણ છે. તમારી તે બાબતમાં મહેનત દાદ માગી લે તેવી છે. અને તે બાબતની સમજણ જે લખી મોકલી તે બરાબર છે. ફક્ત, પત્રની પહોંચ લખવી જોઈતી હતી.

તમો તા. ૪ થી ૯ વડોદરા હતા અને મોટાભાઈના હસ્તે મંદિરના શિલાન્યાસ વિધિમાં લાભ મળ્યો. પૂ. કાનજી સ્વામી તથા પૂ. બેનશ્રીના વ્યાખ્યાનોનો લાભ પણ મળ્યો જાણી ખુશી થયા છીએ. અમે પણ તેઓના વ્યાખ્યાન, સત્સંગનો લાભ લીધેલ છે.

ધ્યાન તો નિયમિત તથા અવારનવાર કરવાનું છે. સાધન અપૂર્વ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મલ્યાનો મહત્ પુણ્યે જોગ મલ્યો, હાલ સુધી પૂર્વાનુપૂર્વ મળેલ છે, અપૂર્વ નહિ. ગુણઠાણે ચઢતાં ત્રણ અપૂર્વકરણ આવે છે. માટે ધ્યાનમાં વિચારોનો હલ્લો કે વિચારો આવે ત્યારે સમતા, રમતા કે એક પરિણામ ન કર્તા દરવ દોઈ કે આત્મસિદ્ધિની કડીઓ તમે લખી છે તેમાંથી ગમે તે એકનો આશ્રય લઈ અંતરવૃત્તિ કરવી, સાક્ષી, જ્ઞાતા-દ્રષ્ટા રહેવું.

વેદાંતના દશ ઉપનિષદ છે તેમાં વિચાર બિંદુ ઉપનિષદમાં પાના ૨૧૨ પર લખેલ છે કે -

""In the beginning of thought culture, there is internalfight between pure and impure thoughts." એટલે એમ થાય જ. પણ આપણે આગળ વધવાનું છે. આંક ૧૮૩ વાંચશો.

પૂ. માજી, તમારા પૂ. બા, ચિ. બેબીને યથાયોગ્ય તા. ૧૨-૧ની ટિકીટ આવી છે. તમોને ખુશીમાં ચાહું છું.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**

**૧૫**

મુંબઈ, તા. ૨૫-૧૨-૭૮,

**પરમ પૂજ્ય સદ્ગુરુદેવાય નમઃ**

આપનો તા. ૨૧-૨૨નો લખેલો પત્ર મળ્યો છે. વાંચી અતિ આનંદ થયો છે.

બે દિવસ આંક ૧૮૩ વાંચ્યો, મનન કર્યો, ખાસ કરીને મથાળું વાંચી-આનંદમૂર્તિ સત્સ્વરૂપને અભેદભાવે નમસ્કાર કરું છું. આપે મને સંબોધીને લખ્યું છે ? હું હજી એને માટે યોગ્ય છું ? વચનામૃતમાં કોઈના ઉપર લખેલો આ પત્ર નથી છતાં કૃપાળુદેવ લખે છે કે પરમ જિજ્ઞાસાએ ભરેલું તમારું ધર્મપત્ર વાંચી સંતોષ થયો. આપે પણ મને ફોન પર કહેલું કે આપનું લખેલું વાંચી સંતોષ થયો છે. જે જે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઇચ્છાઓ જણાવી તે કલ્યાણકારક જ છે. પરંતુ સર્વ ઇચ્છાની સ્ફૂરણા તો સાચા (સત્પુરુષ)ના ચરણકમળની સેવામાં જ રહી છે અને ઘણા પ્રકારે સત્સંગમાં રહી છે જે આપે પણ કહ્યું છે. પરમ સત્સંગમાં મહિનાનું કામ એક દિવસમાં થાય, વર્ષનું કામ એક મહિનામાં થાય. પણ મારું એટલું દુર્ભાગ્ય છે કે મને પરમ સત્સંગનો જોગ નથી મળતો. ઈશ્વરેચ્છા.

આંક ૨૦૦, ૪૬૬, ૧૯૪ બધા જ પત્રોમાં આજ કહેવા માગે છે. તે જ માર્ગ સત્ય છે. અને આપ પણ એ જ માર્ગ કહો છો. પણ મને આપના પત્રથી અને ટેલીફોનથી પણ સ્ફુરણા મળે છે. તો જ કંઈ થાય છે તો પરમ સત્સંગમાં કેટલું થતું હશે.

પરિભ્રમણ કરતો જીવ અનાદિકાળથી અત્યાર સુધીમાં અપૂર્વને પામ્યો નથી. જો પામ્યો હોત તો પરિભ્રમણ ક્યાંથી હોત ? જે પામ્યો છે તે બધું પૂર્વાનુપૂર્વ છે. પણ મને સાધન અપૂર્વ મહત્ પૂણ્યે આપની કૃપાથી પ્રાપ્ત થયું છે. હવે પુરુષાર્થ થાય તો બેડો પાર.

આપ મુંબઈ આવશો ત્યારે વધારે આપની પાસે બેસવું છે જે કાંઈ કરવા જેવું, કહેવા જેવું હોય તે પ્રેરણા કરશોજી. ખાસ કરીને ધ્યાન બાબતમાં. એનું લક્ષ સાધન આખો દિવસ રહે છે. પણ મન ૨-૫ મિનીટથી વધારે સ્થિર રહેતું નથી. કાંઈ હવાઈ કિલ્લા બાંધવા ચાલ્યું જાય છે. બળજબરીથી પાછું ખેંચી લાવવું પડે છે એટલો સુધારો.

Mr. Shah મદ્રાસ છે. આવતી કાલે સાંજના આવશે પૂ. માજી આત્મસિદ્ધિ દિવસમાં બે વખત ધીમે ધીમે વાંચે છે. આંખમાં સુધારો છે. મારી બા સવારે શાસ્ત્ર સ્વાધ્યાય-સવારના નર્સ વાંચે, રાતના આત્મસિદ્ધિ, યોગીજન ઇચ્છે, સુખશાંત, અપૂર્વ અવસર, મૂળમાર્ગની Caset રાતના નર્સ જે જૈન એમના પુણ્યે મળી છે તે જ લઈ આવી છે એ જ સંભળાવે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એક દિવસ રાતના મોડે બા પાસે હું રોકાઈ હતી. ૮ થી ૯ાા સુધી એ મૂકે પછી સૂઈ જાય. ત્યારે મેં પણ સાંભળી. મને પણ ખૂબ ગમી હતી. ઈન્દુ ધાનક અને બીજા કોઈ સાથે ગાય છે. મેં નર્સ પાસે મંગાવી છે. હું તથા Mr. Shah રાતના ધ્યાનથી સાંભળીએ છીએ.

ચિ. મિનલ,B. Com. માંSecond class પાસ થઈ છે. હવે બજાજમાં M.B.A. કરવાનો એનો વિચાર છે. અનેMr. Shah ની સાથે ઑફિસમાં પણ જશે.

પૂ. બા તથા દિલીપભાઈ તથા બાળકો મઝામાં હશે. સર્વે મુમુક્ષુ તથા પરમ મુમુક્ષુ તથા આ. શાંતિભાઈ, નગિનભાઈ મઝામાં હશે. પત્રનો જવાબ લખશો.

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**

## ૧૬

સાયલા, તા. ૪-૧-૭૯

॥ ૐ ॥

। સહજાત્મ સ્વરૂપાય નમઃ ।

**પરમ મુમુક્ષુ બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

તા. ૨૫-૧૨નું લખેલ ઇન્લેન્ડ પત્ર તા. ૨૮-૧૨ના રોજ મળ્યું તે વાંચી પરમ સંતોષ થયેલ છે. આંક ૧૮૩નું મથાળું તે આ દશાએ પહોંચેલા જીવોને લાગુ પડે છે. હા. આં. ૧૮૩નો પત્ર કોના ઉપર લખેલ છે તે આગળ સાંકળીયામાં ઉલ્લેખ નથી.

તા. ૧૨-૧ રવાના થઈ ત્યાં આવવાનું થાય છે. પણ અહિ એવા સંયોગો ઉત્પન્ન હમણાં થયા છે કે તુરતમાં અત્રે આવવું પડે. પછી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કદાચ ફેબ્રુઆરી બીજા વીકમાં આવી શકાય. બને તે ખરું.

શ્રીમાન સી. યુ. શાહ મદ્રાસથી આવી ગયેલ હશે. મદ્રાસમાં છ દિવસ સતત વરસાદ રહ્યો. મારા વંદન કહેશો.

પૂ. માજી શ્રી આત્મસિદ્ધિ બે વખત વાંચે છે અને તમારા પૂ. બા સવારે સ્વાધ્યાય અને રાત્રે Cassette જે સાંભળે છે જાણી ખુશી થયા છીએ.

ચિ. મિનલબેનને Second class પાસ થવા બદલ Congratulations.

તમો તા. ૩૧-૧૨ સત્સંગ સ્વાધ્યાયમાં આ. નગિનભાઈને ત્યાં હાજર હતાં તેમ તેમના ૧-૧ પત્ર તા. ૩-૧ ગઈ કાલે આવ્યો તેથી જાણ્યું.

તમોને ખુશી મજામાં ચાહું છું. તા. ૧૩-૧ ત્યાં આવવાનું બને છે ત્યારે જે પૂછવું હોય તે પૂછશો.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**

## ૧૭

તા. ૨૬-૧-૭૯

**પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવાય નમઃ**

આપની સાથે મુંબઈમાં નગીનભાઈને ઘરે રવિવારે સાંજના જે વાત આપે મને એક મિનિટમાં સમજાવી ત્યારથી જે આપ દિવ્ય ચક્ષુની વાત કરતા હતા, કરો છો તે ખૂલી ગયા હોય એમ લાગે છે. આના પહેલાં સાધનની ટીપમાં જ થોડુંક જ ઠંડુ લાગતું હતું. પરંતુ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્યાર પછી તે જ ઘડીથી મને કોઈ ઓર જ દશા અનુભવાય છે. ઘણા બધા ભાગમાં શિતળ-ચંદન જેવું અને આનંદ અને તેમાં જ લક્ષ વધારે વખત રાખવાનું ગમે છે, રહે છે. બીજે બધેથી લક્ષ ઘડી ઘડી એમાં જ ખેંચાય છે. જે અતિન્દ્રિય આનંદ મેં કાનજીસ્વામીને મોઢે ઘણી વખત સાંભળેલ તેનો અનુભવ થાય છે.

હવે મને એમ લાગે છે કે હું આત્મસિદ્ધિની ૧૧૧મી ગાથા પર આવી. "વર્તે નિજ સ્વભાવનો અનુભવ, લક્ષ, પ્રતીત, વૃત્તિ વહે નિજ ભાવમાં પરમાર્થે સમકિત." નિજ ભાવમાં જ વૃત્તિ વહે છે, રહે છે, જાય છે. એટલે ક્ષયોપશમ સમકિત પહેલાં અંશે હતું તે હવે વધારે અનુભવાય છે. હવે ૧૧૨મી ગાથા-ક્ષાયિક સમકિતની ભાવના ભાવવાની રહી. બહુ ઉંચા વિચાર ? આનો આધાર આપનું પ્રેરણાબળ-સત્પુરુષનું યોગબળ જગતના જીવોનું (મારા જીવનું) કલ્યાણ કરો ! કલ્યાણ કરો ! હવે ધ્યાન, સ્થિતિ બાબતમાં વાંચી આપને સંતોષ થશે. મને પણ સંતોષ થયો છે કે આગળ વધાશે. આપને છ મહિનાનો ટાઇમ આપ્યો હતો તે બરાબર થયું છે.

પત્રમાં લખવામાં અઠવાડિયું મોડું થયું છે કારણ આપની સાથે મારે પરમાર્થ સંબંધી બરાબર સમજી, વિચારીને લખવાનું છે. એમાં કાળ વહી જાય છે. કાલીદાસભાઈના પત્રોએ મારી આંખ સંપૂર્ણ ખોલી નાખી એટલે વચનામૃતમાં એ બધું વાંચેલું છતાં, એ પત્રોએ મને સ્પષ્ટ સમજાવી દીધું.

આત્મગુણની હાની ક્ષણે ક્ષણે થાય તેને ભાવમરણ કહે છે. તે જીવને ઘણું રખડાવે છે. સ્વરૂપની પ્રાપ્તિ અવ્યક્ત છે. બધા સાધકદશાવાળા છે. તે વ્યક્ત-પ્રત્યક્ષ તેરમે ગુણસ્થાનકે પરિપૂર્ણ દશા પ્રાપ્ત થાય છે. જીવતાં મોક્ષનું સુખ અગર જીવન મુક્તિદશા તે અહીં દેહધારીપણે અનુભવાય છે. મૂળ માર્ગમાં.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ,**
**એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, તેનું નામ ખાસ જ્ઞાન."**

દેહ-સ્થૂળ દેહ, તેજસ, કાર્મણ. સ્થૂળ દેહ ઇન્દ્રિયો દ્વારા પાંચ ઇન્દ્રિયોના વિષયોને ભોગવે છે. તેજસ દેહ-ગરમી, શરીરની કાંતિ, પાચન ક્રિયા, કાર્મણ દેહ-કર્મના પુદ્ગલોને ગ્રહણ કરે છે.

આ ત્રણે દેહ અને તેની ક્રિયાથી ભિન્ન એવો અક્રિય, દેહની ક્રિયાને માત્ર જાણનાર જ્ઞાયક સ્વભાવવાળો આત્મા છે, તે સ્વઉપયોગી છે અને અવિનાશી છે એમ જે જાણ્યું તેનું નામ જ્ઞાન કહ્યું છે.

**"જે જ્ઞાને કરીને જાણિયું રે, તેની વર્ત્તે છે શુદ્ધ પ્રતીત,**
**કહ્યું ભગવંતે દર્શન તેહને રે, જેનું બીજું નામ સમકિત.**
**જેમ આવી પ્રતીતિ જીવની રે, જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ,**
**તેવો સ્થિર સ્વભાવ તે ઉપજે રે, નામ ચારિત્ર તે અણલિંગ."**

સર્વ ક્રિયાથી ભિન્ન અને અસંગ સ્વરૂપ પોતાને ભાસ્યમાન થતું ગયું. સર્વ પ્રકારે સદ્વિચાર કરતાં કરતાં સમ્યક્જ્ઞાનના બળથી ભિન્ન અને અસંગપણું પોતાને પ્રતીત થયું તે કાયમ હોવારૂપ જે પોતાનો સ્થિર સ્વભાવ એટલે-સ્વરૂપમાં અસ્થિરપણાની માન્યતા હતી તે અજ્ઞાનની નિવૃત્તિ થવાથી ટળી ગઈ ને સ્થિરપણાની જે માન્યતા કાયમ હોવા રૂપ જણાઈ તે સ્થિર સ્વભાવ કાયમ હોવાથી ચારિત્ર દશા કહી તે ચારિત્ર. અણલિંગ એટલે પંચમહાવ્રતને ધારણ કરવો તે દ્રવ્ય લીંગ ને દ્રવ્ય ચારિત્ર કહેવાય છે. દ્રવ્ય ચારિત્ર ભાવ ચારિત્ર રાખવા માટે છે. અભેદ રૂપે એટલે એક સ્વરૂપે જ્ઞાન-દર્શન-ચારિત્ર ત્રણેયને સમજવા માટે કહે છે. એ ત્રણે અભેદ પરિણામથી જ્યારે વર્તે છે તે આત્મારૂપ છે. આ ત્રણે અભેદપણે આત્મસ્વરૂપ પામવું તેનું નામ જિનનો માર્ગ પામવો. આ પ્રકારે ચોથાવાળા જાણે છે પણ સ્થિતિમાં ફરક હોય છે.

ફેર-પ્રારબ્ધ કર્મનો ભોગ કોઈને થોડો તો કોઈને વિશેષ અને તેને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લઇને તેને જ્ઞાનની તાત્પર્યતા ઓછી વધતી હોય છે.

**રાગ-દ્વેષ**-પુદ્ગલ પદાર્થ અથવા માયિક પામવાથી તે પ્રત્યે મોહ હોવાથી અથવા ઉલ્લાસ પરિણામ થાય તે રાગ. તે પદાર્થ મોહને લીધે ઝંખનાં કરતાં છતાં પ્રાપ્ત ન થવાથી થતો ખેદ તે દ્વેષ. રાગ-દ્વેષ જીવને વધારે છે.

હવે જ્યાં આત્મા અને પુદ્ગલિક વહેંચણી થાય તેને ભેદ કહે છે. તે ભેદજ્ઞાન દૃઢ થવાથી પુદ્ગલિક વસ્તુ મળવાથી આનંદ કે ઉલ્લાસ ન પામે, તે ન મળવાથી ખેદ ન થાય આનું નામ **વૈરાગ્ય** છે. અને પર વસ્તુ પરથી મોહભાવ નિવૃત્ત થયો તેનું નામ **ત્યાગ**. આ ત્યાગ વૈરાગ્ય ન હોય તો સ્વ-પરનો ભેદ જાણ્યો તે ન જાણ્યા બરાબર છે.

જીવની બે પ્રકારે સ્થિતિ હોય છે. બહીર્મુખ-બહારના વિષયોમાં લોલુપતા અને તે પ્રાપ્ત કરવામાં દોટ, અંતર્મુખ-જીવ પોતાના સ્વરૂપનો વિચાર કરી, આ મારા નથી, હું તેનાથી પર છું, તે ક્ષણિક છે, હું અવિનાશી છું એ વિચારી તે પ્રસંગોથી જેટલો નિવૃત્ત ભાવ ભજે તે અંતર્મુખપણું છે. અંતર્મુખ થાય તો મોહ નિવૃત્ત થતાં વાર ન લાગે, કારણ મોહ અજ્ઞાનથી થાય છે. અજ્ઞાન-અંતર્મુખ ઉપયોગ હોવાથી નાશ પામે છે. આત્મા અરૂપી પદાર્થ હોવાથી જ્ઞાનીપુરુષોએ તે લક્ષણાદિ ભેદથી તેનું સ્વરૂપ બતાવ્યું છે. લક્ષણ, ગુણ અને વેદનપણે આત્મસ્વરૂપ સમજવું-જાણવું અને અનુભવમાં લાવવું, તે જ પદમાં સ્થિતિ થવી તે જ્ઞાનદશા છે. આ જ્ઞાનદશા ચોથા ગુણસ્થાનકથી માંડી ઉત્તરોત્તર વધતાં વધતાં તેરમા ગુણસ્થાનક સુધી છે. તેરમે પૂર્ણ સ્વરૂપની પ્રાપ્તિ હોય છે.

હવે જ્ઞાનીપણું પોતાની કલ્પના મુજબ દૃષ્ટિ કલ્પી લીધેલ હોવાથી જ્ઞાનીપુરુષની ઓળખાણ પડવી બહુ કઠિન છે. તીવ્ર મુમુક્ષુતા ઉત્પન્ન થયે, દર્શનમોહનો નાશ થયે, તે જ્ઞાની પુરુષની ઓળખાણ થાય છે. આત્માનું સ્વરૂપ જ્ઞાનીપુરુષે કહ્યું છે તે સદ્ગુરુ દ્વારા સમજી તે પદમાં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ્થિતિ કરવી તે સ્વભાવ. તેથી ઉલ્ટી રીતે પુદ્ગલના ભાવ જે જે અંદરમાં ઉત્પન્ન થાય છે તે મારા છે અને મને થાય છે. આ પ્રકારનું પરિણામ તે વિભાવ. તે સમજી વિભાવ ત્યાગ થાય, તેટલો સ્વભાવ પ્રગટે. આ વસ્તુ યથાર્થપણે સમજવામાં આવવી જોઇએ. તે સમજવાનું મુખ્ય કારણ સત્પુરુષ-સદ્ગુરુ અને સત્શાસ્ત્રો છે. આત્મસિદ્ધિમાં કહ્યું છે કે,

**"કર્મ અનંત પ્રકારના, તેમાં મુખ્યે આઠ,**
**તેમાં મુખ્ય મોહનીય, હણાય તે કહું પાઠ."**

**"કર્મ મોહનીય ભેદ બે, દર્શન ચારિત્ર નામ,**
**હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ."**

**દર્શન મોહનીય** એક વસ્તુ જે સ્વરૂપે છે તે સ્વરૂપ નહિ જણાતાં તેથી ઉલ્ટી રીતે તે વસ્તુનું સ્વરૂપ જાણ્યું તેનું નામ. અહીં આત્મા અને દેહ તેમાં વિચારવાનું છે. આ દેહની અંદર જે સંકલ્પ-વિકલ્પ, રાગ-દ્વેષ પરિણામ હશે યા છે, જે જે મિથ્યાત્વભાવ અથવા વિભાવ ઉત્પન્ન થાય છે, તે મને થાય છે, આત્મામાં ઉત્પન્ન થાય છે. તેવા પ્રકારે પુદ્ગલિક પરિણામને દર્શનમોહને લીધે આત્મીક પરિણામ માને તેમજ આ પુદ્ગલ દેહથી થતી ક્રિયા. દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, નિયમ આદિ ધર્મના નામે થતી ક્રિયા દેહથી થાય છે તેને શુભક્રિયા કહેવાય છે. તે આત્માની માને. આવા પરિણામ હોવાને લીધે, આત્મીક ભાવ જે છે તે સમજવામાં ન આવે અગર તો ઉપર કહી તે પ્રકારની ક્રિયામાં આગ્રહથી આત્મીક પરિણામ સંબંધી જ્ઞાનનો અનાદર કરે તેને દર્શનમોહ કહ્યો છે. દર્શનમોહ બોધથી હણાય છે. આત્માની ક્રિયા અને પુદ્ગલની ક્રિયા તદ્દન જુદી ભાસે તેથી પુદ્ગલિક ક્રિયા આત્માની માની હતી તે પુદ્ગલની માની અને પોતે આત્મીક ક્રિયા હતી તે (આત્મની માની) તેથી અન્ય ક્રિયાનો અકર્તા થયો. આ પ્રકારે દર્શન મોહનો નાશ થાય તેટલા અંશે સ્વભાવ પ્રગટ થાય છે તે જ વીતરાગ દશા. એ વીતરાગ દશા જેમ જેમ વધે તેમ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેમ ચારિત્ર મોહનો નાશ થાય.

**નિર્વિકલ્પતા**-એટલે મનના સારા નરસા જે વિચારો થયા કરે છે તેથી રહિતપણું. મન, વચન, કાયાના યોગ બહારની પ્રવૃત્તિ કરે છે છતાં આ નિર્વિકલ્પ સમાધિ રહ્યા કરે છે. તેવો કૃપાળુ દેવનો લખવાનો આશય છે. મન, વચન, કાયાની ઉપાધિ છતાં આત્મસ્વરૂપ પ્રત્યેની સમાધિ રહ્યા કરે છે.

**સંકલ્પ-વિકલ્પ**-આત્માના જ્ઞાનમાં જ્ઞેયનું પ્રતિબિંબ પડે છે તે સંકલ્પ વિકલ્પ માની તે ન થવા માટે પુરુષાર્થ કરે છે. એ અજ્ઞાની પુરુષ છે, કારણ સંકલ્પ-વિકલ્પ મનના તરંગ છે, તે પણ રહેવાનાં જ .તે પર છે, ફક્ત જીવે જ્ઞાતા દૃષ્ટા રહેવાનું છે ને સ્વમાં દૃષ્ટિ કરવાની છે.

અહંમમત્વપણું રહિતથી જે પ્રવૃત્તિ પ્રારબ્ધ યોગથી કરવી પડે છે. અને તે પ્રવૃત્તિ કરતાં જીવ તેની નિવૃત્તિ ભજ્યા કરે છે તે વીતરાગ દશા.

**આરંભ-પરિગ્રહ**-સંસારી વૈભવ વધારવાની તૃષ્ણા-ઇચ્છા-ઉલ્લાસ તે આરંભ અને તે પ્રાપ્તિથી મમત્વ, તે પરિગ્રહ. આ દેહમાં દેહાત્મબુદ્ધિને લીધે સરાગપણે પ્રવૃત્તિ તે અહંમપણું, તે પરિગ્રહ છે. હવે આરંભ-પરિગ્રહ તથા દેહ પ્રત્યેની મોહાસક્તિ તથા માયાવી પદાર્થ પ્રત્યે સરાગ દશા વગેરેનો નાશ કરવાની પ્રવૃત્તિ તે વિચાર શ્રેણિથી અને વૈરાગ્યે સમજવું જોઇએ. બંધ અને મુક્ત દશા પણ સત્સંગના યોગે સમજવી જોઇએ. આ બધું જ થવામાં આપે બતાવેલું સાધન જે જ્ઞાન મુખ્યમાં મુખ્ય સાધનાયુત છે તે સાધન વિના સ્થિતિદશા થવી દુર્ઘટ છે. સંપૂર્ણપણે જ્યાં સુધી આત્મામાં વીતરાગ દશા ઉત્પન્ન ન થાય, નિર્મોહીપણાનો પોતે અનુભવ ન કરે ત્યાં સુધી બીજું કરવા વિષે વૃત્તિ જાય જ કેમ ? કૃપાળુ દેવે આત્મસમાધિ કાયમ રહેવા રૂપ નિર્વિકલ્પતા બતાવી છે તે નિર્વિકલ્પતામાં ખરું સુખ, ખરો આનંદ,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ્વરૂપ પ્રાપ્તિનો માર્ગ સમાયેલો છે.

**અસંગતા**-આ દેહની અંદર ક્ષણે ક્ષણે માયિક ભાવો ઉઠે છે, જેને તમે સંકલ્પ વિકલ્પ કહો છો તે પ્રત્યે અખંડ વીતરાગ દશા રહેવી તે અસંગતા. સમવસ્થાન સ્થિતિ ન થાય ત્યાં સુધી ધ્યાન અને સ્વાધ્યાયમાં રહેવું જોઇએ. પોતે દરેક ક્રિયા, પ્રવૃત્તિ, સંકલ્પ કે ભાવ ઉઠે છે તેના દ્રષ્ટા તરીકેનો અનુભવ આત્મ-જાગૃતિપૂર્વક ક્ષણે ક્ષણે હોવો જોઇએ. સંસાર વધવાનું મુખ્ય બીજ રાગ-દ્વેષ, અજ્ઞાન. તેની નિવૃત્તિ સદ્‌ગુરુના પ્રતાપે સહજ કરી શકાય છે. જેના વચનથી તે ટળે તે જ મોક્ષનો માર્ગ છે.

એક આત્મવૃત્તિ ગમે તેવી સ્થિતિમાં અન્ય સ્વરૂપથી સત્ ચિત્ આનંદ સ્વરૂપ હું પોતે સહજ આત્મસ્વરૂપ નિર્વિકાર નિજાનંદ સ્વરૂપ છું, તે વૃત્તિનો પ્રવાહ જેમ બને તેમ વધારતા જાવ અને તે વધારવાનો ક્રમ સેવતાં જે જે સ્મૃતિમાં અન્યસ્વરૂપ આવે તેનો શોક ન કરવો પણ દ્રષ્ટા છું. તે મારું સ્વરૂપ નથી, તે અન્યથા છે તે રીતે તે ઉપર લક્ષ નહીં આપતાં તથા વૃત્તિને નહીં રોકતાં આત્મવૃત્તિનું અનુસંધાન કરી સહજ આત્મસ્વરૂપ નિર્વિકલ્પ સ્વરૂપ છે તે વીતરાગ દશાએ અનુભવવું. તે અનુભવ માટે બીજા વિકલ્પ મૂકી તેને પ્રાપ્ત વસ્તુ (સાધન)માં લક્ષ રાખવો, અને તે જાપ, રામ, સોહં, અરિહંત, કરવો જોઇએ.

આપણે ધ્યાનમાં બેઠા હોય ત્યારે આપણો ઉપયોગ પ્રથમ એવો હોય કે હું જ્ઞાનસ્વરૂપ શુદ્ધ સ્ફટિક મણી સમાન આત્મા છું તે ઉપયોગમાં આપણે જાપ, ભજન સોહં કે સ્મરણ ગમે તે કરતા હોઇએ તેમાં પુદ્‌ગલ ભાવ ઉત્પન્ન થાય છે. જેમ પવનના જોરથી પાણીમાં મોજાં ઉત્પન્ન થાયછે અથવા પહેલ પાડેલ હિરો આંખ આડે જોવાથી લાલ, પીળા રંગ માલુમ પડે છે તે રંગ હિરામાં નથી તેમ જળનો સ્વભાવ શીતળ અને સ્થિર છે, તેમ પુદ્‌ગલાકાર દ્રષ્ટિ હોવાથી ધ્યાન



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છૂટી મિથ્યાભાવ અથવા મિથ્યામતિ, અજ્ઞાન જે કહો તે છે, તેવે વખતે એવો ઉપયોગ જાગૃત નથી રહેતો કે "હું તો જ્ઞેય પદાર્થનો જ્ઞાનરૂપ જાણવાવાળો તો જાગૃત છું નહીં તો જ્ઞેય આવ્યું તે ક્યાંથી ખબર પડે ?" માટે જાણવા રૂપ મારો જ્ઞાનસ્વભાવ તેનો મોજુદ હું અનુભવ કરું છું. તો જ્ઞેય જાણવાથી મારા જ્ઞાનમાં ભેદ ક્યાં પડ્યો છે ? એટલે, તે જ્ઞેયરૂપ હું ક્યાં થયો હતો ? એવો નિશ્ચય રહે ત્યાં વિકલ્પ કહેવાય નહીં અને મારું ધ્યાન કે ઉપયોગ છૂટી ગયો અને આ જ્ઞેય પદાર્થ તે હું છું એવો પ્રતિભાવ થાયછે તે વિકલ્પ સંકલ્પ-વિકલ્પથી રહિત થવું તે નિર્વિકલ્પ કહેવાય.

સદ્‌ગુરુએ અનંત કૃપા કરી આપેલું સહજ આત્મસ્વરૂપને મૂકીને ભ્રાન્તિથી અચેતન વસ્તુને સાક્ષાત જેવી કલ્પીને એમાં ભરમાઇશ નહિ, અથવા એવી ભ્રાંતિમાં પડીશ નહીં. આત્મસ્વરૂપમાં ત્રિકાળ વાસ કરીને રહીશ. ત્રણે કાળે એક સ્વરૂપ રહેનારું એવું સમતારૂપી શુદ્ધ ચૈતન્ય જ્ઞાન-મૂર્તિને મૂકીને જડ-અજીવમાં સ્વસ્વરૂપ નહિ માનું. જીવરાશી જ્ઞાન-દર્શન મૂળ સ્વરૂપે જીવનારો જીવ તે જ મારું સ્વરૂપ છે એટલે એમાં જ ત્રિકાળ નિવાસ કરીને રહીશ. આ અપરોક્ષ જ્ઞાન, વ્યક્ત પ્રગટ જ્ઞાન છે.

**કષાય**-સત્પુરુષ મળે અને જીવને તે બતાવે કે તું જે વિચાર કર્યા વિના કર્યે જાય છે તેમાં કલ્યાણ નથી છતાં કરવા માટે દુરાગ્રહ રાખે તેનું નામ કષાય.

બીજા પદાર્થમાં નિજ બુદ્ધિ કરે તો પરિભ્રમણ દશા વધે. નિજને વિષે નિજ બુદ્ધિ ચોક્કસ અડગપણે રહે તો પરિભ્રમણ દશા ટળે. આમાં બળવાન સત્સંગના ટેકાની જરૂર છે.

**પ્રમત્ત**-જે જ્ઞાન જ્ઞાનરૂપ જ છે છતાં જ્ઞેયના પ્રતિભાષથી જ્ઞાનને જ્ઞેયરૂપ માનવાપણું પ્રમત્ત દશા છે અને ભેદજ્ઞાનના બળથી અનુભવ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જાગૃતિ હોવાથી શુદ્ધ ઉપયોગ, જે જ્ઞાન સ્વરૂપ છે તે જ્ઞેયના પ્રતિભાષથી જ્ઞેયરૂપ ઉપયોગ નહીં થતાં આત્માનો ઉપયોગ જ્ઞાનરૂપ જ પરિણમે તે પુરુષ અપ્રમત્ત કહેવાય છે.

મૂળમાર્ગમાં સમકિતની જ વાત છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર જુદા જુદા સમજવા જુદા પાડેલ છે. એ ત્રણે સાથે (અભેદ) જ હોય છે.

મહાપુરુષો ડગલે ને પગલે સદ્ગુરુનો લક્ષ કરાવે છે. સદ્ગુરુ એ જ દેહધારી પરમાત્મા, તેમના ઉપર પ્રેમ વધારવો કારણ કે તેઓ શુદ્ધ આત્મારૂપ જ છે. તેમનો આત્મા છે તેવો જ આપણો આત્મા છે. તેમની ભક્તિ (પ્રેમ, શ્રદ્ધા, અર્પણતા)થી આપણા દોષ ટળે છે અને જીવને હમેશાં ઉત્સાહ વધતો જાય છે. શિથિલપણું આવતું નથી. તેમ કરતાં જ્યાં જ્ઞાનનો અનુભવ-સ્વરૂપ પ્રતીત થાય છે ત્યારે તે મુંઝવણ ટળે છે. પણ તેમ ન થાય ત્યાં સુધી તો સત્પુરુષોનો અને તેમના વચનને દૃઢ વિશ્વાસથી પ્રયત્ન કરવો ઘટે છે. તે કર્યા વિના નિશ્ચય જ્ઞાનની પ્રાપ્તિ દુર્લભ છે. સુ-રસ પીવાય છે. મોટું થવાયછે.

આ પ્રમાણે કાળીદાસભાઈના પત્રો હું સમજી છું. આપશ્રી વાંચી જોજો. લાંબો છે પણ મને બંને વસ્તુનો ખ્યાલ આવી ગયો છે.

Mr. Shah મદ્રાસ ગયા છે. ૩૧મી જાન્યુ. Eye Hospital opening બંધ રહેલ છે. માજીને બ્લડપ્રેસર વધી ગયું છે. છાતીમાં થોડો દુઃખાવો થાય છે. સાંજે Heart Specialist બોલાવ્યા છે. મારા બાને ઠીક છે.

આપનો શું પ્રોગ્રામ છે તે જણાવશો. પૂ. આ. શાન્તિભાઈ આવીગયા હશે. એમણે પણ કાલિદાસભાઈના પત્રો સમજાવ્યા હતા. તે પછી મેં પોતે વાંચ્યા હતા.

પૂ. બા, દિલીપભાઈ, ભાભી બધા મઝામાં હશે.

**લી. સદ્ગુણાના પ્રણામ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૮

સાયલા, તા. ૧-૨-૭૯

॥ ૐ ॥

। સહજાત્મ સ્વરૂપાય નમઃ ।

**પરમ મુમુક્ષુ બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

તમારો તા. ૨૬/૧નો પત્ર તા. ૨૮-૧-૭૯ એ મળ્યો. વાંચી ચાર પેઇજ લખતાં કેટલો વખત થયેલ હશે ! એમ તેની અંદર પરમ કૃપાળુ શ્રી કાળીદાસભાઈના પત્રની હકીકત મુદ્દાસર બતાવેલી છે તે વાંચી જોતા આનંદ થયો. કારણકે તે બરાબર છે, કારણ તમોને અનુભવમાં પ્રગતિ થઈ અને શીતળતા અને આનંદ આવે છે. અતિ નિશ્ચય આનંદ કોને કહેવાય ! તે લક્ષ થતાં હવે તે ભેદજ્ઞાનનો પીરીયડ, વખત જાય તેમ વધારવો જોઇએ.

પ. મુ. પરસોતમ દોશી અહીંના અમલનેર અને જલગાવ રહેતા. પરંતુ તેમની સમજણ વેદાંત પ્રમાણે હતી. તેમને શ્રદ્ધા હકા બાપા જે ચોટીલાના ભક્ત હતા તેના પર હતી. એટલે પૂ. કાળીદાસભાઈએ વેદાંતમાં શ્રદ્ધા હોય તેને જૈન યથાર્થ બોધની સમજણ થાય તેવી ગામઠી ભાષામાં પત્ર લખેલ છે. પરંતુ તેથી તમારી આંખ સંપૂર્ણ ખોલી નાખી તેમ લખ્યું તે જાણી પરમ સંતોષ થાય છે. તમારી ઝંખના અને મહેનત, સમજણ-ખરેખર દાદ માંગી લે તેવી છે.

આંક ૫૮૫

**"જેમ નિર્મળતા રે રત્ન સ્ફટિક તણી, તેમજ જીવ સ્વભાવ રે,**
**તે જિન વીરે રે, ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાય અભાવ રે,"**

તે પણ વાંચશો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ટેલીફોનમાં વાતચીત થઈ, આંગળીએ થોડું ફ્રેકચર છે, દુઃખાવો થોડોછે. મટી જશે. શ્રીમાન સી. યુ. શાહ મદ્રાસ ઉદ્ઘાટન માટે ગયા છે તે જાણેલ છે. પૂજ્ય માજીને B. P. Normal થઈ ગયેલ હશે. આપના માતુશ્રીને વંદન. ચિ. બેન મઝામાં હશે તમોને ખુશી મઝામાં ચાહું છું. પ્રોગ્રામ હાલ તો અત્રનો છે.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**

**૧૯**

તા. ૬-૨-૭૯

**પરમ પૂજ્ય સદ્ગુરુદેવાય નમઃ**

આપનો તા. ૧લીએ લખેલો પત્ર ગઈ કાલે મળ્યો છે. હું ફરી રિપીટ કરું છું. આપના પરમ સત્સંગથી જ આંક ૫૮૫ના કહેવા પ્રમાણે કે સહજ દૃષ્ટા અત્યંત પ્રકાશિત થયે એટલે સર્વ કર્મનો ક્ષય થયે જ અસંગતા કહી છે અને સુખ સ્વરૂપતા (જે અનુભવાય છે) કહી છે તે જ્ઞાની પુરુષના વચન અત્યંત સાચા છે, કેમ કે સત્સંગથી અત્યંત પ્રગટ તે વચનોનો અનુભવ થાય છે.

નિર્વિકલ્પ ઉપયોગનો લક્ષ સ્થિરતાનો પરિચય કર્યાથી થાયછે. સુધારસ, સત્સમાગમ, સત્શાસ્ત્ર, સદ્વિચાર, વૈરાગ્ય, ઉપશમ એ સૌ સ્થિરતાના હેતુ છે.

ભેદજ્ઞાનનો પિરિયડ આપે વધારવાનું કહ્યું છે, પણ ઉપયોગ અને સાધન રહે એટલે એનો- શિતળતા, સુગંધતા, (સુખડ-અગરબત્તીની સુગંધ) જેવું લાગ્યા કરે, એવું અનુભવાયા જ કરે છે. પણ જેમ આપે જ્યારે બતાવ્યું ત્યાર પછી એકાદ અઠવાડીયા સુધી ઘણા પ્રમાણમાં હતું તે હવે ઓછું લાગે છે, છતાં તરત જ અનુભવાય છે. મનના તરંગ પણ ઓછા થઈ ગયા છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આપશ્રીના હાથે હવે સારું હશે. પૂ. માજીનું B. P. Normal થયેલ છે. ચિ. મિનળે પણ વચનામૃતના પહેલા ભાગથી વાંચવાનું શરૂ કર્યું છે. મેં એને વાંચવાનું કહ્યું ન હતું, કારણ હું માનું છું કે આ બધું પોતાને અંદરથી સ્ફુરવું જોઇએ. તો જ આગળ વધી શકે. હું વાંચતી- સ્વાધ્યાય વગેરે ત્યારે હમેશાં એકાદ વખત આંટો મારી જાય, પૂછી જાય શું કરે છે ? એકાદ બે અક્ષર લાઇનો વાંચી જા., અને એક દિવસ એને પોતે જ શરૂ કર્યું છે. ૧૦૦ પાન વર્ષ ૧૭મું વાંચે છે. ૧।। કલાક વાંચે છે અને મારી જેમ ડાયરીમાં લખે છે. જો એનું કલ્યાણ થવાનું હશે તો એ જરૂર ચાલુ રાખશે ? Mr. Shah બહુ અફસોસની વાત છે કે એ હજી-એવડી નાની મોક્ષમાળા પૂરી નથી કરી, કારણ એમને તો જંજાળ ખૂબ (વગર ઉપયોગની) એમાં વધારે લક્ષ અથવા શ્રદ્ધા પુરી નહિ હોય પણ છતાં જોઇએ. જો એ ધારે તો એકાદ મહિનામાં બધું જ પુરી કરી શકે એમ છે.

બીજા બે ત્રણ આંક સમજવા માટે જણાવશો. આ. શાંતિભાઈ મઝામાં હશે. બીજા મુમુક્ષુઓ/પરમ મુમુક્ષુઓ મઝામાં હશે.

સાયલા સ્કૂલવાળા ઓળખીતા નેપીયન્શી રોડ પરથી રતિભાઈનો ફોન હતો. એ Mr. Shah Madras થી આવશે એટલે મળવા આવશે. એ કામ પણ પતાવી દઇશું.

Eye Institute નું Opening હજુ થયું નથી. કદાચ ફેબ્રુઆરીમાં થશે.

હજુ હું ૨૮મું વર્ષ-વચનામૃતનું વાંચું છું.

હમણાં અહીંયા ઠંડી પડે છે.

સાગરમાં વચનામૃતનું ૨૧મું વર્ષ વંચાય છે. પ્રભુશ્રીનું ઉપદેશામૃત વંચાય છે. સ્તવન પણ બોલાય છે. સ્તવનમાં હવે સમજણ પડે છે. વચનામૃતમાં પણ પહેલાં કરતાં હવે વધારે સમજાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પૂ. બા, ભાભી, દિલીપભાઈ, બાળકો મઝામાં હશે.

લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ

## ૨૦

સાયલા, તા. ૧૦-૨-૭૯

॥ ૐ ॥

। સહજાત્મ સ્વરૂપાય નમઃ ।

**પરમ મુમુક્ષુ બેન શ્રી સદ્‌ગુણાબેન**

તમારો લખેલ તા. ૬/૨નો પત્ર તા. ૮/૨ના રોજ મળ્યો. વાંચી બીના જાણી. અહીંનો પત્ર તા. ૧/૨નો તા. ૫/૨ના રોજ મળ્યો. વચમાં રવિવાર આવ્યો, ને બરાબર ટાઇમે પોષ્ટ નહીં થયો હોય.

તમારે રિપીટ કરવાની જરૂર ન હતી. તે પહેલાનાં પત્રથી જ સમજાણું હતું. છતાં આ પત્રથી ખાત્રી થતાં પરમ સંતોષ થયો.

ચિ. બેને વાંચન તેણીની વેળાએ શરૂ કર્યાનું જાણી આનંદ થયો. પૂ. માજીની તબિયત સારી છે. આપના પૂજ્ય માતુશ્રી પણ સ્વાધ્યાય કરાવે છે. જાણી ખુશી ઉત્પન્ન થઈ.

અહીં પણ વચનામૃતમાં ૨૮મું વર્ષ ચાલે છે. આજે તે વર્ષ પૂરું થશે. રાત્રે ઉપદેશામૃત ચાલે છે. ઉપદેશ સંગ્રહ ભા. ૧લો ચાલે છે.

વધારે બે ત્રણ આંક લખી જણાવવા લખ્યું તો ઉપદેશામૃત પાના ૧૯૯-૨૦૦ વાંચશો. તેમજ ઉપદેશામૃત પાનું ૨૩૦માં 'પ્રભુશ્રી' આ વાંચો. ત્યાંથી પાના ૨૩૧ આખું વાંચો. તે ઉપરાંત વચનામૃત ભા. ૨ જો આભ્યંતર પરિણામ અવલોકન હાથ નોંધ ૧/૪ પૃષ્ઠ ૩, પાન નં. ૭૯૧ થી 'સહજ' વાંચી હા. નો ૧/૫ પાના નં. ૭૯૨ થી પાના નં. ૭૯૪, પાના નં. ૯૦૪-૫-૬, ઊઠીને ભળી ગયો. ખાસ વાંચશો અને મનન કરો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રીમાન શ્રી સી. યુ. શાહ મદ્રાસ છે અને Institution નું ઉદ્ઘાટન ફેબ્રુઆરીમાં છે. તે જાણેલ છે. આંગળીમાં તીરાડ જેટલું ફ્રેકચર છે. પાટો મંગળવારે બદલશે. સહેજ હજુ દુઃખાવો છે, પણ ફીકર કરવા જેવું નથી.

તમોને ખુશી આનંદમાં ચાહું છું.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**

**૨૧**

તા. ૧૬-૨-૭૯

**પરમ પૂજ્ય સદ્ગુરુદેવાય નમઃ**

આપનો તા. ૧૦નો લખેલો પત્ર મળ્યો. વાંચી આનંદ થયો.

**"સદ્ગુરુના ઉપદેશથી આવ્યું અપૂર્વ ભાન,**
**નિજપદ નિજમાંહી લહ્યું, દૂર થયું અજ્ઞાન."**
**"વર્ધમાન સમકિત થઈ, ટાળે મિથ્યાભાસ,**
**ઉદય થાય ચારિત્રનો, વીતરાગ પદ વાસ."**

હવે આને માટે પુરુષાર્થ કરવાનો છે. અને આપના બળની સંપૂર્ણ જરૂર છે.

ભાગ-૨ અભ્યંતર અવલોકન પણ વાંચ્યું. મનન કર્યું. ૪ થી ૧૨ ગુણસ્થાનક સુધીના બધા જ હતા. હવે અમારે કઈ દશામાં ભળવું ?

આત્માનો જેને અનુભવ હોય તેનો સમાગમ કરવો તેના પાસેથી સમજવો, બોધને વિચારવો તેવા પ્રકારે પરિણામ લાવવું.

**"પાવે નહિ ગુરુગમ વિના, એહિ અનાદિ સ્થિત,"**
**"ગુરુ બિના જ્ઞાન નહિ, ગુરુ વિના ધ્યાન નહિ"**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તદ્દન સત્ય હકીકત અનુભવેલી છે. પછી વાર ન લાગે.

હવે પછી મોટા કામ અંતમુહૂર્તમાં થાય. અંતમુહૂર્તમાં કેવળજ્ઞાન. ગુરુ વગરુ આગળ ચાલે એમ નથી. તેની જરૂર ઠેઠ સુધી છે.

૨૩૦-૨૩૧, ઇડરમાં પુઢવી શીલા સંબંધી ઉલ્લેખ કર્યો છે પણ પ્રભુશ્રી તો આત્માને જાણવો છે. તે પણ એમ જ કહે છે.

**"વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો."**
**"અબ કર્યો ન બિચારત હૈ મનસે, કછુ ઔર રહા ઉન સાધનસે."**
**"બિન સદ્ગુરુ કોઈ ન ભેદ લહે, મુખ આગલ હૈ કહ બાત કહે."**

અનાદિથી પરભાવમાં છે, તે ફીટીને સ્વભાવમાં આવવાનું છે.

**"જિન થઈ જિનને આરાધે, તે સહિ જિનવર હોવે રે."**

સી. યુ. શાહ મદ્રાસથી આવી ગયા છે. Mr. R. D. Shah ને બીજી ઑફિસમાં Invitation માટે આવી ગયા છે. પણ અવરનવર બહારગામ જવું પડે છે, એટલે અત્યારથી નક્કી ન થઈ શકે, મારા આવવા માટે પણ આગ્રહ કર્યો છે. જોઇએ. મારા સાસુ પૂજ્ય માજી અવરનવર Blood Pressure નાં attack ૨૦૦/૧૨૦-૧૨૫ થઈ આવે છે, ને પોતે બહુ ગભરાઈ જાય છે. એમને સારું હસે તો હું આવીશ. મારો વિચાર હમણાં પણ અઠવાડીયું એક આવવાનો થાય છે. મન ઘણું થાય છે. કદાચ હું આવી જઇશ. રૂ. ૧૦,૦૦૦ આપવાનું પણ કહી દીધું છે.

હવે બીજા આંક કે બીજુ ઉપયોગી હોય તે લખી જણાવશો. આપ લખો છો પછી વાંચવાની જુદી મજા આવે છે.

ચિ. મિનળ ૨૧મું વર્ષ વાંચે છે, આપ આજ્ઞા કરો તો ત્યારથી ફરીથી વાંચવાનું શરૂ કરે. દોઢ કલાક એ જ વાંચે છે. ડાયરી પણ લખે છે. એનો Garsping Power ઘણો છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ. શાંતિભાઈ, આ. નગિનભાઈ મઝામાં હશે. મુમુક્ષુ તથા પરમ મુમુક્ષુ ભાઈ/બહેનોને સ્વાધ્યાય,ધ્યાન વગેરે ચાલતું હશે. એમને તો પરમ સત્સંગને ! એનો તો ઓર જ લાભ હોય છે.

પૂ. બા, દિલીપભાઈ, ભાભી, બાળક મઝામાં હશે.

મારું વાંચન ૨૮મા વર્ષમાં ચાલે છે. સાગરમાં ઉપદેશામૃત પ્રભુજીનું વંચાય છે. ત્યાં ૨૨મું વર્ષ ચાલે છે.

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**

## ૨૨

મુંબઈ, તા. ૧૯-૩-૭૯

**પરમ પૂજ્ય શ્રી સદ્‌ગુરુ દેવાય નમઃ**

તા. ૧૪ સાંજના છ વાગે મુંબઈ પહોંચી. સુખરૂપ પહોંચી ગઈ છું. પ્લેઇન એક કલાક Late હતું.

ત્યાંથી આવ્યા પછી કૃપાળુ દેવના બોધ પ્રમાણે "કર વિચાર તો પામ". એમ મારા મન સાથે મનન-ચિંતન ચાલે છે. પહેલાં બે ત્રણ દિવસ મનન-ચિંતન જ કર્યું. કારણ તમારી સાથે જે પ્રશ્ન ચર્ચાયા હતા, એના જવાબ હું આપી શકી ન હતી. જેને માટે ૪૭૧-૪૭૨ પત્રો મેં ફરી વાંચ્યા. સુધારસ-તેમાં આત્મા સમીપપણે વર્તે છે માટે તે આત્માની વિશેષ છાયા-સુગંધ ! નો ધ્યાન જ્ઞાનીની આજ્ઞાએ થવાથી આત્મા પ્રગટે છે.

સ્વાધ્યાય-દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવે યથાવસ્થિત સમજાયે સ્વદ્રવ્ય સ્વસ્વરૂપ પરિણામે પરિણમી અન્ય દ્રવ્ય (જડ) પ્રત્યે કેવળ ઉદાસ થઈ કૃતકૃત્ય થયે કંઈ કર્તવ્ય રહેતું નથી.

કાળીદાસભાઈના પત્રો ફરીથી વાંચ્યા. તે તો કહે છે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**"આજ સખી મનમોહનને (આત્માને) રમતાં જમના જળમાં (સુ) નિહાળ્યો.
શાન્ત સુધામય શ્યામકી મુરત (આત્મા) દેખત ન્નેહ જગ્યો ઉજીયારો.
અંતર એક નિરંતન ધ્યાન, હરિ બિન લાજ કે કાજ ન પ્યારો.
દેહકો ભાન સબે બિસરી, જગજીવન હે સખી કામનગારો."**

(હજુ એટલું બધુ સ્ટેજ આવ્યું નથી, એના જેવું લાગે છે.)

**"મેલી સબે મરજાદ હરિ તુમ, પ્રીતમેં કુલકી રીત બિસારી,
એક ઘડી ન ઠરે ઘરમેં ચિત્ત, જાનત વ્હે ગુંજકી ગિરધારી.
ધાઈ ધસુ અકળાઈ કે બાહીર, નિરખવા મુખમેં ત્રિપુરારી.
જો મુખચાર પોકાર કરું, સબ કોઈ કહે બની બાવરી નારી."**

પણ હજી સુધી એવું કાંઈ નથી.

**"શુદ્ધતા વિચારે ધ્યાવે, શુદ્ધતા મેં કેલી કરે,
શુદ્ધતા મેં સ્થિર વહે, અમૃતધારા વરસે."**

હું તા. ૨૩ શુક્રવારે નિકળી જવાની છું. ત્રણ-ચાર દિવસ માટે જ. Eye Institue નું Opening તા. ૨૫નું છે. પૂ. માજી તબિયતના કારણે ત્રણ ચાર દિવસમાં જ પાછી આવવાની છું. કારણ એમનું Blood Pressure ૨૦૦/૧૧૦ નીચે ઉતરતું જ નથી. ઘણી જ દવા, Inj. વગેરે આપવાથી થોડા ટાઇમ થોડું ઉતરે છે. પાછું એનું એ જ થઈ જાય છે. મારી બાની તબિયત પણ હમણાં બહુ સારી નથી. એટલે શરદીને લીધે એકદમ ઢીલા થઈ ગયા છે.

આ. શાન્તિભાઈ, નગિનભાઈ મઝામાં હશે. બીજા મુમુક્ષુ તથા પરમ મુમુક્ષુ વગેરેનો સ્વાધ્યાય બરાબર ચાલતો હશે.

મિનળનું વાંચવાનું ચાલે છે. ૨૪મું વર્ષ વાંચે છે, નિયમિત વાંચે છે.

સુભદ્રાબેન સાગરમાં નિયમિત આવે છે. એમની આંખની તકલીફને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કારણે અહીંયા વચનામૃત વાંચન નિયમિત થાય છે, તેનો લાભ મળે છે, ૨૩મું વર્ષ ચાલે છે.

હવે અહીંયા ગર્મી પડવાની શરૂઆત થઈ ગઈ છે. સાયલામાં તો જરાયે ગરમી લાગતી ન હતી. ત્યાં મને ખૂબ મઝા આવી હતી.

પૂ. બા, ભાભી, દિલીપભાઈ, બાળકો મઝામાં હશે.

હવે મારે શું વાંચવાનું તે જણાવશો. આપની તબિયત સારી હશે. આંગળીનો દુઃખાવો મટી ગયો હશે. એજ

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**

## ૨૩

સાયલા, તા. ૨૬-૩-૭૯

॥ ૐ ॥

। સહજાત્મ સ્વરૂપાય નમઃ ।

**પરમ મુમુક્ષુ બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

તમારો તા. ૧૯-૩નો પત્ર તા. ૨૧-૩ના રોજ મળ્યો. તા. ૧૪-૩ પ્લેઇન એક કલાક મોડું હતું તેથી છ વાગે સુખરૂપ પહોંચી ગયા તે જાણેલ છે.

'કર વિચાર તો પામ' એ ઉપરથી મનન ચિંતન કર્યું તે સારી વાત છે. પરંતુ તમો તે સ્ટેઇજ તો વટાવી ગયા છો. સદ્‌વિચારણા થઈ ત્યારે તો તીર્થંકરો અને પરમ કૃપાળુ જે મોક્ષમાર્ગ બતાવી ગયા તેની દૃઢતા થઈ અને 'પામ' તે પણ પામી ગયા છો. તો તે અપૂર્વ સાધનના બળે, હવે તો, ગુણે, લક્ષણે અને વેદનપણે સ્વરૂપ પ્રગટ થવા પુરુષાર્થ કરવો જોઇએ. તેમાં યથાર્થ બોધ જોઇએ. તે માટે આત્મદ્રવ્ય શું ? પુદ્‌ગલ શું ? કર્મ કેમ બંધાય છે ? નિર્જરા કેમ થાય છે. ગુણ સ્થાનક ક્રમારોહ કેમ થાય ? ભેદજ્ઞાનથી કેવી રીતે જ્ઞાનધારા, કર્મધારા જુદી પાડવી ? આ અભ્યાસ ચાલુ રાખવાનો છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પૂ. કાળીદાસભાઈ કૃત પદનો અર્થ કર્યો છે તે બરાબર છે પણ પૂર્ણ તો અનુભવ થયા બાદ ઉલ્લાસ આપે છે જે "ધાઈ ધસુ અકળાઈ કે..." એવો સ્ટેઇજ આવે એમ કહી ગયા છે. "શુદ્ધતા વિચારે ધ્યાવે..." એ પણ મહેનત એટલે પુરુષાર્થ કરવાનો છે. Eye institute ઉદ્‌ઘાટન માટે બંનેને અભિનંદન. હવે તમે મદ્રાસથી આવી ગયા હશો. પૂજ્ય માજીને બીપી ૨૦૦-૧૧૦થી નીચે ઉતરતું નથી. તમારા પૂ. બાને શરદી પછી ઢીલા છે. બંનેને મારા વતી સુખશાતા પૂછશો. પ. મુ. સુભદ્રાબેન સાગરમાં આવે છે. સારું છે.

ચિ. મિનલબેનને ૨૪મું વર્ષ ચાલે છે. ક્રમસર આ ઉંમરે વાંચન ચાલે તે પ્રમોદ ઉત્પન્ન કરે છે.

આવતી કાલે વેરાવળ જઇએ છીએ. સાંજના પહોચશું. ૨૮-૨૯ રહીશું. તા. ૩-૩ સાંજે આવશું. સાત બેનો-ભાઈઓ મુંબઈથી સીધા વેરાવળ આજે સાંજે પહોંચશે.

મારું શરીર સ્વાસ્થ્ય સારું છે. તમોને ખુશી મઝામાં ચાહું છું.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**

તા. ક. :- શું વાંચવું ? આંક ૮૩૩ શ્રી ડુંગરભાઈ ગોશળીયા ઉપરનો પત્ર છે. આંક ૯૦૨ તથા ૯૧૩ ફરી ફરી વિચારી, મનન કરશો.

## ૨૪

તા. ૨-૪-૭૯

। સહજાત્મ સ્વરૂપાય નમઃ ।

**પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવાય નમઃ**

આપનો ૨૬-૩નો લખેલો પત્ર તા. ૨૮મીએ મળ્યો છે, વાંચી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અતિ આનંદ થયો છે. આ પત્ર ઘણો જ ઝીણો-સૂક્ષ્મ, યથાર્થ બોધ પામવા માટેનો છે.

હું પણ મદ્રાસથી તા. ૨૮મી સાંજના ૭ વાગે આવી ગઈ છું. C. U. Shah Post Graduate Training Centre માં (જુના બિલ્ડીંગમાં) Dr. Sita એ Retina Defachment ની ૧ વર્ષની ટ્રેનીંગ લીધી છે. તેણીને મારા હાથે પહેલું જ Certificate આપવાનું હતું. દર વર્ષ ૪-૫ વિદ્યાર્થી (Dr.) ને બધા જ પ્રાંતમાંથી ટ્રેનીંગ આપવામાં આવશે.

'કર વિચાર તો પામ', આપે લખ્યું છે તે સાચું છે. હવે તે અપૂર્વ સાધનના બળે ગુણે, લક્ષણે અને વેદનપણે સ્વરૂપ પ્રગટ થવા પુરુષાર્થ જોઇએ - તેને યથાર્થ બોધ જોઇએ-સમજવો જોઇએ. સૌથી પ્રથમ (૧) આત્મા નામનો પદાર્થ અરૂપી હોવાથી જ્ઞાનીપુરુષઓએ તેને લક્ષણાદિ ભેદથી સ્વરૂપ બતાવ્યું. લક્ષણ, ગુણ અને વેદનપણે આત્મ સ્વરૂપ સમજવું એટલે પ્રથમ બતાવ્યું તે જ્ઞાન-દર્શન-ચારિત્ર તે ત્રણે પ્રકારે આત્મસ્વરૂપ સમજવું-જાણવું અને અનુભવમાં લાવવું. અને તે જ પદમાં સ્થિતિ થવી તે જ્ઞાનદશા છે. આ જ્ઞાનદશા ચોથા ગુણસ્થાનથી માંડી ઉત્તરોત્તર વધતી વધતી તેરમે ગુણસ્થાનક સુધી છે. તેરમે પૂર્ણ સ્વરૂપની પ્રાપ્તિ છે.

ગુણ સ્થાનક ક્રમારોહ કેમ થાય ? નિશ્ચયથી જીવ પદાર્થ એકરૂપ છે, અને વ્યવહારથી ગુણસ્થાનકોના ભેદથી ૧૪ પ્રકારના છે. જેવી રીતે સફેદ વસ્ત્ર રંગોના સંયોગથી અનેક રંગનું થઈ જાય છે તેવી રીતે મોહ અને યોગના સંયોગથી જીવોમાં ૧૪ અવસ્થાઓ થાય છે.

**આત્મદ્રવ્ય શું છે ?** (૧) હું એક છું, (૨) પુદ્‌ગલથી ન્યારો છું, (૩) નિશ્ચય નયે કરીને શુદ્ધ છું, (૪) અજ્ઞાન-મેલથી ન્યારો, (૫) મમતાથી રહિત છું, (૬) જ્ઞાનદર્શનથી પૂર્ણ છું, (૭) હું મારા જ્ઞાનસ્વભાવ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સહિત છું, (૮) ચેતના ગુણ મારી સત્તા છે, (૯) હું મારા આત્મસ્વરૂપને ધ્યાવતો સર્વ કર્મનો ક્ષય કરું છું.

(સમયસાર-૭૩)

**પુદ્‌ગલ દ્રવ્ય શું ?** સ્થૂલ શરીર. સૂક્ષ્મ શરીર - તેજસ શરીર - ગર્મી કાંતિ આપેથી પાચન થાય છે. કાર્મણ શરીર-નવા કર્મના પુદ્‌ગલોને જીવ ગ્રહણ કરે છે. સ્થૂલ શરીર પાંચ ઇન્દ્રિયોના વિષયને ભોગવે છે. અજ્ઞાનપણું હોવાથી, પોતાના સ્વરૂપનું ભાન નહીં હોવાથી, તેમાં રતિ-અરતિ સારા નઠારાપણાથી થતો ભાવ, કાર્મણ શરીર, કર્મ પુદ્‌ગલને જીવ ગ્રહણ કરે છે. આવા ત્રણ પ્રકારના દેહ તેથી થતી ક્રિયાથી આત્મા જુદો, સ્વઉપયોગી, અવિનાશી- એમ જે સદ્‌ગુરુ ઉપદેશથી જાણ્યું તે જ્ઞાન, તેમાં પ્રતીતિ તે શ્રદ્ધા- આસ્થા-દર્શન (જે જ્ઞાને કરીને જાણ્યું), તેમાં સ્થિરતા તે ચારિત્ર.

**કર્મ કેમ બંધાય છે ?**

**'રાગ-દ્વેષ અજ્ઞાન એ મુખ્ય કર્મની ગ્રંથ.'**

**'કર્મ અનંત પ્રકારના તેમાં મુખ્ય આઠ,**
**તેમાં મુખ્ય મોહનીય, હણાય તે કહું પાઠ.'**

બધા કર્મની બીજભૂત આ મોહનીયકર્મ છે - દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય. આ દેહની અંદર, સંકલ્પ-વિકલ્પ, મિથ્યાત્વભાવ, વિભાવ જે ઉત્પન્ન થાય તે દર્શન મોહનીયને લીધે મને (આત્માને) થાય છે એમ લાગે છે. પુદ્‌ગલ-દેહથી થતી ક્રિયા-દયા, દાન, વ્રત, જપ, તપ, ભક્તિ વગેરે દર્શન મોહનીયને લીધે મને (આત્મામાં) થાય છે એમ લાગે છે. દર્શન મોહનીય કર્મ જાય તો દેહની ક્રિયા દેહની લાગે અને આત્માની ક્રિયા આત્માની લાગે. આત્મા અક્રિય છે. જ્ઞાતા-દૃષ્ટા, અચળ, સાક્ષીરૂપ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ચારિત્ર મોહનીય** - અહીં મોહ કહો કે રાગ કહો અંતે સ્વરૂપ એક જ સમજવું.

હવે વિભાવ પ્રત્યેનો રાગ જેટલો નિવૃત્ત થાય તેટલા અંશે સ્વભાવ દશા પ્રગટે, એ જ વીતરાગ દશા. વીતરાગ દશા જેમ જેમ જીવમાં વધે તેમ તેમ ચારિત્ર મોહનો નાશ થાય. સંપૂર્ણપણે ચારિત્રમોહનો નાશ અમુક ગુણસ્થાનકે થાય છે.

**નિર્જરા કેમ થાય ?** જ્ઞાનીઓને સમભાવ હોય છે. સંપત્તિમાં હર્ષ નથી, વિપત્તિમાં વિષાદ નથી. સંપત્તિ-વિપત્તિ કર્મજનિત માને છે, જેથી જ્ઞાનીઓને સંસારમાં ન કોઈ પદાર્થમાં- સંપત્તિમાં હર્ષ અને વિપત્તિમાં વિષાદ. વૈરાગ્યમાં લીન હોય છે. જ્ઞાનીઓને સંસારમાં પોતાના આત્મા સિવાય કોઈ પણ પદાર્થ એવો નથી કે જેમાં રાગ અગર દ્વેષ કરે. જ્ઞાનીઓની ક્રિયા ફળની ઇચ્છારહિત હોય છે, જેથી એઓને કર્મબંધ નથી થતો. ક્ષણે ક્ષણે અસંખ્યાતગુણી નિર્જરા થાય છે. જ્ઞાનીઓ ઇષ્ટ, અનિષ્ટ, શુભ-અશુભ સમભાવે માને છે.

સંસારમાં કોઈ પદાર્થ ઇષ્ટ-અનિષ્ટ નથી, પછી કોના પર રાગ-દ્વેષ કરે ? કોની સાથે સંયોગ-વિયોગમાં લાભ-હાનિ કરે ? આથી વિવેકવાન જીવો દેખવામાં સધન હો કે નિર્ધન, તો પણ આનંદમાં જ રહે છે. કેવળ શુભ-અશુભ-અશુદ્ધ ઉપયોગ જ બંધનું કારણ છે.

અશુદ્ધ ઉપયોગ-રાગ-દ્વેષ-મોહરૂપ છે. રાગદ્વેષ-મોહનો અભાવ સમ્યગ્દર્શન છે.

જ્ઞાનીઓએ પદાર્થનું સ્વરૂપ સમજી લીધું છે અને પોતાના આત્માને નિત્ય અને નિરાબાધ જાણી લીધો છે. તેથી તેના ચિત્તમાં સાત પ્રકારના ભય ઉપજતા નથી. આઠ અંગવાળું સમ્યગ્દર્શન નિર્મળ થાય છે, જેથી કર્મોની નિર્જરા થાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભેદજ્ઞાનથી કેવી રીતે કર્મધારા જુદી પાડવી ? પહેલાં ભેદજ્ઞાનથી સ્થૂલ શરીર ને આત્માને જુદા માનવા જોઇએ. પછી એ સ્થૂલ શરીરમાં, તેજસ, કાર્મણ સૂક્ષ્મ શરીર છે એ પણ ભિન્ન માનવું જોઇએ. પછી આઠ (દ્રવ્યકર્મ) કર્મની ઉપાધિ વાળા રાગ-દ્વેષોને ભિન્ન કરવા, અને પછી ભેદજ્ઞાનને પણ જુદું માનવું. આ ભેદજ્ઞાનમાં અખંડ આત્મા બિરાજેલો છે એને શ્રુતજ્ઞાન, પ્રમાણ, નય, નિક્ષેપ આદિથી નિશ્ચિત કરીને એનો (આત્માનો) વિચાર કરવો. આત્મામાં લીન થવું જોઇએ. મોક્ષપદ મેળવવાની એ રીત છે.

આંક ૯૧૩- "ઉપયોગ લક્ષણે સનાતન સ્ફુરિત એવા આત્માને દેહથી, તૈજસ અને કાર્મણ શરીરથી પણ ભિન્ન અવલોકવાની દૃષ્ટિ સાધ્ય કરી, તે ચૈતન્યાત્મક સ્વભાવ આત્મા નિરંતર વેદક સ્વભાવવાળો હોવાથી અબંધદશાને સંપ્રાપ્ત ન થાય ત્યાં સુધી શાતા અશાતારૂપ અનુભવ વેદ્યા વિના રહેવાનો નથી એમ નિશ્ચય કરી, જે શુભાશુભ ધારાની પરિણતિ વડે તે શાતા અશાતાનો પ્રબંધ કરે છે તે ધારા પ્રત્યે ઉદાસીન થઈ, દેહાદિથી ભિન્ન અને સ્વરૂપ મર્યાદામાં રહેલા તે આત્મામાં જે ચલ સ્વભાવરૂપ પરિણામ ધારા છે તેનો આત્યંતિક વિયોગ કરવાનો સન્માર્ગ ગ્રહણ કરી, પરમ શુદ્ધ ચૈતન્યસ્વભાવરૂપ પ્રકાશમય તે આત્મા કર્મયોગથી સકલંક પરિણામ દર્શાવે છે તેથી ઉપરામ થઈ જેમ ઉપશમિત થવાય, તે ઉપયોગમાં અને તે સ્વરૂપમાં સ્થિર થવાય, અચલ થવાય, તે જ લક્ષ, તે જ ભાવના, તે જ ચિંતવના, અને તે જ સહજ પરિણામરૂપ સ્વભાવ કરવા યોગ્ય છે. મહાત્માઓની વારંવાર એ જ શિક્ષા છે."

"તે સન્માર્ગને ગવેષતાં, પ્રતીત કરવા ઇચ્છતા, તેને સંપ્રાપ્ત કરવા ઇચ્છતા એવા આત્માર્થીજનને પરમ વીતરાગસ્વરૂપ દેવ, સ્વરૂપનૈષ્ઠિક નિઃસ્પૃહ નિર્ગ્રંથરૂપ ગુરુ, પરમદયામૂળ ધર્મ વ્યવહાર અને પરમશાંત રસ રહસ્ય વાક્યમય સત્શાસ્ત્ર, સન્માર્ગની સંપૂર્ણતા થતાં સુધી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરમભક્તિ વડે ઉપાસવા યોગ્ય છે, જે આત્માના કલ્યાણનાં પરમ કારણો છે." જીવે શું કરવું તે આમા આવી જાય છે.

સાગરમાં આજે આંક ૨૦૧ વંચાયો છે. તેમાં કૃપાળુ દેવ લખે છે કે -

"આજના પ્રભાતથી નિરંજનદેવની કોઈ અદ્દભુત અનુગ્રહતા પ્રકાશી છે, આજે ઘણાં દિવસ થયા ઇચ્છેલી પરાભક્તિ કોઈ અનુપમ રૂપમાં ઉદય પામી છે. ગોપીઓ ભગવાન વાસુદેવ (કૃષ્ણચંદ્ર)ને મહીની મટુકીમાં નાંખી વેચવા નીકળી હતી, એવી એક શ્રીમદ્દભાગવતમાં કથા છે તે પ્રસંગ આજે બહુ સ્મરણમાં રહ્યો છે, અમૃત પ્રવહે છે ત્યાં સહસ્ત્રદળ કમળ છે, એ મહીની મટુકી છે, અને આદિપુરુષ તેમાં બિરાજમાન છે તે ભગવાન વાસુદેવ છે; તેની પ્રાપ્તિ સત્પુરુષની ચિત્તવૃત્તિરૂપ ગોપીને થતાં તે ઉલ્લાસમાં આવી જઈ બીજા કોઈ મુમુક્ષુ આત્મા પ્રત્યે "કોઈ માધવ લ્યો, હાં રે કોઈ માધવ લ્યો" એમ કહે છે, અર્થાત્ તે વૃત્તિ કહે છે કે આદિપુરુષની અમને પ્રાપ્તિ થઈ, અને એ એક જ પ્રાપ્ત કરવા યોગ્ય છે, બીજું કશુંય પ્રાપ્ત કરવા યોગ્ય નથી."

આંક ૯૦૨-જડ ને ચૈતન્ય-એ આખું કાવ્ય ભેદજ્ઞાનનું છે.

**"દેહ જીવ એકરૂપે ભાસે છે અજ્ઞાન વડે,**
**ક્રિયાની પ્રવૃત્તિ પણ તેથી તેમ થાય છે;**
**જીવની ઉત્પત્તિ અને રોગ, શોક, દુઃખ, મૃત્યુ,**
**દેહનો સ્વભાવ જીવ પદમાં જણાય છે;**
**એવો જે અનાદિ એકરૂપનો મિથ્યાત્વભાવ,**
**જ્ઞાનીનાં વચન વડે દૂર થઈ જાય છે;**
**ભાસે જડ ચૈતન્યનો પ્રગટ સ્વભાવ ભિન્ન,**
**બન્ને દ્રવ્ય નિજ નિજ રૂપે સ્થિત થાય છે."**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પત્ર ઘણો લાંબો થઈ ગયો છે, પણ વાંચીને આપને સંતોષ થશે, નહીં તો ભૂલ હોય તો જણાવશો.

પૂજ્ય માજી પથારીવશ જ છે. ઘણી weakness લાગે છે. જોઇએ એવું સારું નથી. મારા મધરને પણ weakness છે. પણ પરમાર્થનો જુસ્સો સારો છે. મારી સાથે એ જ વાતની ચર્ચા ચાલે છે. એમને એમની જિંદગીમાં સમકિતની તીવ્ર જિજ્ઞાસા છે. યોગ્ય જીવ છે. મેં થોડી થોડી વાત કરી છે. ખૂબ ખુશી થયા છે, કહે છે "હું તને સવારમાં રોજ મંદિરમાં લઈ જતી હતી. મને તારો જીવ આગળ આવે એવી ઇચ્છા હતી, તે ઈશ્વરે પૂરી કરી છે." આપને પ્રતાપે જ થઈ છે. મને પણ મારી બાની ઇચ્છા પૂરી કરવાની ઇચ્છા છે.

સી. યુ. શાહ ગઈ કાલે મદ્રાસથી આવી ગયા છે. મિનળ ૨૪મું વર્ષ વાંચે છે. આત્માર્થી શાંતિભાઈ, નગીનભાઈ, મુમુક્ષુ, પરમ મુમુક્ષુ ભાઈબહેનોને યાદી.

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**

## ૨૫

સાયલા, તા. ૧૩-૪-૭૯

॥ ૐ ॥

। સહજાત્મ સ્વરૂપાય નમઃ ।

**પરમ મુમુક્ષુ બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

તમારો તા. ૨-૪નો પત્ર તા. ૪-૪ના રોજ મળેલ છે. તા. ૨૮-૩ મુંબઈ આવી ગયેલ ત્યારબાદ અહીંનો પત્ર વાંચી જે પ્રશ્નો વિગેરેનો જવાબ વિગતે લખ્યો છે, તે જાણી પરમ સંતોષ થયેલ છે. એ પ્રશ્નો સુક્ષ્મ યથાર્થ બોધ તરફ લક્ષ્ય ખેંચવા અને તે જાણવા, અનુભવવા,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પુરુષાર્થ કરવા તરફ લક્ષ ખેંચવા માટે હતા. તે લક્ષ થવા તમે મહેનત લીધી તે દેખાય છે. આ જવાબમાં ક્યાંક યથાર્થ નથી તે રૂબરૂ સમાગમે ધ્યાન દોરીશ.

આંક ૯૧૩ ફરી ફરી વિચારવા યોગ્ય છે. આંક ૯૦૨ પુરુષાર્થ કરવામાં ઉપયોગી છે. "કોઈ, માધવલ્યો, હાંરે કોઈ માધવ લ્યો," એવો ઉલ્લાસ આવવો જોઇએ.

શ્રીમાન્ સી. યુ. શાહભાઈ મદ્રાસથી આવી ગયા, વંદન. પૂ. માજીને weakness રહે છે, શાતા પૂછી વંદન કહેશો. તમારા પૂ. માજીને ધર્મનો જુસ્સો તબિયતમાં ટકી રહે છે જાણી રાજી થવા જેવું છે. "यादशी भावना, तादशी सिद्धिः ।" એટલે તેઓની ઇચ્છા હરિ પુરી કરે !

ચિ. મિનલબેન ૨૪મા વર્ષથી કેમ આગળ વધતાં નથી ? નિયમિત વાંચે છે તે ઘણું છે. જોકે વચનામૃતમાં વર્ષ ૨૪ તથા વર્ષ ૨૫ બહુ કિંમતી છે. જેથી જેટલું સમજણપૂર્વક વંચાય તેટલું સારું.

આંક ૫૦૯ અને ૫૧૧ પણ વાંચશો. મારી તબિયત સારી છે. તમોને ખુશી મજામાં ચાહું છું તા. ૧લી મે પછી મુંબઈ, દેવલાલી જવાનું બને તેમ લાગે છે.

**લી. સંતચરણ સેવક લાડકચંદ મા. વોરાના આત્મભાવે વંદન**

**૨૬**

-૮-૭૯

**ઉપકારી પરમ પૂજ્ય ગુરુદેવાય નમઃ**

સાયલાથી આવે લગભગ એક મહિનો થવા આવશે. પણ ઘણા મહિનાથી આપનાથી out of touch હોય એમ લાગે છે. પત્ર લખવાનું ઘણું જ મોડું થયું છે. તે માટે ક્ષમા માગું છું. ચિત્તે કાંઈ સ્થિર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થવાય પછી જ લખવું એમ નક્કી કરેલ હતું.

છેલ્લા ૫-૬ દિવસથી Trunk call book કરું છું પણ Sayala to Surendranagar Line out of order જ મળે છે. આખો દિવસ ફોનની રાહ જોઉં-આપની સાથે વાત કરવા માટે. રાત્રે ફોન Cancel થાય. પછી એમ જ થયું કે પત્ર લખી નાખું. બે ચાર દિવસમાં જવાબ તો મળે ને !

હમણાં આપના જુના પત્રો વાંચતી હતી તેમાં પત્ર ૪૭૧-૪૭૨નો આપનો જવાબ હતો કે આખો પત્ર ગુરુગમ ઉપર છે, એ દશા આવે સમજાય છે. જ્યારે આજે ૧ મહિનાથી એ દિવસ આવી ગયો કે મને કૃપાળુ દેવ શું કહેવા માગે છે તે સમજાઈ ગયું. અનુભવાઈ ગયું સુધારસ સંબંધી.

વચનામૃતનું વાંચન ઘરે તથા સાગરમાં નિયમિત ચાલે છે. જ્ઞાનસાર, અધ્યાત્મસાર વંચાય છે. અધ્યાત્મસારમાં મિથ્યાત્વ-ત્યાગ અધિકાર-બહું ગુંચવાડા થાય છે કારણ કે કૃપાળુદેવે આત્મસિદ્ધિ તથા છ પદના પત્રમાં એકલું માખણ આપ્યું છે. જ્ઞાનસારમાં બહુ મઝા આવે છે. સમયસાર નાટક પૂરું થઈ ગયું છે. ધ્યાન પણ ચાલે છે. આપ હરઘડી મારી સમીપ જ હો એમ લાગે છે. નિત્યક્રમમાંથી સ્તવન પણ વાંચું છું. એમાં ખૂબ મઝા આવે છે.

મિનળ ૨૯મું વર્ષ વાંચે છે. આપને ખૂબ યાદ કરે છે. સુભદ્રાબેનનો ત્યાં તા. ૧૪મીએ આવવા નીકળવાનો વિચાર છે. મને પણ પૂછતાં હતાં. પણ મારું આવવાનું Mr. C. U. Shah Madras તેમજ લંડન જવાના છે, તેના પછી આવવું નક્કી થશે. મિનલ મારી સાથે આવવાની છે. અઠવાડીયું આવવાની છું.

છેલ્લે દિવસે સવારમાં ગાયું હતું તે શેમાંથી ગાયું હતું ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હમણાં અહીંયા વરસાદ ખૂબ આવે છે. વાતાવરણ ખૂબ gloomy રહે છે.

બસ હવે આત્મા પ્રગટ કરવાનો છે. તો આપ જરૂરથી ચિત્તશુદ્ધિ અને ધ્યાન માટે પ્રેરણા આપશો. ક્યાં રૂકાવટ થાય છે તે બતાવશો. માર્ગ ચીંધશો માર્ગદર્શન આપશો. કારણ આપ તો અનુભવી છો ને ! મારી જીંદગીમાં આત્મા પ્રગટ કરવો એમ નક્કી કર્યું છે. તો મને સહાય કરશો.

આ. નગિનભાઈ, શાન્તિભાઈ વગેરેને યાદી. ઘરમાં પૂ. બા, સરોજભાભીને હવે Acidity માં સારું હશે.

પત્રનો જવાબ આપશો.

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**

**૨૭**

સાયલા, તા. ૯-૮-૭૯

॥ ૐ ॥

। સહજાત્મ સ્વરૂપાયનમઃ ।

**આત્માર્થી બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

ખુશીથી પહોંચી ગયાનો પત્ર અગર ફોન આવશે તેમ રોજ રાહ જોતો હતો. તેમાં ગઇકાલે ઇન્લેન્ડ પત્ર મળ્યું. ખુશી સમાચાર વાંચી આનંદ થયેલ છે. પાંચ છ દિવસથી કોલ જોડાવતા હતા, લાગ્યો નહીં, લાઇન ખરાબ છે તેમ જવાબ મળતો તે બરાબર છે. આંહિ છ સાત દિવસ થયા વરસાદ રોજ નિયમિત આવે છે. કોઈક દિવસ આખી રાત્રી રહે છે. કાલે સાંજે શરૂ થયો. સવારના દશ થયા હજુ ચાલે છે. લોકો ઇચ્છે છે કે ઉઘાડ થાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આં. ૪૭૧-૪૭૨ વાંચ્યા તે અત્યારે વાંચવાની જરૂર હતી. કારણ યથાતથ્ય હવે સમજાય. એકલા હો ત્યારે અરિસો લઈ પ્રકાશમાં તેનું ઉત્પત્તિ સ્થાન બન્ને જોઈ ખાત્રી કર્યા બાદ તે ઉપર ઉપયોગ રાખી સ્વરૂપનું ધ્યાન જેટલો વખત વધારે ધ્યાન ધરાય તે ધરશો.

હવે તમારે વર્ષ ૨૪મું પ્રથમ આંકથી શરૂ કરી વર્ષ ૨૪-૨૫ ક્રમસર વાંચવા જરૂરી છે. હવે તમને ઓર આનંદ આવશે. કારણકે પરમકૃપાળુ દેવને પ્રાપ્તિ પછી કેટલી ઝડપથી પ્રગતિ થઈ છે તે ખબર પડશે.

આ જિંદગીમાં ભગવાન આત્મા પ્રાપ્ત કરવો છે, તેવા નિશ્ચયની વાત વાંચી ઉલ્લાસ થાય છે. આગલા મહાત્માઓએ બધા યોગ-સાધન મળ્યા પછી બે ઘડીમાં તે પ્રાપ્ત કરેલ છે. તેઓને નમસ્કાર. આત્માની અનંત શક્તિ છે.

ચિ. મિનલકુમારી વર્ષ ૨૯ વાંચે છે, જાણી આનંદ. તેને આશીષ કહેશો. શ્રીમાન્ શેઠશ્રી સી. યુ. શાહને વીર વંદન. તમોને ખુશી આનંદમાં ચાહું છું.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**

## ૨૮

તા. ૭-૯-૭૯

। સહજાત્મ સ્વરૂપાય નમઃ ।

**પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવાય નમઃ**

આપનો બીજી તારીખનો લખેલો પત્ર ગઈ કાલે મળ્યો. વાંચી અતિ આનંદ થયો. આંક ૨૦૧ અઠવાડીયા પહેલાં મેં વાંચ્યો હતો. એની નોંધ પણ લીધી હતી. વાંચીને ખૂબ ઉલ્લાસ આવ્યો કે આખો પત્ર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગુરુગમ ઉપર જ છે. અમૃત પ્રવહે છે ત્યાં સહસ્ત્રદળ કમળ છે એ મહિની મટુકી છે અને આદિપુરુષ (આત્મા, વાસુદેવ) તેમાં બિરાજમાન છે તેની પ્રાપ્તિ સત્પુરુષની ચિત્તવૃત્તિરૂપ ગોપીને (અમને પણ એમ થાય છે) થતાં તે ઉલ્લાસમાં આવી જઈ કોઈ મુમુક્ષુ પ્રત્યે "કોઈ માધવ લ્યો, હાં રે કોઈ માધવ લ્યો" એમ કહે છે, અર્થાત્ તે વૃત્તિ કહે છે કે આદિપુરુષ (આત્મા)ની અમને પ્રાપ્તિ થઈ, અને એ એક જ પ્રાપ્ત કરવા યોગ્ય છે, બીજું કશુંય પ્રાપ્ત કરવા યોગ્ય નથી, માટે તમે પ્રાપ્ત કરો. (અમને એવો જ ઉલ્લાસ બીજાને કહેવાનો આવે છે. આપે કહેલું કે આપણું કામ કરી ચાલ્યા જવું). અમૃતરૂપ વાસુદેવ (અહિંયા સુ.) ભગવાન જ મહિ નીકળે છે, એવું સૂક્ષ્મ સ્વરૂપ તે સ્થૂળ કરીને વ્યાસજીએ અદ્ભુત ભક્તિ ગાઈ છે. પરમ આનંદ છે. પરમ સત્સંગની અત્ર ખામી છે. વિશેષ આપની કૃપાદૃષ્ટિ- એ જ.

આંક ૨૧૨-સત્પુરુષની જ્યારે ઓળખાણ પડે છે, ત્યારે જીવને કોઈ અપૂર્વ સ્નેહ આવે છે, તે એવો કે તે મૂર્તિના વિયોગે ઘડી એક આયુષ્ય ભોગવવું તે પણ તેને વિટંબના લાગે છે, અર્થાત્ તેના વિયોગે તે ઉદાસીનભાવે તેમાં જ વૃત્તિ રાખીને જીવે છે, બીજા પદાર્થોના સંયોગ અને મૃત્યુ એ બન્ને એને સમાન થઈ ગયા હોય છે. (આવું જ થાય છે). આવી દશા જ્યારે આવે છે, ત્યારે જીવને માર્ગ બહુ નિકટ હોય છે એમ જાણવું. એવી દશા આવવામાં માયાની સંગતિ બહુ વિટંબનામય છે, પણ એ જ દશા આણવી એવો જેનો નિશ્ચય દઢ છે તેને ઘણું કરીને થોડા વખતમાં તે દશા પ્રાપ્ત થાય છે પણ હજુ સ્વરૂપમાં જોઇએ તેટલું સ્થિર વધારે વખત રહેવાતું નથી. આખો દિવસ બીજું કાંઈ પણ કરતા લક્ષ-ધ્યાન એમાં જ હોય છે પણ સંતોષ થતો નથી.

"શુદ્ધતા વિચારે ધ્યાવે, શુદ્ધતામાં કેલી કરે"ને શુદ્ધતામાં સ્થિર રહે તો આત્મા પ્રગટ થાય. (ગુરુગમ જ છે).



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨૦૦ની વચનાવલીમાં કહ્યા પ્રમાણે હવે માર્ગ પ્રાપ્ત કર્યો છે.

આંક ૨૨૩-પરાભક્તિની વ્યાખ્યા - "પરમાત્મા અને આત્માનું એકરૂપ થઈ જવું (!) તે પરાભક્તિની છેવટની હદ છે. એક એ જ લય રહેવી તે પરાભક્તિ છે. પરમ મહાત્મા ગોપાંગનાઓ મહાત્મા વાસુદેવની ભક્તિમાં એ જ પ્રકારે રહી હતી, પરમાત્માને નિરંજન અને નિર્દેહરૂપે ચિંતવ્યે જીવને એ લય આવવી વિકટ છે. એટલા માટે જેને પરમાત્માનો સાક્ષાત્કાર થયો છે, એવો દેહધારી પરમાત્મા તે પરાભક્તિનું પરમ કારણ છે. તે જ્ઞાની પુરુષના સર્વ ચરિત્રમાં ઐકયભાવનો લક્ષ થવાથી તેના હૃદયમાં બિરાજમાન પરમાત્માનો ઐકયભાવ હોય છે, અને એ જ પરાભક્તિ છે. જ્ઞાની પુરુષ અને પરમાત્મામાં અંતર જ નથી, અને જે કોઈ અંતર માને છે, તેને માર્ગની પ્રાપ્તિ પરમ વિકટ છે. જ્ઞાની તો પરમાત્મા જ છે, અને તેની ઓળખાણ વિના પરમાત્માની પ્રાપ્તિ થતી નથી, માટે સર્વ પ્રકારે ભક્તિ કરવા યોગ્ય એવી દેહધારી દિવ્ય મૂર્તિ જ્ઞાનીરૂપ પરમાત્માની ને નમસ્કારાદિ ભક્તિથી માંડી પરાભક્તિના અંત સુધી એક લયે આરાધવી, એવો શાસ્ત્રલક્ષ છે. પરમાત્મા આ દેહધારી રૂપે થયો છે એમજ જ્ઞાનીપુરુષ પ્રત્યે જીવને બુદ્ધિ થયે ભક્તિ ઉપજે છે, અને તે ભક્તિ ક્રમે કરી પરા ભક્તિરૂપ હોય છે. આ વિષે શ્રીમદ્ ભાગવતમાં, ભગવદ્ ગીતામાં પણ ભેદ પ્રકાશિત કરી એ જ લક્ષ્ય પ્રશંસ્યો છે, અધિક શું કહેવું ? જ્ઞાની તીર્થંકરદેવમાં લક્ષ થવા જૈનમાં પણ પંચપરમેષ્ઠી મંત્રમાં "નમો અરિહંતાણ" પદ પછી સિદ્ધને નમસ્કાર કર્યો છે, એ જ ભક્તિ માટે એમ સુચવે છે કે પ્રથમ જ્ઞાની પુરુષની ભક્તિ અને એ જ પરમાત્માની પ્રાપ્તિ અને ભક્તિનું નિદાન છે." કૃપાળુદેવના કહ્યા પ્રમાણે મને પરાભક્તિ છે જ એમાં શંકા નથી.

યમ નિયમમાં-" રસદેવ નિરંજન કો પિવહી, ગહી જોગ જુગોજુગ સો જીવહી" કૃપાળુદેવે આમાં (સુ.)ને દેવ-નિરંજન કહ્યો છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨૪મા વર્ષમાં સોભાગભાઈ પર લખેલા પત્રો તેમની દશા વર્ણવે છે. તેમની દશા ઘણી જ અદ્ભુત, ઉંચી, નિર્વિકલ્પ સમાધિ જેવી થતી જાય છે. એમાં કદાચ અત્રે અંશે હશે.

૨૪૧- "જેને લાગી છે તેને જ લાગી છે અને તેણે જ જાણી છે, તેજ "પિયુ પિયુ" પોકારે છે. એ બ્રાહ્મી વેદના કહી કેમ જાય ? કે જ્યાં વાણીનો પ્રવેશ નથી. વધારે શું કહેવું ? લાગી છે તેને જ લાગી છે. તેના જ ચરણસંગથી લાગે છે, અને લાગે છે ત્યારે જ છૂટકો હોય છે, એ વિના બીજો સુગમ મોક્ષમાર્ગ છે જ નહિ. તથાપિ કોઈ પ્રયત્ન કરતું નથી ! મોહ બળવાન છે !"

૨૪૪- કૃપાળુદેવની અદ્ભુત દશા "પર બ્રહ્મ વિચાર તો એમને એમ રહ્યા જ કરે છે. ક્યારેક તો તે માટે આનંદકિરણ બહુ સ્ફુરી નીકળે છે. અને કંઈની કંઈ (અભેદ) વાત (એટલે શું ?) સમજાય છે, પણ કોઈને કહી શકાતી નથી, અમારી એ વેદના અથાગ છે. વેદનાને વખતે શાતા પૂછનાર જોઇએ, એવો વ્યવહાર માર્ગ છે, પણ અમને આ પરમાર્થ માર્ગમાં શાતા પૂછનાર મળતો નથી." આવી કૃપાળુદેવની દશા-ઘણી ઝડપથી વધતી જાય છે. અમારો Slow progress છે.

આંક ૨૪૭-કૃપાળુ દેવની દશા-"ચિત્તની દશા ચૈતન્યમય રહ્યા કરે છે, જેથી વ્યવહારના બધા કાર્ય ઘણું કરીને અવ્યવસ્થાથી કરીએ છીએ" (અમને અંશે એવું જ છે એમાં રૂચિ નથી.) "અત્યારે તો બધું ય ગમે છે અને બધું ય ગમતું નથી, એવી સ્થિતિ છે." અમને પણ એમ થાય છે, અહીંયાનું બધું મૂકી સત્પુરુષના ચરણમાં ભાગી જવું, પણ એ શક્ય નથી. હરિ ઇચ્છા.

"જે રસ જગતનું જીવન છે, તે રસનો અનુભવ થયા પછી હરિ પ્રત્યે અતિશય લય થઈ છે, અને તેનું પરિણામ એમ આવશે કે જ્યાં જેવે રૂપે ઇચ્છીએ તેવે રૂપે હરિ... આવશે, એવો ભવિષ્યકાળ ઈશ્વર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઇચ્છાને લીધે લખ્યો છે.

હવે પછીના પત્રમાં બીજા પત્રોનો ખુલાસો લખીશ આત્માર્થી શાન્તિભાઈ, નગિનભાઈ વગેરે મુમુક્ષુ-પરમ મુમુક્ષુ ભાઈબેનોને મારી યાદી આપશો.

ઘરે સર્વ મઝામાં છે, મારી બાને તથા બધાને તમારા વતી સમજાવ્યા છે. બધા મઝામાં છે પણ સાસુની તબિયત સારી નથી. Mr. C. U. Shah મદ્રાસ ગયા છે. ઘરે પૂ. બા. સરોજભાભી, બાળકો મઝામાં હશે.

**એજ. લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**

## ૨૯

સાયલા, તા. ૧૫-૯-૭૯

॥ ૐ ॥

। સહજાત્મ સ્વરૂપાય નમઃ ।

**આત્માર્થી બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

તમારો તા. ૭-૯નો ઇન્લેન્ડ પત્ર તા. ૧૦-૯ના રોજ મળેલ છે. તેનું જેમ જેમ વાંચન આગળ ચાલ્યું તેમ તેમ અધ્યાત્મિક ઉલ્લાસ વધતો ગયો અને પુરો થયે પરમ સંતોષ થયો.

તમોને હવે જ્ઞાનીના આશ્રયપૂર્વક તે તે લખાણો યથાર્થ સમજવાની શક્તિ આવી ગયાની ખાત્રી થાય છે. અને મુખ્ય મુદ્દાના Grasping power અને આધ્યાત્મિક પુરુષાર્થ પ્રશંસનીય છે.

આંક ૨૧૨. આવી દશા આવે ત્યારે જીવને માર્ગ બહુ નિકટ હોય છે. તેમાં માયાની સંગતિ બહુ વિટંબના રૂપ છે. પણ એ જ દશા લાવવા જેનો દૃઢ નિશ્ચય છે તેને ઘણું કરીને તે દશા થોડા વખતમાં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રાપ્ત થાય છે.

છેલ્લા તમારા ત્રણ પત્ર-ત્યાં આ વખતે ગયા પછીના ઉલ્લાસ અને સંતોષ પ્રેરે તેવા છે.

ધ્યાનનો વખત વધારતા રહેશો. ઝાઝું ટકાતું નથી તેવી ફરીયાદ છે તેની હરકત નહિ. સાધનની જેટલી અપૂર્વતા સમજાય તેટલી રૂચિ વધે અને રૂચિ પ્રમાણે આત્માનું વીર્ય વધે અને તેના પ્રમાણમાં સ્વભાવ સ્થિરતા આવે. વધારે લખવાપણું નથી.

આપના પૂ. સાસુજીને શાતા પૂછશો. આપના પૂ. માજીને પણ શાતા પૂછશો.

ચિ. મિનલકુમારી ખુશી આનંદમાં હશે. યાદ કરશો. તમોને ખુશી મજામાં ચાહું છું.

**લી. સંતચરણસેવક લાડકચંદના આત્મભાવે વંદન**

## ૩૦

તા. ૧૯-૯-૭૯

। સહજાત્મ સ્વરૂપાય નમઃ ।

**પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવાય નમઃ**

આપનો પત્ર મળ્યો, વાંચી અતિ આનંદ થયો. અરે ! પત્રથી ગાડી લાઇન પર આવી ગઈ છે, માટે મારે હંમેશાં પત્રવ્યવહારના Touch માં રહેવું પડશે.

સાયલાથી આવ્યા પછી તાબડતોબ Magnified glass લઈ પ્રકાશમાં તેનું ઉત્પત્તિ સ્થાન જોયું. Drop by drop સુ. ઝરણાં પણ જોયાં. ત્યાર પછી હમેશાં આખો દિવસ લક્ષ ધારા એના પર જ જાય છે - રહે છે, પણ ધ્યાન-લક્ષનો Period વધારવાનો છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આપે આ સંબંધી (ઉપરનું) ફરીથી સમજાવ્યું-લખ્યું, તે વાંચી ખૂબ આનંદ થયો. પત્ર વાંચ્યા પછી એના પર લક્ષ-ધ્યાન વધારે કેન્દ્રિત થાય છે.

ગઈ કાલથી પ્રથમ ભાગ, વર્ષ ૨૪ આંક ૧૬૫ વાંચવો શરૂ કરી દીધો છે.

કૃપાળુદેવ જેવાને પણ કેવો ઉલ્લાસ ! કેવા સરસ પત્ર કેવલ બીજ સંપન્ન માટે લખેલ છે.

**"આપના પ્રતાપે આનંદવૃત્તિ છે-પ્રભુ પ્રતાપે ઉપાધિજન્ય વૃત્તિ છે."**

એમને નિ:શંકપણું નિર્ભયપણું, નિર્મુઝનપણું અને નિઃસ્પૃહપણાની ઘણે અંશે પ્રાપ્તિ થઈ જણાય છે અને "પૂર્ણ અંશે પ્રાપ્ત કરાવવાની કરૂણાસાગર ગુપ્ત રહેલાની કૃપા થશે એમ આશા રહે છે." અમે પણ એમ ઇચ્છીએ છીએ.

આગલા મહાત્માઓએ બધા યોગ સાધન વડે બે ઘડીમાં તે (આત્મા) પ્રાપ્ત કરેલ છે-આપે પણ ૪-૮ દિવસમાં પ્રાપ્ત કરેલ, તે આત્માને નમસ્કાર. આપે લખ્યું કે આત્માની અનંત શક્તિ છે. એ તરફ વળવા માટે અમારું હમેશાં ધ્યાન ખેંચશો. "મોક્ષનો માર્ગ બહાર નથી, પણ આત્મામાં છે. માર્ગને પામેલો માર્ગ પમાડશે. બે અક્ષરમાં માર્ગ રહ્યો છે."

પર્યુષણ નિમિત્તે સત્સંગ ખૂબ જોરથી ચાલતો હશે. મારું ત્યાં આવવાનું પર્યુષણ પછી જ થશે એમ લાગે છે. ઇચ્છા ઘણી છે પણ સંજોગો અનુકૂળ નથી.

મિનલ ૨૯મા વર્ષમાં વાંચે છે. મોરબીમાં ભારે ખુવારી થઈ-જાનમાલ બધાની જ. ઘણું ખરાબ થયું. M. P. Trust માંથી one lac અને C. U. Shah Trust માંથી ૫૦,૦૦૦ આપવા જાહેર કરેલ છે.

સરોજભાભીને Acidity માટે સારું હશે. પૂ. બા મઝામાં હશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બાળકો મઝામાં હશે.

આત્માર્થી શાંતિભાઈ, નગિનભાઈ તથા સર્વે મુમુક્ષુ પરમ મુમુક્ષુ ભાઈબહેનોને મારી યાદ.

વર્ષ ૨૪, આંક ૧૭૦માં કૃપાળુદેવ લખે છે - અમને પણ લાગુ પડે છે કે, "આત્મા જ્ઞાન પામ્યો એ તો નિઃસંશય છે, ગ્રંથિભેદ થયો એ ત્રણે કાળમાં સત્ય વાત છે. સર્વ જ્ઞાનીઓએ પણ એ વાત સ્વીકારી છે. હવે છેવટની નિર્વિકલ્પ સમાધિ આપણને પામવાની બાકી છે, જે સુલભ છે. અને તે પામવાનો હેતુ એ જ છે કે કોઈ પણ પ્રકારે અમૃતસાગરનું અવલોકન કરતા અલ્પ પણ માયાનું આવરણ બાધ કરે નહીં, અવલોકન સુખનું અલ્પ પણ વિસ્મરણ થાય નહીં, 'તુંહિ તુંહિ' વિના બીજી રટના રહે નહીં." પણ હજી એવું રહેતું નથી. "માયિક રહે નહીં." એવું હજી નથી. આ પ્રમાણે આંક ૧૭૦- કૃપાળુદેવની ઘણી ઝડપથી પ્રગતિ થતી જાય છે. જોત-જોતામાં પંદર અંશે પહોંચી ગયા. પણ અમારી પ્રગતિ ઘણી ધીમી લાગે છે. પણ આપના પત્રથી ૨૪મા વર્ષમાં કૃપાળુદેવનો આશય સ્પષ્ટ ઝડપથી સમજાયો. તે આપની પ્રેરણા લાગે છે. "ગુણઠાણા ઇત્યાદિકનો ઉત્તર લખતો નથી. સૂત્રને અડતોય નથી. વ્યવહાર સાચવવા થોડાંએક પુસ્તકોનાં પાનાં ફેરવું છું. બાકી બધું ય પથ્થર પર પાણીના ચિત્ર જેવું કરી મૂક્યું છે. તન્મય આત્મયોગમાં પ્રવેશ છે. ત્યાં જ ઉલ્લાસ છે, ત્યાં જ યાચના છે, અને યોગ (મન, વચન અને કાયા) પૂર્વકર્મ ભોગવે છે."

બીજા પત્રની પ્રેરણા આપશો, તો જ સમજાય છે.

**લી. આજ્ઞાંકિત સદ્ગુણાના પ્રણામ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૐ ૩૧ ૐ

સાયલા, તા. ૨-૧૦-૭૯

॥ ૐ ॥

। સહજાત્મ સ્વરૂપાય નમઃ ।

**આત્માર્થી બેન સદ્‌ગુણાબેન,**

તા. ૧૯-૯નો પત્ર તા. ૨૨-૯ના રોજ મળ્યો. અને વાંચી આનંદ થયો કે આંહિના પત્રમાં જે લખેલ તેનો અમલ ત્યાં પછી તુરત કરેલ અને હવે ૨૪-૨૫ વર્ષ વાંચવા શરૂ કરતા આંક ૧૬૫ અને આંક ૧૭૦ના પત્રમાં જ્યાં જેવું લક્ષ દોરાવું જોઇએ ત્યાં જ લક્ષ દોરાયું. હજુ ૨૪ વર્ષમાં તેવા પત્ર છે, તે તરફ લક્ષ ખેંચાશે તેવી અહીં ખાત્રી છે. તેની મહત્તા જેટલી સમજાશે તેટલું આત્માનું વીર્ય વધારે ફોરવાશે અને પ્રગતિ પણ તે પ્રમાણમાં થશે.

છતાં આંક ૨૦૧માં "આજના પ્રભાતથી નિરંજન દેવની કોઈ... પ્રાપ્તિ કરાવીએ." મટુકીમાં નાખીને અદ્‌ભુત ભક્તિ, કીર્તન ગાયું છે તે તરફ ધ્યાન ખેંચું છું.

ગયા પત્રમાં આંક લખ્યા ન હતા તેમ આ વખતે પણ લખવા ન હતા છતાં એક આંક ઉપર મુજબ જણાવ્યો છે તે તમોને બહુ ઉપયોગી થાય તેવી તમારી ભૂમિકા છે.

ત્યારબાદ તમારો ટેલીફોન ખમાવવાનો આવ્યો તેમાં મારા વતી આપના પૂ. માજી, આપના પૂ. સાસુજી શ્રીમાન શેઠ સી. યુ. શાહ અને ચિ. બેન મિનલબેનને ખમાવ્યા હશે. નહિંતર ખમાવશો.

ચિ. મિનલકુમારીની સાથે પહેલા ઉપવાસના દિવસે વાત કરીને બહુ આનંદ થયો.

તમોને ખુશી મઝામાં ચાહું છું.

**લી. સંતચરણસેવક લાડકચંદના આત્મભાવે વંદન**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૐ ૩૨ ૐ

તા. ૧૨-૧૧-૭૯

। સહજાત્મસ્વરૂપાય નમઃ ।

**સદ્‌ગુરુદેવાય નમઃ**

પત્ર લખવામાં થોડો વિલંબ થયો છે માટે માફી આપશો. વચનામૃત વાંચવાનું ચાલે છે. ધ્યાનમાં પુરુષાર્થ ચાલુ છે. હરિ ઇચ્છા પુરી કરે. જેમ બને તેમ જલદી દ્રવ્ય પ્રગટ કરવાનું છે ને !

યોગીન્દુ મુનિનું યોગસારના દોહા ધ્યાનમાં વધારે ટકવા માટે મદદરૂપ થાય છે.

**(૧) નિર્મળ ધ્યાનારૂઢ થઈ કર્મ કલંક ખપાય,**
**સિદ્ધ થયા પરમાતમા, તે વંદુ જિનરાય**

**(૨) તજી કલ્પના જાળ સૌ, પરમ સમાધિ લીન,**
**વેદે જે આનંદને, શિવસુખ કહેતા જિન.**

**(૩) બે ત્યાગી બે ગુણ સહિત, જે આતમરસ લીન, સુ.**
**શિઘ્ર લહે નિર્વાણપદ, એમ કહે પ્રભુ જિન.**

**(૪) જિન (આત્મા) સમરો, જિન ચિંતવો. જિન ધ્યાવો મન શુદ્ધ,**
**તે ધ્યાતા ક્ષણ એકમાં, લહો પરમપદ શુદ્ધ.**

આવી રીતે ૧૦૮ દોહા-ગાથા એક એકથી ચડિયાતા છે તે વાંચતાં-આત્મા ઉલ્લાસ પામે છે, ધ્યાનમાં દૃઢ, વધારે ટકવાને પ્રેરે છે.

વચનામૃત વ. ૨૫ આં. ૪૧૧ - "ભગવતી વગેરે સિદ્ધાંતોને વિષે જે કોઈ કોઈ જીવોના ભવાંતરનું વર્ણન કર્યુ છે, તેમાં કંઈ સંશયાત્મક થવા જેવું નથી. તીર્થંકર તો પૂર્ણ આત્મસ્વરૂપ છે. પરંતુ જે પુરુષો માત્ર યોગધ્યાનાદિકના અભ્યાસબળ વડે સ્થિત હોય તેમાંના ઘણા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પુરુષો પણ તે ભવાંતર જાણી શકે છે, અને એમ બનવું એ કંઈ કલ્પિત પ્રકાર નથી. જે પુરુષને આત્માનું નિશ્ચયાત્મક જ્ઞાન છે, તેને ભવાંતરનું જ્ઞાન ઘટે છે, હોય છે, ક્વચિત્ જ્ઞાનના તારતમ્ય ક્ષયોપશમ ભેદે તેમ નથી પણ હોતું, તથાપિ જેને આત્માનું પૂર્ણ શુદ્ધપણું વર્તે છે. તે પુરુષ તો નિશ્ચય તે જ્ઞાનીને જાણે છે, ભવાંતરને જાણે છે. આત્મા નિત્ય છે, અનુભવરૂપ છે. એ એ પ્રકારો અત્યંતપણે દૃઢ થવા અર્થે શાસ્ત્રને વિષે તે પ્રસંગો કહેવામાં આવ્યા છે."

"ભવાંતરનું જો સ્પષ્ટ જ્ઞાન કોઈને થતું ન હોય તો આ આત્માનું સ્પષ્ટ જ્ઞાન પણ કોઈને થતું નથી, એમ કહેવા તુલ્ય છે, તથાપિ એમ તો નથી. આત્માનું સ્પષ્ટ જ્ઞાન થાય છે, અને ભવાંતર પણ સ્પષ્ટ ભાસે છે. પોતાના તેમજ પરના ભવ જાણવાનું જ્ઞાન કોઈ પ્રકારે વિસંવાદપણાને પામતું નથી."

આંક ૩૩૧- "ભ્રાંતિગતપણે સુખસ્વરૂપ ભાસે છે એવા આ સંસારી પ્રસંગ અને પ્રકારોમાં જ્યાં સુધી જીવને વહાલપ વર્તે છે, ત્યાં સુધી જીવને પોતાનું સ્વરૂપ ભાસવું અસંભવિત છે, અને સત્સંગનું મહાત્મ્ય પણ તથારૂપપણે ભાસ્યમાન થવું અસંભવિત છે. જ્યાં સુધી તે સંસારગત વહાલપ અસંસારગત વહાલપને પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ખચીત કરી અપ્રમત્તપણે વારંવાર પુરુષાર્થનો સ્વીકાર યોગ્ય છે. આ વાત ત્રણે કાળને વિષે અવિસંવાદ જાણી નિષ્કામપણે લખી છે."

વર્ષ ૨૫, આંક ૩૮૬- "અત્ર ઉપાધિ નામે પ્રારબ્ધ ઉદયપણે છે. ઉપાધિને વિષે વિક્ષેપરહિતપણે વર્તવું એ વાત અત્યંત વિકટ છે, જે વર્તે છે તે થોડા કાળને વિષે પરિપક્વ સમાધિરૂપ હોય છે."

આંક ૩૮૯-'અસત્સંગમાં ઉદાસીન રહેવા માટે જીવને વિષે અપ્રમાદપણે નિશ્ચય થાય છે, ત્યારે 'સત્જ્ઞાન' સમજાય છે.'

આંક ૩૯૨- 'જે અવસરે જે પ્રાપ્ત થાય તેને વિષે સંતોષમાં રહેવું



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એવો હે રામ ! સત્પુરુષોનો કહેલો સનાતન ધર્મ છે. એમ વસિષ્ઠ કહેતા હતા.

નિયમસાર શાસ્ત્રમાં પણ કહે છે કે -

**પચખાણ :-**

**'પરિત્યાગી જલ્પ સમસ્તને, ભાવી શુભાશુભ વારીને,**
**જે ધ્યાવે આત્મને, પચખાણ છે તે જીવને.'**

**પરમ આલોચના :- "જે શ્રમણને આલોચના, જે શ્રમણ ધ્યાવે આત્મને,**
**નોકર્મ કર્મ વિભાવ ગુણ પર્યાયથી વ્યતિરિકતને"**

**પરમ સમાધિ :- 'વચનોચ્ચરણ ક્રિયા તજી, વીતરાગ નિજ પરિણામથી,**
**ધ્યાવે નિજ આત્મા જેહ, પરમસમાધિ તેને જાણવી.'**

**શુદ્ધ નિશ્ચય પ્રાયશ્ચિત :- "છોડી શુભાશુભ વચનને, રાગાદિભાવ નિવારીને,**
**જે જીવ ધ્યાવે આત્મને, તેને નિયમથી નિયમ છે."**

**પરમ ભક્તિ :-"રાગાદિક પરિહારમાં, જે સાધુ જોડે આત્મને;**
**છે યોગ ભક્તિ તેહને, કઈ રીત સંભવ અન્યને."**
**'સઘળા વિકલ્પ અભાવમાં જે સાધુ જોડે આત્મને;'**
**છે યોગભક્તિ તેહને, કઈ રીત સંભવ અન્યને.'**

**પરમાર્થ પ્રતિક્રમણ :-"આત્મા જ ઉત્તમ અર્થ છે, તત્રસ્થ મુનિ કર્મો હણે,**
**તે કારણે બસ ધ્યાન સૌ અતિચારનું પ્રતિક્રમણ છે."**

શાસ્ત્રસ્વાધ્યાયના નિયમસારના પદ છે. વચનામૃત ૨૬ મા વર્ષમાં ખાસ કંઈ છે જ નહિ. ૨૭મું વર્ષ ચાલે છે.

**પરમાર્થ પ્રતિક્રમણ :-'રચના વચનની છોડીને, રાગાદિભાવ નિવારીને,**
**જે જીવ ધ્યાવે આત્માને, તે જીવને પ્રતિક્રમણ છે.'**

આ રીતે શાસ્ત્ર સ્વાધ્યાયના-નિયમસાર, યોગસાર, પંચાસ્તિકાય,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમયસાર, પ્રવચનસાર વગેરેનો યથાર્થ બોધ સ્પષ્ટ સમજાય છે. તેમાં આત્માને ગવેષવાનો છે. અને ધ્યાનમાં ટકવા માટે વધારે ઉલ્લાસ આવે એવાં શાસ્ત્ર છે. આ શાસ્ત્ર (ચોપડી) મારી બાએ મને ત્રણ ચાર વરસ પહેલાં વાંચવા આપી હતી - પણ તે અત્યારે યથાર્થ સમજાય છે. આ દિગંબરનું શાસ્ત્ર છે, એમાં આત્માને સીધો જ પકડે છે અને ગવેષે છે.

વર્ષ ૨૬માં સમતા, ઉરધતા, જ્ઞાયકતા એ આત્માના લક્ષણ જાણવા જેવા છે. પણ એ હવે મારા માટે જુના થઈ ગયા. આપે મને ઘણી વખતે સમજાવ્યા હતા અને હવે તો મને યથાર્થ સમજાય છે, માટે લાંબુ કાંઈ પત્રમાં લખતી નથી.

સુભદ્રાબેનના Husband ના દુઃખદ સમાચાર જાણ્યા. ઈશ્વરને ગમ્યું તે ખરું. અત્યારે બન્નેને એકબીજાનો સારો સથવારો હતો, તે તૂટી ગયો. એકલા પડી ગયા. હું સાદડીમાં ગઈ હતી. ખૂબ હિંમત રાખી હતી. આજે સાંજે રવિવારે ૬ થી ૮ ભક્તિ રાખી છે. હું જઈ શકું નહીં. કારણ ઝાલાવાડ સ્થાનક સભા ૭૫ વર્ષ પૂરા કરે છે તેનો અમૃત મહોત્સવ છે. તેમાં હું તથા C. U. Shah (પ્રમુખ) બન્ને મુખ્ય મહેમાન તરીકે છીએ. પણ એક બે દિવસ પછી એમને કંપની આપવા જઈ આવીશ. સર્યુબેનનો ફોન હતો. સોમવારે સ્વાધ્યાય માટે ૧૧ વાગે આવવાના છે.

આત્માર્થી શાંતિભાઈ વગેરેને યાદી, મુમુક્ષુ, પરમ મુમુક્ષુને યાદી. પૂ. બા, સરોજભાભી, દિલીપભાઈ, બાળકો વગેરે મઝામાં હશે.

હજી અહીંયા ગરમી સખત પડે છે.

યોગસારની ગાથા જે યથાર્થ સમજાય છે. જે હંમેશા મગજમાં જ રમ્યા કરે છે ને ધ્યાનમાં ટકવા પણ ઘણી પ્રેરે છે, લાગે છે કે મોઢે જ થઈ જશે. હજી નીચેની ગાથા મને બહુ ગમે છે, બધી જ ગમે છે, પણ -



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**"નિજને નિજથકી જાણતાં, શું ફળ પ્રાપ્ત ન થાય ?**
**સમ્યગ્દૃષ્ટિ જીવ તે, શીઘ્ર કરે ભવપાર."**
**"મુનિજન કે ગૃહીજન જે રહે આતમ લીન,**
**શીઘ્ર સિદ્ધિ સુખ તે લહે, એમ કહે પ્રભુ જિન."**
**"જે પરભાવ તજી મુનિ, જાણે આપથી આપ,**
**કેવળજ્ઞાન સ્વરૂપ લહી, નાશ કરે ભવ તાપ."**
**"ધન્ય અહો ભગવંત બુધ, જે ત્યાગે પરભાવ,**
**લોકાલોક પ્રકાશ કર જાણે વિમળ સ્વભાવ."**

વ. ૨૬, ૨૭મું વાંચતાં અત્યારે આ સ્ટેજમાં મને ધ્યાનમાં ટકવાની વધારે જરૂર છે. તે ઉપરના વર્ષમાંથી કાંઈ મળતું નથી પણ યોગીન્દુ મુનિના દોહા ખરેખર પ્રેરણા આપે છે.

સાગરમાં વચનામૃત-૩૩મું વર્ષ ચાલે છે. ઉપદેશામૃત પણ વંચાય છે. મિનલનું ૩૨મું વર્ષ વંચાય છે.

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ વાંચશો**

## ૭ 33 ૭

સાયલા, તા. ૧૮-૧૧-૭૯

॥ ૐ ॥

। સહજાત્મ સ્વરૂપાય નમઃ ।

**આત્માર્થી બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

તમારો ખુશીથી પહોંચી ગયાનો અને વીરમગામથી એકસ્ટ્રા ડબ્બો લાગવાથી આનંદથી પહોંચ્યાનો ફોન આવ્યો પછી ચિ. મિનલકુમારીએ કહ્યું કે બાપુજી ! મારે આવવું છે પણ કોઈ આવવા દેતું નથી ? તેવી ફરિયાદના રૂપમાં હતી. જવાબ દેતાં પહેલા લાઇન કપાઈ ગઈ પછી ત્રણ કલાકે શરૂ થઈ પણ ડીસ્ટરબન્સ એટલું હતું કે વાત તેણી સાથે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થઈ શકી નહીં. મારે એમ કહેવાનું હતું કે જોગ બાજતો નથી તેમ તારા મમ્મી કહેતા હતા. તેણી તો આવવા ઉતાવળી થાય છે. ફોન કપાઈ ગયો તેથી પત્ર આવશે, તેમ રાહ જોવાતી ત્યાં તમારો ૧૨/૧૧ પત્ર તા. ૧૬/૧૧ પહોંચ્યો છે. વાંચી સંતોષ થયો છે. કારણ વચનામૃત વાંચવાનું અને ધ્યાનનો પુરુષાર્થ ચાલુ છે. વર્ષ ૨૫ના ધ્યાન દોરતા આંક લખ્યા તે જાણેલ છે.

યોગસાર, સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય વિગેરે સ્વાધ્યાયમાં હવે સમજાય છે. તે જ્યારે તમારી ભૂમિકા થઈ છે ત્યારે. નહીં તો એ સમયસાર વિગેરે ચક્રવર્તિનું ભોજન છે એમ તેમાં જ લખેલ છે. સાધારણ જનસમાજ માટે નથી. યોગસારની ગાથા ગમે છે તે બરાબર છે. ખરેખર ધ્યાનમાં આવી ગાથા સહાયકારક થાય તેવી છે.

"સમતા, રમતા, ઉરધતા, જ્ઞાયકતા" એ કદી જુના થઈ જવા જોઇએ નહીં, કારણ તે આત્માના ગુણ-લક્ષણ છે. અને દ્રવ્ય પ્રગટ કરવું છે ને ? તેમાં તે ગુણો પ્રથમ પ્રગટ કરવાની આવશ્યકતા રહે છે. તમને યથાર્થ સમજાણું છે.

પ. મુ. કુમારપાળનું સમાધિમરણ થયું. ફક્ત ત્રણ મનીટમાં હાર્ટફેઇલ સવારે ૮-૩૦ વાગ્યે થયું. પ. મુ. સુભદ્રાબેનની સમજણ તથા હિંમત દાદ માગે તેવી હતી.

આં. ૪૬૬ ધ્યાન રાખવા યોગ્ય છે. આં. ૫૩૯ અને આં. ૫૪૧-૪૩ જોશો.

શેઠશ્રી ચિમનભાઈને વંદન. ચિ. મિનલકુમારી ૩૨મું વર્ષ વાંચે છે, જાણી આનંદ, મઝામાં હશે. અહીં કાલે (ઝરમર) તથા આજ (ઠવધુ) વરસાદ ચાલુ છે. તમોને ખુશીમાં ચાહું છું.

પૂ. બંને માજીને વીરવંદન. મુમુક્ષુબેન સરયુબેનને યાદી.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૩૪

મુંબઈ, તા. ૨૩-૧૧-૭૯

। સહજાત્મ સ્વરૂપાય નમઃ ।

**પરમ પૂજ્ય સદ્ગુરૂદેવાય નમઃ**

તા. ૧૫મીનો લખેલો પત્ર વાંચી ખૂબ આનંદ થયો છે, આપનું કહેવું બરાબર છે કે કૃપાળુદેવ જે વચનામૃતમાં કહેવા માગે છે તે યથાર્થ સમજાય છે. હવે મારે આપના પ્રેરણાવાળો પત્ર પછી ધ્યાનમાં સુધારો થતો જાય છે, સ્વરૂપમાં ઉપયોગ વધારે વખત રાખી શકાય છે. જ્યારે ઇચ્છા થાય કે સ્વરૂપનો વિચાર કર્યે તેમાં સ્થિતિ થાય છે. ઘણી ઝાઝી વાર નહીં, પણ પહેલાં કરતાં સારું છે.

આંક ૩૩૧- "ભ્રાંતિપણે સુખ સ્વરૂપ ભાસે છે એવા આ સંસારી પ્રસંગ અને પ્રકારોમાં જ્યાં સુધી જીવને વહાલપ વર્તે છે, ત્યાં સુધી જીવને પોતાનું સ્વરૂપ ભાસવું અસંભવિત છે, અને સત્સંગનું મહાત્મ્ય પણ તથારૂપપણે ભાસ્યમાન થવું અસંભવિત છે, જ્યાં સુધી તે સંસારગત વહાલપ અસંસારગત વહાલપને પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ખચીત કરી અપ્રમત્તપણે વારંવાર પુરુષાર્થનો સ્વીકાર યોગ્ય છે." અમને તો સ્વરૂપમાં જ (પરમાર્થમાં જ) વધારે રૂચિ છે.

આંક ૩૭૧-"પુરુષાર્થ જે કાંઈ થાય તે કરવાની દૃઢ ઇચ્છા રાખવી યોગ્ય છે, અને પરમ એવું જે બોધ સ્વરૂપ છે તેનું જેને ઓળખાણ છે, એવા પુરુષે તો નિરંતર તેમ વર્ત્યાના પુરુષાર્થને વિષે મુંઝાવું યોગ્ય નથી."

"જો જ્ઞાનીના વિયોગમાં પણ તેને જ વિષે ચિત્ત વર્તે છે, તો કલ્યાણ છે, ધીરજનો ત્યાગ કરવાને યોગ્ય નથી."



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આંક ૩૫૭- "સત્સંગ થવાનો પ્રસંગ ઇચ્છીએ છીએ, પણ ઉપાધિયોગનો જે ઉદય તે પણ વેદવા વિના ઉપાય નથી. ચિત્ત ઘણીવાર તમ પ્રત્યે રહ્યા કરે છે. જગતમાં બીજા પદાર્થો તો અમને કંઈ રૂચિના કારણ રહ્યાં નથી, જે કંઈ રૂચિ રહી છે તે માત્ર એક સત્યનું ધ્યાન કરનારા એવા સંત પ્રત્યે, જેમાં આત્માને વર્ણવ્યો છે એવા સત્શાસ્ત્ર પ્રત્યે, અને પરેચ્છાએ પરમાર્થનાં નિમિત્ત-કારણ એવા દાનાદિ પ્રત્યે રહી છે, આત્મા તો કૃતાર્થ સમજાય છે."

આંક ૩૬૦- "જેને બોધબીજની ઉત્પત્તિ હોય છે તેને સ્વરૂપસુખથી કરીને પરિતૃપ્તપણું વર્તે છે. અને વિષય પ્રત્યે અપ્રમત્ત દશા વર્તે છે."

આં. ૩૬૩-"અનંતકાળ વ્યવહાર કરવામાં વ્યતીત કર્યો છે, તો તેની જંજાળમાં પરમાર્થ વિસર્જન ન કરાય એમ જ વર્તવું, એવો જેને નિશ્ચય છે, તેને તેમ હોય છે."

આં. ૩૬૨- "અન્ય સુખની જે ઇચ્છા નહીં થવી તે પૂર્ણ જ્ઞાનનું લક્ષણ છે. ખરું આત્મભાન થાય છે તેને, હું અન્યભાવનો અકર્તા છું એવો બોધ ઉત્પન્ન થઈ, અહંપ્રત્યયી બુદ્ધિ, તે વિલય પામે છે."

આં. ૩૨૨- "સમ્યક્ પ્રકારે જ્ઞાનીને વિષે અખંડ વિશ્વાસ રાખવાનું ફળ નિશ્ચયે મુક્તપણું છે."

"જીવ એ પુદ્ગલી પદાર્થ નથી, પુદ્ગલ નથી, તેમ પુદ્ગલનો આધાર નથી, તેના રંગવાળો નથી, પોતાની સ્વરૂપસત્તા સિવાય જે અન્ય તેનો તે સ્વામી નથી, કારણ કે પરની ઐશ્વર્યતા સ્વરૂપને વિષે હોય નહીં. વસ્તુત્વ ધર્મે જોતાં તે કોઈ કાળે પણ પરસંગી પણ નથી." એ પ્રમાણે સામાન્ય અર્થ 'જીવ નવિ પુગ્ગલી' વગેરે પદોનો છે.

**"દુઃખસુખરૂપ કરમ ફળ જાણો, નિશ્ચય એક આનંદો રે,**
**ચેતનતા પરિણામ ન ચૂકે, ચેતન કહે જિન ચંદો રે."**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**આંક ૩૨૮-"લેવેકોં ન રહી ઠોર, ત્યાગીવેંકો નાહીં ઓર,**
**બાકી કહા ઉબર્યોજુ, કારજ નવીનો હૈ !"**

"સ્વરૂપનું ભાન થવાથી પૂર્ણકામપણું પ્રાપ્ત થયું, એટલે હવે બીજું કોઈ ક્ષેત્ર કંઈ પણ લેવાને માટે રહ્યું નથી. સ્વરૂપને તો કોઈ કાળે ત્યાગ કરવાને મૂર્ખ પણ ઇચ્છે નહીં, અને જ્યાં કેવલ સ્વરૂપ સ્થિતિ છે, ત્યાં તો પછી બીજું કાંઈ રહ્યું નથી, એટલે ત્યાગવાપણું પણ રહ્યું નહિ, હવે જ્યારે લેવું, દેવું એ બન્ને નિવૃત્ત થઈ ગયું, ત્યારે બીજું કોઈ નવિન કાર્ય કરવાને માટે શું ઉગર્યું ? અર્થાત્ જેમ થવું જોઇએ તેમ થયું ત્યાં પછી બીજી લેવાદેવાની જંજાળ ક્યાંથી હોય ?"

આંક ૩૩૯-"અમને તો માત્ર અપૂર્વ એવા સત્‌ના જ્ઞાન વિષે જ રુચિ રહે છે. બીજું જે કંઈ કરવામાં આવે છે, કે અનુસરવામાં આવે છે, તે બધું આસપાસના બંધનને લઇને કરવામાં આવે છે."

આંક-૩૩૫-"જે વાસ્તવ્ય જ્ઞાનીને ઓળખે છે, તે ધ્યાનાદિને ઇચ્છે નહીં, એવો અમારો અંતરંગ અભિપ્રાય વર્તે છે." - એમ કૃપાળુદેવનું કહેવું છે-સત્ય છે. "માત્ર જ્ઞાનીને ઇચ્છે છે, ઓળખે છે, ભજે છે, તે જ તેવો થાય છે, અને તે ઉત્તમ મુમુક્ષુ જાણવા યોગ્ય છે."

આંક-૩૧૪- **"જિન થઈ જિનવરને આરાધે, તે સહિ જિનવર હોવે રે;**
**ભૃંગી ઇલીકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે."**
**"આતમજ્ઞાન કરે જો કોઉ, સો ફિર ઇણમેં નાવે;**
**વાક્ય જાળ બીજું સૌ જાણે, એહ તત્ત્વ ચિત્ત ચાવે."**

આંક-૩૧૬-"એક પરિનામકે ન કરતા દરવ દોઈ" - એ આખો પત્ર દેહ-આત્મા એક ક્ષેત્રમાં રહી પોતપોતાના સ્વભાવમાં રહે છે. દેહનાં પરિણામ બે ન હોય, ચેતનની અને દેહની જુદી જુદી ક્રિયા તથા પરિણામ થાય છે, એ યથાર્થ સમજાય છે. આ વસ્તુ સ્થિતિ સમજાય તો જડને વિષેનો સ્વસ્વરૂપભાવ તે મટે ને સ્વસ્વરૂપનું જે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તિરોભાવપણું છે તે પ્રગટ થાય. સ્થિતિ પણ એમ જ છે. યથાર્થબોધ છે. આ પત્ર ઘણીવાર મનન કરવાથી યથાર્થ સમજાઈ ગયો છે એટલે લાંબુ લખતી નથી. આંક-૯૦૨-"જડ ને ચૈતન્ય બંને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન-એ પણ સમજાય છે.

આંક ૨૩૯-સોભાગભાઈને કૃપાળુદેવ લખે છે, "જ્ઞાનવાર્તા સંબંધી અનેક મંત્ર આપને જણાવવા ઇચ્છા થાય છે." ગુપ્તભેદ-એ શું કહેવા માગતા હશે.

આંક ૨૪૪-"પરબ્રહ્મ વિચાર તો એમ ને એમ જ રહ્યા જ કરે છે, ક્યારેક તો તે માટે આનંદકિરણ બહુ સ્ફુરી નીકળે છે અને કંઇને કંઈ (અભેદ) "(એટલે શું)" વાત સમજાય છે, પણ કોઈને કહી શકાતી નથી.

આંક ૨૪૭- "કૃપાળુદેવની દશા" - "ચિત્તની દશા ચૈતન્યમય રહ્યા કરે છે, જેથી વ્યવહારનાં બધાં કાર્ય ઘણું કરીને અવ્યવસ્થાથી કરીએ છીએ." (અમને અંશે એવું જ છે)." અમારે પણ એમ જ થાય છે કે અહીંયાનું બધું મૂકી સત્પુરુષના ચરણમાં ભાગી જવું - પણ શક્ય નથી. ઉદય બળવાન છે." જે રસ જગતનું જીવન છે, તે રસનો અનુભવ થયા પછી હરિ પ્રત્યે અતિશય લય થઈ છે. "(જીવ આખો દિવસ એમાં જ રહે છે)." તેનું પરિણામ એમ આવશે કે જ્યાં જેવે રૂપે હરિને ઇચ્છીએ તેવે રૂપે હરિ આવશે." આવશે ? એવો ભવિષ્યકાળ ઈશ્વર- ઇચ્છાને લીધે લખ્યો છે.

આત્માર્થી શાંતિભાઈ, નગિનભાઈ વગેરેને યાદી મુમુક્ષુ, પરમ મુમુક્ષુને યાદી. પૂજ્ય બા તથા સરોજ ભાભી, બાળકો વગેરે મઝામાં હશે. દિલીપભાઈ મઝામાં હશે.

ચિ. મિનળ, આપને ખૂબ યાદ કરે છે. સાયલા જવું જવું કરે છે. પણ એનો કંઈ જોગ બાઝતો નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પૂ. માજી બિમાર છે - પથારીમાં જ છે. ખૂબ Weakness લાગે છે - બી.પી. વગેરે, મારા બાને પણ એમ જ છે. C. U. Shah દિવાળી પછી લંડન જવાના છે. હું દિવાળી પર સાયલા આવી શકું એમ લાગતું નથી. જોઇએ ! હવે શું થાય છે. કારણ કે C. U. Shah મુંબઈમાં હોય ત્યારે ખૂબ જંજાળ છે - ખાસ તે બીજાના માટે જ. પોતાને શું જોઇએ ? પણ સ્વભાવ પડી ગયો. મારે પણ એમની સાથે બંધાવું પડે છે. ૨૯, ૩૦, ૧ અમદાવાદ જવાના છે. બને તો સાયલા આપના દર્શન માટે એકાદ કલાક આવવાનો વિચાર છે, પણ નક્કી નથી. સી. યુ. શાહનો પ્રોગ્રામ પર મારા આવવાનો આધાર છે.

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**

## ૩૫

સાયલા, તા. ૨૯-૧૧-૭૯

॥ ૐ ॥

। સહજાત્મ સ્વરૂપાય નમઃ ।

**આત્માર્થી બેન સદ્‌ગુણાબેન, મુંબઈ**

તા. ૨૨-૧૧નો તમારો લખેલ પત્ર તા. ૨૬-૧૧ના રોજ મળ્યો વાંચીને સંતોષ થયેલ છે.

શરીરને જે ધાંસ (ખાલી ઉધરસ) હતી તેની દવા ડૉ. સાહેબની લીધી પણ તેનાથી ફેર નહીં પડતાં રાજકોટથી આ. ચુનીભાઈ આવેલા તેઓને આવી ઉધરસ હતી તે મોરબીના વૈદ્યની દવાથી કફ છૂટી મટી ગઈ. અને વૈદ્ય હીરાચંદભાઈ આવ્યા હતા તેમના કહેવાથી તે દવા ચાર પાંચ દિવસથી લેવાય છે તેથી ફેર ઘણો છે. તેથી ફિકર કરવી નહીં. દરકાર લઈ તમોએ પ્રીસ્ક્રીપ્શન મોકલ્યું તે માટે આભાર.

ચિ. મિનલકુમારી ઉપદેશ નોંધ વાંચે તે પૂરું કરી વ્યાખ્યાનસાર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભાગ બીજો પૂરો કરે, તેણે હમણાં સારી ઝડપ કરી.

તમોએ લખેલ સમતાની વ્યાખ્યા યથાતથ્ય નથી. ત્રણે કાળમાં આત્મપ્રદેશોમાં વધઘટ નથી. ગયા ભવમાં આત્મદ્રવ્ય જે અસંખ્યાત પ્રદેશાત્મક આપણું હતું તે પ્રમાણે આ ભવમાં છે અને આવતા ભવમાં તેમજ રહેશે. તેમાં વધઘટ ન થાય તે સમપણું એટલે સમતા.

જ્યાં સુધી આત્માની પ્રાપ્તિ ન થાય-પ્રગટ ન થાય ત્યાં સુધી આત્માના ગુણ, લક્ષણ અને સાધનની અપૂર્વતા તરફ વધારે રૂચિપૂર્વક ધ્યાન આપીએ તો આપણું કામ વહેલું પૂરું થાય. તમારો પુરુષાર્થ ચોવીસ કલાક પૈકી મોટા ભાગે એ જ છે પણ આ તો સહજ સૂચન છે.

કોઈ આંકનું ધ્યાન દોરવા લખ્યું તો 'હરિનો મારગ છે શૂરાનો-કાયરનું નહિ કામ જો ને' - પ્રિતમનું પદ ઘણી વાર વાંચ્યું હશે પણ ધ્યાન દઈ ઓર વાંચશો.

શ્રીમાન શેઠશ્રી ચિમનભાઈને વંદન, બંને માજીને ખાસ યાદ કર્યાનું કહેશો. ચિ. મિનલકુમારીને પ્રેમ. તમોને ખુશી મજામાં ચાહું છું.

પ.મુ.સુભદ્રાબેનનું તમારા અભિપ્રાય મુજબ થઈ જશે તેમ લાગે છે.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**

## ૩૬

સાયલા, તા. ૧૭-૧૨-૭૯

|| ૐ ||

। સહજાત્મ સ્વરૂપાય નમઃ ।

**આત્માર્થી બેનશ્રી સદ્‌ગુણાબેન,**

મુમુક્ષુ ચિ. મિલનકુમારી સાથે સંયુક્ત પત્ર મળ્યો. વાંચી ઘણો સંતોષ થયો છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વર્ષ ૨૯ના વર્ષના અમુક આંક વિષે લખ્યું તે બરાબર છે. આંક ૪૭૧-૪૭૨ તમોને બરાબર સમજાય છે એટલે ૪૬૬ તરફ ધ્યાન દોરું છું, જોકે મને ખબર છે કે તે તમારા ખ્યાલમાં છે.

યોગસારના દોહરા અગાઉ લખ્યા હતા અને આ વખતે ૩૪, ૪૮, ૫૦, ૫૧, ૫૮, ૭૦, ૭૨ લખ્યાં તે સહુ સરસ છે. વળી પૂ. મધરે બુક આપી તેના છે એટલે તમારી ભૂમિકા પ્રમાણે બધું યથાતથ્ય સમજાય તેથી આનંદ આવે. જ્યારે આપનું દ્રવ્ય પ્રગટ થશે ત્યારે સમયસાર, પ્રવચનસાર, યોગસાર બધું યથાતથ્ય સમજાશે અને અનુભવનો ઓર આનંદ આવશે.

હવે તા. ૨૩ અમદાવાદ પ. મુ. નંદલાલભાઈના ઘેર થઈ તા. ૨૪ સવાર જયંતી એક્સપ્રેસમાં ફાલના ઉતરી રાણકપુર જવાનો પ્રોગ્રામ નાતાલનો આ લોકોએ ગોઠવેલ છે. કહે છે કે શાંત સ્થળ સારું છે. તા. ૧-૧ રવાના થઈ તા. ૨-૧-૮૦ સાયલા આવશું.

તમો બધા ખુશીમાં હશો. બન્ને પૂ. માજી તથા પરમ સુજ્ઞશ્રી ચિમનભાઈને વંદન. તમોને ખુશી આનંદમાં ચાહું છું. શરીર પ્રકૃતિ સારી અને સ્વસ્થ છે.

**લી. સંતચરણ સેવક લાડકચંદ મા. વોરાના આત્મભાવે વંદન**

**૩૭**

તા. ૧૨-૧-૮૦

॥ ૐ ॥

। સહજાત્મ સ્વરૂપાય નમઃ ।

**આત્માર્થી બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

ઇન્લેન્ડ પત્ર આજે મળ્યો. ચિ. મિનલનો પત્ર મોડો મળતાં ટેલીફોનથી ખુશીથી પહોંચ્યાના ખબર મળી ગયા હતા.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વર્ષ ૨૭, આંક-૫૨૫ની ભલામણ લખવાનો હતો, ત્યાં તમોએ એ જ પત્ર સવિસ્તાર લખ્યો છે જાણી આનંદ થયો. આંક-૫૪૧ જોશો.

વર્ષ ૨૮, આંક ૫૬૮, ૫૬૯ તથા ૫૭૨ વાંચી વિચારશો.

શરીર બતાવવા બુધવારે સુરેન્દ્રનગર ગયો હતો. શ્રી ત્રિવેદીએ તપાસી કહ્યું કે લન્ગ્ઝ ઘણા ચોકખા થયા છે. સ્પ્યુટમના તપાસમાં રિપોર્ટ ગયા અઠવાડીયા જેવો જ છે. દવા તે જ રાખી છે, ફેરફાર નથી કર્યો. બુધવારે બતાવવા આવવા કહેલ છે. મને પણ તબિયતમાં સુધારો જણાય છે. આ ચોથું વીક છે. ડૉકટર કહેશે ત્યાં સુધી ચાલુ રાખીશ.

સાધકોએ કષાયો (અંદરના) સાથે યુદ્ધ કરવું પ્રસંશનીય છે. તે ચારિત્ર મોહનીયના યોદ્ધા છે, પણ સંકલ્પ-વિકલ્પ નહીં કરવા જોઇએ. કારણ તેથી આર્તધ્યાન થાય છે જે નવા કર્મબંધનો હેતુ છે.

શ્રીમતિ મધુરીબેનના પતિશ્રી આર.ડી. શાહને માઇલ્ડ એટેક આવતાં શ્રી મેઘમુનિ કન્યાશાળાનો પ્રોગ્રામ હવે નક્કી થશે તેમ સાંભળેલ હતું. અમો તા. ૨૦થી ૨૮ સુધી વેરાવળ હઇશું.

શ્રીમાન્ શેઠ ચિમનભાઈને વંદન. બંને પૂજ્ય માજીને વંદન. ચિ. મિનલને બધા યાદ કરે છે. તમોને ખુશી આનંદમાં ચાહું છું.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**

## ૩૮

તા. ૧૨-૨-૮૦

॥ ૐ ॥

। સહજાત્મ સ્વરૂપાય નમઃ ।

**પ. પૂ. સદ્‌ગુરુદેવાય નમઃ**

હું તથા મિનળ સુખરૂપ મુંબઇ પહોંચી ગયા છે. ઉદાસીનતા લાગવા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માંડી પણ Routine work માં લાગી ગઈ છું.

ગઈ રાત્રે વિરમગામથી અમદાવાદ સુધી-સંતની વાણી વાંચ્યું. સૂઈ ગઈ, ઊંઘ આવી ગઈ હતી. ચાપાણી કરી ન્હાઈ-ધોઈ સાગરમાં હું ગઈ. ત્યાં વચનામૃત વંચાતું હતું. થોડું જવામાં મોડું થઈ ગયું હતું. મિનલ આવી ન હતી. એને મામા સાથે Foreign થી Edwin આવેલ છે તેની સાથે જવાનું છે. લંચ પણ બહાર એની સાથે લેવાના છે. Edwin આવતી કાલે જવાના છે.

હું સાગરમાંથી આવી પણ પગમાં દુઃખાવો છે. સૌથી પહેલા બાઈ પાસે તેલ (નારાયણ) ચોળાવ્યું. પણ પૂ. બા જેવું તો એને ન જ આવડ્યું. પણ હમણાં રોજ ચોળાવવું પડશે. ગોળી પણ ચાલુ જ છે.

Diabetic blood-Sugar નો રિપોર્ટ પણ હવે કરાવવાનો છે. ડૉ.ને બતાવવા જવાનું છે. ગયા વખતે Post Pandial જમ્યા પછી બે કલાકનો ૩૧૯ હતો તે વધારે હતો. ડૉક્ટર ૧૫ દિવસ Exercise dieting વજન ઉતારવાનો ટાઇમ આપ્યો છે. લગભગ એક મહિનો થવા આવ્યો છે, હવે બતાવવા જવું પડશે. જોઇએ રિપોર્ટ હવે શું આવે છે. પગના દુઃખાવાને કારણે વધારે પડતી Exercise કરી શકતી નથી. વજન પણ ઉતર્યું નથી.

આપ પણ આપના દેહનો તથા પૂ. બાના દેહનો ખ્યાલ રાખશો. તેલવાળું (તળેલું) તો ખાશો જ નહિ. જેનાથી રાતના ઉધરસ આવે છે.

આ પહેલી જ વખત ખુલાસાથી પરમાર્થ સિવાયનો દીલ ખોલીને પત્ર લખું છું.

છોટાભાઈના બે પત્ર વાંચ્યા. ખૂબ મઝા આવે છે.

વચનામૃત વર્ષ ૨૯માં આત્મસિદ્ધિ ચાલે છે. જે આપે ધ્યાન દોરેલા પત્રો છે જે હજુ ધ્યાનથી સમજવાના છે, વાંચવાના છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મોટા અક્ષરે લખવાની કોશિષ કરું છું.

એક ક્ષણ પણ સત્પુરુષની મૂર્તિ વિસ્મરણ થતી નથી, નિશાન તો કોઈ પણ હિસાબે તોડવાનું છે, એ મારો નિર્ણય છે, દ્રવ્ય પ્રગટે એ દિશામાં પુરુષાર્થ ચાલુ જ છે.

મુમુક્ષુ, પરમ મુમુક્ષુ, આત્માર્થી ભાઈ-બહેનોને વંદન.

પૂ. બાને ખાસ યાદ આપજો. સરોજભાભી તથા દિલીપભાઈને પણ યાદી કહેજો. બાળકો પણ મઝામાં હશે. પૂ. બાને ગોળી યાદ કરી આપશો.

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના વંદન**

## ૩૯

સાયલા, તા. ૨૫-૨-૮૦

॥ ૐ ॥

। સહજાત્મ સ્વરૂપાય નમઃ ।

**આત્માર્થી બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

તા. ૨૧નું ઈનલેન્ડ પત્ર તા. ૨૩/૨ના રોજ ખુશીથી મુંબઇ પહોંચ્યાનું મળ્યું. વાંચી આનંદ થયો.

ચિ. મિનલનું કહેવું સાચું ઠર્યું કે તેમના ભાભીને શરીરની ઘણી અસ્વસ્થતા છે. પણ સહનશક્તિ એટલી છે કે મોઢે ઉંહકારો ન કરે. હવે Diabetic Blood Sugar નો રિપોર્ટ તુરત કઢાવવો જોઇએ.

આ શરીર ભગવાન આત્માને રહેવાનું મંદિર છે. માટે સાચવવું જોઇએ. કારણ તે છે ત્યાં સુધીમાં ભગવાન આત્માને પ્રગટ પ્રાપ્ત કરવાનો છે. માટે તેની કાળજી રાખવી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મી. Edwin હતા તે દરમ્યાન ચિ. મિનલ ત્યાં આવી ગઈ તે સારું થયું.

નિશાન તો પાડવાનું છે. (દ્રવ્ય પ્રગટ કરવાનું) એવો તમારો નિર્ણય છે તે ધન્યવાદને પાત્ર છે. તે માટે હાલ તો પૂ. છોટાભાઈના પત્રોનું વાંચન, મનન, પરિણમન વિશેષ ઉપકારી છે. થોડું જ બાકી છે.

પૂ. શ્રીમાન ચિમનલાલભાઈને તથા બન્ને માજીઓને વંદન. તમોને ખુશી મઝામાં ચાહું છું.

આં. ૫૪૮ બીજો તથા ત્રીજો પેરા તેમજ આં. ૯૦૧, ૯૧૩ વાંચો.

**લી. સંતચરણસેવક લાડકચંદના આત્મભાવે વંદન**

**૪૦**

બોમ્બે ગ્રેન મરચન્ટ સેનીટોરીયમ, તીથલ,

તા. ૧૮-૩-૮૦

**આત્માર્થી બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

ત્યાંથી નિકળી કાલે સવારે અગિયાર વાગતાં ખુશીથી પહોંચી ગયા. સ્થાનક ઘણું સુંદર છે.

ભેદજ્ઞાન ધારાવહી થવા પુરુષાર્થ ચાલુ કરેલ છે ને ચાલુ રાખશો. નિવૃત્તિમાં સતત જાગૃતિ રહે તે પુરુષાર્થ પ્રથમ કરવો. જેથી પ્રવૃત્તિમાં જાગૃત રહેવાનું હળવે હળવે સુગમ થાય. આત્માની સમાધિ રહે અને મન, વચન, કાયાના યોગ કામ કરતાં હોય છતાં ભેદજ્ઞાન રહે. જ્ઞાનધારા અને કર્મધારા સતત બેફાટ રહે તેટલી સતત જાગૃતિ રાખવા પુરુષાર્થ કરવાનો છે.તે માટે પૂ. છોટાભાઈ દેસાઈના પત્ર વાંચવા. ૨૫મું વર્ષ-વચનામૃત-છેલ્લે સોભાગભાઈને સમાધિ રહે છે.

ઉપરાંત જ્ઞાનસારમાંથી આત્મજ્ઞાન માટે સાધનો અને પૂ. હેમચંદ્રસૂરિનું



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અનુભવ પ્રકરણ ક્રમસર રોજ પાંચ દશ શ્લોક રોજ વાંચવા.

શ્રીમાન્ દાનવીર શેઠ ચિમનલાલભાઈ તથા બન્ને માજીને વંદન. તમોને ખુશી મઝામાં ચાહું છું.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**

**૪૧**

ધી બોમ્બે ગ્રેઇન મરચન્ટસ સેનીટોરીયમ, તીથલ,
વાયા : વલસાડ, તા. ૨૨-૩-૮૦

**આત્માર્થી બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

ભેદજ્ઞાન ધારાવહી થાય તેવો પુરુષાર્થ ચાલુ હશે. હરતાં-ફરતાં, પ્રવૃત્તિ-નિવૃત્તિમાં અખંડ જાગૃતિ રહેવી જોઇએ. આત્મા સ્વરૂપભાવમાં પડ્યો હોય, અને મન, વચન, કાયાના યોગ જરૂર પડ્યે તેની પ્રવૃત્તિમાં હોય એવી સ્થિતિ સહજ રહેવી જોઇએ. ૨૫મા વર્ષે કૃપાળુદેવની સતત એવી સ્થિતિ હતી. આંક ૩૬૬ કે પછીના પત્રો વાંચશો.

આત્મજ્ઞાનના સાધનો અને પૂ. હેમચંદ્રસૂરિના અનુભવના શ્લોકો ક્રમસર ફરી ફરી વાંચશો.

અહીં તો સુંદર અને શાંતિનું વાતાવરણ છે.

ત્યાં બધાને વંદન. મારી તબીયત સારી છે. તમોને ખુશી આનંદમાં ચાહું છું.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૪૨

સાયલા, તા. ૨૬-૪-૮૦

॥ ૐ ॥

। સહજાત્મ સ્વરૂપાય નમઃ ।

**આત્માર્થી બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

તા. ૨૪-૪-૮૦ સવારના ૫-૪૫ વાગે તમારી પાસેથી મુંબઇથી ગુજરાત એક્સપ્રેસમાં રવાના થઈ અમદાવાદ સ્ટેશને ૧૫-૪૫ વાગે આવી, ત્યાંથી બે ટેક્સીમાં ૧૬-૪૫ કલાકે રવાના થઈ, વચમાં લીંબડી મહાસતીજી હેમકુંવરબાઈ પાસે ૧૫ મિનીટ રોકાઈ (જેઓ ૮૦ વર્ષના છે અને આપણા મંડળના સભ્ય છે) સાંજના ૨૦-૦૦ કલાકે પહોંચી ગયા છીએ. કાંઈપણ હરકત નથી. જો ચિ. મિનલે મહેનત કરી ટીકીટો ન લાવી દીધી હોત તો બે કારથી રવાના થવાનું નક્કી કરેલ હતું, પરંતુ કાર કરતાં ટ્રેઇનની-લાંબી હોય તો પણ મુસાફરી સારી. એરની તો કેન્સલ કરાવેલ પછી તુરતમાં મળતી ન હતી.

તમારે પરમાર્થ સંબંધી બે વાત યાદ રાખવી. નિવૃત્તિ હોય ત્યારે સ્વભાવમાં જ ડૂબી રહેવું. પ્રવૃત્તિ હોય ત્યારે બહાર નીકળવું પણ જાગૃત રહેવા પ્રયત્ન કરવો. પ્રવૃત્તિ પૂરી થયે પાછા સ્વભાવમાં ડૂબ થઈ જવું. એમ પુરુષાર્થ ચાલુ રાખી ભેદજ્ઞાન ધારાવાહી કરવું. બીજી વાત ઉદયમાં આવે તે સમપણે વેદવું એટલે હર્ષ કે ખેદ સિવાય વેદવું.

શ્રીમાન્ સુજ્ઞ મુમુક્ષુભાઈશ્રી ચિમનલાલભાઈએ રોજ આત્મસિદ્ધિ અનુકૂળ ટાઇમે વાંચવી તેમજ વચનામૃતમાં જે કાવ્યો છે તે (શતાવધાન સિવાયના) રોજ એક કાવ્ય તથા ચોવીશીમાંનું એક સ્તવન વાંચવું.

ચિ. મિનલકુમારીને બીજા વખતનું ૨૯મું વર્ષ ચાલે છે તે પૂરું કરવું. અને વચનામૃતનું એક કાવ્ય અને ચોવીશીનું એક સ્તવન ક્રમસર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રોજ વાંચવાનું રાખવું. મારી તબીયત સારી છે. બધાને ખુશી મઝામાં ચાહું છું.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**

## ૪૩

તા. ૨૯-૪-૮૦

॥ ૐ ॥

**॥ સહજાત્મસ્વરૂપાય નમઃ ॥**

**પ. પૂ. ગુરુદેવાય નમઃ**

હમણાં સાંજના ૪ વાગ્યા છે. આત્મ નિશ્ચય (અધ્યાત્મસાર) વાંચતી હતી, અને ટપાલ આવી, તમારો પત્ર જોયો. ઉપરથી અક્ષર ઓળખ્યા, ફોડ્યો, વાંચી ખૂબ ખૂબ આનંદ થયો છે. આજે તરત જ જવાબ લખું છું. આત્મનિશ્ચય-દર્શન ખરેખર Boring હજુ પણ લાગે છે. પણ વાંચું છું. બીજો પણ સ્વાધ્યાય ચાલે છે. જ્ઞાનસાર-વચનામૃત-છોટાભાઈના પત્રો- સ્તવન-છોટમની વાણી-એ બધામાં ખૂબ મઝા આવે છે. બીજું અગત્યનું-સ્વરૂપ પ્રાપ્તિ પછી છેલ્લા ત્રણ પત્રમાં સહજ થવા માટે પુરુષાર્થ માટે મને ધક્કો મારો છો, મને ખબર છે. પણ તમો ધારો છો તેટલો ઝડપથી પ્રોગ્રેસ કદાચ નહીં થતો હોય પણ સતત-ક્ષણે ક્ષણે નિવૃત્તિમાં સ્વભાવમાં રહેવાની ટેવ (અંગુઠાની જેમ) પાડવાની છે-જેના પુરુષાર્થમાં છું. પ્રવૃત્તિમાં બહાર નીકળી જવાય છે. પણ ચોક્કસ નાના છોકરાના અંગુઠાની જેમ ટેવ પડી જશે. તમને ખરેખર મને ઊંચે લેવાની સતત ચિંતા (ભાવ) થાય છે. તેનો મને ખ્યાલ જ છે. મને પણ Telepathy- સામા ભાવ આવે જ છે. તમારા ભાવ પ્રમાણે Progress કર્યો અને હજુ થશે જ. આપની અસીમ કૃપા પણ છે જ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હમણાં આજે સવારથી ત્યાંના વિચારમાં હતી અને પત્ર મળ્યો. સાચે આનંદ આવ્યો. મને લાગે છે કે તમે અંતર્યામી પણ હોય એમ લાગે છે. Mountain goes to Mahmad.

C. U.એ હજુ સુધી કાંઈ વાંચન શરૂ કર્યું નથી. O. G. L. ની ચિંતામાં છે. એ O. G. L, બે એક મહિનામાં શરૂ થશે. ત્યાં સુધી એમનું મન ચિત્ત અસ્થિર જ રહેશે. કારણ આ ધંધો ૩૫ વર્ષનો છે, જે Item નીકળી જાય એનું એમને ખુબ દુઃખ થયું છે. બધુ સારૂં જ થશે, પણ મનની શાંતિ રહેવી જોઈએ.

મિનલનું વાંચન જોરદાર છે. મારી બાની સાથે પણ યથાર્થ બોધ વગેરે વાતચીત થઈ. તે બરાબર સમજે છે. એટલે મેં પુછ્યું કે સવારથી સાંજ કોણ ક્રિયા કરે છે તો તાબડતોબ જવાબ આપ્યો-આત્મા. આ બે વખત થયું. એટલે એ મિથ્યાત્વમાં છે. જે દેહની ક્રિયાને આત્માની માને છે. જે જે દશ દશ વર્ષે કે ૪૦ ૪૦ સાંભળ્યા છતાં યથાર્થ બોધ હજુ નથી. પણ મેં જ્યારે સમજાવ્યું ત્યારે તરત જ સમજી ગયા. ખૂબ પસ્તાવો એમને થયો. પછી મારા મોટાભાઈને પૂછ્યું તો-એ કાનજી સ્વામી પાસેથી સમજ્યા હતા-બોલ્યા, પરમાણુથી દેહની ક્રિયા થાય છે એ થોડું સમજ્યા છે. ખરેખર હું ખૂબ નશીબદાર છું કે બેથી ત્રણ વર્ષમાં બધું જ (સ્વરૂપ પણ) પ્રાપ્ત કર્યું અને હવે સહેજ મોટો પુરુષાર્થ ચાલુ છે તે પણ જરૂરથી થશે, આપના લખ્યા પ્રમાણે (આપની કૃપાથી).

આત્માર્થી નગીનભાઈ, શાંતિભાઈ વગેરે મઝામાં હશે, બીજા મુમુક્ષુ, પરમ મુમુક્ષુ ને યાદી. પૂ. બા તથા દિલીપભાઈ, ભાભી, બાળકો વગેરે મઝામાં હશે.

ખરેખર જ્ઞાની જો હોય તો તેને ઉદય સમભાવે વેદવો જ જોઈએ. એજ,

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના વંદન**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૪૪

સાયલા, તા. ૨-૫-૮૦

ॐ

। સહજાત્મ સ્વરૂપાય નમઃ ।

**આત્માર્થી બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

તમારો તા. ૨૯નો લખેલ ઇન્લેન્ડ પત્ર તા. ૩૦-૪ના રોજ મળ્યો. વાંચી સંતોષ થયો છે.

સતત જાગૃતિરૂપ તમારો પુરૂષાર્થ-નિવૃત્તિ-પ્રવૃત્તિમાં ચાલુ હોઈ કાંઈ વિશેષ સૂચના અત્રેથી કરવાપણું નથી. એ બાબતમાં છેલ્લા ત્રણ પત્રોમાં જણાવેલ છે.

તમારા પૂ. માજી તથા પૂ. મોટાભાઈ સાથે વાતચીત થઈ તે બાબતમાં જૈનધર્મમાં તો સ્યાદ્‌વાદ શૈલી છે. એકાંત પકડાય ત્યાં મિથ્યાત્વ છે. આશયની સમજણપૂર્વક યથાર્થ બોધ હોય તો કામનો છે. બાકી મુખ્ય વાત તો અનુભવની બલિહારી છે. રોગ, શોક, દુઃખ, મૃત્યુ દેહના છે તે જીવમાંહે જણાય છે. દેહાધ્યાસ એ અજ્ઞાનને લઈ જ્ઞાન થતાં દૂર થઈ જાય છે.

તમો પુરૂષાર્થ ચાલુ રાખશો. શ્રીમાન સુજ્ઞ મુમુક્ષુ ભાઈ શ્રી ચિમનભાઈને વીર વંદન. બંને માજીને વંદન. દેશમાં ગરમી ૧૦૯° છે.

તમોને ખુશી મજામાં ચાહું છું.

**લી. સંતચરણ સેવક, લાડકચંદના આત્મભાવે વંદન**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૪૫

તા. ૬-૫-૮૦

॥ ૐ ॥

। સહજાત્મસ્વરૂપાય નમઃ ।

**પ. પૂ. સદ્ગુરૂદેવાય નમઃ**

હમણાંચાર વાગ્યા છે. અધ્યાત્મસાર-અનુભવ સ્વરૂપ વાંચતી હતી. એકાએક ટપાલનો વિચાર આવ્યો. બહાર બારણા પાસે જઈને જોયું તો ખરેખર આપનો પત્ર બીજી ટપાલ સાથે આવેલ હતો, વાંચી ખૂબ આનંદ થયો છે.

ચોથી વખત લખ્યું કે સતત જાગૃતિરૂપ તમારે પુરૂષાર્થ નિવૃત્તિ પ્રવૃત્તિમાં ચાલુ હોઈ કોઈ વિશેષ સૂચના અત્રેથી કરવાપણું નથી. પણ તમે જરૂરથી દરેક પત્રમાં સૂચના આપ્યા જ કરતા રહેજો કે જેથી મારી જાગૃતિ વધતી જાય છે.

નિવૃત્તિમાં પુરૂષાર્થ ચાલુ છે. પ્રવૃત્તિમાં મહેનત કરૂં છું. થોડીવાર રહે છે કે પાછો નીકળી જાય છે. પણ બન્ને પુરૂષાર્થ ચાલુ છે. આપની અસીમ કૃપાથી જરૂરથી થઈ જશે. દિવસે દિવસે સુધારો થતો જાય છે.

સાગરમાં જવાનું બંધ કર્યું છે. સવારના ૬॥ થી ૮॥ સુધી સ્વાધ્યાય ચાલે છે. પછી ૧૧ થી ૧૨ ત્યાર પછી ૪ થી ૫. સાથે પુરૂષાર્થ પણ આખો દિવસ ચાલુ જ છે.

અહિંયા સખત ગરમી શરૂ થઈ ગઈ છે. ત્યાં પણ આનાથી પણ વધારે ગરમી હશે, પણ આ રૂમમાં ચારે બાજુથી ઠંડો ઠંડો પવન ૨૪ કલાક આવે છે. ઘરમાં ગરમી લાગતી નથી, વચનામૃતમાં અભ્યંતર વાંચું છું, કાલે પુરૂં થશે, હવે મારે શું વાંચવું ? જ્ઞાનસારમાં ખૂબ મઝા આવે છે, છોટાભાઈના પત્રો પણ સ્પષ્ટ સમજાય છે, મઝા પણ આવે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

C. U. Shah રોજ સ્તવનની તથા આત્મસિદ્ધિની કેસેટ રાતના રોજ સાંભળે છે. નિયમિત સાંભળે છે, વાંચવાનું શરૂ કરેલ નથી.

આત્માર્થી નગિનભાઈ, શાંતિભાઈ તથા બીજા આત્માર્થી ભાઈ બહેનો મઝામાં હશે.

પૂ. બા, દિલીપભાઈ, ભાભી, બાળકો મઝામાં હશે કૃપાળુ દેવ કહે છે કે- "કેવળ અંતર્મુખ ઉપયોગે સતત જાગૃતિ એને શ્રી તીર્થંકર ધર્મ કહે છે", બસ આ જ પ્રાપ્ત કરવાનું છે. થઈ જશે-ઇશ્વરકૃપાથી.

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**

**૪૬**

સાયલા, તા. ૧૫-૫-૮૦

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**આત્માર્થી બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

તમારો તા. ૬-૫નો પત્ર તા. ૮-૫ના રોજ મળ્યો. વાંચી સંતોષ થયો.

"કેવળ અંતર્મુખ ઉપયોગે સતત જાગૃતિ એને શ્રી તીર્થંકર ધર્મ કહે છે. એક સમય માત્ર બહુર્મુખ ઉપયોગ ન થવા દેવો એને શ્રી તીર્થંકર માર્ગ કહે છે." આ બરાબર લખેલ છે. તે લાગુ પડે છે, અને તે જ હવે કરવાનું છે.

સાગરનો વખત બચતાં પુરૂષાર્થ રોજ વધારી દીધો લાગે છે. ૬॥ થી ૮॥ (૨) ૧૧ થી ૧૨ (૧) ૪ થી ૫ (૧) એટલે રોજના ચાર કલાક થયા. એટલા ટાઈમમાં શું ન થાય ? હવે પ્રગતિ વધશે તેમ લાગે છે. શું વાંચવું ? તે પૂછાવો છો તો જે લખવા વિચાર્યું હતું તે તો તમે વાંચો છો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧) અધ્યાત્મસાર-અનુભવ પ્રકરણ (૨) જ્ઞાનસાર
(૩) અભ્યંતર પરિણામ (૪) પૂ. છોટાભાઈના પત્રો

તે બધાનું તમોને પુનરાવર્તન ચાલે છે એટલે વધારે અહિંથી લખવાનું રહેતું નથી. એ જ અમારો સદાયનો સ્વાધ્યાય રાખેલો હતો. તમારો પુરૂષાર્થ જોઈ પ્રમોદ આવે છે.

શ્રીમાન સુજ્ઞ ભાઈશ્રી સ્તવન તથા આત્મસિદ્ધિની કેસેટ રોજ સાંભળે છે-નિયમિત હોઈ- સંતોષ. નિવૃત્તિ મળશે ત્યારે જરૂર વાંચન શરૂ કરશે તેમ આશા છે. બંને પૂ. માજીને વંદન. તમોને ખુશી મજામાં ચાહું છું.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવ વંદન**

**૪૭**

તા. ૨૩-૫-૮૦

॥ ૐ ॥
॥ સહાજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**પ. પૂ. સદ્ગુરુદેવાય નમઃ**

આપનો ૧૫ મીનો પત્ર વાંચી આનંદ થયો છે.

કેવળ અંતર્મુખ ઉપયોગ સતત જાગૃતિને તીર્થંકર ધર્મ કહે છે. એક સમય માત્ર બહિર્મુખ ઉપયોગ ન થવા દેવો એને તીર્થંકર માર્ગ કહે છે. હવે હું આના જ પુરૂષાર્થમાં જ છું. નિવૃત્તિમાં અંતર્મુખ ઉપયોગ ઘણું ખરું રહે છે, પણ પ્રવૃત્તિમાં ઉપયોગ બહિર્મુખ નીકળી જાય છે પણ લક્ષ તરત જાય છે કે : ઉપયોગ બહિર્મુખ થયો, પુરૂષાર્થ ચાલુ છે.

સ્વાધ્યાય ચાલુ છે. અધ્યાત્મસારમાં અનુભવ સ્વરૂપમાં મૂઢ-વિક્ષિપ્ત-એકાગ્ર અને નિરુદ્ધ મન કરતાં જ્ઞાનસારમાં સારૂં સમજાવ્યું છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નિરંજના બ્હેનનો ફોન હતો કે આપને સ્વાધ્યાય કરતાં કરતાં ૧૫ મિનિટ આંખે અંધારા (Guidy) આવી ગયા હતા. સુરેન્દ્રનગર બતાવવા જવાના હતા. ડોક્ટરે શું કીધું ? હવે સારૂ હશે. નહીં તો આજે નગિનભાઈ સાથે મુંબઈ બતાવવા આવો તો સારૂં. અહિયા સારૂં Checking થશે.

દિલીપભાઈ તથા સરોજ ભાભી આવ્યા છે. ફોન કર્યો હતો ત્યારે તેઓ ઉષાબેનને ઘેર ગયા હતા. હલવાસનનું બોક્ષ મળ્યું છે. સાગરમાં એક મહિનો હું ન ગઈ પણ ઘરમાં હું Bore થઈ ગઈ હતી. આ બહાને એટલું બહાર જવા મળતું અને સ્વાધ્યાય થતો. ખાસ કરીને વચનામૃતનું સારૂં થાય છે. અને ત્રણ ચાર વર્ષની આદત પડી ગઈ હતી. એટલે પાછું શરૂ કર્યું છે. સ્વાધ્યાય તો નિયમિત ચાલુ જ છે.

ત્યાં ગરમી સખત પડતી હશે અહિંયા પણ હમણાં સખત ગરમી પડે છે. પંખો આખો દિવસ રાખવો પડે છે.

C. U. Shah પાછા ત્રણ ચાર દિવસ દિલ્હી ગયા હતા. આવી ગયા છે.

આત્માર્થી નગિનભાઈ, શાંતિભાઈ તથા બીજા મુમુક્ષુ, પરમ મુમુક્ષુ ભાઈ બ્હેનો મઝામાં હશે. પૂ. બા મઝામાં હશે.

સત્સંગની ખામી લાગે છે પણ સાગરમાં જવાથી થોડોક સત્સંગ થયો હોય એમ મન મનાવવાનું છે. બીજું સ્વાધ્યાયથી સત્સંગ પણ ખરો સત્સંગ નથી-ખરા સત્સંગીઓનો.

મિનલનો નિયમિત સ્વાધ્યાય ચાલે છે. વચમાં વચમાં પૂછવા આવે છે. પંચાસ્તીકાયમાંથી પૂછવા આવી હતી. ડાયરીમાં નોંધ કરે છે. બપોરના Lunch માં આવે ત્યારે જ વચનામૃત વાંચે છે અને સવારમાં વાંચે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આપની તબીયતની સંભાળ રાખજો.

લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ

## ૪૮

સાયલા, તા. ૨૮-૫-૮૦

ૐ

। સહજાત્મ સ્વરૂપાય નમ: ।

**આત્માર્થી બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

તમારો તા. ૨૪મી મે નો પત્ર તા. ૨૭-૫ના રોજ મળ્યો, વાંચી સંતોષ થયેલ છે.

નિવૃત્તિ તથા પ્રવૃત્તિમાં તમારો પુરૂષાર્થ બરાબર છે. હા ! અધ્યાત્મસારના અનુભવ પ્રકરણ કરતાં જ્ઞાનસારના વર્ણવેલ મનના પ્રકાર વધારે સરલ છે.

સાગરમાં જવાનું કર્યું, વધારે સારૂ ત્યાં પણ સ્વાધ્યાય જ ચાલે છે ને. આ વખતે મુંબઈ તીથલના ૪૮ દિવસના પ્રોગ્રામમાં તમો તથા ચિ. મિનલ મુંબઈ ૧૮ તથા તીથલ ૬ દિવસ મળી ૨૪ દિવસનો લાભ સ્વાધ્યાયનો લીધો અને અલભ્ય ફાયદો પણ થયો. કુદરતની કૃપા.

અત્રે ૨૨ બેનો+૭ ભાઈઓ, ૧૮ બાળકો મળી ૪૭ ભાઈઓ બેનો છે તેમાં ૮+૧૦ અઢારને ૫૦% પ્રાપ્તિ થઈ છે.

પૂ. બંને બાજી તથા ચિ. મિનલને યાદ કર્યાનું કહેશો. શ્રીમાન સુજ્ઞ ભાઈશ્રી વખત હોય ત્યારે આત્મસિદ્ધિ ઉપરાંત ઉપદેશ છાયા વાંચે તો સારૂં. મારી આંખનું પ્રીસ્ક્રીપ્શન બીડેલ છે. તમને ખ્યાલ આવશે. શુક્રવારે બતાવવા જશું, ત્યારબાદ તા. ૩૧ આસપાસ જરૂર પડે તો ત્યાં આવવાનું બને.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તમોને ખુશીમાં ચાહું છું.

**લી. લાડકચંદના આત્મભાવે વંદના**

**૪૯**

તા. ૨-૬-૮૦

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**પ. પૂ. સદ્‌ગુરુદેવાય નમઃ**

આપનો તા. ૨૮નો લખેલ પત્ર વાંચી અતિ અતિ આનંદ થયો છે.

નિવૃત્તિમાં સ્વભાવમાં ઘણું ખરૂં રહેવાય છે. હજી સુધી પ્રવૃત્તિમાં સતત રહેવાતું નથી. કામમાં Busy હોઈએ ત્યારે અન્યભાવમાં ગુંથાઈ જવાય છે. અને આત્માનો લક્ષ ઘણી વખતે વિસ્મરણ થાય છે પણ તરત જ લક્ષ દોરાય છે કે સ્વરૂપમાંથી નીકળી જવાયું. થોડું થોડું રહેવાય છે. સાગરમાં પહેલી પ્રાર્થના ૧૫ થી ૨૦ મિનિટ ચાલતી હોય ત્યારે હું સ્વરૂપમાં બેઠી રહું છું- એમ ત્રુટક ત્રુટક રહેવા પ્રવૃત્તિમાં પણ પુરૂષાર્થ ચાલુ છે.

ગઈ કાલે નગિનભાઈનો ફોન હતો. આપની આંખ સંબંધી સમાચાર પૂછ્યા હજી બરાબર નથી. અહિંયા ડો. પ્રફુલ્લને કે ડો. શ્રોફને એક વખત આપ જો મુંબઈ આવો તો બતાવી દઈએ અને એમનો Opinion પણ લઈ શકાય. તબીયતની સંભાળ રાખશો. સ્વાધ્યાય બિલકુલ કરશો નહીં. આંખને Strain પડે એવું કાંઈ કરશો નહીં.

સરયુબેનનો પણ ફોન હતો. આપના ખબર આપ્યા હતા. ખુબ ખુબ ખુશ છે-૫૦ %ની પ્રાપ્તિ મળી છે માટે. અહિંયાં બંને માજી બિમાર છે. આ પત્ર લખી બાને જોવા વર્લી જાઉં છું. અહિંયા મારા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મોટા નણંદ આવેલા છે. બંને પથારીવશ છે. Mr. C. U. Shah પાછા દિલ્હી ગયા છે. હજી એમનું પત્યું નથી. ત્યાંથી મદ્રાસ જશે. પાંચ દિવસ પછી આવશે.

સ્વરૂપમાં ઘણી મઝા આવે છે, આકુળતા વ્યાકુળતા થતી નથી. સંકલ્પ વિકલ્પ પણ ઓછા. કષાયો પણ ઘણા જ મોળા. ઘણી શાંતિ રહે છે.

ગઈ કાલે મેં પણ ડોક્ટરને બતાવ્યું. Cardiogram ફરીથી કઢાવ્યો છે. એમાં ડો. J. K. Mehtaનું કહેવું છે કે Low Voltage બતાવે છે. તે Thyroid dificiencyનું કારણ છે. એક મહિના Thyroid - Tab. અને Eltroshil + Tab. ૮ A. M સવારના લઈ, મહિના પછી ફરી કઢાવવાનો છે. વધારે પડતું વજન પણ એને લીધે વધેલું છે. Diabetic Test માટે પણ જવાનો ટાઈમ થઈ ગયો છે, પણ હવે Controlમાં હોય એમ લાગે છે પણ થોડી ખાંડ કેરી ખાવામાં આવે છે.

આજે દિલીપભાઈનો ફોન હતો. ગુરૂવારે આવવાના છે. મિલનનો સ્વાધ્યાય બરાબર ચાલે છે મને ઘડી ઘડી પૂછવા આવે છે-કે આ બરાબર છે, આ આમ છે-તેમ (Guidance માટે હું પણ બતાવું છું.)

આ. શાંતિભાઈ તથા બીજા બધા આ. મુ. પ. મુ. ભાઈ બહેનોને વંદન પૂ. બા મઝામાં હશે.

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૫૦

સાયલા, તા. ૧૨-૬-૮૦

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**આત્માર્થી બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

તમારો તા. ૨/૬ નો પત્ર તા. ૬/૭ ના રોજ મળ્યો. વાંચી સંતોષ થેયલ છે.

નિવૃત્તિ પ્રવૃત્તિમાં જે પુરૂષાર્થ છે તે ચાલુ રાખવું. સ્વસ્વરૂપમાં સ્થિતિ સહજ થવામાં એજ પૂરૂષાર્થ કરવાનો છે.

પૂ. બન્ને માજી તથા પૂ. બેનને હવે સારૂં હશે. શાતા પૂછશો.

શ્રીમાન સુજ્ઞ ભાઈશ્રી ચિમનભાઈને સપ્રેમ યાદી તમારા શરીરનું સ્વાસ્થ્ય સાચવશો. આંખે સારૂં છે. ચિ. દિલીપે ત્યાંના ખુશી સમાચાર આપ્યા છે. ત્યાંના તમારા બધાના આગ્રહથી તા, ૩ જુલાઈની ટિકીટ આ. શાંતિભાઈએ લઈ રાખેલ છે. ડૉ. પ્રફુલભાઈને બતાવવા આગ્રહ બધાનો છે. થાય તે ખરૂં.

આજે ચોટીલાવાળા શ્રી નટવરલાલભાઈ આવ્યા હતા.

તે મદ્રાસના ડોક્ટરને બતાવવા કહેતા હતા. એમ કહ્યું શ્રીમાન્ શેઠ સી. યુ. શાહે ટેલીફોન મારફત સજેસ્ટ કરેલું પણ તેવી કાંઈ જરૂર લાગતી નથી. બહુ બહુ તો ડો. પ્રફુલ્લભાઈને બતાવશું.

તમોને ખુશી મઝામાં ચાહું છું.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૫૧

સાયલા, તા. ૧૭-૬-૮૦

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**શ્રીમાન રમણિકભાઈ, શ્રીમાન હીરાભાઈ, શ્રીમતિ આ. સદ્‌ગુણાબેન, મુંબઈ**

લી. લાડકચંદ માણેકચંદ વોરાના વીરવંદન વાંચશો.

પૂ. માતુશ્રીજીના અવસાનના દુઃખદ સમાચાર ફુલછાબમાં વાંચી પારાવાર દિલગીરી થયેલ છે.

એ ક્રમ દરેકને આવે છે કારણ શરીર નાશવંત છે. તેઓ તો ભાગ્યાશાળી થઈ ગયા. કારણ ધાર્મિકજીવન ગાળી ઘરમાં ધાર્મિક સંસ્કાર મૂક્તા ગયા. મારી સાથેની મુલાકાત યાદ આવે છે. તેઓનો માયાળુ સરળ સ્વભાવ અને ધર્મ રૂચિ અને જીજ્ઞાસાપણું જાણી મને વસમો લાગે. આપને પડેલ આ વિયોગના દુઃખ માટે ઘરના બધા ભાઈઓ બેનોને દિલસોજી પાઠવું છું.

આ. સદ્‌ગુણાબેનને માલુમ થાય જે હિંમત રાખી ઘરમાં બધાને હિંમત આપશો, જ્યારે યાદ આવે ત્યારે ધર્મધ્યાન કરવું. ગીતામાં આત્મા સાથે શરીરનો સંબંધ જીર્ણ વસ્ત્રોનો શરીર સંબંધ સાથે સરખાવ્યો છે. આર્તધ્યાન ન થાય તે જોવું.

પરમ કૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને શાંતિ અર્પો એ જ પ્રાર્થના.

આ માટે શ્રીમાન સુજ્ઞ ભાઈશ્રી ચિમનભાઈને પણ દિલાસો પાઠવું છું.

**લી. લાડકચંદ મા. વોરાના વીરવંદન**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૫૨

સાયલા, તા. ૧૦-૮-૮૦

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**આત્માર્થી બેન શ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

ચિ. મિનલકુમારીના પત્રથી બંને સુખરૂપ પહોંચી ગયાના સમાચાર જાણેલ છે.

મુંબઈ દશ દિવસ આવવાનું થયું તે સત્સંગમાં છ માસ જેટલા સત્સંગનો લાભ થયો તેમ કહેતાં હતાં તે સાયલાના અઠવાડિયાના નિવાસ દરમ્યાન શું Impression થઈ તે જણાવશો.

પ્રવૃત્તિ નિવૃત્તિમાં ભેદજ્ઞાન ધારાવહી થઈ સતત જાગૃતિ સહજ રહે તે દશાએ પહોંચવાનું છે. તે તો તમોને મોટા ભાગે રહે જ તેમાં શંકા નથી. ફક્ત ઉદયનો જબરો ધક્કો આવે. ત્યારે થોડો વખત જાગૃતિ ઉપર આવરણ આવી જાય તુરત ધ્યાનમાં આવતાં સ્વરૂપનું અનુસંધાન થઈ જાય. આ પુરુષાર્થ ચાલુ રાખવો.

શ્રીમાન શેઠ શ્રી ચિનમલાલભાઈને વીરવંદન કહેશો. પૂ. માજીને યાદી. તમોને ખુશી મજામાં ચાહું છું.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**

તા. ૧૩/૮ બધા ૧૦-૨૦ ભાઈઓ બહેનો વવાણીયા જઈએ છીએ, તા. ૧૬/૮ સાયલા આવશું.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૫૩

મુંબઈ, તા. ૧૩-૮-૮૦

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમ: ॥

**પ. પૂ. સદ્‌ગુરુદેવાય નમ:**

અમે સુખરૂપ શાંતિથી મુંબઈ પહોંચી ગયા છીએ એનો મિનલે લખેલો પત્ર પહોંચ્યો હશે. મને પત્ર લખવામાં થોડો વિલંબ થયો છે, માટે ક્ષમા આપશો.

આપશ્રીની ઉધરસ તથા તબીયત સારી હશે. આપ તા. ૧૩મીએ વવાણીયા જવાના છો, એના સમાચાર મળ્યા છે. આ નગિનભાઈનું, ભાઈઓનું ફેમીલી તા. ૧૨મીએ રવાના થવાનું છે. અમને પણ, જો અમે મુક્ત પંખી હોઈએ તો ત્યાં ઉડી જઈ આવવાનું ખૂબ મન થઈ જાય છે. પણ હરિ ઇચ્છા.

ગયા સોમવારે હું તથા C. U. Shah નગિનભાઈને ઘરે ગયા હતા, એ સમાચારી મળી ગયા હશે. મને તથા મિલનને આધ્યાત્મિક રીતે સારી રીતે મેળ ખાય છે અને બધી જ રીતે મેળ ખાશે એમ મારા એ કુટુંબ સાથેના બે ત્રણ વર્ષના પરિચય પછી લાગે છે. પણ થોડા પરિચય માટે C. U. Shahને ટાઈમ આપીએ. બધું જ સારૂં થઈ જશે ઇશ્વરેચ્છાથી.

**પરમાર્થ**-નિવૃત્તિ પ્રવૃત્તિમાં પુરૂષાર્થ ચાલુ છે. સંતોષ થાય એટલો પ્રવૃત્તિમાં લાંબો વખત ટકાતું નથી. અન્યભાવમાં ચિત્ત પરોવાઈ જાય છે. લક્ષ તરત ખેંચાય છે. પાછો સ્વભાવમાં લઈ જવા પુરૂષાર્થ ચાલે છે. (ટૂંકમાં પ્રવૃત્તિમાં Strugling Period છે)

**જ્ઞાનસાર**-માખણ ઘણી જ મઝા આવે છે. આત્મજ્ઞાનના સાધન,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આત્મજ્ઞાન, સમ્યગ્દૃષ્ટિ- સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ દર્શન સમ્યગ્ચારિત્રવાળા જ આત્મા એજ આત્મજ્ઞાન, એ જ બધા જ્ઞાનના ઉપાય છે, તે જ મોક્ષગામી છે. આ આત્મા ચૈતન્ય સ્વરૂપ છે. તે કર્મના સંયોગથી શરીર થાય છે. (ચારે કષાયોવાળું) તે જ આત્મા જ્યારે ધ્યાનરૂપી અગ્નિથી કર્મોને બાળી નાખે છે, ત્યારે નિરંજન, અશરીરી, સિદ્ધ થાય છે, ચારે કષાયો-ક્રોધ પ્રતિપક્ષ ક્ષમાથી દૂર થાય છે, માન નમ્રતાથી દૂર થાય છે, માયા સરળતાથી દૂર થાય છે, અને લોભ સંતોષથી દૂર થાય છે.

ક્રોધરૂપી અગ્નિ સત્વગુણ અને ભાવનાના બળથી રોકી શકાય છે. ભાવના આ પ્રમાણે-જે મનુષ્ય મને પાપનો બંધ કરી નુકશાન કરવા ઇચ્છે છે તે ખરેખર પોતાના કર્મથી જ હણાયેલા છે. તેના ઉપર કયો વિવેક પુરૂષ ક્રોધ કરે ? જો તું તારા અપકાર કરનાર પર ગુસ્સે થાય છે તો વધારે દુ:ખના કારણભૂત તારા કર્મ પર કેમ ગુસ્સે થતો નથી ? જે ક્રુર કર્મની પ્રેરણાથી બીજો તારા ઉપર ક્રોધ કરે છે તો તેં એવું પુણ્ય કેમ ન કર્યું કે જેથી પીડા જ ન કરી શકે ? જાંગુલી મંત્રની સમાન નિ:સ્વાર્થ ક્ષમાનો નિરંતર આશરો લેવો જોઈએ. ઇન્દ્રિયોને જિતવા સિવાય મનુષ્ય કષાયો ઉપર વિજય મેળવવા સમર્થ થતો નથી. કેમ કે શિયાળાની ઠંડી પ્રજ્વલિત અગ્નિ સિવાય દૂર કરી શકાતી નથી. અનિયંત્રિત-ચંચળ અને ઉન્માર્ગી ઇન્દ્રિયરૂપી અશ્વો પ્રાણીને ખેંચીને નરકરૂપી અરણ્યમાં જલદી લઈ જાય છે. જે પ્રાણી ઇન્દ્રિયોથી જિતાયલો છે તે કષાયોથી જલદી પરાભવ પામે છે. ન જિતાયેલી ઇન્દ્રિયો માણસના કુળનો નાશ-અધ:પતન બંધ, બંધના કારણ રૂપ થાય છે. ઇન્દ્રિયોની સર્વથા અપ્રવૃત્તિ તે ઇન્દ્રિયોનો જય નથી, પણ રાગ-દ્વેષ વિના પ્રવૃત્તિ કરવી તે ઇન્દ્રિયોનો જય છે. રાગ-દ્વેષ જરૂર નિવારી શકાય છે. વિષયોનું પ્રિય-અપ્રિયપણું દૂર કરી ઔપાધિક સમજી રાગ-દ્વેષ દૂર કરવા બુદ્ધિમાન પુરૂષે મનની વિશુદ્ધિ વડે ઇન્દ્રિયો પર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિજય મેળવવો. મનની વિશુદ્ધિ વિના મનુષ્યોને યમ-નિયમો વડે કાય ક્લેશ થાય છે. ગમે તે વિષયમાં નિર્ભયપણે ભ્રમણ કરતો મન રૂપી રાક્ષસ ત્રણ જાતના સંસારરૂપી ચક્રાવામાં પાડે છે. મુક્તિ પામવાની ઇચ્છાથી તપ તપતા મનુષ્યોને ચંચળ ચિત્ત વંટોળીયાની પેઠે બીજે ક્યાંય ફેંકી દે છે. મનના નિરોધથી જ્ઞાનાવરણીયાદિ અતિ પ્રબળ કર્મનો સર્વથા નિરોધ થઈ જાય છે. મનની શુદ્ધિ વિના તપસ્વીનું ધ્યાન પણ નકામું છે. માટે સિદ્ધિની ઇચ્છાવાળાએ મનની જ શુદ્ધિ કરવી જોઈએ. તે સિવાય તપ, શ્રુત, યમ-નિયમાદિ ઉપાય વ્યર્થ છે. મનની શુદ્ધિ કરવા રાગ- દ્વેષનો ક્ષય કરવો, રાગ-દ્વેષ જીતવાથી આત્મા મલિનતા દુર કરી પોતાના શુદ્ધ સ્વરૂપમાં સ્થિર થાય છે. નિર્વાણપદની ઇચ્છાવાળા પુરૂષોએ પ્રમાદનો ત્યાગ કરી સમભાવ વડે રાગ- દ્વેષના હેતુઓમાં મધ્યસ્થ પરિણામ વડે રાગ-દ્વેષરૂપી શત્રુને જિતવો જોઈએ. અતિ આનંદજનક સમતારૂપી પાણીમા ડૂબકી મારનાર પુરુષના રાગ-દ્વેષરૂપી મેલ તત્કાલ (અર્ધક્ષણમાં) નાશ પામે છે, જેને આત્મસ્વરૂપનો નિશ્ચય થયો છે, એવા સાધુ સામાયિકરૂપી સળી વડે પરસ્પર મળેલ જીવ અને કર્મને જુદા કરે છે, આત્મજ્ઞાનનો અભ્યાસ થતાં તથા વિધ આવરણો દૂર થતાં પુન: પુન: સ્વસંવેદનથી આત્માનો દૃઢ નિશ્ચય થાય છે, તેથી આત્મસ્વરૂપને આવરણ કરનાર અને આત્મસ્વરૂપથી ભિન્ન એવા કર્મોને પરમ સામાયિકના બળથી નિર્જરે છે, સામયિકરૂપી સૂર્યથી રાગાદિ અંધકારનો નાશ થતાં યોગીઓ પોતાનામાં પરમાત્માનું સ્વરૂપ દેખે છે. બધા આત્માઓ તત્ત્વદૃષ્ટિથી પરમાત્મા જ છે કેવળ રાગદ્વેષાદિથી મલિન થયેલા હોવાથી પરમાત્મ સ્વરૂપની અભિવ્યક્તિ થતી નથી. પરંતુ સમભાવરૂપ સૂર્યના પ્રકાશથી રાગાદિ અંધકારનો નાશ થતાં આત્માને વિષે જ પરમાત્મસ્વરૂપ પ્રગટ થાય છે. પોતાના સ્વરૂપની પ્રાપ્તિ માટે સમત્વનું સેવન કરનાર સાધુના પ્રભાવથી નિત્ય વૈરવૃત્તિવાળા પ્રાણીઓ પણ પરસ્પર પ્રેમ કરે છે. અજ્ઞ અને બુદ્ધિમાનોને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માટે એક જ ભવવ્યાધિને શમન કરનારું સમભાવરૂપ ઔષધ છે, જેનાથી પાપીઓ પણ ક્ષણમાત્રમાં શાશ્વત્ પદ પામે છે. જે સમભાવ પ્રાપ્ત થતાં રત્નત્રયી સફળ થાય છે. સર્વ શાસ્ત્રનું રહસ્ય સમભાવ. આ લોક પરલોકમાં એના સિવાય કોઈ સુખની ખાણ નથી. સમભાવની પ્રાપ્તિ નિર્મમત્વ પ્રાપ્ત થવાથી થાય છે તે થવા માટે અનિત્યાદિ બાર ભાવનાઓનું અવલંબન કરવું આવશ્યક છે.

**સ્વાનુભવ કથન** હંમેશાં ક્લેશ આપનાર શલ્યરૂપે થયેલા અંત:કરણને શલ્યરહિત કરવા માટે અમનસ્કતા સિવાય બીજું ઔષધ નથી. ચંચળ ઇન્દ્રિયોરૂપી પાંદડાવાળી અને મનરૂપી કંદવાળી કેળરૂપ અવિદ્યા, અમનસ્કતા ફળનું દર્શન થતાં સર્વથા નાશ પામે છે. મન અતિ ચંચળ, અતિસૂક્ષ્મ, વેગવાળું હોવાથી લક્ષમાં આવે એવું નથી. તેને પ્રમાદરહિતપણે, થાક્યા સિવાય ઉન્મની ભાવરૂપ શસ્ત્ર વડે ભેદી નાખવું. જ્યારે અમનસ્કતાની પ્રાપ્તિ થાય ત્યારે યોગી પોતાનું શરીર છૂટું પડી ગયેલું, બળી ગયેલું, ઉડી ગયેલું, ઓગળી ગયેલું, હોય જ નહિ એમ જાણે છે. આ અનુભવ છે-અંશે મદોન્મત્ત ઇન્દ્રિયરૂપ સર્પોસહિત અમનસ્કતારૂપ નવિન અમૃતકુંડમાં મગ્ન થયેલો યોગી અમૃત આસ્વાદ અનુભવે છે, અનુભવાય છે-અંશે જે જાગૃત અવસ્થામાં સુતેલા જેવો રહે છે તે શ્વાસોશ્વાસ રહિત યોગી મુક્તજીવ કરતા કોઈ પણ રીતે ઉતરતો નથી. ભલે મોક્ષ થાઓ કે ન થાઓ પણ શુદ્ધ અત્મજ્ઞાન પ્રાપ્ત થયે ખરેખર પરમાનંદનો અનુભવ થાય છે, જેની પાસે સંસારના બધા સુખો તૃણ તુલ્ય પણ લાગતા નથી.

**શમ અષ્ટક**-શમ ઉપશમરસનું વર્ણન કરનારા શુભાષિતરૂપ સુધા-અમૃત વડે જેઓનું મન રાત્રિ દિવસ સિંચાયલું છે તેઓ કદિ પણ રાગરૂપ સર્પના વિષના તરંગો વડે બળતા નથી. કેવું સરસ ! આવું સ્ટેજ આવવું જોઈએ. મગ્ન જેની દૃષ્ટિ, કરુણાની વૃષ્ટિ વર્ષા પ્રવાહ જેવી છે. જેની વાણી કેવળ શમરૂપ અમૃતનો છંટકાવ કરનારી એવા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શુભ પ્રશસ્ત એવા જ્ઞાન- ધ્યાનમાં મગ્ન-લીન થયેલા યોગીને-યોગમાર્ગના સ્વામીને નમસ્કાર હો !

**ક્રિયા અષ્ટક**-વચન અનુષ્ઠાન-નિર્વિકલ્પ સમાધિરૂપ અસંગ ક્રિયાની યોગ્યતાને પ્રાપ્ત થાય છે. કારણ અસંગ ભાવરૂપ ક્રિયા શુદ્ધ ઉપયોગ અને શુદ્ધ વીર્યોલ્લાસની સાથે તાદાત્મ્ય (તન્મયતા) ધારણ કરે છે. (ગુરુગમ) વળી તે સ્વાભાવિક આનંદરૂપ અમૃતરસથી આર્દ્ર - ભીંજાયેલી છે.

વચન અનુષ્ઠાન સાદી ભાષામાં સમજાવશો. એવી જ રીતે બધા જ અષ્ટકોનો સરવાળો તો ગુરુગમ છે. બધાનું ઔષધ પણ એ જ છે. બીજા વંચાય છે. જેમ જેમ વંચાય છે તેમ સમજાતા જાય છે.

**મોહ**- "અહં મમ" પ્રાણીઓને સર્વ સંસાર ચક્રાવામાં ભમાડવાને માટે અહં મમ એ ચાર અક્ષરનો મંત્ર મોહરાજાનો મંત્ર છે. તેનો વિરોધી મંત્ર મોહને જિતનાર છે. ચારિત્ર ધર્મરાજા એ મંત્રનો જાપ દઈ ભવ્ય પ્રાણીઓના મોહનો નાશ કરે છે. હવે આ સ્ટેજ "અહં મમ" ગયું છે (મિથ્યાત્વ) તરત જ ખ્યાલ આવે હું કોણ ? આપણે ફક્ત નિમિત્ત જ છે. એમ બધું- સ્વાધ્યાય, ધ્યાન વગેરે ચાલુ જ છે.

આત્માર્થી, પરમ મુમુક્ષુ, મુમુક્ષુ ભાઈ-બહેનોને મારી યાદી. પૂ.બા. દિલીપભાઈ તો ખાસ યાદ આવે. એમની Hospitality ભૂલાય એમ જ નથી, સરોજભાભી તથા બાળકો પણ મઝામાં હશે.

ચોવીશ તીર્થંકરના સ્તવનની Caset સાંભળીએ છીએ. ત્યારે C. U. Shah ધ્યાનથી સાંભળે છે. કોઈ વખત અર્થ પણ પૂછે છે.

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રમાણ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૭ પ૪ ૭

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

મુંબઈ, તા. ૧૮-૮-૮૦

**પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવાય નમઃ**

તા. ૧૦નો લખેલો પત્ર આજ મળ્યો. વાંચી ખૂબ ઉલ્લાસ થયો છે. ગઈ કાલે રાત્રે ફોન પર બે ત્રણ મિનિટ વાત કરી હતી તો પણ ખૂબ જ આનંદ થયો હતો. આ કુદરતી-નિર્દોષ આનંદ થાય છે.

આના પહેલાનો મારો લખેલો પત્ર મળ્યો હશે. પ્રવૃત્તિ નિવૃત્તિમાં ધારાવહી થઈ. સતત જાગૃતિ, સહજ દશા રહે એમાં મને તમારે પહોંચાડવી છે. મારે પણ ત્વરાથી પહોંચવું છે, પણ વચ્ચે સહરાના રણ જેવું ઉદય, એનું કેમ ? તે વખતે સ્વરૂપની વિસ્મૃતિ થઈ જાય છે. છતાં ચિત્તવૃત્તિ તો સત્પુરૂષની વિસ્મૃત્તિ સાથે જ જોડાયેલી રહે છે. આત્મા-પરમાત્માનું જોડાણ-પરાભક્તિ છેવટની ભક્તિ-માં હંમેશા હરઘડી એનું તો બધું ફળ છે.

હવે નિવૃત્તિ પ્રવૃત્તિમાં સતત જાગૃતિ-સતત પુરૂષાર્થ ચાલુ છે. પ્રવૃત્તિમાં ઘણો વધારે વખત ટકાય છે. ધ્યાનમાં બેઠા હોઈએ ત્યારે શરીર-અશરીર છૂટું પડી ગયેલું, જાણે હોય જ નહી- એમ અનુભવાય છે-હલકું લાગે છે. આનંદ સ્ફૂર્તિ લાગે છે. એ ધારાવહી પણ આપની કૃપાથી સહજ થઈ જશે, એ ઉદય સમભાવે વેદવા ઇશ્વર ખૂબ ખૂબ બળ આપે છે. સમભાવે જ વેદાય છે, પણ છતાં એનો અંત ક્યારે ઝટ આવે એ જ ઇચ્છા. પણ એ બધું હરિ ઇચ્છા.

આઠ દિવસ સાયલાના સત્પુરૂષના પરમ સત્સંગના લાભની શું વાત કરવી ? હજી સુધી એના જ કેફમાં છું. હરઘડી સત્પુરૂષ, પરમ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સત્સંગ વગેરેના સ્મરણમાં રહું છું. અહીં સ્વપ્નમાં પણ એ જ સ્મરણ. બીજું વધારે શું લખું.

ગુરુપુર્ણિમાના દિવસે આગલી રાતના ગરબા વખતે એના ગોળ ગોળ ચક્કર હું સહેલાઈથી અને સ્ફૂર્તિથી ફરી શકતી હતી, જે ઘણા વખતથી મારે માટે મુશ્કેલ હતું. તે કાંઈ આત્મિક શક્તિ જ કામ કરતી હતી.

પર્યુષણના ૫-૬ દિવસ આવવાનો વિચાર છે, પછી ઇશ્વરેચ્છા.

જ્ઞાનસારમાં સ્વાનુભવ ખરેખર અનુભવાય જ છે.

અષ્ટક પણ વાંચું છું. આત્મજ્ઞાનના સાધન તે પણ વાંચું છું, હવે ખૂબ મઝા આવે છે.

વચનામૃતમાં વર્ષ ૨૫મું વંચાય છે. બસ, એમાં તો સમાધિ-સમાધિ.

બાહ્યસમાધિ-ભાવસમાધિ અને સાથે સાથે ઉદય કર્મ, બંને સાથે સાથે ભોગવાય છે. આવું સ્ટેજ ક્યારે આવશે.

શાસ્ત્રમાં -મોક્ષમાર્ગ પ્રકાશક (ટોડરમલનું) વંચાય છે. એકલો યથાર્થ બોધ સાધકો માટે ખૂબ ઉપયોગી છે. જો સવારના સ્વાધ્યાયમાં કે બપોરના રાત્રીના સ્વાધ્યાયમાં વંચાય તો તેઓને માટે આશિર્વાદ રૂપ થાય તેવો છે. આ સૂચન માટે લખ્યું છે.

પૂ. બા મઝામાં હશે. B-Complex Tablet જો ચાલુ રાખે તો જીભના-હોઠના ચાંદા મટી જાય.

દિલીપભાઈ, સરોજ ભાભી તથા બાળકો મઝામાં હશે.

આત્માર્થી ભાઈ-બહેનો પરમ મુમુક્ષુ, મુમુક્ષુ ભાઈ બહેનો મઝામાં હશે, મારી યાદ એ જ,

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ~ ૫૫ ~

સાયલા, તા. ૧-૯-૮૦

|| ૐ ||

|| સહજાત્મ સ્વરૂપાય નમઃ ||

**આત્માર્થી બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

તા. ૧૬-૮નો લખેલ પત્ર તા. ૨૨-૮-ના રોજ મળ્યો અને તા. ૧૮-૮ના રોજ લખેલ પત્ર ૨૧-૮ના રોજ મળ્યો. બંને પત્ર વાંચી પરમ સંતોષ થયેલ છે.

પ્રથમ તમારા ૧૬-૮ ના પત્રના ત્રણ લાંબા પેઇજીઝ છે. તેમાં બીજું પેઈજ આખું સદ્‌બોધનો પ્રવાહ છે. જે કર્મથી હણાયેલ છે તેના ઉપર ક્રોધ થવાને બદલે અનુકંપા થવી જોઈએ. અનંતાનુબંધી કષાય તો ગ્રંથીભેદ સાથે ગયા છતાં બાર ભેદ ચાર કષાયના ઇન્દ્રિય વિષયના જય પ્રમાણે ક્રમસર જવાના જ. મન શુદ્ધિ મુખ્ય છે તે કરવી જોઈએ. સમભાવરૂપ સૂર્યના પ્રકાશથી રાગાદિ અંધકારનો નાશ થાય છે અને પરમાત્મપદ સંપૂર્ણ પ્રગટે છે. આ બધું વાંચતા આ જ્ઞાન પ્રવાહ માટે-તમારા માટે માન થયું. બાઈબલમાં સહમન્સુ ફોમથી માઉન્ટ આવે છે તેમ આ સદ્‌ગુણાબેનના બોધનો ક્રમ જાણે પ્રવાહ હોય તેવું લાગ્યું. ધન્યવાદ !

ત્રીજું પાનું અમનસ્કાતા ઉપર જે ભાર મૂકેલ છે અને શરીર છૂટું પડી ગયેલું-ઉડી ગયેલું જણાય છે તે મુક્તજીવ કરતાં જરાય ઓછું નથી. અષ્ટકોના પદ લખી અર્થ લખેલ છે તે બરાબર છે.

બીજા પત્રમાં જણાવો છો તેમ ઉદય આને સહરાના રણ સાથે સરખાવાય નહીં. ઉદય સમપરિણામે વેદવા એમ જ્ઞાનીઓએ કહ્યું છે. જવાબ લખતાં ઢીલ થવાનું કારણ મને બે ત્રણ દિવસ તાવ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આવી ગયો. બે દિવસથી સારૂં છે.

હમણાં આજે પુષ્પાબેન આવ્યા. શેઠશ્રી ચિમનભાઈ મદ્રાસ ગયા છે. ચિ. મિનલની ટપાલ એક મળી છે. રાહ જોઈ. આવી શકી નહીં.

પૂ. માજીને વંદન. ચિ. મિનલને આશીષ. આપને ખુશી મઝામાં ચાહું છું.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**

## ૫૬

તા. ૩-૯-૮૦

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**પ. પૂ. સદ્‌ગુરુદેવાય નમઃ**

મારા લખેલા બે પત્રો મળ્યા હશે જવાબ નથી, તમને એમ હશે કે અમે પર્યુષણ પર કદાચ ત્યાં આવશું. મેં પણ ગયા પત્રમાં લખ્યું છે કદાચ આવશું. પણ એ લાંબો વાયદો હતો. ખેર ! પણ અમારૂં આવવાનું Cancel થયું છે. કદાચ પર્યુષણના છેલ્લા ચાર દિવસ આવી શકાય તો પણ કશું જ નક્કી નહિ. આવવાની ઘણી જ ઇચ્છા હતી. પણ હરિ ઇચ્છા પ્રમાણે જ થાય છે. C. U. Shah ગઈ કાલે મદ્રાસ ગયા છે.

સાગરમાં ૨૫મું વર્ષ વંચાય છે. બસ આખા પત્રમાં ઉદય, વ્યવહાર, વ્યાપાર, ગૃહસ્થાશ્રમ બધું જ પણ સાથે બાહ્ય સમાધિ. સમાધિ પાને પાને લીટીએ લીટીએ એ જ. ઉદય ઉપાધિ છતાં અંતર્મુખ-અંતર્સમાધિ અને સાથે સાથે આટલો બોધઆપી ગયા. હું રોજ ૨૫મું વર્ષ સાંભળતી જાઉં અને વિચારે ચઢું-શું એમની અલૌકિક દશા-અદ્‌ભૂત દશા, બસ સાંભળ્યા જ કરીએ. અને આપણે (મારે) છ માસ થયા. હજુ જોઈએ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એવું સહજ થવાતું નથી. પછી મેં જીવને બળીયો કર્યો, પુરૂષાર્થ કર્યો, બસ અઠવાડીયામાં જ સહજ જેવું જ થઈ ગયું છે. ચિત્ત જોઈએ એવું જતું નથી, બહાર કાઢવું પડે છે. વર્ષ ૨૫મું બહુ જ interesting છે. સહજ થવા પાનો ચઢાવે એવું છે. આપે મને આત્મા પ્રગટ થયા પછી વાંચવા માટે ભલામણ કરી હતી પણ તેની અત્યારે જ વધારે અસર થાય છે.

હવે મેં જે સાંભળ્યું તેનો બધો જ ખ્યાલ રહે છે. ત્યારે જ્યારે હવે વંચાય ત્યારે, થોડા દિવસથી સ્વભાવમાં રહેવાથી (સહજ) એક લીટી સમજાય, બીજી લીટીમાં ચિત્ત અંદર જતું રહે, એટલે જોઈએ એવું Concentration ન રહે. મોક્ષમાર્ગ પ્રકાશમાં પણ એવું જ થાય છે. હવે, એનું શું કારણ ? હજી ૨૫ મું વર્ષ ચાલે છે. મને બહુ ગમે છે, થોડું બાકી છે, હવે બસ-

**"શુદ્ધતા વિચારે ધ્યાવે, શુદ્ધતમાં કેલી કરે,**
**શુદ્ધતામાં સ્થિર વહે, અમૃતધારા વરસે."**

અમૃતધારાની તરત જ ખબર પડે.

ઉત્તરસંડાવાલા સદ્ગુણાબેન મળવા માટે આવ્યા હતા. કહેતાં હતાં કે આપના વિષે બહાર બહુ સાંભળ્યું છે, વગેરે વગેરે. એમની ઉંમર ૬૫ વર્ષની છે. એમની વાત ઉપરથી એમની જુની પકડ મજબુત છે, તે આ જિંદગી માટે નહીં છુટે એવું લાગે છે. એમને લઘુરાજ સ્વામી સાક્ષાત્ છે અને એમને માને છે. ભક્તિ, સ્વાધ્યાય, સ્તવન, પત્રો વગેરે બધું જ મોઢે પણ સઘળું એકડા વિનાના મીંડાં જેવું લાગ્યું. અત્યારે તો આપણને લાગે કંઈ અંશે ઊણું, (આત્મજ્ઞાન-સમકિત વિનાનું) જેવું છે.

ફરીથી યોગદૃષ્ટિની સજ્ઝાય વાંચું છું.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**"અર્કપ્રભા સમ બોધ પ્રભામાં ધ્યાન ક્રિયા એ દિઠી,**
**તત્ત્વતણી પ્રતિપત્તિ ઇહાં, રોગ નહીં સુખ પુઠ્ઠી રે."**

પ્રભા નામની ૭મી દૃષ્ટિમાં સમ્યકદર્શનની નિર્મળતા દર્શાવી ત્યાં ચોથું ગુણસ્થાન ઘટે છે, છઠ્ઠી કાન્તા દૃષ્ટિમાં શ્રુતજ્ઞાન સ્વાધ્યાયની મુખ્યતા દર્શાવી છે ત્યાં ૫મું ૬ઠ્ઠું ગુણસ્થાન ઘટે અને ૭મી પ્રભાદૃષ્ટિમાં ચારિત્રની અત્યંત નિર્મળતારૂપ ધ્યાનની મુખ્યતા છે. ત્યાં સાતમું ગુણસ્થાન ઘટે છે.

હું આપને ગુણસ્થાન વિષે હંમેશાં પૂછ્યા કરતી હતી, પણ હવે મને સ્પષ્ટ સમજાય છે, ક્વખતે હું બધું પૂછ્યા કરૂં છું, પણ વખત જતાં આપોઆપ બધું સમજાય છે, અર્થાત્ શુધ્ધાત્મ તત્ત્વ પ્રગટ જેમ છે તેમ સ્પષ્ટ જણાય છે, ૭માં ગુણસ્થાનવાળાને ૧૪મે કેવી દશા હોય તે સમજાય છે.

ધ્યાનનો પ્રતિપક્ષ રોગ છે, ચારિત્ર મોહ એ જ ખરો રોગ છે અને જીવને મુંઝવે તેથી દુઃખ લાગે છે. ચારિત્ર મોહ મંદ થાય તેમ સ્થિરતા રહે અને ધ્યાનનું સુખ અનુભવી શકાય, પૂર્વે જ્ઞાનનો ક્ષયોપશમ કર્યો હોય તેને ચારિત્ર મોહ બહુ રોકી શકે નહીં, પરંતુ ધ્યાનના આનંદને રોકે છે, એ રોગ નામનો દોષ આ દૃષ્ટિમાં દૂર થાય છે. બાહ્ય રોગ ઉપાધિ-અસમાધિ પણ તેમને ન હોય અને કદાચ હોય તો તેને ગણે નહી. ધ્યાનમાં સુખની જ વૃદ્ધિ થાય છે.

ધ્યાન કરવામાં પ્રથમ ધ્યેયનો નિર્ણય કરવો પડે છે. મોક્ષને અર્થે પ્રયત્ન કરવાનો હોવાથી આત્માથી જુદું ધ્યેય નથી.

દર્શનમોહની મંદતા થાય ત્યારે ધ્યેય વિષે નિઃશંકતા થાય અને જીવ પાંચમી દૃષ્ટિમાં આવ્યો ગણાય, ત્યાર પછી ચિત્તવૃત્તિ વિશેષ એકાગ્ર કરવી અથવા ધ્યેયમાં ચિત્તનું સ્થાપન કરવું તે ધારણા છે. છઠ્ઠી દૃષ્ટિમાં કહ્યું છે તે શ્રુતનું અવલંબન લેવું પડે છે, એ રીતે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અભ્યાસ કરતાં ધારણાના વિષયમાં એક સરખી વહેતી વૃત્તિ અથવા ધ્યેયમાં અંતર્મુહૂર્ત સુધી એકાકાર સ્થિર થવું તે ધ્યાન છે. ધ્યાન કરતાં કરતાં ધ્યેયરૂપ-આત્મરૂપ થવું તે સમાધિ છે, આ પુરૂષાર્થ ચાલું છે. સમાધિમાં ધ્યાન કરનાર અને ધ્યેય વચ્ચે ભેદ અર્થાત્ ધ્યાનમાં હું શુદ્ધ સ્વરૂપનું ધ્યાન ધરૂં છું એવો વિકલ્પ છે તે વિકલ્પ દૂર થાય અને ધ્યેયાકાર વૃત્તિ અંતર્મુહૂર્ત કરતાં અધિક ટકી રહે તે સમાધિ છે. બસ, આ સ્ટેજ પર લગભગ પહોંચી જવાયું છે.

**જ્ઞાનસાર**-માખણ વાંચું છું. મૌન અષ્ટક-આત્મા, મોહના ત્યાગથી આત્માને વિષે આત્મા વડે આત્માને જાણે તે જ તેનું ચરિત્ર, જ્ઞાન અને દર્શન છે. આ (રત્નત્રય) દશા અનુભવાય છે. જેમ સોજાનું પુષ્ટપણું અથવા વધ કરવા લઈ જતા પુરૂષને કરેણના ફુલની માળા વગેરે આભરણ પહેરાવવામાં આવે છે તેમ સંસારના ઉન્માદ-ઘેલછાને જાણતા મુનિ આત્માને વિષે જ સંતુષ્ટ છે.

પુદ્‌ગલોમાં યોગોની મન, વચન, કાયાની અવ્યાપારરૂપ અપ્રવૃત્તિ છે તે ઉત્કૃષ્ટ મૌન છે, એ જ મુનિનું મૌન છે.

જેમ દિવાની ઉંચે ગમન કરવા, નીચે ગમન કરવા આદિ રૂપ ક્રિયા વગેરે બધી ય ક્રિયા પ્રકાશમય તેમ અનન્ય સ્વભાવે એટલે પુદ્‌ગલ સ્વભાવે નહીં પરિણામ પામેલા જેના આહાર વ્યવહારાદિ સઘળી ક્રિયા જ્ઞાનમય છે, તેનું મૌન ઉત્કૃષ્ટ છે.

**તત્ત્વબુદ્ધિ**-તે શુદ્ધ આત્મદ્રવ્યમાં નિત્યપણાની, શુચિ-પણાની અને આત્મપણાની બુદ્ધિ-તે યથાર્થ જ્ઞાન, તે વિદ્યા. એમ યોગદૃષ્ટિ સંપન્ન પતંજલી પ્રમુખ યોગાચાર્યે કહ્યું છે. જે નિત્ય સદા અવિચલિત સ્વરૂપવાળા આત્માને દેખે, પરસંયોગને અનિત્ય, અધ્રુવ, અસ્થિર દેખે, તેનું છલ છિદ્ર મેળવવાને મોહરૂપ ચોર સમર્થ નથી.

**નિર્ભય**-એક બ્રહ્મજ્ઞાનરૂપ શસ્ત્ર ધારણ કરી મોહરૂપ સેનાને મુનિ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંગ્રામના મોખરા ઉપર રહેલા મદોન્મત્ત હાથીની પેઠે ભય પામતા નથી.

**તત્ત્વદૃષ્ટિ**-સ્ફુરાયમાન, કરૂણામય, અમૃતની વૃષ્ટિ કરનારા તત્ત્વદૃષ્ટિ પુરૂષો વિકારને માટે નહીં પણ વિશ્વના ઉપકારને માટે ઉત્પન્ન થાય છે. જે તૃણની પેઠે ધન-ધાન્યાદિ બાહ્ય અને મિથ્યાત્વાદિ અંતરંગ પરિગ્રહ ત્યજી ઉદાસીન થઈ રહે છે, તેના ચરણકમલ ત્રણ જગત સેવે છે.

જેમ પાળને નાશં કરવાથી સરોવરનું સઘળું પાણી ક્ષણવારમાં ચાલ્યું જાય છે તેમ પરિગ્રહનો ત્યાગ કરવાથી સાધુનું સઘળું પાપ ચાલ્યું જાય છે, જે મૂર્છાથી રહિત અને ચિન્માત્ર-જ્ઞાન- માત્રમાં આસક્ત છે એવા યોગીને પુદ્‌ગલનું બંધન શું હોય ? જ્ઞાનમાત્રનો દિપક (અપ્રમત્તસાધુ) નિર્વાત સ્થાન સમાન ધર્મોપકરણોએ કરીને નિષ્પરિગ્રહપણાની સ્થિરતાને એટલે જ્ઞાનદિપકને તૈલ સમાન યુક્તાહાર જેમ આધાર છે, તેમ નિર્વાતસ્થાનતુલ્ય ધર્મોપકરણ વડે આધાર છે એમ જાણવું.

પર્યુષણ નિમિત્તે જેને જોગ હશે તેઓ આત્માર્થી, પરમ મુમુક્ષુ, મુમુક્ષુ ભાઈ-બહેનો આવી ગયા હશે. પરમ સત્સંગનો લાભ મળશે. મારી યાદી આપશો.

પૂ. બા. દિલીપભાઈ, સરોજભાભી તથા બાળકો મઝામાં હશે, મિનલ હવે ધ્યાનમાં (આત્મામાં) રહે છે. તરંગમાંથી બહાર આવી ગઈ છે, વાંચવાનું વગેરે ચાલે છે.

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૫૭

સાયલા, તા. ૭-૯-૮૦

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**આત્માર્થી બેન શ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

અહીંથી તાવ ઉતર્યા પછી તા. ૧/૯ નો પત્ર તારીખ ૩/૯ ના રોજ તમારા બન્ને પત્ર પહોંચ્યા બાબત લખેલ છે. તબિયત હવે તદ્દન સારી છે, તો ઉચાટ ફીકર કરશો નહીં. તબિયત બાબત મુંબઈ, વેરાવલ રાજકોટ ખબર ન પડે તેની કાળજી રાખેલી, નકામી ધમાધમ થઈ પડે. સાધારણ તાવમાં શું ?

તમારો તા. ૩/૯નો પત્ર ગઈ કાલે ત્રણ વાગે મળ્યો. વાંચી ખૂબ ઉલ્લાસ ને આનંદ થયો.

જીવને બળીયો કર્યો, પુરુષાર્થ ફળ્યો, અઠવાડીયામાં જ સહજ જેવું થઈ ગયું છે જાણી કેટલો આનંદ થયો ! ચિત્તને બહાર કાઢવું પડે છે. વિકલ્પ દૂર થાય અને ધ્યેયાકારવૃત્તિ અંતર્મુહૂર્ત કરતા વધારે ટકી રહે તે સમાધિ છે. બસ આ સ્ટેજ ઉપર લગભગ પહોંચી જવાયું છે, તે વાંચી તમોને ખરેખર અભિનંદન આપવા પાત્ર છો, એમ નિશંક થઈ આવે છે.

જ્ઞાન, દર્શન, ચારિત્ર રત્નત્રય અનુભવાય છે પછી શું બાકી રહ્યું ?

તમારો પુરૂષાર્થ દાદ માગી લે તેવો છે. હવે પહોંચી જવાયું તેમ જણાય છે.

ચિ. મિનલ તરંગમાંથી આત્મધ્યાનમાં આવતી જાય છે તે જાણેલ છે. તેને યાદી. પૂ. માજીને વંદન. શ્રીમાન્ શેઠ ચિમનભાઈને વીર વંદન. મદ્રાસથી આવેલ હશે. તમોને ખુશી મઝામાં ચાહું છું.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૫૮

મુંબઈ, તા. ૧૭-૯-૮૦

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**પ. પૂ. સદ્ગુરુદેવાય નમઃ**

હું તથા મિનલ સુખરૂપ પહોંચી ગયા છીએ મિનલ એ લોકો સાથે સત્સંગ કરવા ગઈ ઠેઠ અમદાવાદ સુધી. હું મારા ડબામાં બેઠી. બસ એજ સાક્ષાત્ આવીને ઉભા રહે. જ્યારે નવરા પડ્યા ત્યારે એટલે

**"હસતાં રમતાં પ્રગટ હરિ દેખું રે, મારૂ જીવ્યું સફળ તવ લેખું રે,**
**મુક્તાનંદનો નાથ વિહારી રે, સંતો, જીવનદોરી અમારી રે."**

બસ ઉપર પ્રમાણે જ ચાલે છે. સહજ કરતાં પણ વધારે કૃપાળુદેવનું કહેવું સાચું છે.

C. U. Shah શુક્રવારે મદ્રાસથી આવી ગયા છે.

આ વખતે પર્યુષણમાં અને ખાસ કરીને પ્રતિક્રમણમાં ખૂબ મઝા આવી. આપની પાસેથી લાવેલી ચોપડી વાંચવાની શરુ કરી છે.

આ. નગીનભાઈ અઠવાડીયામાં બે વખત સત્સંગ રાખવાનું કહેતા હતા. પણ મને એમ લાગે છે દરેકને પોતાને જ પુરૂષાર્થ કરવાનો, અરે-વાંચવાનો, ધ્યાનનો, સમજાવવાનો. વાંચતાં વાંચતાં ડાયરીમાં ટાંકી લે પછી એ પૂછે તો એનો ઉકેલ લાવી શકાય. એ મને ઠીક લાગે છે. આપને શું લાગે છે ? આ. નગીનભાઈને વાત વાતમાં કહેજો, ખાસ વાત નહીં કાઢતા. દિલીપભાઈ વાંચતાં હશે. એમને કહેજો હું યાદ કરું છું. વાંચવાનું થોડું થોડું ચાલું કરે.

પૂ. બા મઝામાં હશે. બાળકો પણ મઝામાં હશે. આત્માર્થી, પરમ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મુમુક્ષુ, મુમુક્ષુ ભાઈ બહેનો મજામાં હશે.

**લી. આશાંકિત સદ્‍ગુણાના પ્રણામ**

## ૫૯

સાયલા, તા. ૨૭-૯-૮૦

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમ: ॥

**આત્માર્થી બેનશ્રી સદ્‍ગુણાબેન, મુંબઈ**

તમારો તા. ૧૭-૧૮/૯નો ખુશીથી પહોંચ્યાનો ઇન્લેન્ડ પત્ર તા. ૨૩/૯ ના રોજ મળેલ છે. વાંચી ખુશી થયા છીએ.

વિરમગામથી અમદાવાદ સુધી તમારા સ્વરૂપમાં બેઠા જાણી આનંદ. હા, હસતાં રમતાં પ્રગટ હરિ દેખું રે...એ સ્થિતિ સહજ થાય એટલે સ્વસ્વરૂપે લીન થયેથી પ્રવૃત્તિ-બહિરાન્ધ મુક, આંખ ઉઘાડી છતાં બીજું દેખાય નહીં, કાન છતાં બીજું સંભળાય નહીં, મુંગા મૌન થવાય.

"ચંદ્ર ભૂમિને પ્રકાશે છે. સમસ્ત ભૂમિ તેના પ્રકાશથી શ્વેત થઈ જાય છે. પરંતુ ચંદ્ર ભૂમિરૂપ થતો નથી." તેમ આપણો આત્મા સકળ વિશ્વને પ્રકાશે છે. પણ તે વિશ્વરૂપ થઈ જતો નથી, તેમ અનુભવ જ્ઞાનીને થાય છે.

હા, અઠવાડીયામાં બે દિવસ સ્વાધ્યાય રાખવાને બદલે વાંચી વિચારી નોટ કરી પૂછે તે વધારે સારું છે તેમ મેં આ. નગિનભાઈને કીધું છે, અને વધારામાં કીધું કે હજુ તેમની દશા એકદમ સ્થિર અને સહજ થાય તેટલી ઢીલ કરવી છે, પછી બીજી વાત. ઉતાવળ સ્વાધ્યાય બાબત કરવા કહેવું એમ મારો અભિપ્રાય નથી. બાકી પૂછશે તેને માર્ગદર્શન આપશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રીયુત્ શેઠશ્રી ચિમનભાઈ મજામાં હશે. પૂ. માજીને વંદન. ચિ. મિનલ કુમારીનો સાથે પત્ર લખ્યો તે વાંચેલ છે. સાયલાના વાતાવરણની હજુ અસર છે, અને ધ્યાન સારૂં થાય છે, જાણી સંતોષ થયેલ છે.

પ. મુ. ભૂપતભાઈનું પોષ્ટકાર્ડ હમણાં મળ્યું.

એક સવારની કેપસ્યુલ અને ઉધરસની દવા (દશ દિવસ) ચાલુ રાખીશ.

તમોને ખુશી મજામાં ચાહું છું.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**

**૬૦**

તા. ૩૦-૯-૮૦

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**પ. પૂ. સદ્‌ગુરુદેવાય નમઃ**

આપનો તા. ૨૭નો લખેલો પત્ર આજરોજ મળ્યો. વાંચી ખૂબ આનંદ થયો છે. આ પત્ર પણ છેવટની દશાનો ખૂબ સૂક્ષ્મ, ઝીણો, પરમાર્થવાળો છે. બધા જ પત્ર આમ Step by step વાળા (સૂક્ષ્મ) તત્ત્વ-પરમાર્થવાળા છે.

તમારો પત્ર ત્રણ દિવસમાં મળી ગયો છે. જ્યારે મારો પત્ર તમને ૫-૬ દિવસે કેમ મળે છે ! હવે સૌરાષ્ટ મેલ સુરેન્દ્રનગર સુધી જાય છે. તો કંઈ Addressમાં ફેરફાર થયો હશે. તેની Post Officeમાં તપાસ કરાવશો.

હું તથા મિનલ વિજ્યાબેનને ગેર અંધેરી ગયા હતા ત્યારે અમૃતલાલભાઈ ખૂબ જ (મારા ફાધરનું નામ પણ એ જ હતું.)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Upset હતા અને એમ કહેતા હતા જો હસુનું મૃત્યું ૮ વર્ષ પહેલાં થયું હોત તો આટલો આઘાત ન લાગત. પણ ૧૯ વર્ષ થતાં એની સાથે ખૂબ attachment થયું તે ભૂલાતું નથી. એમની વાત સાચી છે. પુત્ર કે મા, બાપ જેવા સંબંધોના મૃત્યુ જલદી ન ભૂલાય- એના પ્રત્યેના મોહને કારણે, વિજ્યાબેનનું કહેવું હતું. તો બાપુજી થોડા દિવસ આવે તો અમૃતલાલભાઈ તથા વિજ્યાબેનને શાંત્વન મળે તો સારું કે જેથી એ જીવોને શાંતિ થાય. બીજું આપની આંખ પણ બતાવી દેવાય. માટે Seriously વિચાર કરી આવવાનું રાખશો.

મારા Motherનો શોક ખરેખર આપના મુંબઈ આવ્યા પછી મને વિસારે પડી ગયો હતો, અને હું સાયલા આવી પછી તો એકદમ ભૂલાઈ ગયો હતો. એટલે મને એમ લાગે છે કે આપનું આવવું એમના જીવને શાંતિદાયક થશે.

આ. શાંતિભાઈ મંગળવારે ૮ દિવસ માટે ઉત્તરસંડા ધ્યાન કરવા માટે (સહજ માટે) જવાના છે, એમ અમે સાદડીમાં ગયા ત્યારે કહેતા હતા.

આત્માર્થી પૂ. બા તથા ઘરના બાળકો, સરોજભાભી વગેરે મઝામાં હશે.

**લી. આજ્ઞાંકિત સદ્ગુણાના પ્રણામ**

**૬૧**

સાયલા, તા. ૨૩-૧૦-૮૦

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**આત્માર્થી બેનશ્રી સદ્ગુણાબેન, મુંબઈ**

તા. ૧૮-૧૦ બપોરના તમો બધા તરફથી નીકળી તા. ૨૦-૧૦



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સવારમાં સાયલા સુખરૂપ પહોંચી ગયા છીએ.

ત્રણ વાગતાં એર શીપ શાંતાક્રુઝથી ઉપડ્યું તે ચાર'વાગે બરાબર રાજકોટ એરોડ્રામ પહોંચી લેન્ડ થયું હતું. બધા રીસીવ કરવા આવ્યા હતાં, ડો. મનુભાઈને ત્યાં ચાપાણી રસ્તામાં લઈ, આ. ચુનીભાઈને ત્યાં ગયા હતા. બપોરે-રાત્રીના સ્વાધ્યાય રાખ્યા હતા. તા. ૧૯-૧૦ આખો દિવસ અને રાત્રી નીકળવા દીધા નહીં. તા. ૨૦-૧૦ સવારે રાજકોટથી રવાના થઈ સાયલા આવ્યા.

તા. ૭-૧૦ થી તા. ૧૭-૧૦ સુધીનો મુંબઈનો પ્રોગ્રામ ભરચક રહ્યો, યોગીરાજ શ્રી આનંદઘનજીના સ્તવનોનો ભાવાર્થ એક વખત વાંચી જઈશ. તમો બધાની સહાયથી તે કામ પુરૂં થઈ શક્યું.

હોમીયોપેથી ગોળીયોથી ગળું સ્હેજ ખૂલ્યું હોય તેમ દેખાય છે. પરંતુ પુરતો કોર્સ પૂરો થાય ત્યારે ખબર પડે.

ગુલાબી લાંબી ગોળી રોજ એક કટકા કરી ખાવાની છે તે રાજકોટના ડોકટરો કહે તેમાં ચરબીનો પટ આવે છે. તેવી બીજી ગોળીઓ અહિંસક આવે છે તો આને બદલે તેવી બીજી ગોળીઓ આવતી હોય તો ગોળી બીજીનું પ્રીસ્કાઈબ કરી લખી મોકલશો. ત્યાં સુધી લેવાનું બંધ રાખેલ છે.

પૂ. માજીને વંદન. શ્રીમાન શેઠશ્રી ચિમનભાઈને વીર વંદન. ચિ. મિનલકુમારીને આશીષ.

આ વખતના ૧૨ દિવસના સત્સંગમાં શું અસર થઈ તે જણાવશો. તમારી પ્રગતિથી મને સંતોષ થયેલ છે. તમોને ખુશી મઝામાં ચાહુ છું.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૭૨

તા. ૨૫-૧૦-૮૦

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**પ. પૂ. સદ્‌ગુરુદેવાય નમઃ**

તા. ૨૩-૧૦ નો લખેલો પત્ર મળ્યો. વાંચી આનંદ થયો. હમણાં હું એના જ વિચારમાં હતી કે પત્ર લખું ને હાથમાં આપનો પત્ર મિનેલે આપ્યો. Surbex T Tablet જે સવારમાં ટુકડા કરી રોજ લો છે, એમાં ચરબીનું પ્રમાણ છે એવું મુંબઈના કોઈ ડોક્ટરોએ હજુ સુધી કહ્યું નથી. અહીં મોટામાં મોટા ડોકટર ભારેમાં ભારે ગોળી તરીકે સારી (ટોનીક) Prescribe કહે છે. હું તથા C. U. Shah તથા મુંબઈના ઘણા લોકો આ જ ટેબલેટ વાપરે છે. પણ હજુ સુધી કોઈએ એમાં ચરબીનું પ્રમાણ છે એમ કહ્યું નથી. પણ છતાં જો તમને વહેમ જેવું લાગતું હોય તો એ બદલી Stress Cap. - એક આખી કેપશ્યુલ સવારમાં ગળી જવી, ટુકડા કરવા નહી કારણ આ રબ્બરની Capsul છે. આ પણ હું ઘણી વખત લઉં છું.

તા. ૭-૧૦ થી ૧૭-૧૦ સુધીનો ભરચક પ્રોગ્રામ રહ્યો, એમાં પરમ સત્સંગ મળ્યો અને એમાં યોગીરાજ આનંદઘનજીના સ્તવન સમજવા મળ્યા. ખૂબ મઝા આવી. એ પણ પૂરા થઈ ગયા. હવે પુસ્તક છપાય એટલે બસ. આપ હવે બરાબર જોઈ જશો.

બીજું યોગ અષ્ટક જ્યારે વાંચતા હતા ત્યારે ખુબ જ મઝા આવી જેનું વર્ણન હું કરી શકતી નથી અને વળી છેલ્લું નિરાલંબન યોગ વિષે હંમેશા ગયા વર્ષે હું નલિનભાઈને ઘેર સ્વાધ્યાય કરવા બેઠા (યોગસારનું) ત્યારે પૂછતી હતી પણ હવે આ વખતે બરાબર અનુભવાયું સમજાયું



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એટલે જ્યાં સુધી પરમાત્મતત્ત્વનું દર્શન થાય ત્યાં સુધી પરમાત્મતત્ત્વના દર્શનની અસંગભાવે ઇચ્છરૂપ અનાલંબન યોગ છે તે પરમાત્મતત્ત્વમાં સ્થિરતા રહિત છે અને જેથી ધ્યાન દ્વારા પરમાત્મદર્શનમાં પ્રવૃત્તિ થાય છે. તેથી યોગ નિરોધરૂપ સર્વોત્તમ યોગના પૂર્વભાવી અનાલંબન યોગ કહ્યો છે. નિરાલંબન યોગ તે ધારાવહી (અખંડ પ્રશાંતવાહિતા-સ્થિરતા) ચિત્ત છે. તે યત્ન સિવાય સહજ રીતે લગભગ પહોંચી જવાયું છે. તે સ્થિરતા માટે છ મહિના પણ નહીં લાગે. પુરૂષાર્થ ચાલુ છે. સ્વરસમાં સદૃશ ધારામાં યત્ન સિવાય ચિત્તનું વિસ્મરણ તે નિરાલંબન યોગ, તે અનુભવાય છે તો પછી સ્થિરતા થાય, સહજ હોય તો સ્વભાવની નિરંતર જ પ્રતીતિ થાય ને ? થાય જ.

સવારના ફરવાનું ચાલુ કર્યું છે. Homeopathic Doctor પણ બે માઈલ ચાલવાનું કહ્યું ને દરિયા પર જઈ ધ્યાન કરો. મને એ રૂચિ ગયું હવે સહજમાં એટલે આંખ થોડી બંધ કરવાની છે. ચાલતાં ફરતાં સહજ સ્વભાવમાં જ લક્ષ હોય એટલે સવારમાં હવે ફાવી ગયું છે. આપ ગળા માટે Homeo દવા ચાલુ રાખશો. આસ્તે આસ્તે ગળું ઉઘડી જશે.

આં. શાંતિભાઈ, નગિનભાઈ, શુભીબેન તથા બીજા ભાઈ-બહેનોને મારી યાદ. પૂ. બા પણ મઝામાં હશે. દિલીપભાઈ તથા સરોજભાભી, બાળકો મઝામાં હશે.

ઉત્તરસંડાવાળા સદ્ગુણાબેનની વાત પરથી શું લાગ્યું ? કદાગ્રહ છે કે નહીં. ૨૭મું વર્ષ વંચાય છે. સ્વાધ્યાય, ધ્યાન વગેરે ચાલુ છે.

મિનલનું ધ્યાન, સ્વાધ્યાય વગેરે ચાલુ છે, પણ નવરાત્રીના ગરબામાં રોજ રાતે ગાવા જતી હતી. ઓફીસે જવાનું શરૂ કરી દીધું છે. શર્દી ખૂબ જ છે, કારણ રાતના ઉજાગરા, ઠંડા પીણા, વગેરે.

**લી. આજ્ઞાંકિત સદ્ગુણાના પ્રણામ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૬૩

સાયલા, તા. ૩૦-૧૦-૮૦

|| ૐ ||

|| સહજાત્મ સ્વરૂપાય નમ: ||

**આત્માર્થી બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

તમારો તા. ૨૫-૧૦નો પત્ર તા. ૨૮-૧૦ના રોજ મળ્યો, વાંચી આનંદ થયો. Surbex T. Tablets ચાલુ રાખી છે. તમારૂં ધ્યાન દોરી ફક્ત વેરીફાય કરાવવું હતું. Homeo Pethic દવાને શરૂ કર્યા પંદર દિવસ થતાં આજથી પાંચ ગોળી બે વખત અને એક વખત ધ્રુજારી (Tremur)ની ગોળી શરૂ કરી છે.

તમોને બે માઈલ ફરવાનું ડોક્ટરે કહ્યું તો ચોપાટીમાં સવારે સ્વ સ્વરૂપમાં રહ્યા છતાં ફરી શકાય. વળી તમોને ફાવી ગયેલ છે. સારૂં છે. રસ્તા ઉપર નહીં પણ ચોપાટીની અંદર દરિયા કાંઠે જ ચાલતા જ સહજ રીતે સ્વભાવમાં લીન રહેવાશે અને ફરી શકાશે.

વળી યોગસારમાં ક્યાં ચડ્યા ? એ ભૂમિકા વટાવી દીધી છે. પણ જ્ઞાનસારમાં આત્મજ્ઞાનનું સાધન પાનું ૨૩૯ થી અને શ્લોક ૩૦ થી આગળ છેવટ સુધી મનન કરી અભ્યાસ કરશો એટલે સહજ ભેદજ્ઞાન ધારાવહી થશે.

તા. ૧૦-૧૧ થી ૧૮-૧૧ સુધી પરમ કૃપાળુદેવ વિચર્યા હતા તે સ્થળો, ખંભાત, વડવા, રાળજ, નાર, ઉત્તરસંડા, નડિયાદ, ઇડર વિ. સ્થળો થઈ કુંભારીયાજી, અંબાજી, આબુ, અચળગઢ, શંખેશ્વર, પાર્શ્વનાથજીના પ્રવાસ યાત્રાનો આ લોકો વિચાર કરે છે. રિઝવર્ડ બસ કરશે (દિવાળી વેકેશનમાં) ક્ષેત્ર સ્પર્શના પ્રમાણે થશે.

ચિ. મિલનકુમારીને નવરાત્રી જાગરણ-ઠંડા પીણાં, શરદી થાય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ. હવે સારૂં હશે. વાંચન, ધ્યાનનો વખત રાખે જ તેમ કહેશો. શ્રીમાન્ ચિમનલાલભાઈ તથા પૂ. માજીને વીર વંદન. તમોને ખુશી મજામાં ચાહું છું.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**

**૬૪**

મુંબઈ, તા. ૩-૧૧-૮૦

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**પ. પૂ. સદ્ગુરુદેવાય નમઃ**

આપનો તા. ૩૦-૧૦નો લખેલ પત્ર મળ્યો. વાંચી ખૂબજ આનંદ થયો છે. Surtec T શરૂ કરી જાણી ખુશી થઈ. આ ટેબલેટ સાચે જ સારી છે. બધા જ ડોક્ટર ૨-૩ માઈલ ફરવાનું કહે છે. હું કાંઈ રસ્તા પર ચાલતી નથી. મારા ઘરથી નીકળી કેવલધામ ત્યાંથી માછલી ઘર ત્યાંથી ચોપાટીનો મોટો બ્રીજ છે ત્યાં સુધી મારા ઘરથી ત્યાં સુધી સીધેસીધું ચાલું છું. અહીં ચાલવા માટે સ્પેશીયલ જગ્યા છે જ્યાં વાહનોની પણ અવર જવર નથી એટલે ચાલવું પણ સુગમ પડે અને સ્વરુપમાં રહ્યા છતાં ફરી શકાય. ચોપાટીની અંદર કે દરિયા કિનારે હું ચાલતી જ નથી.

હવે યોગસાર હું વાંચતી જ નથી. એ જે લખ્યું હતું તે જ્ઞાનસારનું હતું ભૂલથીકદાચ યોગસારનું નામ લખાયું હશે. એ યોગ અષ્ટક સંબંધી હતું-નિરાલંબન યોગનું હતું.

આપ મુંબઈ આવ્યા ત્યારે ૯૧૩ પત્રમાં બે ત્રણ જગ્યાએ ધ્યાન ખેચ્યું હતું. આ પત્ર સહજ પરિણતિ થાય એમાં ઉપયોગી છે. એટલે સહજ થવાય ત્યાં સુધી એટલે "ઉપયોગ લક્ષણે સનાતન સ્ફુરિત



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એવા આત્માને દેહથી, તૈજસ અને કાર્મણ શરીરથી પણ ભિન્ન અવલોકવાની દૃષ્ટિ સાધ્ય કરી, તે ચૈતન્યાત્મક સ્વભાવ આત્મા નિરંતર વેદક સ્વભાવવાળો હોવાથી અબંધદશાને સંપ્રાપ્ત ન થાય ત્યાં સુધી શાતા અશાતારૂપ અનુભવ વેદ્યા વિના રહેવાનો નથી એમ નિશ્ચય કરી, જે શુભાશુભ પરિણામ ધારાની પરિણતિ વડે તે શાતા અશાતાનો સંબંધ કરે છે તે ધારા પ્રત્યે ઉદાસીન થઈ, દેહાદિથી ભિન્ન અને સ્વરૂપ મર્યાદામાં રહેલા તે આત્મામાં જે ચલ સ્વભાવરૂપ પરિણામ ધારા છે તેનો આત્યંતિક વિયોગ કરવાનો સન્માર્ગ ગ્રહણ કરી, પરમ શુદ્ધ ચૈતન્ય સ્વભાવરૂપ પ્રકાશમય તે આત્મા કર્મયોગથી સકલંક પરિણામ દર્શાવે છે તેથી ઉપરામ થઈ, જેમ ઉપશમિત થવાય, તે ઉપયોગમાં અને તે.સ્વરુપમાં સ્થિર થવાય, અચલ થવાય, તે જ લક્ષ, તે જ ભાવના, તે જ ચિંતવના અને તે જ સહજ પરિણામરૂપ સ્વભાવ કરવા યોગ્ય છે. મહાત્માઓની વારંવાર એજ શિક્ષા છે."

અંતરંગ દૃષ્ટિ કરવાથી ઉપયોગ સિવાયના સર્વભાવો સંયોગી છે, તેનાથી ઉપયોગને નિરંતર છૂટો પાડવો. નિર્મળ થયેલો ઉપયોગ જ સામાન્ય ચેતનની સાથે એકાગ્ર થશે. નિર્મલ થયેલા આત્મામાં પરમાત્માનું પ્રતિબિંબ પડશે, પ્રકાશ થશે, જ્યોતિ થશે, આત્માને પરમાત્મા એક થશે.

'આત્મજ્ઞાનના સાધન'નું વાંચન પણ ચાલુ છે સ્વાનુભવ પણ છતાં આપની સૂચના મુજબ ફરી વાંચીશ.

૯૧૩ પત્ર ત્રણ સ્ટેજમાં છે. (૧) આત્માનો વેદક ગુણ સ્વભાવ, (૨) આત્માનો ચલ સ્વભાવ આત્મા, કર્મયોગને કારણે શાતા અશાતા હોય છે-સકલંક છે. (૩) તે બધાનો ઉપાય અથવા સન્માર્ગ બસ એક જ-ગુરુગમ સ્વરૂપ કે ઉપયોગમાં સ્થિર, અચલ થાય ત્યાં એનું જ લક્ષ, ચિંતવના ભાવના એટલે સહજ પરિણતિ થાય ત્યાં સુધી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ પત્ર હું બરાબર સમજી કે નહીં તે તમે જોશો,

આપનો દિવાળી વેકેશનનો પ્રવાસ યાત્રાનો પ્રોગામ વાંચ્યો, આવવાનું ખુબ મન થઈ જાય છે, જોઈએ શું થાય છે ? ઇશ્વરેચ્છા. તા, ૧૦મીએ કેટલા વાગે નીકળવાના છો વગેરે Detail જણાવશો, પહેલાં ક્યાં જશો ? મિનલને શર્દી હતી તે હવે સારૂં છે. ધ્યાન, વાંચન હંમેશા કરે જ છે.

આત્માર્થી ભાઈ-બહેનોને યાદી. પૂ, બા, દિલીપભાઈ, બાળકોને યાદી, મુમુક્ષુ, પરમ મુમુક્ષુ ભાઈ-બહેનોને યાદી.

હમણાં પુષ્પાબેનનો ફોન હતો, બધાં પ્રવાસની ટ્રીપ માટે તા. ૧૨મીએ નીકળવાના છે. એમ નલિનભાઈ મારફત સમાચાર મળ્યાં છે, અમારો અમદાવાદ જોડાવાનો વિચાર છે, તો ત્યાં ક્યાં દિવસે ક્યાં મળશો તે જણાવશો.

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**

**૬૫**

સાયલા, તા. ૨૪-૧૧-૮૦

|| ૐ ||

|| સહજાત્મ સ્વરૂપાય નમ: ||

**આત્માર્થી બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

તમારો તા. ૩/૧૧ નો પત્ર તા. ૬/૧૧ના રોજ મળેલ. વાંચી સંતોષ થયો છે. પ્રવાસ પહેલા જવાબ લખવો હતો પણ વખત મળ્યો નહીં. પ્રવાસમાં અમદાવાદ કદાચ ભેગા થશો એમ માનેલ પરંતુ શ્રીમાન શેઠ ચિમનભાઈને ફલ્યુ થતાં પ્રોગ્રામ રદ થયો. અમારા વતી તબિયતના સમાચાર પૂછ્યા હશે. હવે સારૂં હશે, ફલ્યુ લાંબો વખત



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પણ ચાલે, અસક્તિ આવી જાય. સંપૂર્ણ આરામ લેવો જોઈએ. ઉપકોક્ત પત્રનો જવાબ લખી શકેલ નહીં તેથી અમદાવાદથી ફોન કર્યો ત્યારે ફલ્યુના ખબર પડ્યા.

હવે તા. ૩/૧૧ના જવાબમાં યોગસાર તમારાથી ભૂલથી લખાઈ ગયું. જ્ઞાનસારના યોગ અષ્ટકને બદલે. મેં પણ આધ્યાત્મસારનું યોગસાર પ્રકરણ જોયું કાંઈ ન નીકળ્યું. ટપાલનો ટાઈમ થતો હોઈ લખી નાખ્યું. પાછા યોગસાર દિગંબરી પુસ્તકમાં ક્યાં પડ્યા ? તે સ્ટેજ તમો વટાવી ગયા છો. વિસ્મરણ મને થાય નહીં છતાં થયું તે ક્ષમ્ય છે.

હવે તમોએ તેમાં અસંગતા માટે નિરાવલંબન યોગપરમાત્મદર્શન તથા સ્થિર સ્વભાવ વિષે જે જે લખેલ છે અને જે જે તમે અનુભવો છો તે યથાર્થ છે. તે જાણી પરમ સંતોષ છે. છ માસ હવે પુરૂષાર્થ જોતાં થાય નહીં.

આંક ૯૧૩ના પત્રની ત્રણે સ્ટેજની સમજણ યથાર્થ છે. પણ તે પુરૂષાર્થ સહજ પરિણતિ થાય ત્યાં સુધી જાગૃતિ રાખી કરવાનો છે.

પૂ. માજીને વંદન શ્રીમાન શેઠ ચિમનભાઈ તદ્દન સાજા થઈ ગયા હશે. પ. મુ. મિનલકુમારી મજામાં હશે. તમોને ખુશીમાં ચાહું છું.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**

**૬૬**

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

તા. ૨૯-૧૧-૮૦

**પ. પૂ. સદ્‌ગુરુદેવાય નમઃ**

આપનો તા. ૨૪ લખેલો પત્ર તા. ૨૬મી એ મળ્યો. વાંચી ખુબ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આનંદ થયો છે.

અમદાવાદ આવવા માટે મારી અને મિનલની ટિકીટ પણ આવી હતી ને તા. ૧૪મી એ સવારના ૧૧ાા વાગે Cancel કરાવી. કારણ કે C. U. Shah ની તબિયત સારી હતી નહીં. Influenza તથા Bronchitis, ઉધરસ, કફ, તે હજુ આવે છે. રાતનાં થોડો થોડો કફ નીકળે છે.

વચમાં ૨૫મી એ Delhi. O. G. L. Urgent meeting હોવાથી જઈ આવ્યા. ગઈ કાલે આવી ગયા છે પણ હજુ તદ્દન સારું નથી. આજે Dr. Ashwin Mehta ને બતાવ્યું છે. Alergic Cold કહ્યું છે અને થોડું વજન ઉતારવાનું પણ કહ્યું છે.

પૂ. માજીની પણ તબિયત સારી નથી. Anaemia થઈ ગયો છે. 66% Hg છે. દવા ચાલુ છે. મારા Checking માટે પણ બુધવારે ૪-૩૦ વાગે Dr. Ashwin Mehta પાસે જવાનું છે. Blood Chlorestrol ૩૧૭ વધારે આવ્યું છે. Normal ૨૪૦ જોઈએ. સવારમાં ચાલવાનું કે ફરવાનું ચાલુ જ છે. વજન પણ ૧૨ પાઉન્ડ ઉતાર્યું છે.

વચનામૃત ૨૮મું વર્ષ પુરૂં થવા આવ્યું છે. સમજ્યા તે શમાયા સરસ ૬૦૯ પત્ર પણ સરસ છે. બધા જ પત્રો સારા છે.

જ્ઞાનસાર-આત્મજ્ઞાનના સાધન, સ્વાનુભવ વગેરે વાંચવાનું ચાલે છે.

સ્થિરતા ઘણી જ અનુભવાય છે. ધ્યાનમાં હોઈએ ત્યારે શ્વાસોશ્વાસ એકદમ મંદ લાગે, પ્રકાશ લાગે, સંકલ્પ-વિકલ્પ પણ ઓછા, શૂન્ય જેવું, શરીર પણ હલકું, છુટ્ટું પડી ગયેલું બે જોડેલા હાથ '૧, ૧' છુટા પડી જાય છે, પગનો સ્પર્શ પણ લાગતો નથી, સ્થિરતા પણ ઘણી જ લાગે છે.

સ્વરુપમાં સહજ પણ ઘણું ખરું રહેવાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પૂ. કાનજીસ્વામી ગઈ કાલે ૭-૧૦ કાળધર્મ પામી ગયા. ૧૫ દિવસ પહેલાં જશલોકમાં Prostrate Gland ના ઓપરેશન માટે દાખલ કર્યા હતા, પછી Leukorinia વધી ગયો Antiljotic આપી શક્યા નહીં Complication થઈ ગયાં. Phenomia, Diohria, Weakness, Fever વગેરે પછી એ સારું થયું નહીં, બસ આયુષ્ય સ્થિતિ પૂરી થઈ ૪૦- ૪૫ વર્ષ શાસ્ત્રીય બોધ લોકોને આપ્યો. આજ સવારના પાંચ વાગે સોનગઢ લઈ ગયા છે- Ambulanceમાં આવતી કાલે સાંજે રવિવારે અંતિમક્રિયા કરશે,

આત્માર્થી ભાઈ-બહેનો મઝામાં હશે. પ. મુ. મુ. ભાઈ-બહેનો મઝામાં હશે.

પૂ. બા તથા દિલીપભાઈ, ભાભી, બાળકો મઝામાં હશે. આ. શાંતિભાઈનો ફોન હતો. આવતી કાલે આ વજુભાઈને ત્યાં બધાં ભેગા થવાનાં. કેવળબીજ સંપન્ન બુક માટે.

**લી આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**

Greenham School-Admition માટે લખ્યું હતું તે મિનલના લખવા પ્રમાણે Interview વગેરે Formality પતાવી દેવી. બાકીનું માર્ચ-એપ્રીલ પછી પતાવી દેવું.

**૬૭**

સાયલા, તા. ૪-૧૨-૮૦

|| ૐ ||

|| સહજાત્મ સ્વરૂપાય નમઃ ||

**આત્માર્થી બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

તા. ૨૯/૧૧ નો તમારો લખેલ પત્ર તા. ૨/૧૨ મળેલ છે. વાંચી આનંદ થયેલ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમજ્યા તે શમાઈ ગયાં. અત્યાર સુધી વાચતાં પણ હવે તો લીન થવા પણું અનુભવમાં હોઈ કેટલો આનંદ આવે. પત્ર ૬૦૯ પણ સરસ છે. સત્સંગના યોગે સહજસ્વરૂપભૂત એવું અસંગપણું જીવને પ્રાપ્ત થાયછે તે સહજ અસંગપણું અનુભવતા હોઈએ ત્યારે પરમ ઉલ્લાસ આવે જ. સત્સંગ, સત્પુરુષની ઓળખાણ, તેની શ્રદ્ધા, તેનો યોગ ત્રણે કાળમાં દુર્લભ છે. સંક્ષેપમાં લખાયેલા જ્ઞાનીના માર્ગના આશ્રયને ઉપદેશનારા આ પત્રના વાક્યો પરમ હિતકારી છે.

છોટમની વાણીમાં રાણી મદાલસાના ચાર પુત્રોને જ્ઞાન આપનાર હાલરડામાં પહેલાં અનુભવ બાબત પદ છે. 'જેને ઉગ્યો છે અનુભવ અર્ક, એવા કોઈ અનુભવી' એ પદ અત્રે આજ સ્વાધ્યાયમાં આવેલ, ત્યારે પૂ. કાનજી સ્વામીના દેહવિલયના દુ:ખદ ખબર આપતાં ૪૦-૪૫ વર્ષ શાસ્ત્રીય બોધ લોકોને આપ્યો તેમ લખ્યું તે યથાર્થ છે, કારણ અનુભવીઓનો પ્રદેશ જ જુદો છે અને ત્યાં સુધી તો પહોંચી ગયા છે.

શ્રીમાન શેઠશ્રી ચિમનભાઈને સુકી ઉધરસ છે તો ત્વરીત ઉપચાર કરશો. પૂ. માજીને શાતા પૂછશો. તમને બ્લડ ક્લોરોસ્ટ્રોલ વધારે છે. બુધવારે બતાવ્યું હશે. ઉપચાર કરશો. મિનલ મઝામાં હશે.

**લી. સંતચરણસેવક લાડકચંદના આત્મભાવે વંદન**

**૬૮**

તા. ૮-૧૨-૮૦

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**પ. પૂ. સદ્‌ગુરુદેવાય નમઃ**

આપનો તા. ૪નો લખેલો પત્ર મળ્યો. વાંચી આનંદ થયો છે.

જે જે દશાએ ચઢાય એનો આપ જ્યારે સિક્કો મારો ત્યારે અતિ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આનંદ આવે છે. જે પહેલેથી જ આપની પાસેથી ઇચ્છતી હતી. પણ હમણાં જે ઉલ્લાસથી કહો છો તે ઓર જ છે.

C. U. Shah ને ઉધરસ ઓછી છે, પણ હજુ થોડો કફ નીકળે છે. મેં ડો. અશ્વિનને બુધવારે બતાવ્યું છે. Cardiogram વગેરે વધું જ- Diabetis સારૂં છે. ફક્ત Chlorostrol વધારે છે. ચોમાસાની ઋતુ હોવાથી સવારે ફરવા જવાનું irregular હોવાથી તથા ખાવામાં પણ તેલનું તળેલું ખાવામાં આવ્યું હશે કે જેથી વધ્યું હશે. આવું Chlorostorl અવારનવાર ધ્યાન રાખવામાં ન આવે તો વધે છે. પણ એને માટે ATROMIDS ગોળી લેવાની કીધી છે. બે મહિનામાં ઉતરી જશે. અને સાથે બે ત્રણ માઇલ ફરવાનું તેમજ તળેલું વગેરે ઓછું. ઘી તો હું ખાતી જ નથી. બધું સારૂં થઈ જશે. Treatment શરૂ કરી દીધી છે.

મિનલનો પ્રોગ્રેસ ઘણો સારો છે. તેને પણ આપનો સિક્કો મારેલો જોઈ મને ખૂબ આજે આનંદ થયો. એણે પણ ખૂબ કુદકા માર્યા. ખૂબ આનંદ અનુભવ્યો.

રોહિતનો ફોન વેરાવળથી હતો. આપ અમદાવાદ જવાના છો અને આપે મિલન પર પત્ર લખ્યો છે એ સાંભળી મિનલ ખૂબ ખુશ થઈ હતી. આખો દિવસ આપને યાદ કરે છે. બાપુજી બેઠા હશે, વાંચતા હશે, સુતા હશે વગેરે, મારી પણ યાદી તાજી કરાવે છે. જો કે મને તો સત્પુરૂષોની મૂર્તિ હૃદયમાંજ છે.

હું દરરોજ છોટમ, પ્રીતમ, કબીર બપોરના વાંચું છું- ૨ થી ૩-૪ થી ૫ જ્ઞાનસાર વગેરે. રાણી મદાલસાના ચારા પુત્રોને જ્ઞાન આપતાં હાલરડાં વગેરે વાંચ્યાં છે. છેલ્લો પુત્ર અલર્કે, વૈરાગ્ય લેતાં પહેલાં એને રાજગાદી વગેરે સંભાળવું પડ્યું હતું. સાથે જ્ઞાન પણ હતું. એનો પુત્ર મોટો થાય ત્યાં સુધી એને રાજગાદી સંભાળી હતી. છોટમના મોટા પુસ્તકમાં મેં વાંચ્યું હતું. છોટમની વાણી-નાનું પુસ્તક તો ઘણીવાર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વાંચ્યું છે. બધાં જ કબીર, પ્રિતમ વગેરે નાનાં પુસ્તક છે ને એટલે આખા દિવસના નવરાસના વખતમાં પહેલાં તો ખુબ વાંચતી હતી. હવે તો જુદી વસ્તુ છે. હવે સ્વભાવમાં, અનુભવમાં લીનતા, સહજતા.

વચનામૃતમાં વર્ષ ૨૯ મું ચાલે છે. ૬૭૯ મો પત્ર ઘણો જ સરસ છે અને ૬૮૦ માં પણ કેટલું કહે છે કે "ઓ દુષમકાળના દુર્ભાગી જીવો ! ભૂતકાળની ભ્રમણાને છોડીને વર્તમાને વિદ્યમાન એવા મહાવીરના શરણે આવો એટલે તમારૂં શ્રેય જ છે.

સંસારના તાપથી ત્રાસ પામેલા અને કર્મબંધનથી મુક્ત થવા ઇચ્છતા પરમાર્થ પ્રેમી જિજ્ઞાસુ જીવોનુ ત્રિવિધ તાપાગ્નિને શાંત કરવાને અમે અમૃતસાગર છીએ.

**"મુમુક્ષુ જીવોનું કલ્યાણ કરવાને માટે અમે કલ્પવૃક્ષ જ છીએ. "**

વધારે શું કહેવું ? આ વિષમ કાળમાં પરમ શાંતિના ધામરૂપ અમે બીજા શ્રી રામ અથવા શ્રી મહાવીર જ છીએ." આ આખો પત્ર યથાતથ્ય છે અને અમે પણ એજ પદ પામશું.

આત્માર્થી ભાઈબહેનોને યાદી. મુ. પ. મુ. ભાઈબહેનોને યાદી પૂ. બા, દિલીપભાઈ, સરોજભાભી, બાળકો મઝામાં હશે. આપની તબિયત સારી હશે.

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**

**૬૯**

સાયલા, તા. ૧૬-૧૨-૮૦

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમ: ॥

**આત્માર્થી બેન સદ્‌ગુણાબેન, મુંબઈ**

તા. ૯-૧૨ અમદાવાદથી ટેલીફોનમાં ચિ. મિનલ તથા તમારી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાથે વાતચીત થઈ તેથી શ્રીમાન્ શેઠે C. U. Shah તથા તમારી તબિયતના ખબર જાણેલ છે. ફેર પડી ગયેલ છે તેથી આનંદ. તેમાં પત્ર લખવાનું કહેલ તે પત્ર તા. ૮-૧૨ નો તા. ૧૦-૧૨ ના રોજ આવેલ તે અમદાવાદથી આવી વાંચતાં આનંદ થયેલ છે. કારણ સુજ્ઞ ભાઈશ્રી સી. યુ શાહને ઉધરસ ઓછી છે અને તમે બ્લડ કલોરોસ્ટ્રોલ માટે ટ્રીટમેન્ટ શરૂ કરી દીધી છે. બન્ને તબીયત બરાબર સંભાળજો.

ચિ. મિનલ તથા તમે એક બહુ સારા સમાચાર આપ્યા કે શ્રીમાન્ સી. યુ. શાહ ચિ. મિનલ પાસે ઓફીસમાં વચનમૃત વંચાવી સાંભળે છે. વાંચન, શ્રવણ, મનન થાય તેમ રૂચિ વધે અને રૂચિ વધે તો આનંદ આવે.

અમો વઢવાણ વિકાસ વિદ્યાલયની મુલાકાતે જઈ આવ્યા. પૂ. સેવાનિષ્ટ અરૂણાબેને બધું ફરીને બતાવ્યું. સંસ્થા અને તેમની સેવા અજોડ છે. એક હજાર આંહિના ફંડમાંથી અને એક હજાર આ. નગિનભાઈએ સંસ્થાને આપ્યા. હવે પ. મુ. ગોરધનભાઈ શ્રીમતિ કમળાબેનને નામે આપવાના છે.

આંહીથી છેલ્લા કાગળમાં લખાયેલ તે ગમે તેટલી વિદ્વત્તા હોય છતાં અનુભવના એક અંશ પાસે હિસાબમાં નથી. બન્ને વચ્ચે રાત દિવસનું અંતર છે તે "૪૦-૪૫ વર્ષ શાસ્ત્રીય બોધ લોકોને આપ્યો" તેમ લખેલ તે ખ્યાલ તમારા જેવા જેને અનુભવના અંશો પ્રગટ થયા છે તેવા આત્માઓને જ આવે, તેવો આશય હતો. આ. ૬૮૦ નો ઉલ્લેખ કરી કૃપાળુદેવ તો ' 'બીજા શ્રી રામ અગર મહાવીર જ છીએ કેમકે અમે પરમાત્મરૂપ જ થયા છીએ," તેમ લખી શકે પણ તેનો આરોપ વર્તમાનકાળમાં કોઈનામાં થઈ શકે નહીં કારણ આપણે તો તેમની હજારમાં અંશ ગણી શકાઈએ નહીં. તેમની ચરણરજ છીએ.

બધાને મજામાં ચાહું છું.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૭૦

મુંબઈ, તા. ૧-૧-૮૧

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**પ. પૂ. સદ્‌ગુરુદેવાય નમઃ**

આપનો તા. ૧૬-૧૨-૮૦ નો લખેલ પત્ર તા. ૨૦ મીએ મળ્યો હતો. વાંચી ખૂબજ આનંદ થયો હતો.

આપશ્રી પાલીતાણાથી આવી ગયા હશો. હમણાં Postmen ની Go Slow હડતાલ ચાલે છે એટલે દરેકને ૮-૧૦ દિવસે ટપાલ મળે છે એટલે કદાચ મારો પત્ર પણ મોડો મલશે.

હવે જે દિવસની હું તથા તમે રાહ જોતા હતા તે સ્થિરતા જો સ્થિરતા હોય તો જ સહજ પરિણતી થાય, સ્વરૂપમાં રહેવાય, એમ મને લાગે છે. ૬ મહિનાનો વાયદો કર્યો હતો પણ ચાર મહિનામાં સ્થિરતા આવી ગઈ છે. બહારના, વ્યવહારના, દૈનિક વગેરે કામકાજ પતે કે તરત જ ઉપયોગ સ્વરૂપમાં સ્વભાવમાં જતો રહે છે. સ્વરૂપ સ્થિતિમાં રહેવાય છે. એક સમયે બે ઉપયોગ ન હોય એ પ્રમાણે (કૃપાળુ જેવી મારી દશા તો ન હોય) કે બીજા કામ કરતા ઉપયોગ બીજામાં પરોવવો પડે છે અથવા સ્વભાવમાંથી બહાર આવવું પડે છે. બહાર ન આવીએ તો કામમાં ગોટાળા થાય છે એવા અનુભવો થાય છે. ખાસ કરીને Trust ના letter પર Sign કરતાં ધ્યાન રાખીને, બહાર આવીને કરવી પડે છે નહીં તો ભૂલ આવી જાય છે. તે શરૂઆતમાં આમ ભૂલ થાય છે પછી આસ્તે આસ્તે આદત પડી જશે. બધા કામ સારાં થઈ જશે. પણ આ સ્થિતિ માટે જ્યારે આપ ડોક્ટર જોશો અને Diagnusis કરશો ત્યારે સાચું. જાન્યુઆરીમાં ત્યાં આવવા વિચાર છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચિ. મિનલનો પત્ર વાંચ્યો હશે. સમતા રમતા પત્રોના ધ્યાનમાં જે આત્માના લક્ષણ ને ગુણ છે તેનું મનન ચિંતન મીનળે કરવાનું છે એમ બાપુજીની આજ્ઞા છે એમ મિનળે સૂચવ્યું. પણ તારે તે પત્ર પહેલાં સમજવો પડશે. તો તેણીએ મને એ પત્ર એક મિનિટમાં સમજાવી દીધો મેં તો એને 1st tiral, 1st Classમાં પાસ કરી પણ બાપુજીની પરીક્ષામાં પાસ થઈ આવ એમ કીધું છે.

મિનલની બે ત્રણ દિવસથી તબીયત સારી નથી. એ પણ થોડી Anaemik-Weak છે. આરામ લે છે. નિયમિત ખાવા પીવાનું, સુવાનું છેલ્લા ૫-૬ મહિનાથી બરાબર લીધું નથી એટલે Exertion પડેલુ છે. હવે આરામ લે છે. સ્વાધ્યાય ચાલુ જ છે.

વચનામૃતમાં વર્ષ ૨૯મું આત્મસિદ્ધિ વંચાય છે. ખૂબ મઝા આવે છે. યથાર્થ સમજાય છે. જ્ઞાનસારમાં અષ્ટક-આત્મજ્ઞાનના સાધન-પા. ૨૩૯ શ્લોક ૩૦ થી પણ વાચવાનું નિયમિત ચાલે છે. સ્વાનુભવ પણ વંચાય છે. છોટમની વાણી તથા પ્રિતમની વાણી તે પણ વંચાય છે. ખૂબ મઝા આવે છે. કબીરના પદો પણ વાંચું છું.

સવારમાં ફરવાનું ચાલુ છે, ત્યારે તો સ્વભાવમાં રહેવાની મઝા આવે છે. એક કલાકનો સવારમાં શાંતિનો વખત મળે છે, આનંદ આવે છે.

આત્માર્થી નગિનભાઈ, શાંતિભાઈ વગેરે ભાઈબહેનો મઝામાં હશે. મુ. પ. મુ. ભાઈબહેનોને મારી યાદી.

પૂ. બા તથા દિલીપભાઈ, સરોજભાભી તથા બાળકો મઝામાં હશે.

વિકાસ વિદ્યાલયવાળા અરૂણાબેનનું કામ ખરેખર પ્રસંશનીય છે. તન, મનથી સેવા કરે છે. આ સંસ્થાને C. U. Shah ખુબ Support આપે છે કે સંસ્થા ઘણી આશિર્વાદ રૂપ છે અને એ જીવતી રહેવી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જોઈએ. ઘણા વર્ષોથી આને જીવતી રાખવા તન, મન, ધનથી મદદ કરે છે.

**લી. આજ્ઞાંકિત સદ્દગુણાના પ્રણામ**

**૭૧**

**સાયલા, તા. ૨-૨-૮૧**

॥ ॐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**આત્માર્થી બેનશ્રી સદ્દગુણાબેન, મુંબઈ**

તા. ૨૭/૧ના રોજ ત્યાંથી આપ સર્વથી રવાના થઈ તા. ૨૮/૧ સવારના ૧૦-૩૦ વાગતાં ખુશીથી સાયલા પહોંચી ગયા હતા. તે સમાચાર આ. વિનુભાઈએ તમોને આપ્યા હશે. બાર દિવસનો ભરચક કાર્યક્રમ ગયો.

છેલ્લા પત્રના જવાબ રૂબરૂ આપેલ છતા લખવાનું કે છ માસને બદલે અપેક્ષા મુજબ ચાર માસમાં કામ પુરૂં કર્યું તે માટે ધન્યવાદ પાઠવું છું. અંદરથી ઉપયોગને કાઢી બહારના કામમાં ન લગાવવામાં આવે તો બીજુ કામ ઢંગધડા વગરનું થાય તે બરાબર છે. બહારનું કામ પત્યા બાદ પાછો ઉપયોગ સ્વભાવમાં ડૂબી જાય છે અને સ્વભાવ સુખ મળે છે.

જે વાંચો છો તે બરાબર છે. ધ્યાનમાં જાગૃતિ તો આખા દિવસ દરમ્યાન મોટો ભાગ રહ્યા જ કરે. ઘરમાં બધાને યથાયોગ્ય વંદન. તમોને ખુશી આનંદમાં ચાહુ છું.

**લી. સંતચરણસેવક લાડકચંદના આત્મભાવ વંદન**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૭૨

મુંબઈ, તા. ૫-૨-૮૧

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**પ. પૂ. સદ્‌ગુરુદેવાય નમઃ**

આપનો તા. ૨-૨-૮૧નો લખેલો પત્ર આજે મળ્યો. ખૂબ આનંદ થયો છે. સતત ૧૨ દિવસના પરમ સત્સંગનો અપૂર્વ-અનુપમ લાભ મને તો મળ્યો છે. જે જ્ઞાનસાર, અધ્યાત્મસાર, છોટમ, પ્રિતમ વગેરે બધા જ શાસ્ત્ર યથાર્થ સમજાય છે. ખૂબ મઝા આવે છે. કલાક દોઢ કલાક ૫-૧૦ મિનીટમાં જ પૂરી થતી હોય એમ જ લાગતી હતી. અને બસ સાંભળ્યાં જ કરીએ એમ જ થયા કરે. મને કદીએ સળંગ પહેલેથી છેલ્લે સુધી સાંભળવા મળ્યું નથી. બાકીનું નિયમિત મારી જાતે વાંચું છું. એક વખત સળંગ સાંભળવાની ઇચ્છા છે. હરિ ઇચ્છા પ્રમાણે થશે.

મિનલ નિયમિત ઓફીસમાં વચનામૃત વાંચે છે, વિચારે છે. એ પણ સમજ મુજબ સારૂં સમજે છે. સવારના ધ્યાનમાં પણ બેસે છે. પ્રોગેસ થતો જાય છે.

આપની સૂચના મુજબ આ. શાંતિભાઈને મિનલની પ્રાપ્તિ માટે સૂચવ્યું હતું પણ એમને બહુ રૂચ્યું હોય એમ લાગ્યું નહીં. બીજી પ્રાપ્તિ ગુરુપૂર્ણિમા પર જ હોય ! પણ એ વખતે બધાંને કદાચ આવવાના સંજોગો પણ ન બને. પણ મુખ્ય તો કોઈ પ. મુ. યથાર્થ રીતે તૈયાર છે કે નહીં અને એની દશાનો જેટલો તમને ખ્યાલ (Judgment) આવે એટલો આ. શાંતિભાઈને ન આવે અને તમારા Judgment પર આ. શાંતિભાઈને પૂરો વિશ્વાસ હોવો જ જોઈએ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને આજ્ઞા ભક્તિ પણ હોવી જોઈએ. કંઈ બોલાયું, કહેવાયું હશે તે વિચારીને કહેવાયુ હશે. સામે વાદવિવાદ હોવો ન જોઈએ એમ હું માનું છું. પછી ભલે મિનલ હોય કે બીજું પ. મુમુક્ષુ હોય પણ તમારી આજ્ઞા માન્ય હોવી જોઈએ. તે જ આજ્ઞા ભક્તિ. બસ, પછી તો બે ત્રણ મહિના વહેલું કે મોડું એમાં કાંઈ વાંધો નહીં, મને કે મિનલને આપને જેમ રૂચે તેમ કરશો તો વાંધો નથી.

જયશ્રીના લગ્ન તા. ૨૭મી એ નિરધાર્યા છે. આ. શાં. ને આપશ્રીને મુંબઈ તેડાવવાની ઇચ્છા છે. મને લખવાની ભલામણ કરતા ગયા છે. જો અહીં આવવાનું થાય તો મુંબઈમાં જન્મ દિવસની ઉજવણી થાય. તો અહિંયાથી ૭૦-૮૦-૯૦ માણસોની ટિકીટ પણ કેન્સલ કરાવી શકાય-જો બાપુજી મુંબઈ આવે તો, આપ વિચારી જોજો. બધા જ આત્માર્થી ભાઈ-બહેનો તથા મારા વતી પણ ખાસ લખું છું કે આપ શાંતિથી વિચાર કરશો, જણાવશો.

**પરમાર્થ :**

**અંતર્મુખ ઉપયોગ રહે, ને ચાલુ રહે પ્રવૃત્તિ;**
**તો બની શકે એ રિતિ, હો ભક્તજન ઉર ઉલ્લાલ વધારી;**
**સ્થિતિ સહજ કેવળ અંતર્મુખ, જ્યાં કેવળ ભૂમિકા;**
**મુખ્ય પણે કરી તોય સાતમે ગુણસ્થાનેદિપીકા - હો ભક્તજન.**

(પ્રજ્ઞાવબોધ - સમિતિ, ગુપ્તિ),

**આત્મરૂચી, લીનતા આત્મામં, ધ્યાનરૂઢ બની જતા;**
**સ્થિરતા મુનિ બે ઘડી પામે તો, કેવળ બનતા ધ્યાતા-હો ભક્તજન૦**

જે પ્રજ્ઞાવબોધ હું વાંચવાનું કહું છું તેમાંથી લખ્યું છે- આ અનુભવ વાણી છે.

આપ પણ કંઈ પરમાર્થ લખશો. એક ઘડી ધ્યાનમાં તો રહેવાય જ છે અને ધ્યાનમાં જાગૃતિ તો આખો દિવસ જ હોય જ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પૂ. બા તથા દિલીપભાઈ, ભાભી વગેરે મજામાં હશે. બાએ વિનુભાઈ સાથે મોકલેલ પાપડનો ડબ્બો મળ્યો છે.

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**

## ૭૩

સાયલા, તા. ૨૮-૨-૮૧

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમ: ॥

**આત્માર્થી બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

આહિંના પત્રની પહોંચ તા. ૫-૨ ના ઇન્લેન્ડ પત્રથી મળી. વાંચી સંતોષ થયેલ છે. જવાબ લખવામાં ઢીલ થયેલ છે.

ત્યાંના સ્વાધ્યાયમાં એક દોઢ કલાકનો ટાઈમ દશ મિનિટ લાગતો અને દશ-બાર દિવસ ક્યાં ગયા તેની ખબર પડી નહીં તેમ લખ્યું તે તમારો મોક્ષમાર્ગમાં રસ અને અખંડ પ્રેમ દર્શાવે છે.

એક સારા ખબર તે જ પત્રમાં આપ્યા. ચિ. મિનલ ઓફિસમાં વચનામૃત વાંચે છે. શ્રીમાન્ સી. યુ. શાહ પણ સમજ મુજબ સારૂ સમજે છે. સવારમાં ધ્યાનમાં પણ બેસે છે. પ્રવેશ થતો જાય છે જાણી આનંદ.

૫. મુ. મિનલ તો પાસ થવાની જ એટલે આ વખતે તેનું કામ થઈ જશે એમ લાગે છે.

પ્રજ્ઞાવબોધના બે કવિત લખ્યાં તે ખરેખર સારા છે. મેં એક વખત વાંચેલ છે. હવે વાંચનમાં દાખલ કરશું. પાન ૭૬૬, આંક ૪, પેરા ૩૦, "હજી જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે શાંતપણામાં વિચરે તો અંતર્મુહૂર્તમાં મુક્ત થાય છે."

જુઓ ! મોક્ષમાર્ગ અગમ્ય છે છતાં કેટલો સરળ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અત્રે કુળળતા છે ત્યાં પૂ. માજીને વંદન. શ્રીમાન સી. યુ. શાહને વીર વંદન.

ચિ. મિનલકુમારી મજામાં હશે. તમોને ખુશી મજામાં ચાહું છું.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**

## ૭૪

મુંબઈ, તા. ૨-૪-૮૧

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**પ. પૂ. સદ્દગુરુદેવાય નમઃ**

ચિ. મિનલ પર લખેલ પત્ર વાંચી આનંદ થયો. બે લીટી વધારે લખી હોત તો વધારે આનંદ આવત.

ચિ. મિનલનો પ્રોગ્રેસ ઘણા સારા પ્રમાણમાં, ઝડપથી વધતો જાય છે. બે ત્રણ દિવસથી તો ખૂબ જ આનંદમાં રહે છે ને કહે છે કે પોતે સાધનમાં જ રહે છે ને ખૂબ ખૂબ આનંદ આવે છે, કે તેનું વર્ણન નથી કરી શકતી પણ આપણે સમજી શકીએ છીએ-એ અનુભવ.

ફુલછાબ પહેલાં કોઈએ મોકલ્યું. હજુ પણ એમાં ફોટો ન હતો. તે તારીખ ફેરવાળું છે, આપે આટલી તકલીફ લઈ છાપામાંથી કાપી મોકલી આપ્યું Thank You.

ઉદ્દ્ઘાટન વખતે મિનલ સાથે જ હતી પણ પાછળ ઊભી હશે પણ મારૂં ધ્યાન ન હતું.

રવિવારે તા ૨૯મીએ આ. નગિનભાઈને ત્યાં સ્વાધ્યાય કર્યો અમે બધા ૨૦ જણા હતા. ઓપરેશન વખતે અને પછી પણ કમળાબેનને ખુબ જ શાંતિ હતી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પણ ગઈ કાલે સવારના આ. નગિનભાઈનો ફોન હતો. ફોન ઉપર ખૂબ ઢીલા હતા કે કમળાબેનને ફરી તાવ શરૂ થયો છે. ડો. અશ્વિન મહેતાને બોલાવ્યા છે. દોઢવાગે આવવાના છે. Urine તપાસવા માટે મોકલ્યું છે. જોઈએ ! ડોક્ટર શું કહે છે.

આજે સવારમાં ફરી ફોન આવ્યો. ડો. રાત્રે આવ્યા. Heart વાયરજ બધા સળે છે એનો જ તાવ છે. Hospital માં દાખલ કરવા પડશે. આજે બપોરે જશલોકમાં દાખલ કરવાના છે. હું સાંજના હોસ્પિટલમાં જવાની છું. હવે કમળાબેનને હિંમત આપવા માટે આપે જરૂરથી વેળાસર બને તો ઓપરેશન પહેલાં આવી જાવ તો સારૂં. આમ આવવાનું તો છે જ તો બે ચાર દિવસ વહેલા અવાય તો સારૂ. ઓપરેશનની વાત છે, શ્રદ્ધાની વાત છે શાંતિ રહે એ અગત્યનું છે. ખૂબ Seriously વિચાર કરજો.

આ. ભાઈબહોનેને સ્વાધ્યાય ચાલતું હશે. મઝામાં હશે. પ્રોગ્રામ જણાવશો જવાબ આપશો.

પરમાર્થ : હરતાં-ફરતાં, કામ કરતાં સ્વરૂપમાં થોડું થોડું રહેવાય છે. પુરૂષાર્થ ચાલુ છે.

પૂ. બા, દિલીપભાઈ તથા ફેમિલી સર્વ મઝામાં હશે.

**લી. સદ્‌ગુણાના પ્રણામ**

## ૭૫

તા. ૪-૪-૮૧

**આત્માર્થી બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

તમારો તા. ૨-૪નો ઇન્લેન્ડ પત્ર હમણાં જ મળ્યો. વાંચી સંતોષ થયેલ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તા. ૩૧-૩નો આ. મિનલકુમારીનો પત્ર તા. ૨-૪ના રોજ મળેલ તેમાં બે ફાટ આત્મા અનુભવાયાનો આનંદ આનંદ દર્શાવેલ છે. તેણીને મેં સેવીંગગ્રામ દ્વારા તે જ દિવસે અભિનંદન આપ્યા છે.

તમારા તા. ૨-૪ના આજના પત્રમાં તેણી આનંદમાં રહે છે અને તેનું વર્ણન તે કરી શકતી નથી તેમ કહે છે પણ તે બાબત તમારો અભિપ્રાય જણાવતાં નથી પણ તેમ હોવાનું શક્ય છે તેમ મારી માન્યતા છે.

"સૂર્ય ઉદય-અસત રહિત છે, માત્ર લોકોની ચક્ષુ મર્યાદાથી બહાર વર્તે ત્યારે અસ્ત અને ચક્ષુ મર્યાદાને વિષે વર્તે ત્યારે ઉદય એમ ભાસે છે, સૂર્યને વિષે ઉદય-અસ્ત નથી." તેમજ જ્ઞાનીને વિષે આત્માનું છે તે બીજા સ્વમતિ કલ્પનાએ ક્યાંથી જાણી શકે ?

આ. કમળાબેનને દાખલ થવું પડ્યું, તાવ છે, ઓપરેશન કરવું પડશે. ગુરૂવારે ઓપરેશન છે તેવો ફોન હતો. તેથી મંગળવાર તા. ૭મી એ સૌરાષ્ટ્ર મેઈલમાં રવાના થઈ તા. ૮મી ને બુધવારે ત્યાં આવું છું. ટિકીટ આજે મંગાવી છે. શ્રીમાન સી. યુ. શાહને તથા પૂ. માજીને વીર વંદન.

તમોને ખુશી મઝામાં ચાહું છું.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**

**૭૬**

મુંબઈ, તા. ૭-૬-૮૧

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**પ. પૂ. સદ્‌ગુરુદેવાય નમઃ**

આપનો રાજકોટથી સાયલા પહોંચી ગયાનો પત્ર વાંચી ખૂબ ખૂબ આનંદ થયો છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આપના મુંબઈના ૩૩ દિવસના સ્વાધ્યાય દરમ્યાનના એ પરમ સત્સંગમાં મને અનેરો ઉલ્લાસ આવતો હતો, અને ખૂબ જ મઝા આવી હતી. ટાઈમ કેમ પસાર થઈ જાય, ખબર જ ન પડે એ બધો સ્વાધ્યાય હું મુંબઈ Regular કરતી હોવાથી આપ વાંચો ત્યારે સ્પષ્ટ મોઢે જેવું જ થઈ જાય ને યથાર્થ સમજાઈ જાય.

આપની સૂચના મુજબ આંક ૭૧૦ મેં તથા મિનલે વાંચ્યો. જો કે એ તો મને મોઢે જેવો જ છે કારણ ઘણા વર્ષથી એ મને ખૂબ ગમતો અને મેં મારી ડાયરીમાં અણસમજણમાં લખ્યો છે અને પછી છેલ્લા મારી લાંબી નોટબુકમાં તો પહેલે જ પાને લખ્યો છે કે જેથી પહેલાં એના જ તરફ નજર જાય. પણ હવે એ વાંચવાનો કે મોઢે કરવાનો નથી, અનુભવવાનો છે ને એ સ્ટેજ પણ હું ક્યારનીએ વટાવી ગઈ છું અને આપના લખવા મુજબ હમણાં ફરીથી દરેકે દરેક વાક્ય અનુભવ સાથે મળે છે. ખૂબ ગમે છે. મારી જિંદગીમાં મને એક પરમાર્થ અને Medicine એટલું જ વધારે ગમે છે, બાકી બધું જ ગૌણ. હવે તો Medicine કરતાં પણ પરમાર્થ ચઢી જાય.

આંક ૭૧૦-આ આંક પરથી આપણે ક્યાં છે એ પણ ખબર પડે અને હવે શું કરવાનું છે -"તથારૂપ પ્રતીતિ થયે અન્યભાવ સંબંધી અહંમમત્વાદિ, હર્ષ, શોક ક્રમે કરી ક્ષય થાય. મનરૂપ યોગમાં તારતમ્યસહિત જે કોઈ ચારિત્ર આરાધે તે સિદ્ધિ પામે છે અને જે સ્વરૂપ સ્થિરતા ભજે તે સ્વભાવસ્થિતિ પામે છે. નિરંતર સ્વરૂપ લાભ, સ્વરૂપાકાર ઉપયોગનું પરિણમન એ આદિ સ્વભાવ અંતરાય કર્મના ક્ષયે પ્રગટે છે, કેવળ સ્વભાવ પરિણામી જ્ઞાન તે કેવળજ્ઞાન છે... કેવળજ્ઞાન છે."

આ બધી જ દશા સહજ, સ્થિરતા માટે હું આપને જ ધન્યવાદ આપું છું, બીજા રામ કે મહાવીરનો બોધ આપે જ આપ્યો છે. હવે બધું જ પાછું routine પ્રમાણે થઈ ગયું છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાગરમાં પ્રજ્ઞાવબોધમાં ઋષભદેવનું ચરિત્ર, ૧૩ભવ, વંચાય છે, બીજું રત્નકરંડ શ્રાવકાચાર શરૂ થયું છે, મોક્ષમાર્ગ પ્રકાશક પુરૂં થયું છે, વચનામૃતમાં અભ્યંતર ચાલે છે. મારો સ્વાધ્યાય ૧૧॥-૧૨॥, જ્ઞાનસાર, અધ્યાત્મસાર, છોટમ, પ્રીતમ કબીર, સ્તવનાવલી વગેરે.

Strick Dieting ચાલુ છે, મહીના પછી Blood Test માટે જવાનું છે, ડો. Chandavia એ Warning આપી છે-મહિના બે મહિનામાં Chlorostrol Dieting થી જ ચાલીને Walking થી ઉતારવાનું છે.

કેસર કેરી રોહિત વેરાવળથી લઈ આવ્યો છે, એ અંદરથી એકદમ કેસરી અને મીઠી હોય છે. મેં તો આજે જ જોઈ.

પૂ. બા. દિલીપભાઈ, સરોજભાભી તથા બાળકો મઝામાં હશે.

આ. શાંતિભાઈ, આ. નગિનભાઈ તથા બીજા પરમ મુમુક્ષુ, મુમુક્ષુ ભાઈ-બહેન મજામાં હશે. સ્વાધ્યાય નિયમિત થતો હશે.

ગરમી સખત પડતી હશે. અહિંયા હજુ વરસાદ શરૂ થયો નથી. ગરમી સખત છે, જો કે ઘરમાં ગરમી લાગતી નથી. મુંબઈમાં વરસાદ લંબાશે તો પાણી તથા ઇલેક્ટ્રીસીટીમાં કાપ આવશે.

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**

**૭૭**

સાયલા, તા. ૧૫-૬-૮૧

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**આત્માર્થી બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

મુંબઈ સેન્ટ્રલથી સૌરાષ્ટ્ર મેઈલમાં આપ સર્વની વિદાય લીધા બાદ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુખરૂપ સુરેન્દ્રનગર જંકશન તા. ૧૧-૬ સવારે ૮-૪૫ પહોંચી ગયેલ છીએ. ૯-૧૫ મોટરમાં રવાના થઈ ૧૦- ૧૫ સાયલા આવી ગયા.

પ્રથમ બે અઠવાડીયામાં તા. ૮-૪ થી ૨૩-૪ અને બોરડીના આઠ દિવસ અને પછી તા. ૧-૬ થી ૧૦-૬ સુધીના મળી ૩૩ દિવસ દરમ્યાન સ્વાધ્યાય તથા સત્સંગનો જે ઉલ્લાસપૂર્વક તમોએ તથા આ. મિનલકુમારીએ લાભ લીધો તે તરફ દૃષ્ટિ દેતાં પરમ સંતોષ થયેલ છે.

સહજાનંદ સુધા જોઈ જવાનો મને પ્રસંગ થયો અને આપણા સ્વાધ્યાયમાં મોક્ષમાર્ગ પ્રકાશક તથા કબીર સા.ની ચોપાઈઓ વાંચવા દાખલ કરી તે સુચવનાર તમો છો. સામાન્ય મુમુક્ષુ માટે જરૂરી છે. હવે પણ એવાં સુચન કરતાં રહેશો.

તા. ૧૦-૬ સવાર શ્રી સી. કે. નાયડુ હોલ (ક્રિકેટ કલબ)માં સવારના ખાણામાં બધાને મળવાના તથા આઈટેમ્સ જમવાનો બધાને આનંદ આવેલ હતો. ચિ. મિનલને ધન્યવાદ.

તા. ૧૧-૬ રાજકોટ સાંજે ગયા, તા. ૧૨-૬ આ. ચુનીભાઈની પુત્રી ચિ. ભાવનાના લગ્ન હતાં. તા. ૧૩-૪ સાંજે સાયલા આવી ગયા છીએ.

પૂ. માજીને શાતા પૂછી વંદન કહેશો. શેઠશ્રી સી. યુ શાહને વીર વંદન. આ. મિનલને શુભ આશિષ કહેશો.

તમો તથા ચિ. મિનલ વચનામૃત પાન ૫૧૯, પત્રાંક ૭૧૦, વડવા, ભાદરવા સુદ ૧૫નો વાંચી વિચારશો. ચિ. મિનલે ફરી ફરી વાંચી વિચારવો. તમારે એક વખત વાંચી દરેક વાક્ય આપણા અનુભવ સાથે મેળવવું.

તમો ચરી પાળી, દવા લઈ તબીયત સાચવશો, તમોને ખુશી મજામાં ચાહું છું.

**લી. સંતચરણસેવક લાડકચંદના આત્મભાવે વંદન**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૭૮

સાયલા, તા. ૩૦-૬-૮૧

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**આત્માર્થી બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

તમારો તા. ૧૯-૬નો ઇન્લેન્ડ પત્ર તા. ૨૨-૬ ના રોજ પહોંચ્યો, વાંચી પરમ સત્સંગનો જે લાભ લીધો, અને બધું અનુભવાય છે અને આંક ૭૧૦ના પત્રના અનુભવનો સ્ટેજ વટાવી ગયા છો તેમ લખ્યું તે વાંચી સંતોષ થયો અને બરાબર છે. વાંચન પુરૂષાર્થ ચાલુ રાખશો.

તા. ૨૧-૬ ના આ. મિનલના પત્રથી ઘરમાં લપસતાં તમોને વાગ્યું છે તે જાણતાં ઘરમાં બધાને ઉચાટ થયો છે. હવે તદ્દન સારૂં થઈ ગયેલ હશે. ચિ. દિલીપની બાના ફ્રેક્ચરની તમોને ડો. ખારોડે વાત કરી તે સાચી છે. તા. ૧૮-૬ ના રોજ બોન્સના એકસપર્ટ ડો, સંઘવી પાસે પ્લાસ્ટરનો પાટો બંધાવેલ છે તે ત્રણ અઠવાડીએ તા. ૯-૭ છુટશે, ત્યારે ખબર પડે, ડો. ખારોડ તથા ડો. સંઘવીનો અભિપ્રાય છે કે ૯૦% સુધરશે. ૧૦ ટકા ખામી રહી જશે. જેથી ચલાશે તો ખરૂં. પણ બેસવામાં પલંગ ખુરસી આવી જશે. મુંબઈ આપણે હતાં ત્યારે તા. ૪-૬ ના પડેલ અને હાડવૈદે તે વખતે xray લેવડાવ્યો નહીં. તેમને વેદની-પીડા ભોગવવાની હશે. પથારીવશ તો પાટો હોય ત્યાં સુધી રહેવું પડે ઉંમર હિસાબે ઓપરેશન થાય નહીં તેમ ડો. ખારોડ કહેતાં.

પૂ. માજીને વંદન, મુમુક્ષુ ભાઈ સી. યુ. શાહને યાદ કર્યાનું કહેશો. તમોને ખુશી મઝામાં ચાહું છું.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૭૯

મુંબઈ, તા. ૩-૭-૮૧

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમ: ॥

**પ. પૂ. સદ્ગુરુદેવાય નમઃ**

આપનો તા. ૩૦-૬-૮૧નો પત્ર વાંચી ખૂબ આનંદ થયો છે.

ડો. ખારોડ તથા ચંદુભાઈ વગેરે બીજા ૬-૮ જમવા આવવાના હતા તે જ દિવસે ૧૧ વાગે હાથમાં ખાલી સ્ટીલની થાળી લઈ ડાઈનીંગ રૂમમાં જતી હતી. બારણામાં જ ચીકણું પાણી ઢોળાયું હશે ત્યાં પગ લપસ્યો ને પડી ગઈ. હંમેશાં એ જમણે પગે જ વાગે છે. Sprain મોચક છે. Surgical Bondaid પાટો બાંધી તથા Sugranil tablet લઈ તે ડો. ખારોડે બાના પગના tibula bone fracture બરાબર સમજાવીને સમાચાર આપ્યા હતા. વખતસર Xray તથા plasterનો પાટો નહીં બાંધવાથી વધારે વખત રીબાવું થયું, વગેરે આપે લખ્યું એ મુજબ જ કહ્યું હતું. મારો પત્ર મળશે ત્યાં સુધીમાં પાટો છૂટી ગયો હશે અને હવે સારૂં હશે.

હું પ્રભુ પાસે પ્રાર્થના કરૂં છું કે પૂ. બાને જલદી સારૂં થઈ જાય. પૂ. બા આપની સવારના ચારથી રાત સુધી ખૂબ ખૂબ સંભાળ લે છે.

તા. ૧૫-૭-૮૧ ના ગુરુપૂર્ણિમા પર હું, રોહિત તથા મિનલ સાયલા આવવા માટે નીકળવાના છે. વાંચન પૂરૂષાર્થ ચાલે છે.

મારા Sitting Roomના ટેબલ પર પડેલી બે લાલ નોટ મેં જોઈ મને વિચાર આવ્યો કે જોઉં મિનલે બાપુજીની નોટબુક કેટલી લખી છે તો ફક્ત બે ચાર પાનાં જ, આ ગયા અઠવાડીયાની વાત છે.

મને વિચાર થયો કે હવે મિનલને ટાઈમ બહુ ઓછો મળે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આખો દિવસ ઓફીસ, બાકીનો ટાઈમ રજામાં સાંજે રાતના રોહિત તથા તેના ફેમિલી સાથે, અને એના માટે દયા આવી. મેં લખવાનું સારા મોટા અક્ષરે નક્કી કર્યું. તે જ ઘડીથી શરૂ કર્યું. પૂરી થવા આવી છે. મને હમણાં ખબર પડી કે શાતિદાદાની કોપી મંગાવી છે. પણ હવે જરૂર નથી. મને આપનું ને મારૂં લખાણ ખબર પડી. હમણાં સમયસારના સવૈયા લખું છું. એ પૂરા થવા આવ્યાં છે. જ્યારે પહેલી વખત મારી નોટમાં લખતી હતી ત્યાં કંઈ સમજાતું ન હતું. Mechanicall લખ્યા હતા ત્યારે અત્યારે ખૂબ ખૂબ ઉલ્લાસ, આનંદ, સ્પષ્ટ યથાર્થ સમજાય છે. આખો મોક્ષમાર્ગ જ કહી દીધો છે. મને સમયસાર નાટક જાણે પાછું વાંચવા ન મળ્યું હોય ? એવો આનંદ થાય છે, અક્ષર મોટા લખ્યા છે.

સી. યુ. એ વચનામૃતમાંથી પહેલીથી ૭૦ પાનાં વાંચ્યાં છે. હમણાં રોજ વાંચે છે. હું ઇચ્છું છું કે એ ચાલુ રાખે. આપ પણ એને માટે ઇચ્છો, વિચાર કરજો. કંઈ એનું જ પરિણામ લાગે છે. પણ આવતા અઠવાડિયે મદ્રાસ જવાના છે. પછી અમે સાયલા આવીશું. સાથે વચનામૃત લઈ જાય તો સારૂં.

પૂ. માજીની તબીયત આમ તો સારી છે, પણ એમને પોતાને માનસિક રીતે સારૂં ન લાગે, જેનો કોઈ ઉપાય નથી.

આ. નગિનભાઈ, આ. શાંતિભાઈ તથા સર્વ આ. ભાઈબહેનો, મુ. પ. મુ. ભાઈબહેનોને યાદી.

દિલીપભાઈ, સરોજભાભી તથા બાળકો મઝામાં હશે.

અભ્યંતર, હા. નો. ૩, ૨૩ માં-

(૧) "અહો ! સર્વોત્કૃષ્ટ શાંત રસમય સન્માર્ગ-

(૨) "અહો ! તે સર્વોત્કૃષ્ટ શાંત રસ પ્રધાન માર્ગના મૂળ સર્વજ્ઞદેવ-

(૩) "અહો ! તે સર્વોત્કૃષ્ટ શાંત રસ પ્રધાન માર્ગના મૂળ સર્વજ્ઞદેવ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૪) "આ વિશ્વમાં સર્વકાળ તમે જયવંત વર્તો, જયવંત વર્તો."

**લી. આજ્ઞાંકિત સદ્ગુણાના પ્રણામ**

**૮૦**

મુંબઈ, તા. ૨૫-૭-૮૧

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**પ. પૂ. સદ્ગુરુદેવાય નમઃ**

હું તથા મિનલ સુખરૂપ પહોંચી ગયા છીએ બોમ્બે સેન્ટ્રલ સ્ટેશન આવ્યા ત્યારે ખબર પડી કે સી. યુ. શાહ મદ્રાસથી સોમવારે મુંબઈ આવી ગયા હતા ને મંગળવારે અમદાવાદ ગયા હતા, કામકાજ માટે. એક તો I. M - Nanavati જે અમારી બધી જ કોલેજના Managing Trustee હતા, તેનું તૈલ ચિત્ર C. U. Shah કોલેજમાં મૂકવાની વિધિ હતી. એમની કોલેજો પ્રત્યે ખૂબ ખૂબ સેવાઓ હતી. Madical Seat (Trust)ની ગવર્નમેન્ટ સાથે વાતચીત કરવા માટે ગયા હતા તે અમે આવ્યા તે જ દિવસે ૯-૨૦ના પ્લેઈનમાં અમદાવાદ આવવાના હતા. તેથી અમે સીધા Air Port પર એમને લેવા માટે ગયા હતા. લગભગ ૧૦-૪૫ આવી, નાહી ધોઈ, જમી આરામ કર્યો હતો.

આ વખતનો આઠ દિવસનો પરમ સત્સંગ જ્યારે સ્વાધ્યાયમાં બેસીએ ત્યારે એક લીન થઈ જવાય છે. બધું જ વિસરાઈ જવાય છે, ખુબ જ આનંદ, યથાર્થ સમજાય છે. અને બાકીનું, આપનો પરમ સત્સંગ એટલે બીજું શું જોઈએ. એટલે આ ૮ દિવસ ૮ મહિનાનો સ્વાધ્યાય જેવો લાગે છે. અરે ત્યાંના મંદિરમાં પગ મૂકીએ કે તરત જ પૂજા, સ્તવન, પ્રાર્થના વગેરેમાં ચિત્ત લીન થઈ જાય અને ખુબ આનંદ આવે. મુંબઈમાં પણ સ્વાધ્યાય કે મંદિરમાં એવું જ થાય છે. ચિત્ત



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ્વરૂપમાં સ્વીચ Off અને On જેમ થઈ જાય છે. દિવસનો પોણો ભાગ એમાં જ જાય છે, એટલે આનંદમાં જાય. ત્યારે બધું જ વિસરાઈ જાય. બાકી થોડો વખત મળે તો કેસેટ વગેરે સાંભળીયે એટલે પ્રગતિમાં કશો જ વાંધો આવતો નથી. દિવસે દિવસે પ્રગતિ જ હોય એમ જ લાગ્યા કરે છે. ઇશ્વરકૃપાએ બધું જ સરળ છે. બસ જરા નિમિત્તાધીન હર્ષ, શોક એ સ્ટેજ વટાવી જવાય તો જગ જીત્યા.

આપની Ringwormની દવા આંગડીયા સાથે મોકલી આપું છું. તેમ બાને પગે દુ:ખાવાની દવા પણ મોકલું છું. બસ, બાની કસરત તથા માલિશ ચાલુ રાખશો. એ પોતે ખુબ હતાશ થઈ ગયા છે. એ જરૂર ચાલતાં થઈ જશે.

ચિ. રોહિતનો પ્રોગેસ જોતા રહેશો અને લક્ષ ખેંચશો તથા પુષ્પાબેનને પણ.

આત્માર્થી ભાઈ-બહેન, મુ. પ. મુ. ભાઈ-બહેનોને યાદી. દિલીપભાઈ આવી ગયા હશે. સરોજ ભાભી તથા બાળકો મઝામાં હશે.

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**

મિનલ ૭-૪૫ ઊઠી ગઈ છે. જોઈએ, રોજ ઊઠે છે કે શું ? આજે સ્વાધ્યાય, ધ્યાન કરે છે, કે પાછી ચા પી સૂઈ જાય છે. ૪।। હજી સુધી સૂઈ નથી ગઈ. લાગે છે ગાડી પાટા પર ચઢી ગઈ. હવે મારી ખુરશી Vacate કરવાનું કહે છે. બેસવા તૈયાર થઈ છે.

**૮૧**

મુંબઈ, તા. ૯-૮-૮૧

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**પ. પૂ. સદ્‌ગુરુદેવાય નમઃ**

રોહિત સાથે મોકલેલ પત્ર મળ્યો છે. હવે Ringworm ની ટેબલેટ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શરૂ કર્યે અઠવાડીયું થયું. લગભગ સારૂં થઈ ગયું હશે. પૂ. બા પણ ચાલતાં થઈ ગયા હશે. હવે અમે પર્યુષણ પર આવીએ ત્યાં સુધી બધાને તદ્દન સારૂં થઈ જશે.

મારો Blood Sugar Report તદ્દન Normal આવ્યો છે. Fasting Blood Sugar 105 Normal 80 to 120 સુધી આવે તો પણ ચાલે, જમ્યા પછી Blood Sugar 133 Normal, 180 સુધી આવે તો પણ ચાલે, Blood Chlorostrol 235 Normal 250 સુધી ચાલે, Dr. Chandalia report જોઈ ખુશ થઈ ગયા છે. આજ પ્રમાણે Dieting ચાલવાનું ચાલુ રાખવાનું કહ્યું છે. મુન્ની (મિનલનો Book કરેલો) સાયલાનો ફોન લાગ્યો ત્યારે હું ફરવા ગઈ હતી. એ મને બાથરૂમમાં શોધતી હતી.

આપની લાલ નોટ-છપદનો પત્ર, યમ નિયમ, અપૂર્વ અવસર, આઠ દૃષ્ટિની સજ્ઝાય, બોધ, સાગરમાંથી કબીરનું, જ્ઞાન બાવની વગેરે બધુંજ પુરૂં કરી દીધું છે. અઠવાડીયા પહેલા પુરી થઈ ગઈ છે.

રત્નકરંડ શ્રાવકાચાર વંચાય છે. ખુબ મઝા આવે છે. સમ્યગ્જ્ઞાન-રત્નત્રયની વ્યાખ્યા આપી છે. જો સાચો આત્મ લક્ષ, નિશ્ચય સમકિત, પછી જ તેની પ્રતીતિ, તેમાં રમણતાં, ત્યારે રત્નત્રય, બાકી સમ્યગ્ દર્શન નહીં. મિથ્યાત્વ જાય નહીં ત્યા સુધી એટલે દરેકને પોતે ક્યાં છે તેનો ખ્યાલઆવી જાય ખાસ કરીને, સાગરવાળા માટે.

રાજ-સોભાગ સત્સંગ મંડળ આશ્રમ બાંધવા માટે C. U. Shah ગયા રવિવારે બપોરના મુડમાં હતા, વાતો કરતાં હાત તે વખતે આશ્રમના પ્લાન સંબંધી, તેમજ આશ્રમ બાંધવાનો Purpose શું છે જે કૃપાળુ દેવથી સોભાગભાઈને છેલ્લા અમારા પૂ. ગુરુદેવ કે જેનાથી અમે બધાએ જ્ઞાન પ્રાપ્તિ કરી છે, કરીયે છીએ તેની યાદમાં સાયલા પસંદ કરી ત્યાં બાંધવાનું વિચારેલ છે. Estimate વિષે પણ જણાવ્યું.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લગભગ ૧૧॥ લાખનું Project છે, વગેરે બધું શાંતિથી સાંભળ્યું છે. ના, એવું કાંઈ કીધું નથી. જોઈએ પછી, વિચાર કરતા મૂકી દીધા છે,

આચાર્ય બુદ્ધિસાગર રચિત આનંદઘનજીના પદોનો અર્થ-આપની લાલ નોટબુકમાં જે પદો છે એના અર્થ એમાંથી વાંચ્યાં બહુ મઝા આવી. આ ચોપડી રાજુના દાદાજીની છે. પદ ૭મું- "અવધું ક્યા સોવે તન મઠમેં" એનો અર્થ વાંચતા એમનો માર્ગ કુંડલીનીનો હોય એમ સ્પષ્ટ લાગે છે. આપણો રાજમાર્ગ નથી.

સાગરમાં વચનામૃત પહેલેથી જ શરૂ થયું છે. હમણાં બાર ભાવનાઓ વંચાય છે. એમાં શું સરસ, યથાર્થ બોધ-ઉપદેશ બોધ, ઉપદેશ બોધ હોય તો જ સિદ્ધાંત બોધ પરિણમે. અને શું એમની વૈરાગ્યતા, એકત્વ ભાવના અને રાજ રાજેશ્વર ભરતની અન્યત્વ ભાવના છ ખંડના ચક્રવર્તી રાજાને એક આંગળીથી વીંટી સરકી જવાથી કેટલો બોધ પામી ગયા ! અને તે અરિસા ભુવનમાં આત્મ-અનાત્માનો વિવેક, ભેદજ્ઞાન-1st stage અહં મમત્ત્વ છૂટી ગયું-2nd state, મોહતીમિર ટળી ગયું 3rd stage શુક્લ ધ્યાન થયું. ૧૨મા ગુણસ્થાનમાં આવી ગયા, કેવલ જ્ઞાન થયું અને મોક્ષે ગયા. પૂર્વનું આરાધન એક વીંટીના સરકવાથી સ્વયં બોધ પામ્યા. અમારી કિંમતી ગળાનું પેન્ડન તથા હીરાની બંગડી પણ ગુમાઈ હતી, પણ એવો કાંઈ વૈરાગ્ય થયો નહીં હતો. ત્યારે આવું જ્ઞાન પણ પામ્યા ન હતા. અન્યત્વ વગેરે ભાવના વંચાય ત્યારે Temporary વૈરાગ્ય આવે અનાસક્ત ભાવ તો રહે છે જ.

એવી અશુચિ ભાવના-સનતકુમારનું ચરિત્ર-ક્ષણમાં કાયાનું વિણસી જવાનું, રક્ત પીત્તીયા તેનાથી વૈરાગ્ય પામ્યા, તે સ્વયંબુધ-બોધ પામ્યા. એ રીતે બધીજ ભાવનાઓ પરમાર્થ દૃષ્ટિએ ખુબ જ ઉપયોગી છે માટે દરેકને પૂર્ણ પ્રાપ્તિ કે સારી દશાવાળા કે અર્ધ પ્રાપ્તિ કે બધાને માટેજ પહેલેથીજ વાંચવાનું સુચન કરશો. એ મારા અનુભવ ઉપરથી લખું છું.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ. ભાઈ બેનોને યાદી, પરમ મુમુક્ષુ મુમુક્ષુ ભાઈ બહેનોને યાદી. દિલીપભાઈ, સરોજભાભી, બાળકો મઝામાં હશે.

**લી. આજ્ઞાંકિત સદ્દગુણાના વંદન**

## ૮૨

સાયલા, તા. ૨-૮-૮૧

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**આત્માર્થી બેન શ્રી સદ્દગુણાબેન, મુંબઈ**

તા. ૨૫-૭નો ઇન્લેન્ડ પત્ર તા. ૨૮-૭ ના રોજ મળ્યો. ખુશીથી પહોંચી ગયાના સમચાર જાણેલ છે. તે પહેલા ખુશીથી પહોંચ્યાનો અને સીધા એરપોર્ટ ગયાનો પૂ. મામાશ્રી અમદાવાદથી આવવાના હોઈ, ચિ. મિનલકુમારી નો પત્ર આગલા દિવસે મળેલ હતો.

સાધકોનો છેલ્લો બેચ તા. ૧-૮ ના રોજ રવાના થઈ તમારા તરફ આવેલ છે.

આઠ દિવસના સ્વાધ્યાયે આઠ માસના સ્વાધ્યાય જેટલી અસર કરી તેમ લખ્યું તો પરમ સત્સંગની અસર બહુ જ થાય એમ ઠેક ઠેકાણે બધા લખી ગયા છે. દિવસનો પોણો ભાગ સ્વરૂપ લીનતામાં જાય છે એટલે આનંદ આનંદ જ હોય પણ આઠે પહોર સહજ રીતે તેમ રહે તેમ થઈ જશે ત્યારે અનુભવનો ઓર રંગ આવશે. દિવસે દિવસે પ્રગતિ છે તો તેમ થઈને રહેશે.

દવા મળી છે, ચાલુ કરેલ છે. ચિ. દિલીપની બા હોલમાં ટેકાથી બે વખત ચાલે છે. કસરત અને ચોળવાનું ચાલુ છે. બધા ખુશી હશો.

**લી. સંતચરણ સેવક, લાડકચંદના આત્મભાવે વંદન**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૯૩

સાયલા, તા. ૧૫-૮-૮૧

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમ: ॥

**આત્માર્થી બેનશ્રી સદ્‌ગૂણાબેન, મુંબઈ**

તમારો તા. ૯-૮નો લખેલ પત્ર તા. ૧૦-૮ ના રોજ મળી ગયેલ છે. વાંચી સંતોષ થયેલ છે. Ringworm ની દવા મળી ગયેલ. આજે લીધા ૧૨-૧૩ દિવસ થયા. એકદમ ફેર પડી ગયો. લગભગ મટી ગયું.

Blood Sugar Report નોરમલ આવ્યો જાણી તે ફીકર મટી પણ Dieting તો ચાલુ રાખવું પડશે

લાલ નોટની નકલ થઈ ગઈ જાણીને આનંદ હવે તે નોટબુક આ. શાતિભાઈની ટાઈપ કરેલી નકલ સાથે મેળવાવી લેશો.

રત્નકરંડ શ્રાવકચાર વંચાય છે. બધાને મઝા આવે છે. સમ્યક્‌દર્શનની મહત્તા કેટલી છે તે સ્થળે સ્થળે જણાવ્યું છે. તેના વગર બધું નકામું છે.

આચાર્ય બુદ્ધિસાગરના પૂ. આનંદઘનજીના પદોના અર્થ ટીકા વાંચ્યા, જાણેલ છે. મેં તે અર્થ- ટીકા વર્ષો પહેલાં વાંચેલી અત્યારે પદ ૭નો ખ્યાલ નથી.

બાર ભાવનાની વાત લખી તે ખરેખર તેમજ છે. આપણે અધ્યાત્મ ઉપનિષદ પ. પૂ. હેમચંદ્રસૂરિના આત્મ અનુભવનું પ્રકરણ વાંચીએ છીએ ત્યારે તે પહેલાં બાર ભાવનાઓ આપી છે. તે શા માટે આપી હશે ? તેમ મને થતું હતું. પણ આ તમારા પત્ર પછી સમજાણું કે કેટલી વૈરાગ્ય પ્રેરક ભાવનાઓ છે. તો તે ભૂમિકા થયા પછી જ અનુભવ યથાતથ્ય થાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પૂ. માજીને સુખશાતા પૂછશો. શેઠશ્રી સી. યુ. શાહને વીર વંદન ચિ. મિનલકુમારી મજામાં હશે. તમોને ખુશી મઝામાં ચાહુ છું.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**

**૮૪**

મુંબઈ, તા. ૯-૯-૮૧

|| ૐ ||

|| સહજાત્મ સ્વરૂપાય નમ: ||

**પ. પ. સદ્‌ગુરુદેવાય નમઃ**

અમે મુંબઈ રવિવારે સુખરૂપ પહોંચી ગયા છીએ આ વખતે પર્યુષણ સંવત્સરી પ્રતિક્રમણ કરતાં ખુબજ આનંદ થયો હતો. અને આપનો સ્વાધ્યાય તો ૮ દિવસનો એક વર્ષનો થયો હોય એમ લાગ્યો હતો. ૧૦ દિવસ જાણે ૧૦ મિનિટ જેવા લાગ્યા હતા. મુંબઈનું બધું જ ભૂલાઈ ગયું હતું.

મુંબઈ આવવાના બે દિવસ પહેલાં જે આપે છેવટનો બોધ આપ્યો તેનો બધા પત્રો સાથે છેલ્લા Recordમાં રાખવો છે. અને હું આપ જ્યારે છેવટનો બોધ આપતા હતા ત્યારે હું આપનામાં એટલી બધી લીન હતી કે મારા મગજમાં એ બધું ગયું નથી. તો આ બે કારણથી આપ જરૂરથી આ પત્રના જવાબમાં Detail માં સારી રીતે બોધ લખવા મહેરબાની કરશો તો હું ખુબ ખુશી થઈશ, અને એ મને પુરૂષાર્થમાં મદદ કરશે જેથી આપના વચન પ્રમાણે ૧ વર્ષમાં છેલ્લા સ્ટેજ માટે તૈયાર થઈ જાઉં. એ મારૂં પણ વચન છે, પુરૂષાર્થ કરી તમને સંતોષ આપવાનું.

હું મુંબઈ આવી ત્યારથી એ પુરૂષાર્થ ચાલુ કર્યો છે પણ હજુ સ્પષ્ટ સમજવું છે, ગુંચવાડો થાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પૂ. બાને પગે સારૂં હશે. દિલીપભાઈ, સરોજભાભી, બાળકો મજામાં હશે. આ. પ. મુ. મુ. ભાઈબહેનો મઝામાં હશે આનો પત્રથી જ જવાબ આપશો. મુંબઈ આવતા પહેલાં લખશો. ક્યારે નીકળવાના છો તે જણાવશો.

C. U. Shah તા. ૭મી એ લંડનથી સીંગાપુર ગયા છે, તા. ૧૫ની આસપાસ મુંબઈ આવશે. મઝામાં છે,

હવે આ નગિનભાઈની તબીયત અંગે, તેમજ ચિ. નલિનભાઈ, આ. બટુકભાઈ વી. નહીં જોડાવાના સંયોગોને લઈને કાશ્મીર પ્રવાસનો પ્રોગ્રામ હાલ રદ કરેલ છે તેથી તે પહેલાં ત્યાં આવવાપણું તે કારણે રહેતું નથી.

મુંબઈ આવવા અગાઉ બે દિવસનો બોધ વિગતે લખી મોકલવા જણાવ્યું. બે દિવસ વિચાર્યું પણ તે યથાતથ્ય વાણીમાં આવેલ હોય તો પણ યથાતથ્ય લખી શકાય તેમ જણાતું નથી છતાં સમાગમે પૂછશો તો સમજાવાય તેટલું સમજાવવા પ્રયત્ન કરીશ છતાં નિચેના ઉપર વિચાર કરશો,

"વેદના વેદતા જીવને કંઈ પણ વિષમભાવ થવો તે અજ્ઞાનનું લક્ષણ છે. પણ વેદની છે તે અજ્ઞાનનું લક્ષણ નથી. વર્તમાનમાં તે માત્ર પ્રારબ્ધરૂપ છે. તેને વેદતા કે ભોગવતા જ્ઞાનીને અવિષમપણું છે. એટલે જીવ અને કાયા જુદા છે એવો જે જ્ઞાનયોગ તે જ્ઞાનીપુરૂષનો અબાધ જ રહે છે. નવા કર્મનો હેતુ નથી.

'જે વર્ધમાન સ્વામી ગૃહવાસમાં છતાં અભોગી જેવા હતા, અવ્યવસાયી જેવા હતા, નિસ્પૃહ હતા, સહજ સ્વભાવે મુનિ જેવા હતા, આત્માકાર પરિણામી હતા. તેમને તે બધું અસાર લાગ્યું" તો નિર્વિકલ્પ સમાધિ દશા માટે પુરૂષાર્થ કરવો અને સતત જાગૃત રહેવું.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હવે શ્રીયુત્ સી. યુ શાહ આવી ગયા હશે. મજામાં હશે. ચિ. દિલીપની બા હોલમાં ધીમે ચાલે છે. લાકડીથી ચાલી આશ્રમમાં સ્વાધ્યાયમાં ભાગ લે છે પણ દુઃખાવો રહે છે. પૂ. માજીને વંદન. ચિ. મિનલનો તા. ૧૦-૯નો પત્ર મળ્યો. વાંચી ખુશી થયા છીએ, તમોને ખુશી આનંદમાં ચાહું છું.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**

## ૮૫

મુંબઈ, તા. ૫-૧૧-૮૧

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**પ. પૂ. સદ્‌ગુરુદેવાય નમઃ**

આપનો તા. ૧૮-૯-૮૧નો લખેલ પત્ર મળ્યો છે. વાંચી ઘણો ઘણો હર્ષ થયેલ છે. આ પત્ર અતિ ઉચ્ચ ઊંચો-છે. છેવટની પરાકાષ્ટાનો છે. તે નિર્વિકલ્પ સમાધિ દશા માટે, પુરુષાર્થ કરવા માટે તથા સતત જાગૃતિ રહેવા માટે લખ્યું હતું, પણ મને પત્ર વાંચતા એમ જ થયું કે આ છેવટનો માર્ગ કરી શકીશ ? મને બહુ વિકટ લાગ્યો. પણ વિચાર કરતાં એ વિચાર આવ્યો-(આટલો કાળ વહી ગયો ને પત્ર લખવામાં ઢીલ થઈ તે બદલ ક્ષમા) કે અને એમ લાગ્યું કે-મને શું ચિંતા, માથે સમર્થ સત્ ગુરુ બેઠા છે ને ? વિચાર કરીને જ આજ્ઞા કરી હશે ને ? મારે તો બસ આજ્ઞા પાળવાની રહી. પુરૂષાર્થ કરવાનો જ રહ્યો. અને ખૂબ ખૂબ વિચાર કરી નિર્વિકલ્પ સમાધિદશા થવા વિષે બરાબર સમજી પુરૂષાર્થ શરૂ કરી દીધો. અને મને લાગે છે કે અંશે પરિણામ સારું આવ્યું છે ને આવશે જ. મને આશા બંધાઈ છે કે મારા ગુરુનું વચન અફળ ન જ જાય. અને નહીં જ જશે. ઝાઝો વિચાર કર્યા વિના



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પુરુષાર્થ કર્યે જા. મારા સત્‌ગુરુની અસીમ કૃપાથી બધું જ પાર પડી જશે. એમ મને ચોક્કસ વિશ્વાસ બેસે છે.

દિવસે દિવસે પ્રોગ્રેસ (આત્માની દશા) વધતો જાય છે. આત્મા-પરમાત્માની એકાગ્રતા વધતી જ જાય છે. સ્થિરતા પણ વધુ (આઠ પહોર જેવું જ) વખત ટકી શકાય છે. (સ્વરૂપમાં).

C. U. Shah ૯-૧૧-૮૧ મદ્રાસ જાય છે. ત્યાંથી ૧૬મીએ મલેશીયા તથા સિંગાપુર જશે. હું તથા મિનલ તા. ૧૬મીએ મુંબઈથી સીધા સિંગાપુર, મલેશીયા જઈશું. પાંચ કલાક પ્લેઈનનો રસ્તો છે. ૨૭ કે ૨૮ તારીખે પાછા આવી જઈશું-દશ બાર દિવસમાં.

આ. નગિનભાઈ, શાંતિભાઈ તથા બીજા ભાઈબહેનોને મારી યાદી. પૂ. બાને પગે હવે સારું હશે. દિલીપભાઈ, સરોજ ભાભી તથા બાળકો મઝામાં હશે. મિનલ નિયમિત ધ્યાન તથા સ્વાધ્યાય કરે છે એનો Progress પણ વધતો જાય છે.

આપશ્રી તથા આ. નગિનભાઈ તા. ૧૩ મીએ વેરાવળ જવાના છો એમ સાંભળ્યું છે. તા. ૨૮મીએ અહીંયાં મુંબઈ આપ પધારશો એમ પણ સાંભળ્યું છે. લગ્નમાં તો આવશો જ. નગિનભાઈ સાથે આવશો જ. એજ,

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**

**૮૯**

જામનગર, તા. ૯-૧૧-૮૧, બુધવાર

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**આત્માર્થી બેન શ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

તમારો તા. ૫/૧૧ નો પત્ર તા. ૯/૧૧ ના રોજ મળ્યો. વાંચી અતિ સંતોષ થયેલ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તમારા પુરુષાર્થને ધન્યવાદ ઘટે છે. મને વિશ્વાસ છે કે તે લક્ષે પહોંચી જશો. તમારા પત્રની રાહ જોતો હતો. પ્રોગ્રામ શ્રી શાહનો તથા તમારો જાણેલ છે. અત્યાર સુધી વિશેષ આધાર વચનામૃતમાંથી શોધવા બિલકુલ ટાઈમ મળેલ નથી, એટલે અત્યારે પણ વિશેષ લખી શકતો નથી.

ગયા પત્રના આધારે તમે જે પુરુષાર્થ કરો છો તે ચાલુ રાખશો. આઠે પહોર સ્થિતિ રહે છે તે જાણી ઘણો આનંદ થયો છે.

હવે તો મલેશીયા, સીંગાપોરથી આવશો તે અરસામાં મુંબઈ આવું છું, એટલે સમાગમે વધારે વાતચીત થઈ શકશે. તમોને ખુશી મજામાં ચાહું છું.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**

## ૮૭

સાયલા, તા. ૧૬-૧૨-૮૧

**શ્રીમાન્ શેઠશ્રી ચિમનલાલભાઈ તથા આ. સદ્ગુણાબેન તથા ચિ. મિનળ, મુંબઈ**

લાડકચંદ માણેકચંદ વોરા તથા નગીનદાસ કલ્યાણજી શાહના વીર વંદન વાંચશોજી.

આપના પૂ. માતુશ્રીના દેહવિલયના માટા સમાચાર તે જ દિવસે બપોરે મલતા અમોને બહુ દિલગીરી થઈ હતી. રાત્રે અરજન્ટ ફોનથી આપ બધાને દિલશોજી આપી હતી

આપ બધા સમજુ છો, તેઓ તો ભાગ્યશાળી થઈ ગયા. તો હિંમત રાખી બધાને હિંમત આપશોજી.

બધાય દેહધારીનું શરીર ગમે ત્યારે જવાનું છે. પણ તેનું સહચારીપણું



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હોય ત્યાં સુધીમાં આપણે આપણા આત્માનું કાર્ય કરી લેવાનું છે, કારણ કે મનુષ્યભવની દુર્લભતા છે, અને એ જ ભવમાં આ કામ થઈ શકે તેમ છે, તે આપ બધા જાણો છો. તો અત્યારે જાગૃત થઈ આપણને જે જોગ મળ્યો છે તેનો આપણી સાધનામાં બની શકે તેટલો પુરૂષાર્થ કરી લેવો તે સાર્થક છે.

મર્હુમ બહુ ભોળા સ્વભાવના હતા. તા. ૭-૧૨-૮૧ના બપોરે અમો બધા ચા નાસ્તો કરવા આપના ઘેર આવ્યા ત્યારે મળ્યા હતા અને વાપરવા આગ્રહ કરતા હતા તે યાદ આવે છે. પરમ કૃપાળુ તેઓના આત્માને શાંતિ આપો એ જ અભ્યર્થના.

**લી. આપના લાડકચંદ વોરા તથા**
**નગિનદાસ કે. શાહના વીરવંદન**

## ૮૮

મુંબઈ, તા. ૨૩-૧૨-૮૧

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમ: ॥

**પ. પૂ. સદ્દગુરુદેવાય નમ:**

તમારો તારીખ ૧૬-૧૨-૧૮નો દિલાસાનો પત્ર વાંચી સંતોષ થયો છે.

ગયા સોમવારે તા. ૧૪મીએ સ્વપ્ને પણ ખ્યાલ નહીં કે આમ પાંચ મિનીટમાં પૂ. માજીનો હાર્ટફેઈલમાં જીવ ચાલ્યો જશે. બસ અને આયુષ્યસ્થિતિ પૂરી થઈ કે એક ક્ષણ પણ જીવ રોકાયો નહીં. ઘડીકમાં હતા ન હતા થઈ ગયા. પૂ. માજીનો ચોવીશે કલાકનો ઘરમાં ચોકી પહેરો, જ્યારે આવો ત્યારે રાત્રિ દિવસ જાગતા જ હોય. એવા ખૂબ નીડર અને પુરુષ જેવા બળવાન હતા. એમનાથી બધા જ લોકો ડરે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એમની ખૂબ હિંમત હતી. C. U. Shah પૂજ્ય માજીના ભરોસે જ અવાર નવાર બહારગામ જતા. હવે વિચાર કરતા મૂકી દીધા. ૨૮ વર્ષ નવેમ્બરમાં પૂરા થયા અને ૨૯ મુ વર્ષ બેઠું, એટલો એમની સાથેનો મારો અધ્યાસ-સહવાસ હતો. એટલે ઘરમાં સૂનું સૂનું લાગે છે. આદત પડી ગઈ હતી. હવે એમના વિના રહેવાની આદત પાડવી જ રહી, બીજો ઉપાય જ નથી.

ગયા અઠવાડીયે હું પત્ર લખવાનો વિચાર જ કરતી હતી અને અચાનક જ આમ બની ગયું.

આપના મુંબઈના દશ દિવસના વસવાટ દરમ્યાન જે આપે અમારા માટે Selected પત્રો વાંચવા તથા સમજાવવા માટે જે જહેમત - મહેનત ઉઠાવી તે ખરેખર પ્રશંસાપાત્ર છે. તે ઉપરાંત વેરાવળમાં વચનામૃતમાંથી Select કરવા જે મહેનત ઉઠાવી-ચીવટ કરી તે તો ખૂબ જ પ્રશંસનીય છે. હવે અમારે માટે માર્ગ સરળ કરી આપ્યો, અને ઇશ્વર ઇચ્છાથી અને આપની અસીમ કૃપાથી અમે જરૂર સફલ થઇશું. અમને પણ ઇશ્વર બળ આપે હિંમત આપે અને આપની અસીમ કૃપા સતત વર્ષાવે, એવી પ્રાર્થના કરૂં છું.

પૂ. માજીનો પ્રસંગ વિચાર કરતા મૂકી દે છે. હે જીવ ! વિલંબ ન કર. સતત પુરૂષાર્થ કર. વ્યવહારમાં, ઘરમાં, સંસારમાં વગેરેમાં વખત આપવો પડે છે. હવે ઘરમા પણ જવાબદારી આવી. મને ગભરાટ છૂટે છે.

આ. નગીનભાઈ તથા બધા બહેનોને મારા વંદન. પૂ. બા, દિલીપભાઈ, સરોજભાભી તથા બાળકો મઝામાં હશે.

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૮૯

સાયલા, તા. ૮-૧-૮૨

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**આત્માર્થી બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

તમારો તા. ૨૩-૧૨નો પત્ર તા. ૨૫-૧૨ના રોજ મળેલ છે. વાચી શ્રી કૃપાળુ દેવે 'વિચારવાન પુરૂષો કેવળ દેશા થતાં સુધી મૃત્યુને નિત્ય સમીપ જ સમજીને પ્રવર્તે છે" તેમ લખ્યું છે તેને "હે જીવ ! વિલંબ ન કર, સતત પુરૂષાર્થ કર" એવું તમે કહો છો એજ સતત પુરુષાર્થને તમે કેવા સેવો છો તેની ગવાહી પૂરે છે. ચિ. મિનલ તેના પત્રમાં પણ લખે છે કે પૂ. ભાભીએ કહ્યું કે જો ચેતનની કરામત કેવી છે ? જે પૂ. માજી હાલતાં, ચાલતાં, બોલતાં, તેને બોલાવી જો ! હલાવી જો ! આ પ્રસંગમાં તમે સાક્ષાત્ બતાવી બોધ આપ્યો તેની અસર તેણી ઉપર બહુ થઈ છે, તે સ્વાભાવિક છે. તેણે મૃત્યુ પછીની પ્રત્યક્ષ સ્થિતિ ક્યારે જોઈ હોય ?

વેરાવળમાં જરૂરી નોટ વચનામૃતની કરી અને મુંબઈમાં તે નોટ ઉપર વિશેષ સમજણ આપી. તે ખુબજ પ્રશંસનીય છે, તેમ લખ્યું, તો અમો તો મુમુક્ષુઓના દાસાનુદાસ છીએ. તે ઉતારવાનું નિમિત્ત તો તમારો પત્ર અને માંગણી હતી.

પૂ. માજી તો ખુબ હિંમતવાન હતાં એમ ચિ. દિલીપની બા કહેતા હતાં. પૂ. માજી અડીખમ હતા એમ કહે છે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી અપ્રતિબદ્ધતાએ વિચારતા એવા જ્ઞાનીના માર્ગને અનુસરવા આપણો પુરૂષાર્થ દૃઢ રીતેચાલુ રાખીએ.

શ્રીમાન્ શેઠશ્રી સી. યુ. શાહને વીરવંદન. ચિ. મિનલ મજામાં હશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તમોને ખુશી આનંદમાં ચાહુ છું.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**

**૯૦**

મુંબઈ, તા. ૧૨-૨-૮૨

॥ ॐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**પ. પૂ. સદ્‌ગુરુદેવાય નમઃ**

તા. ૮-૧-૮૨નો લખેલો પત્ર મળ્યો. વાંચી અતિ આનંદ થયો હતો. પત્રનો જવાબ પણ લખ્યો પણ તે જ દિવસે ટેલીફોન વાત થવાથી, બધી જ વાત ફોનમાં કરી હોવાથી પત્ર Post કર્યો ન હતો.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી અપ્રતિબદ્ધતાએ વિચરતા એવા જ્ઞાનીના માર્ગને અનુસરવા પુરૂષાર્થ દૃઢ રીતે ચાલુ જ છે. સતત એ જ ધ્યેય છે. અત્યારથી અનહદ નાદ ૫ થી ૬ સંભળાયા ૧૦ થી ૧૨ મિનીટ સુધી.

સમયસાર કળશ ટીકા મળી છે. પ્રસ્તાવના વાંચતાં જ અનુભવીની વાણી ખબર જ પડી જાય છે. ખુબ સરસ છે.

ગયા શનિ, રવિ બોટાદ ગયા હતા. સોમવારે સાંજના પાંચ વાગ્યાના પ્લેઇનની ટિકીટ હોવાથી રવિવાર સાંજના પાલિતાણા ગયા હતા, C.U.Shah ને પાલિતાણા જવાનું મન થયું હતું. ત્યાંથી આવતી વખતે રસ્તામાં સોનગઢ પણ ૧૫-૨૦ મિનિટ ગયા હતા. ફક્ત ૧૦/૧૫ માણસો વાંચનમાં હતા. હવે રોનક જ ઉડી ગઈ હોય એમ લાગે છે.

પાંચ વાગે ભાવનગરથી પ્લેઈનમાં બેઠા હતા. C.U.Shah એ ખાસ લખાવ્યું છે - ચિ. મિનલના લગ્ન પ્રસંગે આપને સહકુટુંબ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પધારવા ભાવભીનું આમંત્રણ મોકલ્યું છે, તે સ્વીકારશો. અને આપ સર્વ વેળાસર આવી જશો. પૂ. બાને ખાસ આવવા માટે કહેશો.

આત્માર્થી ભાઈ બહેનો, પ. મુ. તથા મુ. ભાઈ બહેનોને વંદન.

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**

પૂ. માજીના દેહવિલયનો પત્ર આપે સી. યુ. શાહ પર લખેલો તે પત્રની એમને ખુબ અસર થઈ હતી. બે ત્રણ વખત વાંચ્યો હતો ને બોલ્યા-યથાર્થ લખ્યો છે. હવે મારે પણ આ માર્ગમાં જવું છે પણ હજી એમનો એવો કેમ જોગ બાઝતો નથી ?

## ૯૧

સાયલા, તા. ૨૪-૨-૮૨

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**આ. બ્હેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

તમારો તા. ૧૨-૨-૮૨નો ઇન્લેન્ડ પત્ર તા. ૧૬-૨-૮૨ ના રોજ મળેલ. છે. વાંચી આનંદ થયો છે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી અપ્રતિબદ્ધતાએ વિચરતા એવા જ્ઞાનીના માર્ગને અનુસરવાનો તમારો પુરુષાર્થ દૃઢ રીતે ચાલુ છે, સતત એ જ ધ્યેય છે જાણી પરમ સંતોષ થયો છે.

સમયસાર કળશ ટીકા મળી છે અને વાંચતા જ અનુભવીની વાણીની ખબર જ પડી જાય છે, ખૂબ સરસ છે, એમ લખ્યું તે બરાબર જ છે.

બોટાદ, પાલીતાણા આવી ગયા તેમાં બોટાદનો રિપોર્ટ તો પૂ. સોભાગભાઈના સ્વ. વિજ્યાબેનના પુત્રીએ અત્રે આવ્યા હતા. તેઓ મુંબઈ રહે છે પણ બોટાદના છે, જેણે અહીંયા પૂ. સોભાગભાઈવાળું



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મકાન સ્મારક માટે આપ્યું છે તે બોટાદના ફંકશનમાં હાજર હતા તેથી અહીં સમાચાર તેમણે આપ્યા હતા કે શેઠશ્રી સી. યુ. શાહે આ હોસ્પીટલના સંકલનમાં રૂ. સાડા પાંચ લાખ આપ્યા.

ચિ. મિનળ અને ચિ. રોહિતના પત્રો હતા. ચિ. રોહિત સી. એ. માં પાસ થવાનું જણાવેલ હતું તે બાબત ધન્યવાદ તો આ. વિનુભાઈ સાથે લખી મોકલ્યા હતા.

તા. ૨૭-૨ની ટિકીટ છે એટલે ૨૮-૨ એ ત્યાં આવવાનું બનશે એટલે ચિ. મિનળ તથા તમોને મળવાનું બનશે. બન્ને મઝામા હશો.

શ્રીમાન્ સી. યુ. શાહ ખુશી આનંદમાં હશે યાદ કર્યાનું હેશો.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**

**૯૨**

મુંબઈ, તા. ૨૩-૩-૮૨

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**પ. પૂ. ગુરુદેવાય નમઃ**

સુખરૂપ સાયલા પહોંચી ગયા હશો.Homeopathic દવા ચાલું કરી દીધી હશે. નિયમિત લેશો. કોઈને આપવાનું કહેશો. સારું થઈ જશે પૂ. બાની તબીયત સારી હશે. દિલીપભાઈ તથા ફેમિલી મઝામાં હશે.

ચિ. મિનલ કાશ્મીર પહોંચી ગઈ છે ઠંડી છે એમ લખે છે. પત્ર આવી ગયો છે. તમને યાદ કરે છે. લખે છે. સ્વાધ્યાય, ધ્યાન, ફરવાનું પણ ચાલે છે. રોહિતનું પણ સાથે સાથે સાધનમાં તેમજ સ્વાધ્યાય વગેરે થાય છે. મિનલના Progress સંબંધી આપને મુખેથી જાહેરાત સાંભળી અતિ આનંદ થયો છે મને ખાત્રી છે કે આપ જલ્દી અભિપ્રાય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આપો નહીં. આવી રીતે અભિપ્રાય અપાયો એ ખરેખર એવા આત્માને વંદનીય છે. અને વય ૨૨, ૨૩, ૨૪ હમણા. ચોક્કસ આપની કૃપાથી ભવિષ્યમાં છેડે પહોંચી જશે.

પૂ. અરુણાબેન (વિકાસ વિદ્યાલયવાળા) મુંબઈ આવ્યા છે તેને તારીખ ૨૮-૩-૮૨ સુરેન્દ્રનગર આવવા માટે ગાડી મોકલવાનું કહી દીધું છે. તે સવારના મોટર આવી જશે.

પરમાર્થ-મારો પુરૂષાર્થ સતત ચાલુ છે. હવે વચનામૃત, બાકીના પત્રો, સ્વાધ્યાય વગેરે નિયમિત થઈ ગયું છે. ગયા મહિને Disturb હતું.

આત્માર્થી ભાઈબહેનો, મુમુક્ષુ ભાઈબહેનોને યાદી.

વસંતબેનને ચિદાનંદ સ્વામીના પદ લખવાને ડાયરી આપી દેશો.

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**

## ૯૩

મુંબઈ, તા. ૨૨-૪-૮૨

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**પ. પૂ. સદ્‌ગુરુદેવાય નમઃ**

આપનો લખેલ પત્ર ચિ. મિનલે તા. ૧૬મીએ મને આપ્યો. સાચે જ મને વાંચી ખૂબ જ આનંદ થયો. કારણ એ Unexpected પત્ર હતો.

સુરેન્દ્રનગર બન્ને દિવસે આપશ્રી હાજર રહ્યા તેથી મને ખૂબ જ ગમ્યું. આપની સાથે બે દિવસ સતત રહેવાનું મળ્યું. ખરેખર Eye Hospitalનું ખાત મૂહુર્તનું Function સફળ જ થયું, અને પુષ્પાબેન તથા અરૂણાબેનના સન્માનનો દિવસ પણ ધન્ય થયો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**પરમાર્થ-શું** ૧૭૦ નો પત્ર, વર્ષ ૨૪, અમૃતસાગરનું અવલોકન સુખ અલ્પ પણ વિસ્મરણ ન થાય. બસ, બીજું શું ? જો આ થઈ જાય. વિસ્મરણ ન થાય ઘડી પણ, તો નિર્વિકલ્પ સમાધિ ક્યાં દૂર- આ એક વાક્ય ક્યાંનું ક્યાં લઈ જાય એવું છે. પુરુષાર્થમાં, આ વાક્ય, આ રટણ, ઉંચે લઈ જાય છે. અને આખો દિવસ સતત જાગૃતિ આ એક જ વાક્યથી રહે છે. આવી જ રીતે આપના Selected બધા જ પત્રો સરસ છે. અભ્યંતર પુરું થવા આવ્યું છે, તમને થશે શું Result આવ્યું ? પુરુષાર્થ સતત જાગૃતપણે ચાલુ છે. ખૂબ આનંદ આવે છે- અમૃતસાગરના અવલોકન સુખમાં.

ચિદાનંદ મહારાજના પદોની Language બહુ કઠિન પડે છે. બે ત્રણ વખત વાંચવા પડે છે. એ ભાષાના અર્થ મારે આપની પાસે સમજવા પડશે. થોડાક પદોના અર્થ સાંભળ્યા છે. પણ કશું જ સળંગ સમજવા, સાંભળવા, સ્વાધ્યાય મળ્યું જ નથી.

આજે સવારે આપના જન્મદિનની લીધેલી Video Cassatte જોઈ એમ થયું, આજે જ હમણાં મુંબઈમાં જ સ્વાધ્યાય કરતા હોય એમ લાગતું હતું. આ ઉપરથી વિચાર આવ્યો જો આપના સ્વાધ્યાયના Cassatte વગેરે જો લેવામાં આવ્યું હોય તો અમે મુંબઈ બેઠાં આપનું સ્વાધ્યાય સાંભળી શકીએ, ખૂબ ખુશી થઈએ. અને ભવિષ્યમાં પણ તેના અર્થ સહિત આપનો અવાજ, આપનું સર્વસ્વ જોવા મળે, સાંભળવા મળે, ખૂબ આનંદ થાય. સોનગઢમાં કરેલ છે. અત્યારે Cassatte પર જ વ્યાખ્યાન ચાલે છે.

૧લી May આપ બધાનો આબુ જવાનો પ્રોગ્રામ છે. તે જાણ્યો. મુંબઈવાળા માટે ખૂબ દૂર છે. જો કે આવવાની ઇચ્છા છે, છતાં જોઈએ શું થાય છે, અવાશે કે નહીં. May ૧૬, અમારો જુનો Servant દેશમાં જાય છે. C. U. Shah પાસે સીતારામ કે હું બેમાંથી એક તો હોવા જ જોઈએ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આપની તબીયત સારી હશે. પૂ. બાને તદ્દન સારૂં થઈ ગયું હશે. દિલીપભાઈ તથા ફેમિલી મજામાં હશે. આત્માર્થી ભાઈ બહેનોને વંદન, મુમુક્ષુ, પરમ મુમુક્ષુ ભાઈ બહેનોને વંદન.

સી. યુ. શાહનું કહેવાનું કે આશ્રમ બાબતમાં ભટ્ટને Architect તરીકે રાખવા. સોલંકીને કોન્ટ્રેક્ટર તથા સુપરવીઝન તરીકે ચાલુ રાખવા, ભટ્ટને રાખવાથી કામમાં ઘણો જ ફરક પડી જશે. ૧-૧/૨ ટકામાં કરશે, આંખની હોસ્પીટલના કામ માટે આવશે, એટલે સાયલા આવવાનો વધુ ખર્ચ લાગશે નહીં. વધુ પડતું લેશે નહીં એમ એનું કહેવું છે. એમ એ ચંદુભાઈ સુખલાલને કહેતા હતા,

**લી, આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**

**૯૪**

શ્રી ગુરુશાંતિ સદન ટ્રસ્ટ, માઉન્ટ આબુ,
તા. ૧૧-૫-૮૨

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**આત્માર્થી બ્હેનથી સદ્‌ગુણાબેન, મુંબઈ**

તમારો ઇન્લેન્ડ પત્ર તા. ૨૪ આસપાસ સાયલા મળેલ હતો. વાંચી બીના જાણેલ છે.

તા. ૨૬-૨૭/૪ સુરેન્દ્રનગર લગ્ન ઉપર જવું પડેલ તા. ૨૯-૪ સવારે લીંબડી પૂ. હેમકુંવરભાઈ સ્વામી આદિ પાસે જવું પડેલ. બપોરે બાર વાગતા અમદાવાદ વર્ષી તપના પારણા ઉપર હાજરી રહી તા. ૩૦-૪ અમારા પૂ. મોટા ભાઈશ્રીની તબીયત બગડતાં નવસારી જઈ તા. ૧-૫ સવારે ૮-૩૦ની બસમાં રવાના થઈ ૪-૩૦ બપોરે માઉન્ટ આબુ પહોંચી ગયેલ છીએ. અત્યારે બેનો ભાઈઓ બાળકો મળી વીશ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વ્યક્તિઓ છે. તા. ૧૨ થી ૧૫-૫ સુધીમાં બીજા ત્રીશ ભાઈ બહેનો આવશે અને દશ જશે આશરે પચાશ ભાઈ બહેનો આખર સુધી રહેશે. એમ જણાય છે.

હા, મુંબઈવાળા માટે આબુ દૂર ગણાય. અત્રે તમારા માટે તો એર સ્ટેશન દૂર એટલે દૂર જ ગણાય. અમદાવાદ ૨૨૫ કી.મી. અને જયપુર-ઉદેપુર ૩૦૦ કી.મી. ઉપરાંત હશે એટલે ટ્રેઇનમાં જ આવવું પડે.

આંક ૧૭૦ ના પેરા બે માં, રસ સાગરનું અવલોકન કરતાં એક તુંહી તુંહી થઈ સમાધિ થાય. તેનો આનંદ અને ઉલ્લાસ કેટલો થાય ! તે બાબત તમે દર્શાવી તે ખરેખર સત્ય જ છે. આઠસો ઉપર આંક (૮૩૭) સમદર્શીતા ગુણનું વિવેચન કરેલ છે તે ખરેખર નિદિધ્યાસન કરવા યોગ્ય અને ઉપાદેય છે.

આ. પુષ્પાબેને, ચિ. મિનલ, ચિ. રોહિત અને તમારા વિગતે ખુશી સમાચાર આપતા અને શ્રીમાન સી. યુ. શાહ સાથે મદ્રાસ તા. ૨૦-૫ નો પ્રોગ્રામ છે અને તેથી કોઈ અત્રે આવી શકશે નહીં, તે સમાચાર આપતાં પત્ર લખવા વિચાર થતાં લખેલ છે. કાંઈ હરકત નહીં. ચિ. મિનલના પત્રો સાયલા મળેલ છે. વાંચન, ધ્યાન દરેકને નિયમિત કરવાનું છે. શ્રીમાન શેઠશ્રી ચિમનલાલભાઈને પ્રણામ. તમોને ખુશી આનંદમાં ચાહું છું.

**લી. સંત ચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**

તા. ક. :- તમો તો જાણો છો કે, દશા પ્રાપ્ત થતાં, ઉદયમાં આવે તે સમભાવે આનંદ પૂર્વક ભોગવવું, તેજ પુરૂષાર્થ છે. પુરૂષાર્થ બધો કરવો પણ છતાં ઉદય આવે તે સમતાથી આનંદ પૂર્વક ભોગવાય તો સાચી સમજણ ગણાય, મારી તબીયત સારી છે. દ : પોતે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૯૫

તા. ૧-૬-૮૨

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**પ. પૂ. સદ્દગુરુદેવાય નમઃ**

આપનો તા ૧૧-૫-૮૨નો લખેલો પત્ર મળ્યો. જવાબ લખવામાં ઢીલ થઈ માટે ક્ષમા આપશો. આબુ આવવાની ઇચ્છા હોવા છતાં પણ આવી શકાયું નહીં. હરિ ઇચ્છા.

London થી Mr. Edwin નો Telegram આવેલ છે, અને સી. યુ. શાહ લંડન,O. G. L., નીકળી ગયેલ હોવાથી એ જુનો ૪૦ વર્ષના ધંધા માટે જે લંડનથી પણ આવે છે, તેને મળવા માટે જુનમાં જ બોલાવેલ છે અને મદ્રાસ પણ જવું પડે એમ હતું એટલે તા. ૨૦થી ૩૦, મદ્રાસનું પણ લગભગ કામકાજ પતાવી દીધું છે. જુનમાં લંડન જશે તો હું તથા મિનલ અઠવાડીયું સાયલા આવવાના છીએ.

સુરેન્દ્રનગર Eye Hospital તથા બીજા Function વખતે આવ્યા પછી C. U. Shah આપને રોજ જ યાદ કરે છે અને કહે છે કે પૂ. બાપુજીને કહે કે મને પણ પ્રાપ્તિ કરાવી દે. હું અગત્યના પત્રો વાંચી લઈશ. ખબર નથી શું જાદુઈ લાકડી તમે ફેરવી કે એમને આવો વિચાર સ્ફૂર્યો છે ? તમારા તથા કૃપાળુદેવના ફોટાને દરરોજ પગે લાગે છે. ભક્તિ તો છે જ. એમને તમે જ ગુરુ છો. કોરા કાગળ જેવા જ છે.

આંક ૮૩૭, સમદર્શિતાનો વાંચ્યો, વિચાર્યો-હવે એ જ પુરુષાર્થ કરવાનો છે અને અરે આંક ૧૭૦ તો આંખ સમક્ષ, પ્રત્યક્ષ તર્યા કરે છે. એક તુંહી તુંહીની રટણા-બ્રાહ્મી વેદના, કૃપાળુ દેવ લખે છે -



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જેને લાગી હોય એને જ ખબર હોય.

ચિ. રોહિત Business માં Involve થાય એ પહેલાં બીજી પ્રાપ્તિ પતી જાય તો સારૂં. કારણ એનું mind એક વખત ધંધામાં લાગી જશે તો આમાં વાળવું મુશ્કેલ થશે.

આત્માર્થી ભાઈ બહેનો, મુ, પરમ મુમુક્ષુ ભાઈ બહેનોને વંદન, પૂ. બા ની તબીયત સારી હશે. દિલીપભઆઈ, સરોજભાભી, બાળકો મઝામાં હશે. મારો પત્ર પહોંચશે ત્યારે આપ સાયલામાં Settle થઈ ગયા હશો. તબીયત સારી હશે. બરાબર આરામ લેશો સ્વાધ્યાય એક જ ટાઈમ વાંચશો.

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**

**૯૬**

સાયલા, તા. ૬-૬-૮૨

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**આત્માર્થી બેનશ્રી સદ્‌ગુણાબેન,**

ચિ. મિનલકુમારીનો મદ્રાસથી લખેલ તા. ૨૧/૫નો પત્ર માઉન્ટ આબુ તા. ૨૭/૫ના રોજ મળેલ અને તમોએ ૧/૬ના રોજ લખેલ ઇન્લેન્ડ પત્ર તા. ૫/૬ના રોજ ગઈ કાલે મળેલ છે. વાંચી ખુશી ઉત્પન્ન થયેલ છે.

આંક ૮૩૭ સમદર્શિતાનો ફરી ફરી વાંચી વિચારવાનો તથા તમારી ભૂમિકા મુજબ બરાબર અમલમાં મુકાયો કે કેમ, તે જોવાનું છે. મને ખાત્રી છે કે તમારાથી સહજમાં અમલમાં મૂકાય તેવી તમારી દશા છે તે જાણી કેટલો આનંદ થાય ! આં. ૧૭૦ આંખ સમક્ષ પ્રત્યક્ષ તરે એવો છે, તે બરાબર છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રીમાન્ સી. યુ. શાહને ભાવ જાગ્યા તે પ્રશંસનીય છે. પણ વાંચવાથી ભૂમિકા તૈયાર થાય છે. તે મુમુક્ષુના લાભનું છે. છતાં Monotonus લાગતું હોય ૨૦-૩૦ દિવસ આપણો પહેલો સ્વાધ્યાય સાંભળવો જોઈએ. તે શક્ય નથી. તો લગ્ન પહેલાં વાલકેશ્વરના મારા મુકામ વખતે તમોને છ જણાને વેરાવળ મુકામે, સ્પે. પત્રોની નોંધ સમજાવેલી તે સ્પેશીયલ પત્ર તમારે ક્રમસર શ્રીમાન સી. યુ. શાહને વાંચી સંભળાવવા જોઈએ. અગર તેઓએ તે ક્રમસર વાંચી જવા જોઈએ. તેઓની શ્રદ્ધા સંપૂર્ણ છે તેમાં શકાં નથી, અગર તમો આવો ત્યારે બતાવશો કે તેમને યથાર્થ બોધ કેવી રીતે થાય કે જેથી ભવિષ્યમાં ઝડપી પ્રગતિ કરી શકે, તેઓને મારા વીરવંદન કહેશો અને યાદ કર્યાનું કહેશો.

તમે જુનમાં આવવા લખતા હતાં. આજે ફોનના સમાચાર આ. શાંતિભાઈએ આપ્યા કે તા. ૧૨ મીએ રવાના થઈ આવો છો અને શ્રીમાન સી. યુ. શાહ લંડન જવાના છે.

દેશમાં ગરમી છે. એકાદ વરસાદ પડી જાય તો સારૂં. તમોને ખુશી મજામાં ચાહું છું.

**લી. સંતચરણ સેવક લાડકંજના આત્મભાવે વંદન**

૯૭

મુંબઈ, તા. ૧૫-૬-૮૨

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**પ. પૂ. સદ્‌ગુરુદેવાય નમઃ**

આપનો તા. ૬-૬૮૨નો લખેલો પત્ર મળ્યો. વાંચી આનંદ થયો છે.

આંક ૮૩૭ સમદર્શિતાનો ફરી ફરી વાંચી વિચારવાનો તમારી ભૂમિકા મુજબ બરાબર અમલમાં મૂકાયો છે કે કેમ, તે જોવાનું છે પણ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આપને જાણીને આનંદ થશે. અમલમાં મૂકવાનું તાત્કાલિક જ મારા ભાગ્યમાં આવી ગયું હતું.

જુનમાં સાયલા આવવા મારી પૂરી તૈયારી હતી, ઇચ્છા હતી, નક્કી કરેલ કે C. U. Shah લંડન જાય તે દિવસે કે બીજા દિવસે સાયલા ૮-૧૦ દિવસ માટે જવું જ છે. કારણ આબુ પણ જવાયું હતું નહીં, ત્યારે પણ મદ્રાસ જવાનું થયું હતું. પણ C. U. Shah નું સાફ ના કહેવાનું થયું. "મારી ગેરહાજરીમાં તમારે કે મિનલે કે રોહિતે અહીંયા રહેવું અનિવાર્ય છે. હું આવું પછી ગુરુપૂર્ણિમા પર જજો.

આપનો આ પહેલાના પત્રમાં તા. ૧૧-૫-૮૨ માં લખેલું કે જે ઉદયમાં આવે તે સમભાવે આનંદપૂર્વક ભોગવવું. તે જ પુરૂષાર્થ છે. પુરૂષાર્થ બધો જ કરવો પણ ઉદય આવે તે સમતાથી આનંદપૂર્વક ભોગવાય તો સાચી સમજણ ગણાય.

બસ, આપના આ બે લખેલા વાક્યથી તરત જ મેં મારા મનને વાળી લીધું અને એક જ ક્ષણમાં શાંતિથી ખેદ કર્યા વિના આપના લખવા મુજબ આનંદપૂર્વક સમતાથી અહીંયા રહેવાનું એમની ગેરહાજરીમા નક્કી કરી લીધું. આપના આ બે વાક્યે તો શુંનું શું કામ કરી લીધું. થઈ જાય અને હવે પછી પણ ઇશ્વર આપની અસીમ કૃપાથી આવા પ્રસંગો આનંદપૂર્વક સમતાથી ભોગવવા બળ અને બુદ્ધિ આપે એમ હું ઇચ્છુ છું, પ્રાર્થું છું. આ વાત મેં નલિનભાઈને પણ ફોનમાં કહી હતી. એમ જ હોય અને મારે અહીંયા જ રહેવાનું હોય, પણ પહેલા મને ખેદ થતો હતો. આ વખતની વાત જુદી છે.

આ. પુષ્પાબેને ફોનમાં આપના ખુશી ખબરના સમાચાર આપ્યા છે. આપની એક આંખમાંથી પાણી પડે છે તો સુરેન્દ્રનગર બતાવી ટીપાં નિયમિત નાંખશો, સંભાળ લેશો.

આ. નલિનભાઈની ફોનથી સૂચના મુજબ હોમીયોપેથીક દવા આ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નગિનભાઈ સાથે મોકલી આપીશ. પૂ. બાને પગે હવે સારૂં હશે. દિલીપભાઈ, સરોજભાભી તથા બાળકો મઝામાં હશે. મિનલ મેઘદૂત રહેવા આવી છે. ઓફિસે ગઈ છે. સ્વાધ્યાય, ધ્યાન બરાબર કરે છે. એ જ,

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**

**૯૮**

તા. ૧૪-૭-૮૨

|| ૐ ||

|| સહજાત્મ સ્વરૂપાય નમ: ||

**પ. પૂ. સદ્‌ગુરુદેવાય નમ:**

અમે બધા-હું, રોહિત, શાંતાબેન વગેરે સુખરૂપ મુંબઈ પહોંચી ગયા છે. મિનલ સ્ટેશન પર અમોને લેવા આવી હતી, ત્યાંથી જ સુદર્શન ચાલી ગઈ હતી.

આ વખતના ૧૦ દિવસના પરમ સત્સંગમાં સાચે જ ખૂબ જ મજા આવી હતી, ૧૦ દિવસ ૧૦ મિનીટ જેવા જ લાગ્યા હતા. અને તે રાત્રીના ગુરુગમ તથા ગુરુમહિમાના ભજનમાં પણ મઝા આવી હતી. તેથી અધિક આનંદ તો આપશ્રી સાથે બેસી, મને તથા નલિનભાઈને ચર્ચા કરવાનો મોકો મળ્યો હતો તથા આપે સ્વાનુભવ સમજાવ્યું અને અમે ક્યાં છે એ પણ સમજાવ્યું હતું, સાચે જ ખૂબ જ આનંદ થયો કે મારી ઘણા વખતની ઝંખના, મોકળા મને બેસી, ચર્ચા વિચારણા કરવાની હતી અને હજુ પણ બેસી ચર્ચા કરવાની છે, તો વધારે આનંદ આવશે, મને ખબર છે કે જ્યાં સુધી હું બોલીશ નહીં ત્યાં સુધી આપ પણ મુંગે મોઢે જ બેસશો. સ્વાધ્યાય-પરમાર્થ બાબત એ તો આમ બેઠાં હોઈએ તો સહજ નીકળી જાય. ખાસ, બોલાતું જ નથી. ગુરુપૂર્ણિમાના દિવસે અમને જે મહત્વ-chance આપો છો તે અમારા માટે ખરેખરા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધનભાગ્ય જ છે, એમ હું સમજું છું. પણ, અમને પણ બરાબર ચકાસશો જ.

આશ્રમની ચર્ચા વિચારણાથી વિચારો જાણવા મળ્યા. અમારી જવાબદારીનું પણ ભાન થયું. ઇશ્વર એને માટે પ્રેરણા અને શક્તિ આપે.

આપની તબીયતનો ખ્યાલ રાખશો, થોડો થકાવટ અનુભવતા હોય એમ લાગે છે. આત્માર્થી ભાઈબહેનોને વંદન. પૂ. બાને વંદન. સરોજભાભી, દિલીપભાઈ તથા બાળકો મઝામાં હશે. C. U. Shahનું વાંચન ચાલુ છે.

આજે છોટમનુ-આત્મ-અનાત્મ વિવેકમાંથી યથાર્થ બોધ, ૧. અવિદ્યા, ૨. અસ્મિતા, ૩-૪, રાગ-દ્વેષ, ૫. ભય-તે પાંચ કષાય ક્લેશ રહિત થાય તો જીવ શિવ થાય, તે મેં સમજાવ્યું હતું.

એમ સમજાવ્યું કે જ્ઞાની ગુરુથી અવિદ્યા જાય, જીવ સમકિતી થાય, પછી આત્માનું ધ્યાન ધરવાથી કર્મોની નિર્જરા થાય, તો જ મોક્ષ થાય. એટલે તીર્થંકરો જે સિદ્ધો થયા છે એમ થવાય. થોડું સમજાવ્યું.

**લી. સદ્‌ગુણાના પ્રણામ**

## ૯૯

સાયલા, તા. ૧-૮-૮૨

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**આત્માર્થી બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

તમો બધા ખુશીથી પહોંચી ગયાનું તા. ૧૪-૭નું ઇન્લેન્ડ પત્ર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તા. ૧૬-૭ના રોજ મળેલ અને તે વાંચી સંતોષ થયો હતો. તેની પહોંચ લખવાનો આજે ટાઈમ મળતાં લખવાનું કે ૧૦ દિવસના આ વખતના પરમ સત્સંગમાં સાચે જ ખૂબ જ મઝા આવી જાણી ખુશી થયા છીએ.

ગુરુ મહિમા તથા ગુરુગમના ભજનોમાં પણ મઝા આવી. બધા મહાત્માઓ એનો જ મહિમા ગાઈ ગયાં છે તે જાણીએ ત્યારે આપણને કેટલો આનંદ આવે. આ. નલિનભાઈ તથા તમારી સાથે મોકળા મને ચર્ચા થઈ તેથી તમારી ઝંખના થોડી સંતોષાણી જાણી આનંદ થયેલ છે.

મોટા ભાગે મૌન રહેવાની ટેવ તે ક્યારેક સહજ રીતે છુટી જાય છે.

શ્રીયુત્ સી. યુ. શાહનું વાંચન ચાલુ છે અને છોટમનું આત્મ-અનાત્મ વિવેકનું પ્રકરણ- અવિદ્યા, અસ્મિતા, રાગ-દ્વેષ, ભય એ પાંચ ક્લેશ સમજાવ્યા જાણી આનંદ થયેલ છે. બીજા હોય તો લખું કે જૈનના યથાર્થ બોધ સાથે બીજા દર્શનનો યથાર્થ બોધ હમણાં ભેળવશો નહીં. જરા દ્વિધા થાય.

શ્રી શાહની કુશાગ્રબુદ્ધિ અને ગ્રાસ્પીંગ શક્તિ જોતાં કાંઈ લખવાપણું નથી. તમોને યોગ્ય લાગે તેમ આગળ વધશો.

આંક ૬૪૮ નો ઉતારો લખી વિરમું છું.

"દૃશ્યને અદૃશ્ય કર્યું અને અદૃશ્યને દૃશ્ય કર્યું એવું જ્ઞાની પુરૂષોનું આશ્ચર્યકારક અનંત ઐશ્વર્ય વીર્ય વાણીથી કહી શકાવું યોગ્ય નથી." તમો બન્નેને ખુશી મજામાં ચાહું છું.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૦૦

મુંબઈ, તા. ૨૭-૮-૮૨

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમ: ॥

**પ. પૂ. સદ્‌ગુરુદેવાય નમ:**

તા. ૨૫-૮-૮૨ ના રોજ હું તથા સર્વે સુખરૂપ મુંબઈ પહોંચી ગયા છે. આ વખતના દશ દિવસ પર્યુષણ દરમ્યાનનો પરમ સત્સંગ મને તો ખૂબ જ ફળ્યો છે. સામાયિક પ્રતિક્રમણ વખતે આપે મને સૂચના કરી કે મૌન રહી સ્વરૂપમાં રહો છો પણ તેમ નહીં મન, વચન, કાયાના યોગ કામ કરે ને ઉપયોગ સ્વરૂપમાં રહે એ પ્રમાણે પુરૂષાર્થ કરવાનું સૂચવ્યું, સાચું જ હતું. ઘણું ખરૂં મૌનથી જ રહેવાતુ હતું. પણ તમે ચેતવી કહ્યું, દીવો પ્રગટ્યો, ઉલ્લાસ ખુબ વધ્યો, ભમરી ઇલિકાને ચટકાવે તેવો જ ચટકો લાગ્યો, ને લગભગ શરૂ જ થઈ ગયું છે. મારો તો સાયલાનો ફેરો, નિવૃત્તિક્ષેત્ર મારા માટે, સત્પુરૂષની છત્રછાયા, આશ્રય વગેરે ફળી જ ગયું છે. વળી વધારામાં સ્વાધ્યાયમાં શ્રી ચિદાનંદસ્વામીના પદો ૧૦ સમજાયા.

આનંદઘનજીના સ્તવન જે મોક્ષસ્વરૂપ છે તે સમજાયા, ઉપનિષદ વગેરે શું ન સમજાયું ? બધું જ પ્રાપ્ત થયું.

આપની દવા Lid-drop ની એક જ બાટલી રહી છે. ખલાસ થવા આવી છે, મંગાવી દીધી છે તે આંગડીયા સાથે વજુભાઈ સુરેન્દ્રનગર મોકલી આપશે ને ત્યાંથી સાયલા મોકલવાની વ્યવસ્થા થશે એમ કહ્યું છે. તે આપને બે ચાર દિવસમાં મળી જશે પણ urine frequency હું રહી તે દરમ્યાન ઘણી જ ઓછી થઈ ગઈ હતી. આપ ખુબ ખુશ મિજાજમાં હતા.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Dilantin Capsule હવે બે લેવાની શરૂ કરશો.

આત્માર્થી ભાઈ-બહેનોને વંદન. પૂ. બા તથા દિલીપભાઈ, સરોજભાભી તથા બાળકો મઝામાં હશે. મુંબઈમાં વાતાવરણ શાંત છે.

મુંબઈ નીકળતી વખતે છેલ્લો પણ એ જ બોધ આપે આપ્યો કે, બસ ! મન, વચન, કાયાના યોગ કામ કરે ને ઉપયોગ સ્વરૂપમાં રહે એમ પુરૂષાર્થ કરવાનો. મેં જવાબ આપ્યો કે એમ જ શરૂ થઈ ગયું છે. બસ ! આપે દીવો પ્રગટાવી આપ્યો.

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**

## ૧૦૧

સાયલા, તા. ૯-૯-૮૨

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**આત્માર્થી બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

તમારું ઇન્લેન્ડ પત્ર તા. ૨૭-૮નું તા. ૩૦-૮ ના રોજ તમો બધા ખુશીથી પહોંચી ગયા છો તેનું મળેલ છે, વાંચી તમને પર્યુષણ પર્વનો પરમ સત્સંગ ખૂબ જ ફળ્યો છે તે જાણી ખૂબ જ ખુશી ઉત્પન્ન થયેલ છે.

મને સતત વિચાર થયો કે આ. સદ્‌ગુણાબેનને હવે ટુંકામાં શું ધ્યાન દોરવું કે એક ધક્કો એવો લાગે કે પ્રગતિ થાય અને બન્યું પણ તેમજ.

સહજ વાત કરી ધ્યાન દોર્યું ત્યાં તો તમારી વિચક્ષણતા એવી કે મુદ્દો પકડી પાડ્યો અને તે પુરૂષાર્થ શરૂ કરી દીધો તે એવો કે રવાના થતી વખતે મને વંદન કરતાં હતાં ત્યારે પણ સ્વરૂપમાં તમે હતાં અને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એટલું જ બોલ્યા કે, "બાપુજી ! એ તો ત્યારથી શરૂ થઈ ગયેલ છે.

કેટલી આનંદની વાત ! તે માટે ધન્યવાદ. કેટલો સંતોષ !

ત્રણ બાટલી Lid dropsની આ. વજુભાઈ મારફત મોકલાવી તે શ્રી કોઠારી મારફત મળી ગઈ છે. હોમીયોપથીની દવા ચાલુ છે. Dilantin Capsules તા. ૨૫-૮ રાત્રિથી બે વખત ચાલુ કરેલ છે.

શ્રીમાન સી. યુ. શાહ તથા ચિ. મિનલ મજામાં હશે. તમોને ખુશી મજામાં ચાહું છું. મારી તબીયત સારી છે.

**લી. સંતચરણ સેવક લાડકચંદ મા. વોરાના આત્મભાવે વંદન**

**૧૦૨**

મુંબઈ, તા. ૨૦-૯-૮૨

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**પ. પૂ. સદ્‌ગુરુદેવાય નમઃ**

આપશ્રીનો તા. ૯-૯-૮૨નો લખેલો પત્ર તા. ૧૩-૯-૮૨ના રોજ મળ્યો. વાંચી ખુબ ઉલ્લાસ આનંદ થયો.

આપશ્રીમાં પણ સ્વરૂપમાં સ્થિત થઈ મન, વચન, કાયાના યોગની પ્રવૃત્તિ-કામ કરે છે, તે ઘણા કાળથી છે, પણ અમને માપવાની શક્તિ જ ક્યાં હતી ? એ તો જ્યારે અમે એ દશાના અંશમાં આવીએ ત્યારે જ ખબર પડે.

આંક ૧૯૪ મેં આપને પહેલ વહેલો લખ્યો હતો. આપના પૂછવા મુજબ, જેના ચરણારવિંદ સેવ્યા હોય, જેનો આશ્રય હોય તેના જેવા જ શિષ્યને બનાવે છે એ સત્ય જ છે. પૂ. કૃપાળુદેવ પણ ૨૪ વર્ષથી સ્વરૂપમાં સ્થિત, સમાધિમાં ને મન, વચન, કાયાના યોગ કામ કરે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એનો યથાર્થ માર્ગ આપે જ અમને સમજાવ્યો, બતાવ્યો, ચીંધ્યો. જેનો ઉપકાર સત્પુરૂષના ઉપકારનો પ્રતિઉપકાર વાળવા, આ શિષ્ય (હું) સર્વથા અસમર્થ છું. જેથી હું મન, વચન, કાયાની એકાગ્રતાથી આપના ચરણારવિંદમાં નમસ્કાર કરૂં છું. આપની પરમ ભક્તિ અને વીતરાગ પુરૂષના મૂળ ધર્મની ઉપાસના મારા હૃદયને વિષે ભવ પર્યંત અખંડ જાગૃત રહો. એટલું માગું છું, તે સફળ થાઓ, ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ કેટલું યથાર્થ છે. અને ૬૭ પદનો પત્ર પણ યથાર્થ છે. પરમ પુરૂષના વચને જે છ પદથી જે સત્પુરૂષના આત્માનો નિશ્ચય થયો છે તે આધિ વ્યાધિ, ઉપાધિથી, સર્વ સંગથી રહિત થયા છે, થાય છે અને ભાવિકાળમાં તેમજ થશે.

જે સત્પુરૂષોએ, જન્મ, જરા મરણનો નાશ કરવાવાળો સહજ સ્વસ્વરૂપમાં અવસ્થાન થવાનો ઉપદેશ કર્યો છે, તે સત્પુરૂષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો. આ અંતરમાંથી નીકળેલા ઉદ્ગાર જે છ પદનો પત્ર અનુભવનો, ઉલ્લાસનો, આનંદનો છે જ્યારે યથાતથ્ય એમ આવે ત્યારે.

આ. સર્વ ભાઈબહેનોને વંદન આ. પુષ્પાબેનનો ફોન હતો. આપશ્રીને અમદાવાદથી આવ્યા બાદ થકાવટને કારણે તાવ આવી ગયો હતો, તે હવે સારૂં હશે. દવા લઈ લેશો. પૂ. બાને સારૂ હશે, દિલીપભાઈ, સરોજભાભી તથા બાળકો મઝામાં હશે. રોહિત મદ્રાસ ગયા છે. મઝામાં છે. મિનલ આજે મેઘદૂત રહેવા આવવાની છે. મઝામાં છે. સારો પ્રોગ્રેસ કરે છે. પત્ર લાંબો છે. વાંચતા Bore નહીં થાવને !

**લી. આજ્ઞાંકિત સદ્ગુણાના પ્રણામ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૦૩

સાયલા, તા. ૧૨-૧૦-૮૨

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**આત્માર્થી બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

તમારૂં તા. ૨૦-૯ નું ઇન્લેન્ડ પત્ર તા. ૨૩-૯ના રોજ મળેલ છે. વાંચી પ્રસન્નતા સાથે ઉલ્લાસ થયો.

કારણ, તમારી પરીક્ષા વખતે મોક્ષમાર્ગ શું ? એવો મેં પ્રશ્ન કર્યો. તમોએ જવાબમાં ૧૯૪ આંક કડકડાટ બોલવા માંડ્યા અને છેવટે આજે નિશાને પહોંચ્યા બાદ તે જ પત્રના શબ્દોના અનુભવના ઉલ્લાસ સાથે જણાવો છો. છ પદના પત્રમાંના જે પરેગ્રાફનો ઉલ્લેખ કર્યો છે તેમાં પણ અનુભવ સાથે ઉલ્લાસ થયેલ દેખાય છે.

તેથી તમારી પ્રજ્ઞા અને ભક્તિને અમો નમસ્કાર કરીએ છીએ. પરમ કૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રે પૂ. સૌભાગ્યભાઈની પ્રજ્ઞાને નમસ્કાર કરેલ. અમો તમારી પ્રજ્ઞા અને ભક્તિને તમો કિનારે પહોંચ્યા પછી હવે નમસ્કાર કરીએ છીએ.

શ્રીમાન્ ચિમનભાઈ મજામાં હશે. તમોને આનંદમાં ચાહું છું.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૦૪

મુંબઈ, તા. ૧૧-૪-૮૩

|| ॐ ||

|| સહજાત્મ સ્વરૂપાય નમઃ ||

**પ. પૂ. સદ્‌ગુરુદેવાય નમઃ**

સુખરૂપ પહોંચી ગયા હશો, વિનુભાઈ આવી ગયા છે, એટલે ખબર મલી ગયા છે. આપનો સુદર્શન ટેલીફોન હતો, એમ મિનલે ખુશી ખબરના સમાચાર આપ્યા છે.

પૂ. બાને દવા આપી હશે, ફાવી ગઈ હશે, સવાર તથા રાતના લેવાની છે, એમ કહેશો.

આજ મહિને એપ્રીલ ૨૪ થી ૨૯, પાંચ દિવસ Chloromycetin Capsuls તમારે રોજની ત્રણ લેવાની છે. સાથે બંને Syrup પણ લેવાના છે. લઈ લેશો, સંભાળ રાખશો, કફ હવે સારો થઈ ગયો હશે.

૨૧ દિવસંના સતત સાથે રહેવા તથા સ્વાધ્યાયથી ખૂબ જ ઉલ્લાસ ને સંતોષ થયો છે. ઘણા વખતથી Cut off થયું હોય એમ લાગતું હતું તે ઘણું જ સારૂં લાગ્યું.

ડો. ઝાંખરીયા પાસે (xray chest) કઢાવ્યો તે ઘણા સારા ડોકટર છે અને અમારા ખાસ ઓળખીતા અને અમારી Raitan officeના Laljibhai Accountantના જમાઈ થાય, એટલે ખાસ ધ્યાન રાખે, ખાસ ધ્યાનથી સારા ફોટા પાડે.

સતત જાગૃતિ છે તથા પુરૂષાર્થ ચાલુ છે, થોડું Push up થાય એવી જ્ઞાનવાર્તા લખશો. કારણ ઉન્મુનિ-અમનસ્ક સુધી પહોંચવાનું છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ્વાધ્યાય, ધ્યાન ચાલુ છે, સમયસાર ગુટકો પૂરો થયો છે. સમયસાર નાટક ગુજરાતી લીપીમાં બનારસીદાસનું વાંચવાનું શરૂ કર્યું છે.

તા. ૭-૪-૮૩ C. U. Shah, Singapore ગયા છે. ૯-૪-૮૩ રોહિત વાયા મદ્રાસ, Singapore ગયા છે. બનતા સુધી ૧૩ અથવા ૧૫મી તારીખે પાછા આવી જશે.

આત્માર્થી ભાઈબહેનોને વંદન. મુ. પ. મુ., ભાઈબહેનોને વંદન, વસંતબેનને હવે સારૂં હશે.

સરોજભાભી, દિલીપભાઈ તથા બાળકો મઝામાં હશે.

મિનલ મેઘદૂત રહેવા આવી છે. તબીયત ઠીક અઠીક છે. ડોક્ટરે Complete Rest લેવાનું કહ્યું છે, એજ,

**લી. આશાંકિત સદ્‌ગુણાના પ્રણામ**

## ૧૦૫

સાયલા, તા. ૧૬-૪-૮૩

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**આત્માર્થી બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

તમારો તા. ૧૧-૪-નો પત્ર તા. ૧૪-૪ના રોજ મળ્યો. ખુશી સમાચાર જાણી આનંદ થયો, ખુશીથી પહોંચ્યાના સમાચાર આ. વિનુભાઈએ આપ્યા તે જાણેલ છે.

તમારી બાને દવા શરૂ કરાવેલ છે, ચાર દિવસ સવાર સાંજ ૧-૨ આપી પછી એક ટિકડી આપીએ છીએ. કફ છે. કાંઈક સુકાયેલ જીરા જેવું નીકળે છે. ડો. રસિકભાઈ સુરેન્દ્રનગરથી આવેલા તે કહે આ ટિકડી બહુ સારી છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તા. ૨૪ થી ૨૯ મારે કેપ્શુલ લેવાની છે તે લેવાશે,

બન્ને સીરપ ચાલુ છે કફ તો બિલકુલ ઓછો થઈ ગયેલ છે. આ વખતે ડો. કે. બી. શાહ, Xray અને ડો. મનોજ અને ડો. મહેતા, ત્રણ ઠેકાણે ચેક થઈ ગયું, સારૂં થયું. હા, ડો. ઝાંખરીયાનો Chest X-Ray પણ સારો-ચોક્કસ કાળજીને લીધે લાગ્યું કે તબીયત સારી છે.

શ્રીમાન્ સી. યુ. શાહ પાંચ વાગે કૃષ્ણકુંજ આવ્યા અંત સુધી રોકાયા કહ્યું પણ ગયા નહીં.

પૂ. કલીકાળ સર્વજ્ઞ હેમચંદ્રસૂરિ અનુભવ પ્રકાશ, જ્ઞાનસાર પાનું ૨૩૮ શ્લોક ૩૨ થી ૩૮ ઉન્મની ભાવ માટે છે, શ્લોક ૩૬ વિલય માટે છે. શ્લોક ૩૬ મનના વિનાશ માટે છે. તે બધા શ્લોકો પ્રમાણે પુરૂષાર્થ કરવો. શ્લોકો ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬ ક્રમસર વાંચી ધ્યાનમાં ઉપયોગ લગાવવો. આ પ્રશ્ન વાંચી તમારા પુરૂષાર્થ માટે આલ્હાદ ઉત્પન્ન થાય છે. ૨૧ દિવસ તમે તથા ચિ. મિનલે સતત લાભ લીધો. તેણી મેઘદૂત આવેલ છે અને ડોકટરે કમ્પલીટ રેસ્ટ લેવા કહ્યું છે તો તે પ્રમાણે આરામ લે તેમ કહેશો. તમો ને ખુશીમાં ઇચ્છું છું.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**

## ૧૦૬

મુંબઈ, તા. ૩-૫-૮૩

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમ: ॥

**પ. પૂ. સદ્દગુરુદેવાય નમઃ**

આપશ્રીનો ૧૧-૪-૮૩નો લખેલો પત્ર મળ્યો છે. આ પત્ર સાચે જ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મારા માટે સ્ફુરણાદાયક હતો. થોડા દિવસ તો વાંચ વાંચ કર્યો. ખૂબ જ આનંદ અનુભવ્યો. પછી જ્ઞાનસારમાંથી આપના લખેલા શ્લોક નંબર વાંચવા શરૂ કર્યા. જો કે પહેલાં ઘણા વખતથી સ્વાનુભવ જ વાંચતી હતી છતાં આ પ્રેરણા પછી તો ધ્યાન તથા પુરૂષાર્થમાં ઓર જ પ્રોગ્રેસ થયોછે અને ખૂબ જ આનંદમાં રહેવાય છે. તો શું તમે પૂછ્યા વિના તો નહીં જ કહો પણ એક જોતાં એ જ સાચું છે કે જે જેની યોગ્યતા પ્રમાણે દશા પરિપક્વ થયે તેના સ્વમુખે જ સરસ રીતે જ આવા પ્રશ્નો નીકળી જાય ત્યારે જ આપ યોગ્ય વખતે સૂચન-પ્રેરણા આપો છો. આપની પહેલેથી જ એ જ રીત છે, તે જ બરાબર છે. આ રીતના યોગ્ય વખતના, યોગ્ય જ્ઞાનવાર્તાના, યોગ્ય ધક્કા લગાવો છો, એવો મને પહેલેથી જ અનુભવ છે, થયેલ છે, એ સત્ય છે. આપની કૃપાથી શ્રદ્ધા અને વિશ્વાસ છે કે જરૂર પહોંચી જવાશે.

ઉધરસની હોમીયોપેથીક દવા નિયમિત લેશો. જેથી વધુ પડતી ઉધરસ કે કફ થાય નહીં. પૂ. બા મઝામાં હશે. હવે સારૂં હશે. દિલીપભાઈ, સરોજભાભી તથા બાળકો મઝામાં હશે.

આત્માર્થી, મુમુક્ષુ, પરમ મુમુક્ષુ ભાઈબહેનોને વંદન. મિનલ મઝામાં છે. આરામ લે છે રોહિત તથા સી. યુ. શાહ મદ્રાસથી આવી ગયા છે.

ચિં. દિપકના લગ્ન નિમિત્તે મુંબઈ આવવાનો આગ્રહ કરવા ખાસ સૂચન માટે શુભીબેનનો ફોન હતો. આપ આવશો તો જરૂર અમોને આનંદ આવશે થશે.

આશ્રમનું કામકાજ બરાબર ચાલતું હશે.

આત્માર્થી લવચંદભાઈનું સમાધિમરણ થયું - હજી સુધી મારાથી જવાયું નથી.

**લી. આજ્ઞાંકિત સદ્ગુણાના પ્રણામ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૦૭

સાયલા, તા. ૧૩-૫-૮૩

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**આત્માર્થી બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

તમારો તા. ૩-૫-૮૩ નો લખેલો પત્ર તા. ૬-૫-૮૩ના રોજ મળેલ છે. વાંચી પરમ સંતોષ થયો છે.

આત્મજ્ઞાનના સાધનના પછવાડે અમનસ્ક ભાવના જે શ્લોકો ટાંક્યા હતા તે વાંચી વિચારી, અનુભવી ઉલ્લાસ પ્રગટે જ એ સ્વાભાવિક છે. પણ એ સ્વઅનુભવના છેલ્લા શ્લોકો (પૂ. શ્રી હેમચંદ્રસૂરીના) પૂરેપૂરા ફરી ફરી વાંચી વિચારશો તો સ્વ-અનુભવ પ્રમાણે વધારે આનંદ આવશે.

શ્રીમાન સી. યુ. શાહ સાધનમાં રહે છે તે જાણી ખુશી થયા છીએ. જેટલો વધારે વખત રહેશે તેટલો ફાયદો થશે. તેવી તેમની સતત યાદી તમો આપતા રહેશો.

ચિ. મિનલને સૂખશાતા પૂછજો અને આરામ લે એમ ખાસ સૂચના આપશો. એવું પણ સાંભળ્યું છે કે છેવટ ત્રણ માસમાં તો આ તકલીફ એની મેળે જ દૂર થઈ જાય છે.

ચિ. દિપકના લગ્ન નિમિત્તે ભક્તિ તથા પૂજામાં આ સુભદ્રાબેન તથા ભાઈ નરેદન્દ્રકુમારનો રૂબરૂ આવી અતિ આગ્રહ હતો તેથી ૧ દિવસ આવવાનું કર્યું છે. તા. ૨૨-૫ ની સવારમાં કલાક ૭-૩૨ ની પ્રતિષ્ઠા વિધિમાં અમદાવાદ ૫. મુ. શ્રી યશવંતભાઈને ત્યાં હાજર રહેવા તા. ૨૧-૫ ની રાત્રે ત્યાંથી રવાના થવું પડશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ. દલીચંદ દોશી તથા આ લવચંદભાઈના સમાધિ ભાવે દેહવિલય થયાના સમાચાર જાણી સંતોષ થયો છે. બંનેની આરાધના પણ સારી હતી.

તમારી તબીયત સારી હશે-સાચવશો.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**

તા. ક. : તમારા બાની તબીયત તમારી દવા લીધા પછી કાંઈક સુધરતી છે, તેણે બધાને યાદ કરી સુખ શાતા પૂછેલ છે.

મારી તબિયત સારી છે.

**લી. વસંતના વંદન**

**૧૦૮**

તા. ૧૭-૫-૮૩

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**પ. પ. સદ્‌ગુરુદેવાય નમઃ**

મહિના પહેલાં સાયલાથી પાછા આવવાની તાં ૧૦ની ટિકીટ લીધી હતી અને ત્યાં આવવા માટે રેલ્વેની ટિકીટ નહીં Airની ટિકીટ લીધી પણ મારા ભાગ્યમાં જ આપને હાથે ખનન વિધિ જોવાની નહીં હશે બીજું શું ? ફોટા જોયા, ખુબ જ આનંદ થયો, ખુશી થઈ.

દસેક દિવસ પહેલાં ઉપરની દાઢ કાઢવા માટે મોઢામાં Local injection Dentist ડોકટરે આપેલું હતું તે જગ્યાએAbcess જેવી ગાંઠ થઈ અને તેમાંથી ulcer થયું. તેની પીડા હજી ચાલુ છે, હજી તે પૂરેપૂરૂ રૂઝાયું નથી. આ ગાંઠની બરાબર નીચે છેલ્લી દાઢ ખરાબ હતી તે આ સોજો અને દાઢ ઘસાયા કરે એટલે રૂઝાય નહીં. એટલે ડોકટર કહે આ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છેલ્લી દાઢ કાઢી નાખીએ તો જલદી રૂઝાશે. એટલે દાઢ કાઢવા માટે નક્કી કર્યું.General anacsthesia આપ્યું એટલે હાથની Veinમાં Inj. આપીને છેલ્લી બન્ને દાઢ ડોકટરે કાઢી નાખી, દાઢ કાઢ્યા પછી બન્ને દાઢની ખાસ તકલીફ નથી. ત્યાં સારૂં છે પણ હજી પેલું મોઢામાં Local Inj. મારેલું તે ulcer પૂરેપૂરૂં રૂઝાયું નથી. તેનું irritation તથા મોઢામાં થોડો દુઃખાવો રહે છે.Gumex apply કરવાની તથા pain માટે tablet પણ ચાલુ છે. Slow progress છે. ડોક્ટર કહે છે, મોઢામાં Soft Tissue ને કારણે વાર લાગે છે.

આપની તબિયત સારી હશે. પૂ. બા મઝામાં હશે. આ. ભાઈ-બહેનોને વંદન. મુમુક્ષુ, પરમ મુમુક્ષુ ભાઈ બહેનોને વંદન. દિલીપભાઈ તથા સરોજભાભી તથા બાળકો મઝામાં હશે.

વિકાસ વિદ્યાલયવાળા અરૂણાબેન થોડા દિવસ પહેલાં મુંબઈ હતા. એમને ગાડી-મોટર મોકલવા તા. ૧૦ નું કીધું હતું. એમનો ફોન ગઈ કાલે આવ્યો હતો કે મેં ગાડી મોકલાવી, તમે પ્લેનમાં જતાં રહ્યાં ? મેં કીધું હું આવી શકી જ ન હતી.

અરૂણાબેન તા. ૨૨ અમેરિકા જાય છે. ગઈ કાલે મુંબઈ હતા. એ જ.

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**

## ૧૦૯

મુંબઈ, તા. ૨૧-૬-૮૩

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**પ. પૂ. સદ્‌ગુરુદેવાય નમઃ**

આપનો તા. ૧૩-૫-૮૩નો લખેલ પત્ર તારીખ ૧૭મી એ મળેલ હતો. વાંચી આનંદ થયો હતો, આપશ્રી ચિ. દિપકના લગ્ન પ્રસંગે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તા. ૨૦-૫-૮૩ મુંબઈ પધાર્યા હતા તો ખૂબ જ આનંદ થયો હતો. એનો પાવર હજી સુધી હતો.

C. U. Shah તથા રોહિત લંડન ગયા હોવાથી હું ત્યાં આવી શકી નથી. ચિ. મિનલની તબિયત હવે સુધારા પર છે. એને ૧૦ injection Vitamin B. Complexના મેં આપ્યા પછી ફરવા-હરવામાં સુધારો થયો છે. ખોરાક થોડો લેવાય છે Weakness ઓછી લાગે છે. એ લોકો ગુરુવારે રાત્રે ૧૧-૨૦ ના પ્લેનમાં મુંબઈ આવે છે. બન્નેની તબિયત સારી છે. પુષ્પાબેન સાયલાથી ગઈકાલે આવી ગયા છે. મેઘદૂત આવ્યા હતા, બે કલાક બેઠા હતા. એમની વાત પરથી એમ લાગ્યું કે આપની આંખમાં તકલીફ હોય એમ લાગે છે. તો (૧) VANMYCETIN Drops દિવસમાં બે વખત નંખાવશો. (૨) વચમાં Cough જેવું થયું હતું, તો મને લાગે છે કે છ મહિનાનો કફનો chloromycetinનો corsue કરવાનો બાકી છે. ભૂલી ગયા લાગો છો. તે capsule દવાની પેટીમાં છે. તેમાંથી ૫ દિવસ ૪ capsule દિવસના ચાર વખત એક capsule લઈ લેવી જોઈએ. અને બાકીના બાંકો syrup, Benadryl Syrup તથા Bronchocordial syrup બે ચમચી દિવસમાં બે વખત લેવાથી આરામ થઈ જશે.

વસંતબેન આવી ગયા છે તો એમને ખાસ કહેશો કે નિયમિત આપને દવાનો કોર્સ આપી જાય. તબિયતની સંભાળ રાખશો.

પરમાર્થ-ઉન્મનીના બધા જ શ્લોકો વાંચું છું પુરૂષાર્થ ચાલુ છે. કંઈ જ્ઞાનવાર્તા લખશો.

આત્માર્થી ભાઈબહેનોને વંદન. પૂ. બાને ખાસ સારૂં નથી, પણ એ તો હવે મનનું કારણ છે. પણ serenac Tablet ચાલુ રાખશો તો સારૂ લાગશે.

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૧૦

સાયલા, તા. ૨૫-૬-૮૩

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**આત્માર્થી બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

તમારો તા. ૨૧/૬ નો ઇન્લેન્ડ પત્ર મિનલકુમારી સહિતનો તા. ૨૨/૬ રોજ મળેલ છે. વાંચી પરમ સંતોષ થયેલ છે.

ચિ. મિનલકુમારીને તમોએ ૧૦ ઇંજેક્શન આપ્યા અને હરવા ફરવામાં સુધારો થયો, ખોરાક થોડો લેવાય છે, નબળાઈ ઘટી તે જાણી ઉચાટ ઓછા થયા છે.

શ્રીમાન્, સી. યુ. શાહ તથા ચિં. રોહિત પ્લેઇન ૧॥ કલાક લેઇટ હતું અને ખુશીથી આવી ગયા તે સમાચાર ચિ. મિનલ સાથે રાત્રે ફોનમાં વાત થઈ તેથી જાણેલ છે.

આ. શ્રી પુષ્પાબેન મેઘદૂત આવ્યા અને મને આંખમાં તકલીફ અને વચમાં કફ જેવું થયું હતું તે સમાચાર આપ્યા તો ત્યાં રાજકોટ ડો. દોશીને આંખો બતાવી હતી અને દવા, ગોળી, ટીપા લખી આપ્યા છે. કફમાં તો છ મહિને નહીં પણ તે જ મહિનાની છેલ્લી તારીખમાં જે કોર્સ કરવાનો હતો તે કરેલ છે.

ગઈ કાલે સવારના સ્વાધ્યાય વખતે છાતીમાં થોડું દુઃખતું હતું. બપોરના સ્વાધ્યાય વખતે છાતીમાં તથા વાંસામાં વધારે દુઃખાવો થતાં ડોક્ટર પઢીયાર તથા ડો. સરદારસિંહને બોલાવ્યા હતા. તે લોકોએ તપાસીને 'મસ્કુલર પેઇન' હોવાનું નિદાન કરેલ છે અને ગેસને કારણે છે, ઇંજેક્શન અને દવા આપતાં રાત્રે છાતીનો દુઃખાવો મટી ગયો અને પીઠમાં દુઃખાવો ઓછો પણ હતો જે અત્યારે ૨૫ ટકા જેટલો છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ વખતે મેં ના પાડેલા છતાં તમે "હાર્ટનો કાર્ડીઓગ્રામ" લેવડાવેલ. ચાર વર્ષ થઈ ગયા તે ન ચાલે એમ ડો. કે. બી. શાહે કહેલ છે એમ તમે કહેલ, જે રિપોર્ટ નોર્મલ આવેલ તે તમે જાણો છો. એટલે મને ખાત્રી હતી જ કે હાર્ટનું કાંઈ હોઈ શકે નહીં. આજે ખોરાકમાં બાફેલા મગ અને મગનું પાણી લીધું છે. અને આરામ લેવાનું સૂચન હોઈ આરામ લીધો છે. આ પત્ર લખતી વખતે લગભગ આરામ છે એટલે તમો બધા બિલકુલ ચિંતા કરશો નહીં. બધી દવાઓ આ. વસંતબેન આપે છે.

પરમાર્થમાં ઉન્મનિ ભાવના બધા શ્લોકો વાંચો છો જાણી ખુશી થયા છીએ. ચિ. મિનલ તો લખે છે કે સત્સંગ, ધ્યાન અને સ્વાધ્યાય જ ચાલે છે-પુરૂષાર્થ કરતા રહેશો.

બધાને ખુશી આનંદમાં ચાહું છું.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**

**૧૧૧**

સાયલા, તા. ૧૬-૭-૮૩

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**આત્માર્થી બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

તા. ૭-૭નું લખેલું ઇન્લેન્ડ તા. ૧૧-૭ના રોજ મળ્યો તે પહેલાં તમારા ટેલીફોનની સૂચના મુજબ દવા બંધ કરી દીધી હતી.

ડો. દલાલ સીનીયર (મોટાભાઈ) પૂ. નારંગીબેનના જમાઇના કહેવાથી જીવ એવો લલચાણો કે તે દવાથી સ્વર (શુદ્ધ) બિલકુલ ખુલી જશે. આ. વસંતબેને કહ્યું પૂ. સદ્‌ગુણાબેનને પૂછાવો પછી શરૂ કરશો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તો પણ ગળું ખુલી જશે તે હોંશમાં ખરીદી શરૂ કરી દીધી. હોમીયોપથીની દવાથી ગળામાં કે ધ્રૂજારીમાં ત્રણ માસ લેવા છતાં કાંઈ ફેર પડ્યો નહીં. જો કે 'urine ના period અને ફીકવન્શીમાં ફેર પડેલ હતો. ગમે તેમ વેદનીય કર્મ હશે તેથી મારાથી ઉતાવળ થઈ અને દવાનું રીએક્શન આવ્યું.

સ્વાધ્યાયમાં ડોઝીંગ આવતાં જોઈ આ. વિનુભાઈએ અમદાવાદ ફોન કર્યો અને ચિ. દિલીપે તે દવા સંતાડી દીધી. અમદાવાદ ફુલ ચેકીંગ કરાવતાં લીવરમાં સોજો છે તેમ નિદાન થયું. બ્લડ સીસી ૩૦ નોરમલ ગણાય તે ૨૯૦ સીસી આવ્યું. તે નિદાન તા. ૧૧-૭ થયું. જુનીયર દલાલ દંપતી ત્રણ વખત અમદાવાદથી આવી ગયાં. સુરેન્દ્રનગરથી ડો. ત્રિવેદી તા. ૭-૭ રાત્રે અહીં હતા. ડો. દલાલ દંપતી ડો. ત્રિવેદીને મળી તા. ૮-૭ આશરે ૧૨ થી ૩ અત્રે હતા. ત્યારથી દવા બંધ, ચરબીવાળો ખોરાક બંધ, સંપૂર્ણ આરામ.

પરમ દિવસે ડો. જુનીયર દલાલ યુગલ આવેલ તે ૧૨ થી ૪ રોકાયેલ. તે લોહી લઈ ગયેલ. તેનો રિપોર્ટ ૨૯૦ સીસીને બદલે ૭૫ સીસી આવેલ છે. હરવા ફરવાની છૂટ આપેલ છે. બે ત્રણ દિવસમાં આરામ થઈ જશે.

શ્રીમાન્ સી. યુ. શાહને લંડન તાવ આવી ગયો અને મુંબઈ આવ્યા પછી ચાલુ રહ્યો, ઉચાટ થયો હતો. તેમાં આ પત્રમાં ૧-૨ કલાક ઓફીસમાં જાય છે, તાવ ઉતરી ગયેલ છે, નબળાઈ છે, જાણી રાહત થઈ.

ચિ. મિનલને તા. ૧૪ ગુરુવારે ટાંકા લેવાના હતા તેમ ફોનમાં કહેતી હતી તો તે લેવાઈ ગયા હશે, અને તબીયત સારી હશે. તમે ગળુ ડો. મહેતાને આપણે બતાવેલ તેના શેક માટે, ગરમ પાણીનો શેક, મસક્યુલર પેઇન માટે જે દવા લખી તે બરાબર છે. તમે આ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શરીરના અને ચિ. દિલીપની બાના ફેમિલી ડોક્ટર હોઈ વધુ વિગતે જણાવેલ છે. તમોને ખુશી મજામાં ચાહું છું.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**

**૧૧૨**

મુંબઈ, તા. ૨૧-૭-૮૩

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**પ. પૂ. સદ્દગુરુદેવાય નમઃ**

આપનો તા. ૧૬-૭-૮૩નો લખેલો પત્ર મળ્યો. વાંચી બીના જાણી, પણ હવે Liverની તકલીફ તો સાવ ઓછી થઈ ગઈ હશે. બધી રીતે તદ્દન સારું જ હશે.

ગુરુપૂર્ણિમાં પર આપને દિર્ઘાયુ ઇચ્છું છું. આ પહેલી જ ગુરુપૂર્ણિમા હશે કે જેમાં મારી હાજરી નહીં હોય. ટિકીટ પણ અઠવાડીયા પહેલાં મંગાવી હતી. પણ હજુ સુધી C. U. Shahને Weakness લાગે છે. જમવાની જોઈએ એવી Antibicticને કારણે (હજી સોમવાર સુધી ચાલુ જ છે.) રુચિ થતી નથી. તો આજે જ Cancel કરાવી છે. મારી ક્ષેત્ર ફરસના હશે નહીં. હરિ ઇચ્છા. ગુરુપૂર્ણિમા જેવા અગત્યના પ્રસંગે બધા મુમુક્ષુઓ આવશે, પણ આપ આરામ કરશો.

પૂ. બાની તબીયત સારી હશે. દિલીપભાઈ મઝામાં હશે.

બે-એક મહિના પહેલાં આપે પૂછ્યું-ઉન્મની થઈ ગયું. મેં કીધું ના. પણ મને ધ્યાનમાં બેઠા હોઈએ ત્યારે બે ત્રણ મહિના પહેલાંનો અનુભવ છે. ક્ષણ બે ક્ષણથી પણ વધારે વખત જાણે ધ્યાનમાં બેઠા હોઈએ ત્યારે જાણે શરીર હોય જ નહીં, બિલકુલ જ નહીં એમ જ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થયું. મને એકદમ બીક લાગી. મુન્ની (મિનલ) બાજુમાં હતી. મેં એને વાત કરી. મને બીક લાગી કે શરીર ક્યાં ગયું આ શું ? ધ્યાનમાં બેઠા હોઈએ ત્યારે એટલી તન્મયતા હોય, હું ક્યા રૂમમાં બેઠી છું. કઈ ખુરશીમાં બેઠી છું, કોઈ આવ્યું-ગયું, કશું જ ખબર પડતી નથી. બસ પ્રકાશ-પ્રકાશ એકદમ સ્થિરતા આવી છે. પણ મારે લખવું નહીં જોઈએ. આપ જુવો (જોશો) અને નક્કી કરો એ જ સાચું.

વર્ષ ૨૮-જો જ્ઞાની પુરુષના દૃઢ આશ્રયથી સર્વોત્કૃષ્ટ એવું મોક્ષપદ સુલભ છે, તો પછી ક્ષણે ક્ષણે આત્મોપયોગ સ્થિર કરવો ઘટે એવો કઠણ માર્ગ તે જ્ઞાનીપુરુષના દૃઢ આશ્રયે પ્રાપ્ત થવો કેમ સુલભ ન હોય ? કેમકે તે ઉપયોગના એકાગ્રપણા વિના તો મોક્ષપદની ઉત્પત્તિ છે નહીં. જ્ઞાનીપુરુષના વચનનો દૃઢ આશ્રય જેને થાય તેને સર્વ સાધન સુલભ થાય એવો અખંડ નિશ્ચય સત્પુરુષોએ કર્યો છે.

આત્માર્થી, પરમ મુમુક્ષુ, મુમુક્ષુ ભાઈબહેનોને વંદન.

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**

## ૧૧૩

સાયલા, તા. ૨૩-૮-૮૩

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**આત્માર્થી બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

તમારો ગેસની જુદી જુદી સાત દવાઓ ગમે તે એક લેવાની તેવો પત્ર તુરત મળ્યો હતો. પણ ડો. દલાલ બન્ને માણસો અત્રે આવી લોહી તથા સ્ટુલનો રિપોર્ટ લાવેલ અને તેમણે દસ દિવસના કોર્સની દવા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મોકલી તે શરૂ કરતાં આ. પુષ્પાબેન સાથે સમાચાર મોકલ્યા કે પાંચ દિવસ પુરા થયા પછી અનુકૂળ આવે તો વધારે લેજો. મેં કહેવરાવેલ કે તેમ કરીશ. પણ અનુકૂળ આવતાં તે દશ દિવસનો કોર્સ પરમ દિવસે પૂરો થયો છે. અને તમે લખેલ દવા પૈકી કોઈ એક દવાનો ઉપયોગ કરવો પડેલ નથી. મારી તબિયત સારી છે. રાત્રે સ્વાધ્યાય વખતે ચાર આની ગેસ દેખાય છે તે મટી જશે.

આ. સુભદ્રાબેને ખબર આપ્યા કે તમને તાવ આવે છે. મુંબઈમાં સતત વરસાદને અંગે, એવા વાયરા છે. તો હવે તાવ ઉતરી ગયેલ હશે અને તબિયત સારી હશે.

શ્રીમાન્ સી. યુ. શાહને પણ લંડન તાવ આવ્યા પછી, અહીં આવ્યા પછી લાંબુ ચાલ્યું. ઓફિસ જતાં આવતાં હતાં. તેવા છેલ્લા સમાચાર તમે લખેલા હતા. હવે તદ્દન સારું હશે. મારા વતી તબિયતના ખબર પૂછશો.

આ. મિનલકુમારીના સમાચાર આ. પુષ્પાબેને વિગતવાર આપ્યા હતા. હવે તદ્દન સારું હશે.

અહીં દિલીપની બાની તબિયત સારી છે. તમારી ગોળીઓ સવાર સાંજ લે છે. બહાર ફરવાની ડોકટરે રજા આપ્યા પછી હું આશ્રમમાં સ્વાધ્યાયમાં, દેરાસરમાં પૂજા કરવા તથા ચારેક ફર્લાંગ ફરવા માટે જઉં છું. હવે બધી દવા બંધ છે. બે વખત ડીલીન્ટાઈન અને જમ્યા પછી શક્તિની દવા Geriforte બે વખત લઉં છું. સર્વેને મઝામાં ચાહું છું. પરમાર્થ સંબંધી કાંઈ લખતો નથી.

**સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ॥ ૧૧૪ ॥

મુંબઈ, તા. ૧૪-૯-૮૩

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવાય નમઃ**

તા. ૧૭-૯-૮૩ના રોજ સવારના અત્રે બધા જ સુખરૂપ પહોંચી ગયા છે. સુરેન્દ્રનગર સ્ટેશન પર એક કલાક વહેલા પહોંચી ગયા હતા. રોજ વહેલા ખાવાની ટેવ મૂજબ ભૂખ લાગી હોવાથી અમે બધાએ waiting Roomમાં જમી લીધું હતું ત્યાં તો ટ્રેનનો આવવાનો ટાઇમ થઈ ગયો અને હું (શરીર) ટ્રેનમાં બેસી ગઈ. બસ, અમદાવાદ ગયું પછી બેડીંગ છોડી આ શરીર સૂઈ ગયું. સીધું સવાર. Bombay central ૭॥ વાગે ઉતર્યા, Passenger જે વધારે હતા તેને (પુષ્પાબેન આવ્યા હતા) સુદર્શન તથા રાજહંસમાં ઉતારી ૯ વાગે હું મેઘદૂત પહોંચી હતી. બસ અહીંયાં બધું જ Routine આજથી જુદું. મિનલના ભાભીની અઠ્ઠાઈના નિમિત્તે આજે બપોરે બે વાગે સાંગીમાં જવાનું છે. રાતના ૧૦-૪૫ Singapore Air Lineમાં C. U. Shah મદ્રાસથી આવે છે. તેમને લેવા સહાર international Air port પર જવાનું છે, આવતાં એક વાગશે, આવતી કાલથી બરાબર સ્વાધ્યાય વગેરે લાઈન પર ચઢી જશે. પણ બાકી ત્યાંના ૧૨ દિવસના પર્યુષણ દરમ્યાન પરમ સત્સંગ મળ્યો (જે ૧૨ મિનીટ જેવો જ હતો) તે મને તો ખૂબ ખૂબ ફળ્યો છે. જે થોડોક અમારો પ્રમાદ હતો તે સાચે જ આપના પરમ સત્સંગથી એને ભાગી જ જવું પડ્યું હતું, સતત અખંડ આત્મદૃષ્ટિ રહે છે, કેટલો મોટો ફાયદો થયો જેનું કાંઈ મૂલ્યાંકન જ ન થઈ શકે, જે મને હંમેશાં યોગ્ય વખતે યોગ્ય ફાયદો જ આપના પ્રસાદે થાય છે.

ખૂબ જ આનંદના ખુશી ખબર છે કે આપે છેલ્લે આત્મ-સાક્ષાત્કારની



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જાહેરાત કરી તે સાંભળી હું ખૂબ જ ખુશી છું. આપને ધન્યવાદ આપવા માટે મારી પાસે કોઈ શબ્દો જ નથી જે હું આપના પ્રસાદે જ પ્રાપ્ત કરી શકું છું.

પૂ. બા તથા દિલીપભાઈ મઝામાં હશે. વાંચવાનું નિયમિત કરે એમ હું ઇચ્છું છું. આ. સરોજભાભી તથા બાળકો મજામાં હશે

આ., પરમ મુમુક્ષુ, મુમુક્ષુ ભાઈબહેનોને વંદન.

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના વંદન**

## ૧૧૫

સાયલા, તા. ૪-૧૦-૮૩

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**આત્માર્થી બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

બધાથી જુદા પડી રવાના થઈ સાયલા ગઈ કાલે ક. ૯-૪૫ ખુશીથી પહોંચી ગયા છીએ. બોરીવલી ૧૦ અને અમદાવાદ ૨૦-૨૧ મુ. ભાઈબહેનો મળવા આવ્યા હતા.

પર્યુષણ પર્વની આરાધના સાયલા કરી તમો મુંબઈ ખુશીથી પહોંચ્યાનો પત્ર મળેલ હતો. અને આ. શાંતિભાઈના ઓપરેશન બાદની ચડ ઉતર સ્થિતિના અંગે અમારે મુંબઈ અચાનક આવવાનું થતાં તે પત્રની પહોંચ લખાઈ ન હતી. પર્યુષણ પર્વની આરાધના આનંદથી થઈ તે વાંચી ખુશી થયા છીએ.

ત્યાંના અમારા દશ દિવસના રોકાણ દરમ્યાન બધા સ્વાધ્યાયોમાં હાજરી આપી તેથી આનંદ થયો છે.

અહીં છેલ્લા દિવસે અને મુંબઈ તા. ૨-૧૦-૮૩ છેલ્લા દિવસે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આપણી આધ્યાત્મિક લાઈનની મારા દેહવિલય પછીની જે વ્યવસ્થા જાહેર કરી તેનો અમલ મુંબઈના સ્વાધ્યાયમાં કર્યો. બપોરનો સ્વાધ્યાય આ. નલિનભાઈ અને તમારી પાસે કરાવ્યો, રાત્રે સ્વાધ્યાય ચિ. મિનલકુમારી તથા ચિ. વિક્રમ પાસે મારી હાજરીમાં કરાવ્યો તે તરફ ધ્યાન ખેંચું છું.

હવે એક વાક્ય લખી પત્ર પૂરો કરું છું.

"દૃશ્યને અદૃશ્ય કર્યું અને અદ્રશ્યને દૃશ્ય કર્યું, એવું જ્ઞાની પુરુષોનું આશ્ચર્યકારક અનંત ઐશ્વર્ય વીર્ય વાણીથી કહી શકાતું નથી.

શ્રીયુત્ ચિમનભાઈને યાદ કર્યાનું કહેશો. ચિ. મિનલને આશિષ. તબીયત સાચવે. તમોને ખુશી મઝામાં ચાહું છું.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**

**૧૧૬**

મુંબઈ, તા. ૮-૧૦-૮૩

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમ: ॥

**પ. પૂ. સદ્‌ગુરુદેવાય નમ:**

સુખરૂપ સાયલા પહોંચી ગયા હશો. રમેશભાઈ આવી ગયા છે. તબિયત સારી હશે. Neurobolin એક ગોળી રોજ નિયમિત ધ્રુજારી માટે લેતા હશો. ફેર ઘણો પડી જશે.

Homeopathic દવા ગળા માટે પણ ચાલુ કરી હશે ન કરી હોય તો ચાલુ કરી દેશો. અને ગળામાં થોડો વખત વરાળનો શેક કરવાથી આરામ થશે. ગળુ વધારે ખુલશે. બપોરના તથા રાતનો સ્વાધ્યાય વાંચવાની આપશ્રીને બંધી છે. Alternate day Supradyn capsule લેશો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બસ, હવે તો સતત અખંડ સ્વરૂપમાં જ તૃપ્તિ આનંદ, સંતુષ્ટ, સમાધિ, સ્વરૂપ સ્થિતિ, મોજ-બસ, બસ હવે શાંતિ: શાંતિ:

જો કદિ પ્રગટ પણ વર્તમાનમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ નથી, પણ જેના વચનના યોગે, વિચાર યોગે, શક્તિ યોગે કેવળજ્ઞાન છે એમ સ્પષ્ટ જાણ્યું, શ્રદ્ધા પણે કેવળજ્ઞાન થયું છે. મુખ્યનયના હેતુથી કેવળજ્ઞાન વર્તે છે, તે કેવળજ્ઞાન સર્વ અવ્યાબાધ સુખનું પ્રગટ જેના યોગે સહજ માત્રમાં જીવ પામ્યા યોગ્ય થયો તે સત્પુરૂષને સર્વોત્કૃષ્ટ ભક્તિએ નમસ્કાર હો ! નમસ્કાર હો.

આ વખતના ૧૦ દિવસના પરમ સત્સંગે અપૂર્વ (પૂર્વે ન પામે તેવો) લાભ થયો છે.

પૂ. બા, દિલીપભાઈ તથા સરોજભાભી મઝામાં હશે બાળકો ખુશીમાં હશે.

આત્માર્થી ભાઈબેનોને મારા વંદન.

**લી, આજ્ઞાંકિત સદ્‌ગુણાના વંદન**

## ૧૧૭

સાયલા, તા. ૫-૧-૮૪

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમ: ॥

**આત્માર્થી બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

તમારો તા. ૨૧/૨૨ નો પત્ર તા. ૨૬/૧૨ના રોજ મળ્યો છે આ. નલિનભાઈ પાસેથી ખબર સાંભળ્યા પછી તાબડતોબ ફોન જોડ્યો. ન લાગવાથી ઉપરનો પત્ર લખ્યો. મરડાની દવા લખી તે પ્રમાણે દવા લઉં તો પછી પેટમાં ગરબડ થાય. મરડો સખત હતો પણ પાંચ દિવસમાં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મટ્યો. એ જુના મરડાનું જ હોય કે ગામડાનું પાણી, કપડાં વહેંચવા જવાનું હોય. અત્યારે તો પંદર દિવસના કોર્સમાં નવું કાંઈ થાય તે બીક લાગે છે. તદ્દન સારૂં છે. તેથી ઉચાટ કરશો નહીં.

તા. ૨૭/૧૨ ફોરેનના યાત્રીકો તથા ડો. સોનેજીના અનુયાયીઓ ૭૦ ભાઈઓ-બહેનો આવ્યાં, જમ્યાં, સ્વાધ્યાય બપોરનો સાંભળ્યો. એક બસ ગઈ. એક રાત્રી રોકાણી. સવારની આજ્ઞાભક્તિ પછી ચા નાસતો કરી સવારે ડો. સોનેજી સહિત ગયા. પાંચ બહેનો એક ભાઈ પરદેશી અર્પણ થયા. ચાર બેનો અત્રે રોકાણાં છે તે પણ અર્પણ થયા. બાવીસ લંડન, આફ્રિકાના હતા. તેમાં નવ અર્પણ થયા. તે માટે જ સાયલા છેલ્લું રાખેલું. આ. સુધાબેને ક્ષેત્ર તૈયાર કરેલું.

શેઠશ્રી ચિમનભાઈને વીર વંદન. તમો સ્વરૂપમાં મસ્ત હશો.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**

## ૧૧૮

સાયલા, તા. ૨૨-૫-૮૪

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**આત્માર્થી બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

સુરેન્દ્રનગરથી જુદા પડ્યા પછી શ્રી શિખરબંધી દેરાસર (શ્રી વાસુપૂજ્યસ્વામી જિનાલય)ની ખનન વિધિની કુમકુમ પત્રિકા તમારા બધાની જેમ મારા હાથમાં મૂકવામાં આવી વાંચી તે વિધિ મારા હાથે થવાની છે જાણી આશ્ચર્ય થયું ! દરમ્યાન ઇડરના પ્રવાસમાં તા. ૫ તમો જોડાશો તેવા ખબર મળ્યા પછી તા. ૮-૫ ચિ. મિનલ, ચિ. રોહિત તથા તમો આવશો તેમ જાણવા મળ્યું. ટિકીટ લીધી હતી, બેગ તૈયાર કરેલ તેમાં દાંત કાઢતાં ઇન્જેકશનથી અલ્સર થયું. પાછલી દાઢ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કઢાવવાની છે તે કારણ તમારૂં આવવાનું બંધ રહ્યું તેમ ચિ. મિનલે વિગતવાર સમાચાર આપ્યા હતા. આજે ટેલીફોન કરી તબિયતના સમાચાર રાત્રે પૂછાવવાં હતાં તેમાં તમારૂં ઇન્લેન્ડ તા. ૧૭-૫ નું આજે હમણાં જ મળ્યું. દાઢ પાછળની કઢાવી અને ત્યાં રાહત છે પણ અલ્સર ધીમી ગતિએ મટશે જાણી રાહત થઈ ઘરના બધાને ઉચાટ થયો હતો.

તે બે દિવસમાં પૂ. આનંદઘનજીના ચોવીશીના અર્થની પ્રસ્તાવના પરમ કૃપાળુદેવે લખી છે તે નવમાં સ્તવનનો તેમાં ઉલ્લેખ છે અને પ્રતિમા સ્થાપન માટે પાંચ કારણો તેમણે આગમના આધાર સહિત આપ્યા છે તે સ્વાધ્યાયમાં લીધા હતા.

શેઠશ્રી ચિમનભાઈ ખૂશી આનંદમાં હશે. ધ્યાનમાં બેસતા હશે.

આ દાંતના દુ:ખાવા અને વેદનામાં તમને શું અનુભવ થયો તે લખશો.

**લી. સંતચરણસેવક લાડકચંદના આત્મભાવે વંદન**

**૧૧૯**

સાયલા, તા. ૧૧-૮-૮૪

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમ: ॥

**આત્માર્થી બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

દ્રવ્યાનુયોગ પરમ ગંભીર અને સૂક્ષ્મ છે. નિગ્રંથ પ્રવચનનું રહસ્ય છે, શુક્લધ્યાનનું અનન્ય કારણ છે. શુક્લધ્યાનથી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. મહાભાગ્ય વડે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

દર્શન મોહનો અનુભાગ ઘટવાથી અથવા નાશ પામવાથી, વિષય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રત્યે ઉદાસીનતાથી અને મહત્પુરૂષના ચરણકમળની ઉપાસનાના બળથી દ્રવ્યાનુયોગ પરિણમે છે... આત્મારામ પરિણામી, પરમ વીતરાગવંત, પરમ અસંગ એવા મહાત્મા પુરૂષો તેના મુખ્ય પાત્ર છે. આપણે ત્યાં સુધી પહોંચવાનું છે.

આ. ચિ. મિનલકુમારી સાથે ડોક્ટરે પ્રિકોશનરી પગલા તરીકે જે કેપ્સ્યુલ્સ લેવા કહેલું તે આઠ દિવસનો કોર્સ આપેલો તે કોર્સ બે ત્રણ દિવસ પહેલાં પૂરો થયો છે અને શરીર સ્વાસ્થ્ય સારૂં છે. ત્રણ દિવસ પહેલાં જમણા આંખના ખૂણામાં ડો. પ્રફુલભાઈએ પંચ કરેલ અને એ ત્રણ માસે પંચીંગ કરાવવા લખી આપેલ તે પ્રમાણે પંચીંગ કરાવેલ છે. તબિયત સારી છે.

તમારૂં શરીર સ્વાસ્થ્ય સારૂં હશે. શ્રીયુત્ સી. યુ. શાહને યાદી. વાંચન, ધ્યાન કરતા હશે

ચિ. મિનલકુમારી દોઢ દિવસ આવી ગઈ. ઘણું કામ કરી ગઈ તે હવે પ્રગતિ ઝડપથી કરશે તેમ લાગે છે.

**લી. સંતચરણ સેવક લાડચંદના આત્મભાવે વંદન**

## ૧૨૦

મુંબઈ, તા. ૨૧-૮-૮૪

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમ: ॥

**પ. પૂ. સદ્ગુરુદેવાય નમઃ**

આપનો તા. ૧૧-૮-૮૪નો લખેલો પત્ર મળ્યો છે. આ પત્ર ઘણો જ ઊંચો છે. યથાતથ્ય છે.

દર્શનમોહનો અનુભાગ ઘટવાથી અથવા નાશ પામવાથી અને મહત્પુરુષના ચરણ કમળની ઉપાસનાના બળથી દ્રવ્યાનુયોગ પરિણમે

છે. એનો સચોટ ખ્યાલ શરૂઆતમાં જ વચનામૃતના ૧૯૪ ના પત્રથી જ આવી ગયો હતો. એટલા માટે જ એ પ્રમાણે જ સત્પુરૂષ જે આત્મારામ પરિણામી, પરમ પરમ વીતરાગી, પરમ અસંગ છે, તે જ મુખ્ય પાત્ર છે તેની ઉપાસનામાં જ મુખ્ય બળ છે. આ જ્યારથી જાણ થઈ ત્યારથી એ જ આજ્ઞા પ્રમાણે વર્તવાનો દૃઢ નિશ્ચય જ કરેલ છે, અને ત્યાં સુધી પહોંચવાનું છે. એટલું બધું જ પરિણામ એની મેળે Automatic, Step by step એટલે ધર્મ ધ્યાન પછી શુક્લ ધ્યાન, પછી કેવળજ્ઞાન વગેરે, એ તો થશે જ. એવા અમે મહાભાગ્યશાળી છીએ કે અમને પરમ સત્પુરૂષનો ભેટો થયો છે અમે આ બધે સહેજે પહોંચી જઇશું આપની કૃપાથી. અધ્યાત્મસાર, આત્મ નિશ્ચયાધિકારમાં-શ્લોક ૧ થી ૧૦ સુધીજોયાં. નં. ૧ શ્લોકમાં આત્મધ્યાનથી આત્મજ્ઞાન થાય છે- આત્મધ્યાન નહીં એ ભૂલ દેખાણી. બીજા શ્લોકમાં મને ભૂલ ન દેખાણી-ખ્યાલ આવતો નથી પણ આપ ભૂલ સુધારીને જ બીજી કોપી છપાવજો.

C. U. Shah ગયા શનિવારે તા. ૧૨-૮-૮૪ ના લંડન ગયા છે. તા. ૨૩-૮-૮૪ ૧૧ વાગે રાતના આવવાના છે. હવે મારો પ્રોગામ ત્યાં આવવાનો પહેલા તા. ૨૦-૮-૮૪ નો હતો પણ હવે સી. યુ. શાહ આવશે પછી નક્કી કરીશ. આવવાની ઇચ્છા છે.

મારૂં ધ્યાન તથા સ્વાધ્યાય નિયમિત ચાલે છે. એ તો ખોરાક છે, એના વિના ન ચાલે.

મોટા ભાગે તા. ૨૮-૮-૮૪ હું ત્યાં આવીશ. અત્યારે ભાવના છે. આત્માર્થી ભાઈ બહેનોને મારા વંદન દિલીપભાઈ, સરોજભાભી બાળકો મઝામાં હશે. પૂ. બા મજામાં હશે.

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૨૧

સાયલા, તા. ૧૦-૯-૮૪

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**આત્માર્થી બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

પર્યુષણ પર્વની આરાધના કરતાં જગતના સકળ જીવોને ખમાવ્યા છે તે પ્રમાણે તમારા પ્રત્યે થયેલ, જાણતા અજાણતાં દોષો પ્રત્યે મન, વચન, કાયાથી અંતઃકરણપૂર્વક ખમાવીએ છીએ. તે જ પ્રમાણે શ્રીયુત્ શેઠ ચિમનભાઈને પણ ખમાવીએ છીએ. તેઓશ્રીની તબિયત હવે તદ્દન સારી હશે.

"સર્વ ક્લેશ અને સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે. સદ્ વિચાર વગર આત્મજ્ઞાન થાય નહીં અને અસત્સંગ અને અસત્પ્રસંગથી જીવનું વિચાર બળ પ્રવર્તતું નથી. એમાં કિંચિત્ માત્ર સંશય નથી."

આંહી પર્યુષણ પર્વની આરાધના કેવી થઈ ? તે આ. પુષ્પાબેન અગર આ. વિનુભાઈથી વાકેફ થશો. લગભગ એંશી મુમુક્ષુ ભાઈ-બહેનો હતા.

મારૂં શરીર સ્વાસ્થ્ય સારૂં છે.તમો મુ. ગુલાબબેનને ત્યાં મુ. સરયુબેનના આધ્યાત્મિક રાજચંદ્ર ઉપર વ્યાખ્યાન સાંભળવા ગયા હતાં, તેમ આ. મિનલ કહેતી હતી.

આંહીથી ચિ. મિનલકુમારી મારફત તમો બન્નેને ખમાવ્યાનું સંવત્સરીને દિવસે ફોનમાં કહેવરાવ્યું હતું.

તમોને ખુશી મઝામાં ચાહું છું.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૨૨

મુંબઈ, તા. ૧૫-૯-૮૪

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**પ. પૂ. સદ્‌ગુરુદેવાય નમઃ**

આપશ્રીનો તા. ૧૦-૯-૮૪નો લખેલો પત્ર તા. ૧૩-૯-૮૪ના મળ્યો છે.

હું સાચે જ અંતઃકરણથી દિલગીર છું કે આપને ખમાવવા માટે ફોન ન કરી શકી કે પત્ર પણ લખ્યો નહીં. મને જરૂર માફી આપશો. ટેલીફોનની હંમેશાં તકલીફ હોય છે.

બીજું C. U. Shah ને ૨૦ દિવસ થયા છતાં હજુ જોઈએ એવું સારૂં (શરદી, ઉધરસ) થયું નથી. તા. ૧૧-૯-૮૪ના મોટા ડો. જે. કે. મહેતાને બતાવ્યું છે. તેમને Allergy Bronchitis કહ્યું છે. ૨૦ થી ૪૦ દિવસનો કોર્સ લખી આપ્યો છે. ગઈકાલથી શરૂ કરી દીધો છે. બહુ ખાસ હજી સુધી ફરક નથી, રાતના ઉધરસ આવે છે, કફ નીકળે છે, ઓફિસમાં જાય છે, કોઈ વખત સવારે જાય તો કોઈ વખત બપોર પછી જાય, ઘરમાં કંટાળો આવે.

પર્યુષણ પર શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક વિકાસના થોડાક જ વ્યાખ્યાન સરયુબેનના સાંભળ્યા હતા, તે વિષે રૂબરૂ વાત કરીશ. છેલ્લે સંવત્સરી પ્રતિક્રમણ કરેલ હતું જ. અમને અહીં પરમ સત્સંગ કે સાદા સત્સંગની ખામી છે. સ્વાધ્યાય, ધ્યાન વગેરે બરાબર ચાલે છે.

પૂ. બાની તબિયત સારી હશે, આત્માર્થી ભાઈબેનોને વંદન. દિલીપભાઈ, સરોજભાભી તથા બાળકો મઝામાં હશે. શ્રી સી. યુ. શાહે આપશ્રીને ખમાવ્યા છે.

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ. પુષ્પાબેનના કહેવા મુજબ પર્યુષણમાં કલ્પસૂત્ર આ. વિનુભાઈ સવારના વાંચતા હતા, કલ્પસૂત્ર સાંભળવા જેવું જ છે, મારી પાસે છે કલ્પસૂત્ર પણ હજી વંચાણું નથી, એ સમુહમાં જ વંચાય.

## ૧૨૩

સુરેન્દ્રનગર, તા. ૨૩-૧૦-૮૪

**આત્માર્થી બેન શ્રી સદ્દગુણાબેન, મુંબઈ**

શ્રીમતિની આજની સ્થિતિ નીચે પ્રમાણે છે. પલ્સ-૮૬, એચ. આર. ૯૦, બી. પી. ૧૫૦- ૯૦, ફીવર નથી. ઉંઘ આવે છે, પ્રવાહી લે છે, ઝાડો પેશાબ કુદરતી થાય છે.

ત્રણ અઠવાડીયે x-ray લીધેલ, પ્રોગેસ જેવો જોઈએ તેવો છે. લાંબો વખત પથારીમાં પડ્યું રહેવું તે કસોટી છે. આજે ચાર વીક દવાખાનામાં થયા, બે અઠવાડીયા દર્દીને હજુ રહેવું પડશે, તબિયત એકંદરે સારી છે.

આવતી કાલે દિપોત્સવી છે, સાયલા જાઉં છું. તા. ૨૮, કા. સુદ-૫ સુધી ત્યાં રહીશ, કારણ તે દરમ્યાન મુમુક્ષુઓ ત્યાં આવશે.

બધાંને ખુશી મજામાં ચાહું છું.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**

---

Surendranagar, D. 23-10-84

Shriman Chimanlalbhai, Shrimati Sadgunaben, Bombay.

**WITH ALL GOOD WISHES FOR A HAPPY DIWALI**

**AND**

**A PROSPEROUS NEW YEAR WITH SPIRITUAL PROGRESS.**

Ladakchand Vora.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૨૪

મુંબઈ, તા. ૧૬-૧૧-૮૪

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**પ. પૂ. સદ્‌ગુરુદેવાય નમઃ**

આપશ્રીનો તા. ૨૩-૧૦-૮૪નો સુરેન્દ્રનગરથી પૂ. બાની તબિયતની વિગતનો પત્ર મળ્યો છે. જવાબ આપવામાં ઢીલ થવાનું કારણ-ક્યાં જવાબ લખવો ? આપ C. J. Hospital રહો છો. મહેશભાઈ તરફથી નિયમિત પૂ. બા. ની તબિયતના સમાચાર ત્રણ ચાર વખત ટેલિફોન દ્વારા મળ્યા છે. તબિયતમાં સુધારો થતો જાય છે. હવે Pus cells તથા B. P. વગેરે પણ સારૂં જ હશે. મહેશભાઈના કહેવા મુજબ બધું સારૂં જ છે. તેઓ મુંબઈ આવ્યા છે. ત્રણ ચાર દિવસ પછી Exercise કરાવશે. અને અઠવાડીયામાં સાયલા જવાની રજા આપશે. હું આશા રાખું છું કે પૂ. બાને treatment બરાબર મળી હશે. કારણ મહેશભાઈ, ચંદુભાઈ તથા ડોક્ટર Personal ધ્યાન રાખતા હતા.

આ. શાંતિભાઈ મુંબઈ આવ્યા હતા, ગયા રવિવારે ઘાટકોપર એમના ઘેર નલિનભાઈનો સ્વાધ્યાય રાખ્યો હતો. C. U. Shah હંમેશ તમને યાદ કરે છે. મિનલને અવાર નવાર શર્દી તથા તાવ આવી જાય છે, Exertion પડી જાય છે. બાકી થોડું થોડું ધ્યાન કરે જાય છે, થોડો સ્વાધ્યાય પણ.

**પરમાર્થ**-સ્વાધ્યાય, ધ્યાન બરાબર છે-સ્વરૂપમાં રહેવાનું. હવે આ જ્ઞાનસાર ખરેખર અનુભવવાળું શાસ્ત્ર છે, ગોખણપટ્ટી ચાલે એમ નથી. એક એક અષ્ટક અનુભવમાંથી પસાર થવું પડે તેમ છે. એમાં ઇન્દ્રિયજય અષ્ટક, જે સમભાવવાળું, જે જ્ઞાન વડે (ઉપયોગ વડે)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિષયને ગ્રહણ કરનારા ઇન્દ્રિય દ્વારા પ્રવૃત્તિ થયેલ જ્ઞાનનું ઇષ્ટપણે પરિણમતા જ્ઞાનને રોકવું તે ઇન્દ્રિયજય. જે દ્વારા વર્ણાદિનું જ્ઞાન થાય, ઇષ્ટપણું કે અનિષ્ટપણું (રાગદ્વેષ) ન થાય તે ઇન્દ્રિયજય છે. તે અનાદિ કાળની અશુદ્ધ અસંયમ પ્રવૃત્તિને નિવારણ કરવાની છે. જો અંશે પણ આવે તો અથવા યથાતથ્ય આવી જાય, જીતી શકાય તો મોટો ગઢ જિતી જવાય. ખેર જે જે મહાત્માઓએ આને જિત્યા જ છે, સમમાં રહે તે વંદનીય જ છે, તે કેહણી સહેલું પણ આચરણ કઠિન છે.

પૂ. બાની તબીયત સારી હશે, બધા મુમુક્ષુ મઝામાં હશે.

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**

## ૧૨૫

સાયલા, તા. ૨૦-૧૧-૮૪

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**આત્માર્થી બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

તમારો તા. ૧૬-૧૧નો ઇન્લેન્ડ પત્ર ગઈકાલે મળ્યો વાંચી પરમ સંતોષ થયેલ છે.

તમારા બાના સમાચાર ભાઈ મહેશભાઈએ આપ્યા તે બરાબર છે, રહી ગયેલ તે એટલું કે છ અઠવાડીયે X-ray લેવરાવતાં હાડકું કુદરતી રીતે નીચેથી સંધાઈ ગયેલ છે, તે ફોટામાં દેખાય છે. ઉંમર પાકી અને નેચરલ સંધાવું તે વિકટ મનાતું હતું, પરમ દિવસે ગુરુવારે રજા આપશે, સાઇઠ દિવસ થયા દર્દી એકદમ કંટાળી ગયેલ છે એટલે બાકીની કસરત લગભગ એક માસ ઘેર કરવાની રહેશે. ટ્રીટમેન્ટ તો તમારા બાને પૂરેપૂરી સંતોષકારક મળેલી છે. ભાઈશ્રી ચંદુભાઈ તથા ભાઈ મહેશભાઈની એકાંતરા હાજરી અને ડો. વ્યાસભાઈ અને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ડો. દેસાઈભાઈની કાળજીભરી ટ્રીટમેન્ટ હતી. પ્રથમ દશ દિવસ પુત્રી ઉષા, આ. પુષ્પાબેન અને આ. અનસુયાબેન, ત્યારબાદ આવતી કાલ સુધી બીજી પુત્રી સરલાબેન (કલકત્તા), આ. દિવાળીબેને કરી છે અને આ. મરઘાબેન દિવસ રાત્રી હાજરી અને સેવા, પ્રેમભક્તિભરી કરી છે.

મારા શરીરને તો ફરજના હિસાબે ફરજીયાત વેકેશન રજા માણવા મળી, ૮વર્ષ થયાં તેને સ્વાધ્યાયમાંથી એક દિવસ પણ મુક્તિ નહી, તો વેકેશનની કેમ આશા રખાય ?

પરમાર્થિક-જ્ઞાનસાર પુસ્તકમાં બધાં અષ્ટકના તમામ શ્લોકોની શું વાત કરવી ? અનુભવથી તમો એકેક શ્લોકમાંથી અનુભવ મારફત પસાર થાઓ છો. વાંચી મને કેટલો આનંદ થતો હશે ?

શ્રી સી. યુ. શાહને યાદ કર્યાનું કહેશો. ચિ. મિનલની તબિયત કેમ નરમ રહે છે ? બરાબર શરીરની કાળજી રાખે. ચિ. પારસ દોડતો ફરે છે, તમો ખુશીમાં હશો.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**

**૧૨૬**

સાયલા, તા. ૧-૨-૮૫

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**આત્માર્થી બેનશ્રી સદ્દગુણાબેન, મુંબઈ**

ચિ. મિનલકુમારીનો પત્ર ગઈ કાલે મળ્યો. આ. નગિનભાઈથી મારા શરીર સ્વાસ્થ્યના સમાચાર સાંભળી તમો બધા ઉચાટ કરો છો તેમ લખે છે. તેથી લખવાનું કે મારી તબીયત હવે તદ્દન સારી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે તો ઉચાટ ફીકર કરશો નહી.

કાલે આ. વિનભાઈનો ફોન હતો તેમાં એ જ ખબર આપેલ છે. તેઓએ ખબર આપ્યા હશે.

ત્રણ વર્ષ પહેલાં કાંદાવાડી જૈન હોસ્પિટલમાં મારા શરીરના ડાબા ખંભા નીચેનો X-ray લેતાં ત્યાં પેચ આવેલી તેથી તમોને તથા ડૉ. સંઘાણી વિ. ને ધ્રાસ્કો પડેલ તેથી પીઠના બે ત્રણ ક્રોસ-X-Ray લેવરાવતાં જુદી શરદીનો ઉપલક ડાઘ છે તેમ જણાતાં બધાંને શાંતિ થયેલ, તે પ્રસંગ ઉપર ધ્યાન દોરૂં છું. ત્યાર બાદ ત્રણ વર્ષ સુધી ત્યાં દુઃખાવો રહેલ નથી. હવે મોરબી, વવાણીયા, રાજકોટ જવાનું બન્યું. તેમાં રાજકોટથી તા. ૨૬ જાન્યુ. ૭-૪૫ રવાના થતાં ઝાકળ એવું પડ્યું કે મોટરમાં દસ ફૂટમાં ઝાંખું દેખાય, કશું ત્યાર પછી દેખાય નહીં. સામી લાઈનમાં દોઢસો ખટારા, મોટરો, ટ્રાફીક જામ થઈ ગયેલો. અમારી લાઈન કીડીના વેગે ચાલુ રહી. આનાથી ખંભા નીચે શરદી લાગી ગઈ તેથી આ. નગીનભાઈ ગયા ત્યારથી દવા લઈ શેક કરતાં હવે સારૂં છે તો ઉચાટ કરવો નહીં.

શ્રીમાન્ ચિમનભાઈ, આ. વિનુભાઈ, આ. પુષ્પાબેન, રોહિત, મિનલને ખબર આપશો.

તમારાં બા લાકડીના ટેકે હોલમાં ચાલે છે.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૨૭

મુંબઈ, તા. ૩-૨-૮૫

|| ૐ ||

|| સહજાત્મ સ્વરૂપાય નમ: ||

**પ. પૂ. સદ્‌ગુરુદેવાય નમ:**

ઘણા વખતથી પત્ર લખાણો નથી, ક્ષમા આપશો. આ. નગિનભાઈ તરફથી સમચાર મળ્યા છે કે સ્વાધ્યાય કરતાં કરતાં આપને અસ્વસ્થ લાગતાં વહેલું સ્વાધ્યાય બંધ કર્યું હતું અને Checking માટે સુરેન્દ્રનગર જવાના હતા. મારો પત્ર મળશે ત્યારે રિપોર્ટ આવી ગયો હશે. શું રિપોર્ટ આવ્યો છે તે જણાવશો. પત્ર દ્વારા હું પ્રભુ પાસે પ્રાર્થના કરૂં છું કે મારા ગુરુદેવનો રિપોર્ટ સારો જ આવે. ૧૦૦ વર્ષ સુધી સ્વસ્થ, તંદુરસ્ત જીવન જીવો !

સમાચાર મળ્યા છે કે પૂ. બા ચાલીને આશ્રમમાં સ્વાધ્યાય માટે જાય છે. એટલે લગભગ સારૂં થઈ જ ગયું કેહવાય. કસાયેલું શરીરને કારણે જ આટલું જલ્દી ચાલી શક્યા. બાકી હજી વાર લાગે. દિલીપભાઈનો આધ્યાત્મિક રીતે પ્રોગ્રેસ થતો હશે, સરોજભાભી તથા બાળકો મઝામાં હશે. આ. ભાઈબેનોને વંદન કહેશો. આ. નલિનભાઈ મઝામાં હશે. આશ્રમનું કામકાજ પૂરૂં થયું હશે અથવા પૂર ઝડપે ચાલુ હશે. આ. નલિનભાઈને ખાસ સુચના આપશો કે મારા Blockમાં Lavatoryમાં ફેરફાર કરી ઉભું Toilet મૂકાવા ભલામણ કરે.

પરમાર્થ-આપની સૂચના મુજબ જ્ઞાનસારમાં તપ અષ્ટકથી ઉલટું વાંચવાનું શરૂ કરેલ છે. ગુજરાતી બાયબલ પણ મળ્યું છે તે વાંચવાનું શરૂં કરેલ છે. તેમાં Every thing is created by god ને દુનિયા કેમ શરૂ થઈ ત્યારની બધી વાત બધું જ ઇશ્વરની ઇચ્છાથી થાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તુલસી કૃત રામાયણ થોડું વંચાય છે. ગીતા તો ઘણી વખત વંચાઈ ગઈ છે છતાં ફરી ફરી વાંચવી ઘણી જ ગમે. બધું જ આપણો સ્વાધ્યાય પણ વાંચવો ખૂબ જ ગમે. છોટમ પણ સરસ છે.

શિવાનંદ ઉપનિષદ્ પણ સરસ છે.ઉપયોગ રાખી સ્વાધ્યાય વગેરે કરવું.

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**

## ૧૨૮

તા. ૩-૪-૮૫

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**પ. પૂ. સદ્‌ગુરુદેવાય નમઃ**

પત્ર ઘણા વખત પછી લખાય છે. ક્ષમા આપશો. ચિ. મિનલ પરના લખેલા પત્રથી વિગત જાણી.

ગઈ કાલે ૬॥ વાગે કૃષ્ણકુંજમાં આ. નલિનભાઈ વિનુભાઈ તથા હું, આજે મિટીંગ હતી, તેમાં હું ટ્રસ્ટી તથા પ્રમુખ તરીકે Resign થઈ C. U. Shah ટ્રસ્ટી તથા પ્રમુખ તરીકે આવે છે. બીજી મેટર પણ Discuss કરી હતી તે વિનુભાઈ આવવાના છે તે જણાવશે. હવે હું આનંદમંગલ ટ્રસ્ટમાં પ્રમુખ કે ટ્રસ્ટી તરીકે છું.

બીજું આશ્રમનું ઉદ્‌ઘાટન થયું તે વખતે વ્યવસ્થા વગેરે ઘણાં જ સરસ હતા. માણસ પણ ઘણું હતું. હવે બધું જ ગોઠવાઈ ગયું હશે. આપ પણ સવારના ૧૦ થી ૫ સુધી આશ્રમમાં રહો છો એ ઘણું જ સારૂં છે. અમો મુમુક્ષુઓને રાતના પણ ૭-૮ વર્ષથી આપની સાથે સ્વાધ્યાય-ભક્તિ કરવાની આદત પડી ગઈ છે. પણ હવે કંઈ ખુટતું હોય એમ જ લાગતું હશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચિ. મિનલ તથા રોહિત ગુરુવારે રાતના સાયલા આવવા નીકળવાના છે. રવિવાર સુધી રોકાવાના છે. મારી પણ આવવાની ઘણી ઇચ્છા થઈ જાય છે. પણ જુઓને આ C. U. Shah ની થાપણ સાચવવાની જવાબદારી મારે માથે આવી છે. એ લંડન રવિવારે તા. ૩૧- ૩-૮૫ના રોજ ગયા છે અને આ વખતે ઘરમાં રહેવા આવી શકે એમ કોઈ નથી. એકલા નોકરોના ભરોંશે ઘર-થાપણ મૂકવાનું ઠીક નથી, અત્યારે તો-

સાંભળ્યું છે કે એટલે કે આ. નગિનભાઈએ કહ્યું કે આપની ટિકીટ ૯મી મેની મુંબઈ આવવા માટે બુક થઈ છે એટલે મારે માટે ત્યારે મલવાનું કે સત્સંગ વગેરે રહેશે. શાંતિ: શાંતિ: શાંતિ:

પૂ. બાની તબિયત સારી હશે, મઝામાં હશે. દિલીપભાઈ, સરોજભાભી વગેરેને વંદન. આત્માર્થી ભાઈબહેનોને વંદન.

**પરમાર્થ-પૂરેપૂરૂં** સ્વરૂપમાં જ રહેવાય છે-અપ્રમત્ત જ.

**લી. આજ્ઞાંકિત સદ્ગુણાના પ્રણામ**

નવું અધ્યાત્મસાર ઘણું જ સરસ છે. વાંચનામાં ઘણી જ મઝા આવે છે.

## ૧૨૯

સાયલા, તા. ૧૪-૪-૮૫

॥ ॐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમ: ॥

**આત્માર્થી બેનશ્રી સદ્ગુણાબેન, મુંબઈ**

તા. ૩-૪નો ઇન્લેન્ડ પત્ર તા. ૬-૪ના રોજ મળેલ છે, વાંચી સંતોષ થયેલ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તા. ૨૨-૨ ના આશ્રમના ઉદ્‌ઘાટનની વ્યવસ્થા સારી હતી અને માણસો ઘણા હતા વિગેરે લખ્યું તેનો યશ આ. નલિનભાઈ, આ. નંદલાલભાઈ, આ. સવિતાબેન તેમજ મંડળના તમામ સભ્યોને જાય છે.

સવારે ૯-૪૫ વાગે આશ્રમમાં આવી સવારનો સ્વાધ્યાય ૧૦। વારે શરૂ કરી ૧૧। વાગે પૂરો થાય છે. બપોરનો સ્વાધ્યાય ૩-૧૫ શરૂ કરી ૪-૧૫ વાગે પૂરો થાય છે. પાંચ વાગતાં રવાના થઈ ઘેર જાઉં છું. એટલે ઉંઘ રાત્રે ૧૦ થી ૬ આઠ કલાક, નવા આશ્રમના કામો ૯॥ થી ૫॥ આઠ કલાક, ઘેર સાંજે ૫॥ થી ૧૦ એટલે ૪॥ કલાક તથા સવારના ૬ થી ૯॥ એટલે ૩॥ કલાક, આમ પ્રોગ્રામ રાખેલ છે.

શ્રીમાન ચિમનભાઈ આવ્યેથી યાદ કર્યાનું કહેશો, તમો ખુશીમાં હશો.

હવે પરમાર્થ સંબંધ-તમારી પ્રગતિ જાણી પરમ ઉલ્લાસ આવ્યો કારણ પૂરેપૂરૂં સ્વરૂપમાં જ રહેવાય-અપ્રમત્ત જ એટલે આ કાળે આ ક્ષેત્રે કાંઈ ઓછું કહેવાય ! મારા હૃદયપૂર્વકના ધન્યવાદ. હવે પ્રગતિ થાય કે નહીં ઘણ ઘટવું ના જોઈએ. અધ્યાત્મસારની તો શું વાત કરવી.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**

**कर्मयोगं समभ्यस्य ज्ञानयोगसमाहितः ।**
**ध्यानयोगं समारुह्य मुक्तियोगं प्रपद्यते ।।८३।। - योगाधिकार.**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૩૦

તા. ૧૮-૪-૮૫

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**પ. પૂ. સદ્‌ગુરુદેવાય નમઃ**

આપશ્રીનો તા. ૧૪મીનો લખેલો પત્ર પહોંચ્યો, વાંચી ખૂબ આનંદ થયો છે.

અત્યારે જે કંઈ પહોંચી છું તે આપની સંપૂર્ણ કૃપાથી જ બન્યું છે. બીજું જ્યારે જ્યારે પુરેપૂરું સ્વરૂપમાં જ રહેવાતું ત્યારે ખૂબ ઉલ્લાસ થયો, મન ખોલવાનું મન થયું. આપને ખુલ્લા દિલથી જણાવી દીધું અને હવે પણ પહેલાના જેવી જ બલકે સારી જ સ્થિતિ છે.

જુઓ આ કાળમાં આ ક્ષેત્રે અને આપણા કાગળ જેવા શરીરે આગળ ના જવાય. ઇચ્છા હોય છતાં પણ ભલભલા નથી કરી શક્યા તો આપણું શું ગજું ? આ તો માત્ર મારા વિચાર જણાવ્યા.

યોગ અધિકારનો ૮૩મો શ્લોક બહુ સરસ છે. બધા જ યોગીઓ, સાધકોને ઉપયોગી છે કે તે મુનિ કર્મયોગનો અભ્યાસ કરી, ચઢવાને ઉજમાળ થઈ, જ્ઞાનયોગરૂપ દોરડું ઝાલી સમાધિપણે ધ્યાનયોગ નિસરણીયે ચઢીને મુક્તિરૂપ મંદિરને પામે.

આત્માર્થી ભાઈબહેનોને વંદન. પૂ. બાની તબીયત સારી હશે. દિલીપભાઈ, સરોજભાભી તથા બાળકો મઝામાં હશે.

C. U. Shah હજુ લંડન છે, આવતા અઠવાડિયે કંઈ નક્કી થશે.

ચિ. મિનલ, રોહિત તથા પારસ મઝામાં છે, તેઓ રાતના અહિંયાં સુવા આવે છે.

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૩૧

સાયલા, તા. ૧૮-૫-૮૫

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમ: ॥

**બ્રહ્મનિષ્ઠ બેનશ્રી સદ્‌ગુણાબેન તથા ચિ. મિનલકુમારી, મુંબઈ**

તમારા બધાથી છૂટા પડ્યા પછી સુખરૂપ સાયલા પહોંચી ગયા છીએ.

આ વખતનો પ્રોગ્રામ સામાજિક હતો છતાં ભરચક અધ્યાત્મ સ્વાધ્યાયમાં ગયો, તેટલો સંતોષ છે. આવતી કાલથી ઉનાળુ વેકેશનના મુમુક્ષુ ભાઈઓ બેનો આવવાનું શરૂ થશે.

પરમ મુમુક્ષુ ચિમનભાઈ, આ. વિનુભાઈ, આ. પુષ્પાબેન, ચિ. રોહિત, ચિ. રૂપાબેન, ચિ. ચિરાગ વિગેરેને શુભાશિષ.

વાંચન ધ્યાન કરવા ભલામણ. શુભમ્ શીવમ્

**આત્મલીન**

## ૧૩૨

સાયલા, તા. ૨૧-૫-૮૫

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમ: ॥

**બ્રહ્મનિષ્ઠ બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

તમે મને મારા લખેલાં પત્ર દેવા આવ્યા હતા તે મેં પાછા આપ્યા. તમે કહ્યું કે આ. વસંતબેને નકલ કરી છે મેં કહ્યું નકલ કરી નથી પણ તમારી ફાઈલમાં કયા કાગળોની નકલ કરવી તેની નિશાની કરી છે. આંહિ આવતાં આ. વસંતબેન કહે મેં તમોને પત્રો લાવવા ભલામણ કરી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હતી તે લાવ્યા ને ? મારે તેની નકલ કરવી છે. પહેલાના પત્રોની તેની પાસે નકલ છે. તેથી બન્ને બાબત મને યાદદાસ્ત રહી નહી.

હવે કોઈ ઘરના સંગાથ સાથે તે બધા પત્રો તુરત મોકલશો.

આ. નલિનભાઈને બ્રહ્મનિષ્ઠ લખવાનો પ્રસંગ આવેલ નથી. કારણ હમણાં મેં પત્ર લખેલ નથી.

**શીવમ્ સુંદરમ્**

## ૧૩૩

સાયલા, તા. ૨૦-૬-૮૫

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**બ્રહ્મનિષ્ઠ બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

તમારા તરફથી હમણાં પત્ર નથી, અત્રે કુશળતા છે.

**આત્મસમાધિ લાભેન, પૂર્ણાનન્દો અનુભૂયતે ।**
**આત્મના બ્રહ્મલીનત્વાત્ સર્વ કર્મક્ષયસ્તતઃ ॥**
**(અધ્યાત્મ ગીતા-પૂજ્ય બુદ્ધિસાગરજી)**

કૃષ્ણકુંજમાં સ્વાધ્યાય હતો તે સમાચાર જાણેલ છે.

આ પત્ર લખવાનો હેતુ એ છે કે બાકીના પત્રો ઘરના સંગાથ સાથે મોકલો ત્યારે પત્રોની અસલ ફાઈલ પણ મોકલશો, કારણ આંહિ કરેલ કોપીમાં ફેર આવે છે તે અસલ પત્રો સાથે મેળવી શકાય.

શ્રીમાન્ સી. યુ. શાહને યાદી. તમો ખુશી મઝામાં હશો. ચિ. મિનલ, ચિ. રોહિત, ચિ. પારસ પણ મઝામાં હશે.

**લી. સંતચરણ સેવક મિથ્યાનામધારીના વંદન**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૩૪

|| ૐ ||

|| સહજાત્મ સ્વરૂપાય નમ: ||

**પ. પૂ. સદ્‌ગુરુદેવાય નમઃ**

ઘણા મહિના પછી પત્ર લખવા માટે ક્ષમા માગું છું. પણ કોણ જાણે કેમ પહેલાની જેમ કલમ સહેલાઈથી લખી શકતી નથી. ઘણા વિચાર પછી લખાય છે.

આત્માર્થી નગિનભાઈએ આપશ્રીના સુખાકારીના સમાચાર આપ્યા છે, અને અમારા બધાની સુખાકારીના સમાચાર કહેવડાવ્યા છે, તે પણ મળ્યા છે.

આ. નલિનભાઈનો સ્વાધ્યાય સુદર્શનમાં ગયા અઠવાડિયે હતો.

ગુરુપૂર્ણિમા પર હું સાયલા આવી ત્યારે પહેલા દિવસે Bislery Bottleમાંથી પાણી પીધું અને બીજે દિવસે આશ્રમના માટલામાંથી પીધું ત્યારથી આ શરીરના પેટમાં ખૂબ ગરબડ શરૂ થઈ હતી.Dysentryનો attack હતો. કારણ આ પેટને વર્ષોથી ઉકાળેલું ને પછી filter કરીને પાણી પિવાની ટેવ પડી ગઈ છે. તેથી એકાએક આ પાણી Suit નહીં થવાથી પેટમાં ગરબડ થઈ ત્યારથી પંદર દિવસ સુધી તકલીફ-દવાનો કોર્સ હોવા છતાં ચાલુ રહી એટલે મને લાગે છે કે આશ્રમમાં આવ્યા પછી આ પેટને ઉકાળેલું પાણી જ આપવું પડશે.

હમણાં Diabetic નો Test કરાવ્યો છે. Report Normal આવ્યો છે. આપની તબીયત સારી હશે.

**પરમાર્થ,** હવે આપનો અને મારો આત્મા એક થયો. ગમે તેટલા દૂર પુદ્‌ગલ હોય તો પણ શું ? એ છબી હૃદયમાં જ હોય અને કામ સફળતાપૂર્વક થાય. સિદ્ધિનો એ જ ઉપયોગ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

C. U. Shah વજન ઉતારવા Banglore ગયા છે. અઠવાડિયા માટે. આ શનિવારે આવવાના છે.

ધ્યાન બાબતમાં-સવારમાં ઊઠીને આખા દિવસના પ્લાન વિચારી નક્કી કામ કરવાનું હોય છે, તે મુજબ થાય છે. પણ પરમાર્થ પણ, રાતના એમને મોડેથી ઉંઘ આવે છે, એટલે ધ્યાન, સાધન, માળા વાંચન વગેરે શાંતિથી કરે છે.

પૂ. બાની તબીયત સારી હશે. આ વખતે બરાબર મળી શકાયું નહીં. દિલીપભાઈ, સરોજભાભી વગેરે મઝામાં હશે. આ. ભાઈ બેનો મઝામાં હશે. મિનલ, ચિ. પારસ મજામાં છે. પારસ સાધન પર જ હોય છે. દિવસના રમતાં, થોડું પણ ઉંઘમાં સાધન પર જ હોય છે. હું હંમેશાં જોઈ ચોક્કસ કરું છું. એ પૂર્વનું લાગે છે. પણ રવિવારના તો દિવસના તોફાન શરૂ થયા છે-કરે છે.

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**

## ૧૩૫

સાયલા, તા. ૨૫-૮-૮૫

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમ: ॥

**બ્રહ્મનિષ્ઠ બેનશ્રી સદ્‌ગુણાબેન, મુંબઈ**

તમારું ઇન્લેન્ડ પત્ર તા. ૧૨-૮-૮૫ મળેલ છે. વાંચી ખુશી થયા છીએ.

હવે તમારે અત્રે ગરમ પાણી કરી ઠારી, નળની લાઈન આવતાં સુધી પીવું પડશે. નળના પાણી ગામમાં પીતા ત્યારે તમારી કદી ફરીયાદ આવી ન હતી.

પરમાર્થ સંબંધી તમારી દશા લખી તે વાંચી અને ખુશી થયા છીએ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્ઞાનીના સર્વે વ્યવહાર પરમાર્થ મૂળ હોય છે તો પણ ઉદય પણ આત્માકાર વર્તશે તે દિવસને ધન્ય છે.

સર્વ દુ:ખથી મુક્ત થવાનો સર્વોત્કૃષ્ટ ઉપાય આત્મજ્ઞાનને કહ્યો છે. તે જ્ઞાની પુરુષના વચનો સાચાં છે, અત્યંત સાચા છે.

જ્યાં સુધી જીવને તથારૂપ આત્મજ્ઞાન ન થાય ત્યાં સુધી આત્યંતિક બંધની નિવૃત્તિ ન હોય, એમાં સંશય નથી. તે આત્મજ્ઞાન થતાં સુધી જીવે મૂર્તિમાન આત્મજ્ઞાન સ્વરૂપ એવા સદ્‌ગુરુદેવનો નિરંતર આશ્રય અવશ્ય કરવા યોગ્ય છે, એમાં સંશય નથી. તે આશ્રયનો વિયોગ હોય ત્યારે આશ્રયભાવના નિત્ય કર્તવ્ય છે.

પ. મુ. ચિમનભાઈ બેંગલોરની કવાયત વિગેરેથી વજન ઓછું કરી આવ્યા હશે અને તદ્દન તંદુરસ્ત થઈ આવ્યા હશે.

ચિ. પારસ ગતભવનો પુણ્યશાળી જીવ તો છે જ પણ તેમાં તે વુમ્બમાં હતો ત્યારે ચિ. મિનલનું સાધન સદાય તેનાં ઠેકાણે સતત રહ્યા કરતું હશે. એટલે ચિ. મિનલનો પણ તેમાં હિસ્સો ગણાય, અને ચિ. મિનલને તમો તૈયાર કરવામાં પણ કારણભૂત છો.

અહીં તમારી બાને પથારીમાં વીશ દિવસ થયા. આજે હોલમાં ટેકેથી ચાલે છે.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**

**૧૩૯**

મુંબઈ, તા. ૫-૨-૮૫

॥ ॐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમ: ॥

**પ. પૂ. સદ્‌ગુરુદેવાય નમ:**

બે ત્રણ દિવસથી પત્ર લખવાનો વિચાર કરતી હતી. તેમાં તા. ૩-



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૯-૮૫ એ આપનો પત્ર મળ્યો, વાંચી ખૂબ આનંદ થયો.

આ. નલિનભાઈનો સ્વાધ્યાય ભૂપતભાઈને ત્યાં બોરીવલી હતો. એને માટે ફોન હતો. એમાં આપની તબીયતના સમાચાર આવ્યા હતા કે થોડીક શરદી તેમજ તાવ હતો, હવે તદ્દન સારૂં થઈ ગયું હશે.

પૂ. બાની તબીયત સારી થઈ છે, વાંચી ખુશી થઈ છે. હવે સ્વાધ્યાયમાં પણ આશ્રમમાં જઈ શકશે.

આ પાણી પીવા બાબતમાં હું જ બધાને કહેતી હતી કે અહિંયાના પાણીથી કશું જ થતું નથી. પાણી સારૂં છે અને આ વખતે મને જ તકલીફ થઈ. શા માટે ? જુના ઘરે એક જ માટલામાંથી અને બહુ જ થોડા ગ્લાસના ઉપયોગથી પાણી પીવાતું છતાં સારૂં રહેતું. તેનું કારણ શું ? ગ્લાસ, રૂમ વગેરે જુદું-બીજું શું ?

હું તથા મિનલ શુક્રવારે તા. ૧૩-૯-૮૫ના નીકળવાના છે, ૧૪મીએ આવીશું.

દિલીપભાઈ, સરોજભાભી તથા બાળકો મજામાં હશે.

આત્માર્થી ભાઈબહેનોને વંદન C. U. બેંગ્લોરથી આવી મદ્રાસ તા. ૨૫-૮ના ગયા હતા, તા. ૩-૮-૮૫ આવી ગયા છે, પાછા તા. ૧૭-૮-૮૫ મદ્રાસમાંC. U. Shah Opthalmic Post Graduate Training Centre (Shankar Netryalaya)ના બીજી કોઈ સં.Elite Shool of optometry ના Opening કારણે ૧૭ મીએ મદ્રાસ જવાના છે. ૨૦ મીએ પાછા આવશે, પણ હું તા. ૧૯ સુધી સાયલા રહેવાની છું.

સરદીની ક્યાસ લાગે તો Tab, Cinaryl-રોજની બે ટેબલેટ લઈ લેશો, ૧ સવારના, ૧ રાતના.

અહીં હજુ સુધી ઝરમર ઝરમર વરસાદ આવ્યા કરે છે.

**લી. આજ્ઞાંકિત સદ્ગુણાના પ્રણામ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૩૭

તા. ૧૯-૧૦-૮૫

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમ: ॥

**પ. પૂ. સદ્‌ગુરુદેવાય નમઃ**

આત્માર્થી નગિનભાઈ તરફથી સમાચાર મળ્યા કે આપશ્રીને તાવ આવે છે, જે મેલેરીયા હોય, ફલ્યુ હોય કે શર્દીનો હોય ! પણ હવે સારૂં થઈ ગયું હશે.

પૂ. બાની તબીયત સારી હશે, દિલીપભાઈ, સરોજભાભી તથા બાળકો મઝામાં હશે.

હવે આશ્રમમાં પણ નિયમિત જતા હશો. બધા જ મુમુક્ષુ ભાઈબહેનોને વંદન કહેશો.

તા. ૨૭-૨૮ હું, સી. યુ. શાહ, મિનલ તથા રોહિત સુરેન્દ્રનગર હશું-Orthopedic Hospital નું ખાતમુહૂર્ત હોવાથી, આવવાના છે. આપ પણ જરૂરથી આ બે દિવસ ૨૭-૨૮ હાજર રહેશો, જરૂરથી આવશો. દરેક વખતે આપની હાજરી હોય છે જ, માટે આ વખતે પણ આવશો જ.

આ વખતે સાયલાથી આવ્યા પછી Dysentry કે એવી કોઈ ગરબડ થઈ નથી, સારૂં છે.

બીજી વખત આવવાનું થાય એ પહેલાં રૂમમાં ઇંગ્લીશ સ્ટાઈલનું Lavatory તથા બાથરૂમ થઈ ગયાં હશે-ત્યાં હાડમારી બાથરૂમની તથા Toiletની ઓછી થાય. જરૂરથી યાદ કરી મૂકાવી દેશો.

પરમાર્થ-આપની કૃપાથી બધું જ સરળતાથી ચાલ્યું જાય છે, થાય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે. બસ આનંદમાં.

**લી. આજ્ઞાંકિત સદ્દગુણાના પ્રણામ**

આ પત્ર પોસ્ટ કરવા જતાં હમણાં જ સાયલા દેરાસરેથી આમંત્રણ પત્રિકા મળી જેમાં આપને હસ્તે માણિક્યસાગર સૂરીશ્વરજી સ્મૃતિભવનનું ખાતમુહૂર્ત હસ્તે થશે. આ પત્રિકા આજે જ ૧૯-૧૦-૮૫ ના મળી છે, આ રૂ. ૫૦૧ તમે જાહેર કરી દેજો, (મારૂં નામ આપશો નહીં), તમારૂં જ લખાવશો.

**લી. આજ્ઞાંકિત સદ્દગુણાના પ્રણામ**

## ૧૩૮

સાયલા, તા. ૨-૪-૮૬

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

**બ્રહ્મનિષ્ઠ બેનશ્રી સદ્દગુણાબેન, મુંબઈ**

ત્યાંના છેલ્લા મુકામ દરમ્યાન સ્વાધ્યાયની કેસેટો (પૂ. દેવચંદજી સ્વામી) સ્તવનોના ભાવાર્થ સહિતની નોટબુક-કાચી નોંધ તૈયાર કરતાં હશો.

અધ્યાત્મસાર, આત્મનિશ્ચય અધિકારના આવેલ નોટ મુજબના શ્લોકો તપાસી ગયા હશો.

આંહિની શ્રી રાજ-સોભાગ સ્મારક ગ્રંથમાળા પુષ્પ ૪ થું છપાવવાની કોપી તૈયાર થઈ ગયેલ છે. તેમાં સામેલ કરવા છેલ્લા તમારા પત્રો મેં આ વખતે તમોને આપેલ તે અને એ પત્રો મારા કયા પત્રના જવાબ છે, તે પાંચ છ પત્રો અત્રે મોકલી આપશો.

જ્ઞાનસારમાં હેમચંદ્રસૂરિનો અનુભવ દર્શાવતા શ્લોકો મહિનામાં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એક વાર વાંચી આપણા અનુભવ સાથે સરખાવવા પ્રયત્ન કરશો. મેં તે પ્રમાણે શરૂ કરેલ છે માટે લખેલ છે. તે કલ્યાણકારી છે.

ત્યાં શ્રીમાન સી. યુ. શાહ, ચિ. મિનલકુમારી, ચિ. પારસ ખુશી મઝામાં હશે. યાદ કર્યાનું કહેશો.

તમારૂં શરીર સ્વાસ્થ્ય સાચવશો, અને સ્વાધ્યાય, ધ્યાન કરશો.

**લી. સંતચરણ સેવક લાડકચંદના આત્મભાવે વંદન**

## ૧૩૯

મુંબઈ, તા. ૫-૪-૮૬

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમ: ॥

અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્‌ગુરુદેવને અત્યંત ભક્તિથી નમસ્કાર.

આ. પુષ્પાબેને સાયલાથી આવી ટેલીફોનમાં ખબર આપ્યા કે આપની છાતીમાં Muscular Pain જેવું થયું છે. તે હવે તદ્દન સારૂં થઈ ગયું હશે. Novalgin કે Matacin થી ફરક પડી જશે. બીજુ આપ અમદાવાદ સ્ટેશન પર પ્લેટફોર્મ પર પગ નીચે તેલ આવી જવાથી પડી ગયા હતા, મૂઢ માર વાગ્યો હતો તે પણ હવે સારૂં હશે.

આ. પુષ્પાબેન આપનો લખેલો પત્ર મને આપ્યો છે. તેમાં તબીયત સંબંધી આપે કાંઈ લખ્યું નથી.

હવે પત્રો જે મારી પાસે છે તે તથા મારી બે ડાયરી-એક રફ અને એક ફેર જો આપને કંઈ જોઈ જોવા છપાવતા પહેલાં કામે આવે તો મોકલી આપું છું. કામ પતે મને પાછી (ડાયરી) મોકલી આપશો.

**પરમાર્થમાં**-અત્યંત પુરૂષાર્થ ને પછી ચઢ્યા તે ચઢ્યા. હવે થોડું



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નીચે ઉતારવાનું છે ઘણું જ સારૂં છે. દિવસ-રાત બસ સ્વરૂપમાં જ આત્મામાં. આ બધું આપની કૃપાથી જ થયું છે.

બીજું શ્રી દેવચંદ્રજી સ્વામી સ્તવનમાં બસ Step by step ચઢાવી ક્ષયોપશમથી ક્ષાયિક અને ક્ષાયિકથી સ્વરૂપમાં લીન થતાં થતાં કેવળ જ્ઞાનથી ચઢતાં સ્વરૂપ સુખ-મોક્ષ સુખ-નિર્વાણ બસ આજ જાતના બધાજ એકદમ ઉંચા જ સ્તવનો છે. અને એ સમજાવનારની આપની દશા પણ કેટલી ઊંચી હશે ! એ તો હવે જ સમજાતું જાય છે.

છેલ્લા બે ત્રણ સ્તવન આવ્યા નથી. કારણ Casset Play જ થતી નથી. એટલે કેસેટમાં કાંઈ આવ્યું નથી.

૨૨મા નેમિનાથ ભગવાન સુધી અર્થ થયા છે. બાકીના હજુ આપને અર્થ કરવાનાં રહ્યાં છે.

પૂ. બાને સુખ શાંતિ હશે શરીરે સુખ હશે દિલીપભાઈ, સરોજભાભી, બાળકો વગેરે મઝામાં હશે, બહેનોને વંદન કહેશો.

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**

## ૧૪૦

મુંબઈ, તા. ૨૦-૪-૮૬

|| ૐ ||

|| સહજાત્મ સ્વરૂપાય નમ: ||

અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્‌ગુરુદેવના ચરણકમળને નમસ્કાર.

આપનું તા. ૧૪-૪-૮૬નું લખેલું પત્ર મળ્યું છે. વાંચી ખૂબ આનંદ થયો છે.

આપની તબીયત હવે તદ્દન સારી હોવાના સમાચાર જાણી આનંદ થયો છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી તિર્થંકર ઉપદેશ દે તે પર ઉપયોગ અને અમારા જેવા બધા જ મુમુક્ષુઓ માટે પણ પર ઉપયોગ એટલે પર-બીજાની ઇચ્છા માટે જ ઉપયોગ હોય. પોતાને કંઈ એમાં સ્વાર્થ નહીં. એટલે બીજાના ઉપયોગ દેશના આપે પછી પર ઇચ્છા એટલે પ્રારબ્ધ પ્રમાણે સમભાવે જ ઉદય કર્મ પ્રમાણે જીવન વીતાવે આ પ્રમાણે મારી સમજણ મુજબ લખ્યું છે. ખોટું હોય તો આપ સુધારશો.

બીજું ખાસ-બ્રહ્મનિષ્ઠ નલિનભાઈ સાથે મારો Bio deta મોકલાવ્યો છે. એમાં વિચાર કરતા થોડું અધુરૂં લાગે છે એમાં બે ચાર લીટી જ્યાં યોગ્ય લાગે ત્યાં ઉમેરવાની છે. નીચેનું ઉમેરશો.

મને, આધ્યાત્મિક લાઈનમાં આગળ આવેલ છે એટલે આ. મિનલ ઉર્ફે મુન્ની નામે પુત્રી છે. એના લગ્ન આપણા જ આ. વિનુભાઈ કલ્યાણભાઈના ચિ. પુત્ર આત્માર્થી રોહિત સાથે થયા છે. એક પુત્ર ચિ. પારસ છે.

પૂ. બાની તબીયત સારી હશે. મારી યાદ આપશો બીજા આત્માર્થી બાઈબહેનોને વંદન કહેશો.

સરોજભાભી, દિલીપભાઈ બાળકો મઝામાં હશે.

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**

**૧૪૧**

મુંબઈ, તા. ૧૬-૫-૮૬

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્‌ગુરુદેવના ચરણકમળને નમસ્કાર.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શુભિબેન તથા ધનીબેન મારફત સમાચાર મળ્યા છે કે પૂ. બાને પગે સોજા આવ્યા હતા અને દુ:ખાવો હતો અને Glucose ના ત્રણ ચાર બાટલા આપવા પડ્યા હતા. તે હવે સારૂં હશે.

આપની પણ તબીયતના સમાચાર બ્રહ્મનિષ્ઠ નલિનભાઈએ ગઈ કાલે ઘેર આવ્યા હતા ત્યારે આપ્યા હતા. હવે શરદી વગેરેમાં સારૂં હશે.

Books પત્રો વગેરે છાપવા અંગે Discuss કરતા હતા એમાં ૧૦૦૦-૧૨૦૦ કોપી હમણાં છપાવવી પછી તો આપ જેમ નક્કી કરો. તેમાં હવે આ. વસંતબેન માથે લે તો સૌથી સારૂં. એમને જો કોઈ Helper હોય તો કામ ચોક્કસ થાય બાકી છપાવવું ક્યાં, વઢવાણ કે સુરેન્દ્રનગર કે અમદાવાદ ? સસ્તુ અમદાવાદ લાગ્યું. એ પણ આપ વિચારી જોશો.

અહીં ગયા શુક્ર, શનિ, રવિ રજા હોવાથી અમે લોનાવાલા ગયા હતા. સોમવારે પાછા આવી ગયા હતા. ત્યાંથી આવ્યા પછી લંડન જવાનું જલ્દી નક્કી કર્યું. તારીખ ૧૮ મી એ રવિવારે સવારના પ્લેઇનમાં અમે બધાં જ પારસ, મિનલ, રોહિત, સી. યુ. શાહ જવાના છે. કારણે જે લંડનમાં Suppler છે તે ૧૯, ૨૦, ૨૧, ૨૨ એટલા દિવસ જ મળે એમ છે. પછી Mrs. BRENT બહારગામ જાય છે. એટલે જલદી જવાનું નક્કી કર્યું. નહીં તો જુનમાં જવાનું હતું. લગભગ ૧૨, ૧૩, ૧૫ દિવસ એટલે ૧ લી જુન સુધીમાં લગભગ આવી જવાનું થશે,

આધ્યાત્મિક તો બરાબર બેસી ગયું છે. સ્વાધ્યાય, ધ્યાન બરાબર ચાલે છે.

આશ્રમમાં બ્રહ્મનિષ્ઠ નલિનભાઈના કહેવા મુજબ બરાબર ગોઠવાઈ ગયું છે. નવનીતભાઈ સારી વ્યવસ્થા કરે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દિલીપભાઈ, સરોજભાભી તથા બાળકો મઝામાં હશે. એજ,

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**

## ૧૪૨

Comberland Hotel, Londn

૨૦-૫-૮૬

॥ ૐ ॥

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્‌ગુરુદેવને નમસ્કાર !

તા. ૧૬-૫-૮૬ના રોજ આપની સાથે ટેલીફોન પર વાત કરી. આપે જે વાત કરી એ ઉપરથી હિંમત હોય એમ લાગ્યું, શાંતિ હોય એમ લાગ્યુ. પણ ૬૦ વર્ષનો એક બીજાનો અધિયાસ થઈ ગયો હોય છે. તેને વિસારે પાડતાં થોડો વખત લાગી જાય છે. જેના સંસ્મરણો તથા ગુણો યાદી આપે છે. જે પૂ. બા એક પુરૂષ જેવા હિંમતવાળા, તીક્ષ્ણ બુદ્ધિવાળા હતા. અને મહેમાનોની પરોણાગત કરવામાં પાછી પાની કરે એમ ન હતા. મને એમનો છેલ્લા ૭-૮ વર્ષનો અનુભવ તાજો થાય છે.

મને શરૂઆતમાં જુના આશ્રમમાં ઉંચા ઉંચા દાદર ચઢતાં ઉતરતાં Arthritis ના કારણે પગ સુઝી જવાથી દુઃખાવો થતો. તેમને દુઃખાવાની દવા Lodex વગેરે લગાવી, જુના આશ્રમમાં જવાની બંધી કરી હતી, અને એમનો જ પલંગ ખાલી કરી મને સુવા માટે આગ્રહ રાખતા હતા.

ચા, પાણી, જમવા વગેરેની ખૂબ જ ચિંતા રાખતાં. તમને શું ભાવશે ? દશ વાગે એટલે અચૂક ચા યાદ કરી બનાવરાવે જ ! વળી સાંજનાં વઘારેલી ખીચડી તો અચૂક યાદ કરી, હું રહું એ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દરમિયાન એકાદ વખત તો બનાવે જ. એવી રીતે બીજાને પણ ખુબ જ ચીવટ રાખતા તો, આપની તો આખી જિંદગી જ ચીવટ રાખી છે, એટલે પળે પળે, પ્રસંગે પ્રસંગે એની યાદી આવી જાય. વખત જતાં વિસારે પડે પણ આપ તો મહાજ્ઞાની છો. આપને અમારા નાના મોંઢે વધારે શું આશ્વાસન આપવાનું આપ તો આપના સ્વરૂપમાં જ હો ! એટલે આ બધું ઝાઝો વખત આડું નહીં આવે.

અમે ગઈકાલે લંડન પહોંચી ગયા છીએ. આજે Settle થઈ ગયા છીએ. પણ આ હોટલમાં ચાલુ રાખીએ કે પછી કોઈ ફ્લેટ લેવાનો વિચાર કરીએ, કારણ પારસને છૂટથી હરવા ફરવાનું ફાવે એટલે ઉપરનું address કાયમનું નથી.

દિલીપભાઈ, સરોજભાભીને દિલાસો આપશો. Mr. C. U. Shah એ તમને યાદ કર્યા છે. મિનલ તથા રોહિત તથા C. U. Shah Forestal office માં ગયા છે હું તથા મિનલ પારસ ઊઠશે એટલે બહાર જઈશું. એજ.

**લી. આજ્ઞાંકિત સદ્‌ગુણાના પ્રણામ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી રાજ-સોભાગ-સત્સંગ મંડળ

સાયલા

DUNDUBHI - 079 - 658 41 86

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org